કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

શ્રીસિદ્ધહેમ-શબ્દાનુશાસનમ્

(લઘુવૃત્તિ વિવરણ)

ભાગ–૧૩

(અધ્યાય–૬ : પાદ–૩,૪)

તદ્ધિત પ્રકરણ

: સંપાદિકા :

પૂ.સા. પરમયશાશ્રીજી મ.સા.

: પ્રકાશક :

આ. શ્રી વિજયનીતિસૂરિ જૈન

તત્ત્વજ્ઞાન પાઠશાળા–અમદાવાદ

ચિત્રકૂટ-રૈવતાદિ તીર્થોદ્ધારક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિ શાસનપ્રભાવક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.

પૂ.સા. શ્રી મહિમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી નિરુપમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.

॥ ૐ હ્રીં અર્હં શ્રી સીમંધરસ્વામિને નમઃ ॥
॥ શાસનપતિ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી ગૌતમસ્વામીને નમઃ ॥
॥ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યાય નમઃ ॥ ॥ નમો નમો ગુરુ શ્રીનીતિસૂરયે ॥
॥ શ્રી નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલપ્રભ-અરિહંતસિદ્ધ-હેમપ્રભસૂરિગુરુભ્યો નમઃ ॥

હેમશ્રેણી-૧૮

કલિકાલસર્વજ્ઞ-શ્રીહેમચંદ્રાચાર્ય-વિરચિત

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ

ભાગ-૧૩

અધ્યાય-૬, પાદ-૩ અને ૪
તદ્ધિત પ્રકરણમ્

: દિવ્યકૃપાધારા :
ગિરનારાદિ તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ.
શ્રીમદ્વિજય **નીતિસૂરીશ્વરજી મહારાજા**

: આશીર્વાદધારા :
જીરાવલા તીર્થ પ્રતિષ્ઠાચાર્ય-રાયણવૃક્ષ ક્ષીરાભિષિક્ત
ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રીમદ્વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**

: પ્રેરક :
પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય મુક્તિનિલયસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ.પં.શ્રી હેમનિલયવિજયજી મ.સા.

: સંપાદિકા :
પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી

: પ્રકાશક :
આ.શ્રી વિજય નીતિસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

● પ્રકાશન : વિ.સં. ૨૦૮૦ ● ઈ.સ. 2024

પ્રાપ્તિસ્થાન

સુરત

આ. શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન
C/o. જીતુભાઈ ઝવેરી, કતારગામ, સુરત (M) 93745 14860

રાજુભાઈ બી. શેઠ
કલ્પવૃક્ષ જ્વેલર્સ, 176, કુબેરનગર-1, કતારગામ દરવાજા, સુરત
ફોન : 0261-2534863/64 (M) 94268 54714

અમદાવાદ

આ. શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન
લુહારની પોળ, માણેકચોક, અમદાવાદ
(M) 93740 51080, પેઢી : 079-2214 0494

ઉપેન્દ્રભાઈ એચ. શાહ
ઈ-19, આયોજનનગર સોસાયટી, શ્રેયસ રેલ્વે ક્રોસીંગ પાસે,
નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-7 (M) 93270 13814

દીપકભાઈ જીતમલજી બાગરેચા
ડી-104, મલ્લિનાથ એપાર્ટમેન્ટ, જૈન કોલોની સામે, શાહીબાગ, અમદાવાદ
(M) 93740 51080 (રહે.) 079-3042 3313

પાટણ

આ. શ્રી વિજય નીતિસૂરિ તત્ત્વજ્ઞાન પાઠશાળા
સાગર ઉપાશ્રય બહાર, ઘીવટો, પાટણ(ઉ.ગુ.) (M) 94270 60603 - વિક્રમભાઈ

મુંબઈ

સંજયભાઈ શાહ (એસ.આર. ક્રિએશન)
227/G, ઝવેરબાગ, પહેલે માળ, ઓફિસ નં. 16, નરનારાયણ વાડી,
કાલબાદેવી રોડ, મુંબઈ-400002 (M) 98202 29419

મુદ્રક : **જય જિનેન્દ્ર ગ્રાફિક્સ** - નવરંગપુરા, અમદાવાદ
જય જિનેન્દ્ર : 98250 24204 ● કુશ : 99256 17992

સાદર
સમર્પણ...

જેના શાસનનાં કારણે જ્ઞાનનું મહત્ત્વ મળ્યું
તેવા **શ્રી મહાવીરપ્રભુ**

જેના વડે જ્ઞાનને પામી શકાય તેવી ભાષાની પ્રાપ્તિ થઈ
તેવા કલિકાલસર્વજ્ઞ
શ્રી હેમચંદ્રાચાર્યજી ભગવંત

જેમની કૃપાના કારણે ભાષાને યત્કિંચિત્ સમજી શક્યા
તેવા ગચ્છાધિપતિ
શ્રીમદ્વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા

વાત્સલ્ય દ્વારા વૈરાગ્યનું સિંચન કરીને રત્નત્રયીને
વૃદ્ધિંગત બનાવનાર
પૂ.સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.

જ્ઞાનગંગાનું અમૃતપાન કરાવનાર
પૂ.સા. શ્રી કલ્પલત્તાશ્રીજી મ.સા.નાં
ચરણકમલમાં
સાદર સમર્પણ

''युष्मदीयं युष्मभ्यं समर्पयामि''

ગ્રંથ લાભાર્થી

ગિરનાર, ચિત્તોડ, તારંગા જેવા અનેક પ્રાચીન તીર્થોદ્ધારક
પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય **નીતિસૂરીશ્વરજી મહારાજા** દ્વારા
ગિરનાર તીર્થોદ્ધારક શતાબ્દી વર્ષ અનુમોદનાર્થે
નિકટભવ મોક્ષગામી ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ
શ્રીમદ્વિજય **હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**ના યશસ્વી ચાતુર્માસ
નિમિત્તે...

શ્રી અઠવાલાઈન્સ
જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ

તથા

શ્રી ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી
પૌષધશાળા

સુરત

જ્ઞાનનિધિમાંથી સંપૂર્ણ લાભ લીધેલ છે.

સુકૃતની ભૂરિ ભૂરિ અનુમોદના...

ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય નીતિસૂરીશ્વરજી મહારાજાનું

જીવનદર્શન

સામાન્ય વ્યક્તિત્ત્વનું સર્જન સમય કરે છે. વિરલ વ્યક્તિત્ત્વ તો સમયનું સર્જન કરે છે. અખંડ વહેતો કાળખંડ હવે એમના નામથી ઓળખાણ પામે છે. એવા જ એક મહાપુરૂષ ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય **નીતિસૂરીશ્વરજી મહારાજા.**

વિદ્વાન, ગીતાર્થ, શાસનસમર્પિત અને પુણ્યપ્રભાવક આ મહાપુરુષના જીવન-કવનને ત્રણ શબ્દોમાં વર્ણવવું હોય તો તે છે - **પોથી, પંડિત અને પ્રતિમા.**

પોથી : પૂજ્યશ્રીને જ્ઞાન સાથે અનહદ લગાવ હતો. પોતાના સાધુઓને સાત-સાત કલાક વાચના આપવી, પ્રાચીન જ્ઞાનભંડારોનાં જીર્ણોદ્ધાર કરવા, પોતે પણ સતત અધ્યયન-અધ્યાપનમાં વ્યસ્ત રહેવું એ પૂજ્યશ્રીનાં પોથી (જ્ઞાન) પ્રેમનું ઉદાહરણ છે.

પંડિત : દીર્ઘદૃષ્ટા પૂજ્યશ્રી સમજતા હતા કે માત્ર સાધુ સંસ્થા જ જૈનશાસનનાં બધાં અંશો સુધી નહિ પહોંચી શકે. શાસનસમર્પિત પંડિતોની એના માટે અનિવાર્ય જરૂરત રહેશે. એટલે એમને તેજસ્વી બાળકો અને આશાસ્પદ યુવા પંડિતોને તૈયાર કરવામાં ખંતપૂર્વક પ્રયત્ન આદર્યો. એની ફળશ્રુતિ પણ બહુ જ ભવ્ય પ્રાપ્ત થઈ.

પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.નાં વિદ્યાગુરુ પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ, પંડિતવર્ય શ્રી ભગવાનદાસ હરખચંદ એવા મૂર્ધન્ય પંડિતો પ્રભુશાસનને પૂજ્યશ્રીની કૃપાથી પ્રાપ્ત થયા.

પ્રતિમા : આ મહાપુરૂષે નવનિર્માણ કરવા જીર્ણોદ્ધાર ઉપર વધુ લક્ષ્ય આપ્યું. શ્રી ગિરનારજી, ચિત્તોડ, તારંગા જેવા પ્રાચીન તીર્થોનાં સ્થાપત્યનો એવી રીતે જીર્ણોદ્ધાર કરાવ્યો કે તે તીર્થોની ઊર્જાને પૂજ્યશ્રીએ જીવંત રાખી આપણા ઉપર ઉપકાર વરસાવ્યો છે.

જન્મ : સં. ૧૯૩૦, પોષ સુદ-૧૧, વાંકાનેર
દીક્ષા : સં. ૧૯૪૯, અષાઢ સુદ-૧૧, મહેરવાડા
વડીદીક્ષા : સં. ૧૯૫૦, મહા સુદ-૪, સીમોર
ગણિપદ : સં. ૧૯૬૧, માગસર સુદ-૫, સુરત
પંન્યાસપદ : સં. ૧૯૬૨, કારતક વદ-૧૧, પાલીતાણા
આચાર્યપદ : સં. ૧૯૭૬, માગસર સુદ-૧૧, અમદાવાદ
કાળધર્મ : ૧૯૯૮, પોષ વદ-૩, એકલિંગજી (ઉદેપુર)

- સ્વહસ્તે દીક્ષા ગ્રહણ કરી જગતના જવાહીર બન્યા.
- બ્રહ્મનિષ્ઠ ગુરુદેવે અનેકને બ્રહ્મચારી-વ્રતધારી બનાવ્યા.
- અનેક રાજા-મહારાજા-નવાબને પ્રતિબોધ કર્યા.
- ૧ કરોડ સૂરિમંત્ર સાધના દ્વારા જિનશાસનની અદ્‌ભુત સેવા કરી.
- જૂનાગઢ-રાધનપુર-ચિત્તોડ જેવા અનેક સ્થળે ગુરુકુળ સ્થાપ્યા.
- સ્વસમુદાય-પરસમુદાયના અનેક મહાત્માઓને યોગોદ્વહન કરાવ્યા. પદવી પ્રદાન કરી.
- વચનસિદ્ધપુરુષનાં વચનથી સિદ્ધિ મળતી.
- ૯ સ્થાનકવાસી સંપ્રદાયનાં ૩૫ વર્ષ જેવા પર્યાયી સાધુને સંવેગીદીક્ષા આપી સત્યમાર્ગે લાવ્યા.

સદ્‌ગુરુ વચનામૃત

અધ્યાત્મ માર્ગની આધારશિલા છે : સ્વાનુભૂતિની અનન્ય ઝંખના. 'હું કોણ છું'નો જવાબ જ્યાં સુધી મુમુક્ષુને નથી મળતો, ત્યાં સુધી એ જંપીને બેસી નથી શકતો. પણ અધ્યાત્મની કેડીઓ અદીઠ છે, ગુહ્ય છે. સદ્‌ગુરુનાં ઈશારા વિના એમને જાણવી અશક્યપ્રાયઃ છે.

આપણા સદ્‌ભાગ્યે આપણે ત્યાં એવા બહુ બધા અનુભૂતિવાન મહાપુરૂષો થયા છે. જેમણે 'भव्यजनहिताय' અનુભવરસને શબ્દોમાં કંડારવાનો પ્રયત્ન કર્યો છે. પણ એ ગ્રંથો, જેમાં આ અનુભવ માર્ગનાં સંકેતો છે, મહદંશે સંસ્કૃત અને પ્રાકૃતમાં નિબદ્ધ છે.

એટલે મુમુક્ષુએ સંસ્કૃતમાં સજ્જતા કેળવવી અત્યંત આવશ્યક બની જાય છે. સંસ્કૃતમાં પારંગત થવા માટે

વ્યાકરણનું અધ્યયન અનિવાર્ય છે. **કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય** ભગવંતે એના માટે જ **"શ્રી સિદ્ધહેમ વ્યાકરણ"** જેવા સાંગોપાંગ સંપૂર્ણ વ્યાકરણની રચના કરી છે.

પણ એ વ્યાકરણમાં સેંકડો નહીં પરંતુ હજારો સૂત્રોમાં મંદગતિ છાત્ર ક્યારેક અટવાઈ પણ જાય છે. અને થાકીને વ્યાકરણ ભણવાનું જ મૂકી દે. એવું ન થાય એ માટે પૂ. સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.નાં શિષ્યા પૂ.સા.શ્રી આર્યયશા મ.સા.એ ભણતી વખતે નોટ્સ બનાવી હતી. તેને છપાવવાનું આ કાર્ય વ્યાકરણ પઠન-પાઠન પરંપરાની સેવા છે. પૂર્વે પણ આવી પુસ્તકો છપાઈ છે. જેમાં નિયમો, સાધનિકાઓને ગુજરાતીમાં સરળ રીતે બતાવ્યા છે, તો'ય ભિન્ન-ભિન્ન કક્ષાનાં વિદ્યાર્થીઓ માટે ભિન્ન-ભિન્ન આયામ, ભિન્ન દૃષ્ટિથી આલેખાયેલ પુસ્તકો વધુ સહાયક બની શકે છે. પ્રભુની અનહદ કૃપાને ઝીલવા અને એમનાં શબ્દ સામ્રાજ્યમાં પ્રવેશવા માટેની ઝંખના ધરાવતા મુમુક્ષુઓ, જિજ્ઞાસુઓને આ પુસ્તક યત્કિંચિત્ પણ મદદરૂપ થાય તો પ્રકાશન સફળ છે.

સાધ્વીજી મ.સા.ની સરસ મહેનત બદલ અનુમોદના. પંડિતવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ, ચિરાગભાઈ આદિને સાથ-સહકાર માટે ધન્યવાદ.

- હેમપ્રભસૂરિનાં ધર્મલાભ.

॥ कलापूर्णोस्तु मङ्गलम् ॥

किञ्चित्

गुर्जरदेशे पत्तनराजधान्यां प्रायः वि.सं. ११८१ (ई.स. ११२५) वैशाखपूर्णिमा-समयः आसीत् । सिद्धराजजयसिंहः सिंहासनमधिरूढः आसीत् । एकतः श्वेताम्बराचार्यः देवसूरिः आसीत् । अन्यतश्च दिगम्बराचार्यः कुमुदचन्द्रसूरिः । ऐतिह्यज्ञानां न अविदितं यत् द्वयोः मध्ये वादः प्रवृत्तः इति । अत्र विजेता अभूत् देवसूरिः इत्यपि प्रसिद्धमेव ।

यदि नाम कुमुदचन्द्रं नाऽजेष्यत् देवसूरिरहिमरुचिः ।

कटिपरिधानमधास्यत कतमः श्वेताम्बरो जगति ?

इति श्लोकः अपि प्रसिद्धः एव ।

अस्मिन् वादे देवसूरिणा कथं जयः लब्धः ? इति किं जानन्ति भवन्तः ?

पूर्वपक्षः देवसूरिणा स्थापितः आसीत् । प्रदीर्घं पूर्वपक्षं सम्यग् अवधारयितुम् अपि अनलम्भूष्णुः कुमुदचन्द्रसूरिः तत् खण्डनं कर्तुं कथं प्रभवेत् ? निरुत्तरीभूय सः तूष्णीं स्थितः ।

सिद्धराजेन चिन्तितम् - इतोऽपि तस्मै कश्चिद् अवसरः देयः । जल्पवादे अयं पराजितः स्यात् नाम, परं लेखनवादः इतोऽपि कर्तुं शक्येत एव ।

एवं लेखनवादावसरे देवसूरिणा श्वेताम्बरपक्षः वस्त्रे विलिख्य उपस्थापितः ।

तत्र 'कोटाकोटि' इतिशब्दः प्रयुक्तः आसीत् देवसूरिणा । 'कोटाकोटि इतिशब्दोऽयम् अलाक्षणिकः इति उद्घुष्टं कुमुदचन्द्रसूरिणा तं सूरिं

पराजेतुकामेन । अपशब्दः एकोऽपि प्रयुक्तः वादे पराजयकारणं स्यादिति आसीत् काचित् परम्परा ।

त्वरितमेव प्रत्युत्तरयता सूरिणा देवाचार्येण उक्तम् - 'टाप्टीप्' इति पाणिनिव्याकरणसूत्रेण सिध्यति अयं शब्दः । कैश्चिद् पाणिनिव्याकरणम् आनीतम् । दृष्टश्च तत्र अयमपि शब्दः । [दृश्यतां 'मुद्रितकुमुदचन्द्रम्' इति नाटकं कवियशश्चन्द्ररचितम् ।]

कुमुदचन्द्रः पराजितः सन् कृष्णाननः पाश्चात्त्यद्वारात् निर्गतः । 'श्वेताम्बरीयः पक्षः विजेता' इति मध्येसभं जयजयरवः प्रसृतः ।

देवसूरिणा व्याकरणमधीतं न अभविष्यत् चेत् का दशा अभविष्यत् ? आधुनिकाः केचन ब्रुवन्ति-काऽऽवश्यकता व्याकरणाऽध्ययनस्य ? शिवलालीयसंस्कृतपुस्तकद्वयेन त्रयेण वा एव पर्याप्तम् । व्याकरणाध्ययने द्वित्राणि वर्षाणि गच्छेयुः । एतावान् समयः कथं व्ययीकरणीयः ? अधीतव्याकरणाः अपि शास्त्रार्थेषु मुह्यन्ति एव । किं फलं व्याकरणस्य तैः लब्धम् ?

ये अपटुप्रज्ञाः स्युः, ते न पठन्तु नाम व्याकरणम् । परं ये पटुप्रज्ञाः स्युः तैः व्याकरणाध्ययनमपि विधेयमेव । विशेषतः ये संस्कृत-साहित्य-लेखन-सम्भाषण-प्रकाशन-संशोधनक्षेत्रे रुचिं वहन्तः स्युः तैः । एवं हि श्रूयते यत् शास्त्रसंशोधकाः पू.जम्बूविजयाः प्रत्यहं व्याकरणसूत्राणि सोदाहरणानि परावर्त्तयन्ते स्म इति । ते संशोधनक्षेत्रे व्याकरणोपयोगितां विदन्ति स्म ।

कश्चित् श्लोकः स्मृतिपथमवतरति । स चाऽयम्-

यद्यपि बहु नाधीषे तदपि पठ पुत्र ! व्याकरणम् ।

स्वजनः श्वजनो मा भूत् सकलं शकलं सकृच्छकृत् ॥

अनधीते व्याकरणे स्वजनस्थाने 'श्वजनः' इति कश्चित् लिखेत् । एवं सकलस्थाने शकलं, सकृत्स्थाने च शकृत् इति प्रयुञ्जीत चेत् अनर्थः एव स्यात् ।

स्वजनो नाम स्वकीयो जनः । श्वजनो नाम शुनकजनः ! सकलं नाम अखिलम् । शकलं नाम खण्डः । सकृत् नाम एकवारम् । शकृत् नाम विष्ठा । अहो ! सकारस्य स्थाने शकारप्रयोगात् अनर्थपरम्परा !

अनधीतव्याकरणः पाठापपाठयोः भेदं ज्ञातुं न शक्नुयात् । शास्त्राणाम् अर्थान्तरमेव कुर्यात् यत् शास्त्रकाराणामनिष्टमेव स्यात् । परं तेन का बाधा ? श्रूयतां तावत् शास्त्रोक्तं किञ्चित् - शब्दभेदे सूत्रभेदः स्यात् । सूत्रभेदे अर्थभेदः स्यात् । अर्थभेदे च दीक्षावैफल्यमपि स्यात् इति ।

अध्ययने सर्वादौ व्याकरणाध्ययनमेव आवश्यकमिति शिष्टाः ब्रुवन्ति । आदौ व्याकरणज्ञानम् । तदनु साहित्यज्ञानम् । तदनु न्यायशास्त्रज्ञानम् । ततश्च नयज्ञानम् । ततः आगमज्ञानम् । अन्ते च आत्मज्ञानम् । इत्थमात्मज्ञानं प्राप्तुमपि इदं व्याकरणं सोपानायते-इत्यपि वक्तुं शक्यम् ।

व्याकरणाध्ययनेन किं सिध्येत् ? किं वयं नूतनशब्दान् निर्मातुं शक्नुयाम ?

अत्र इदम् अवधेयं यत् अधीतव्याकरणेनाऽपि जनेन केवलं व्याकरणबलात् नूतनाः शब्दाः न उत्पादनीयाः । अत्र महावैयाकरणचारुदेव-शास्त्रिकथनं स्मरणार्हम् । स आह - व्याकरणेन शब्दाः व्युत्पाद्यन्ते, न तु उत्पाद्यन्ते इति । व्याकरणमपि शिष्टलोककृतप्रयोगम् अनुसरति ।

अतः एव व्याकरण-पठनाऽनन्तरमपि ये संस्कृते व्युत्पन्नतां प्राप्तुमिच्छन्ति तैः चारुदेवशास्त्रिकृतं ग्रन्थद्वयमवश्यं पठनीयं मननीयं च । शब्दापशब्दविवेकः वाग्व्यवहारादर्शश्चेति ग्रन्थद्वयं चारुदेवशास्त्रिरचितमस्ति । यथा शशी चन्द्रवाचकः शब्दः अस्ति, न तथा 'मृगी' शब्दः निर्मातुं शक्यते । अत्र व्याकरण-समर्थनमस्ति, न तु शिष्टजनसमर्थनम् ।

शशः अस्य अस्ति इति शशी स्यात् तथा मृगः अस्य अस्ति इति मृगी इति कथं न स्यात् ? यथा शशाङ्क-शशलाञ्छन-शशलक्ष्माद्याः शब्दाः स्युः तथा मृगाङ्क-मृगलाञ्छन-मृगलक्ष्मप्रभृतयः शब्दाः अपि स्युः एव । ततः

मृगी कुतो न स्यात् ? नैव स्यात् इति शिष्टलोकः । अत्र व्याकरण-समर्थनं काममस्ति, परं शिष्टजनसमर्थनं नास्ति ।

दृश्यतामयं श्रीहर्षरचितनैषधीयचरितश्लोकः

भङ्क्तुं प्रभुर्व्याकरणस्य दर्पं
पदप्रयोगाध्वनि लोक एषः ।
शशो यदस्तीति शशी ततोऽयम्
एवं (नैवं?) मृगोऽस्यास्ति मृगीति लोकः ॥

अतः एव कलिकालसर्वज्ञश्रीहेमचन्द्रसूरिपादैः स्वव्याकरणस्य प्रथमेऽध्याये प्रथमे पादे तृतीयमेव सूत्रं स्थापितं लोकात् इति ।

अत्र सा. परमयशाश्रिया व्याकरणवृत्त्यनुसारेण गुर्जरार्थः विहितः अस्ति । प्रथमं तावत् विरलाः एव श्रमण्यः स्युः याः व्याकरणं पठेयुः । तत्रापि तदनुवादं विधातुं सामर्थ्यशालिन्यः विरलतमाः एव । विरलतमासु इयम् अन्यतमा साध्वी सत्यं साधुवादार्हा अस्ति ।

जिज्ञासुविद्यार्थिनः इमां ग्रन्थरत्नश्रेणिमुपयुज्य फलेग्रहिं कुर्वन्तु साध्वीपरिश्रममिति काम्यते ।

माघ कृ.-८, ४-३-२०२४
गान्धिधाम (कच्छ)

- विजयमुक्तिमुनिचन्द्रसूरिः

• • •

પ્રકાશકીય નિવેદન

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન સમુદ્ર જેવો છે. મરજીવા બનીને ડુબકી લગાવો તો મોતી હાથમાં આવે જ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંતની આ અનુપમ કૃતિ ઉપર આજ સુધી અનેક ટીકાઓ, વિવેચન પ્રકાશિત થયા છે અને થતાં રહેશે. આ જ આ મહાગ્રંથની શોભા પણ છે.

એ જ પાવન પરંપરામાં એક મણકો આ પ્રકાશનથી ઉમેરાઈ રહ્યો છે. ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાનાં આજ્ઞાનુવર્ત્તિની પૂ.સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ. સા.શ્રી આર્યયશાશ્રીજી મ.સા.નાં પ્રશિષ્યા પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી મ.સા.એ ખૂબ જહેમત અને ખંતપૂર્વક આ બાલભોગ્ય છતાંય વિદ્વત્માન્ય વિવેચન તૈયાર કર્યું છે.

આ વિવેચન શ્રી સિદ્ધહેમના પ્રેમીજનોને અંતઃસંતોષ આપનાર બનશે. અમારી સંસ્થા આ ગ્રંથનું પ્રકાશન કરતાં ગૌરવ અનુભવે છે.

આ ગ્રંથના પ્રકાશનમાં **શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ તથા શ્રી ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી પૌષધશાળા સુરત** જ્ઞાનનિધિમાંથી લાભ લીધો છે. તેઓના અમે ઋણી છીએ.

વિ.સં.૨૦૮૦
ફાગણ સુદ-૧૨

લિ.
આ.શ્રી વિજય નીતિસૂરિ
જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

સંપાદકીય નિવેદન...

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય ભગવંતે શ્રી સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી માત્ર એક વર્ષમાં જ સવા લાખ શ્લોક પ્રમાણ જે શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનની રચના કરી તે ખરેખર અદ્વિતીય છે. આ સમુદ્ર એવો છે કે, જેનાં પેટાળમાં અઢળક રત્નો ભર્યા છે. મરજીવા બનીને તે રત્નોને પામવાનો જે યત્કિંચિત્ પ્રયાસ થયો છે. તેનાં પરિણામ સ્વરૂપે તેરમો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. જે ખરેખર તત્ત્વત્રયીની કૃપા વિના શક્ય નથી.

આ ગ્રંથની વિવેચનયાત્રા, વિવરણની સામાન્ય વિશેષતાઓ, ધન્યવાદ, ઋણસ્વીકાર, સંદર્ભગ્રંથ સૂચિ વગેરે પ્રથમ ભાગમાં જણાવેલ છે. જેની નૂતન વાચક વર્ગે ખાસ મુલાકાત લેવી.

તથા આ ભાગનાં પરિશિષ્ટ-૧માં વિવરણ અંતર્ગત આવેલ તદ્ધિત પ્રત્યયોનું અકારાદિક્રમે કોષ્ટક, પરિશિષ્ટ-૨માં વિવેચન અંતર્ગત ન્યાયના અર્થ, પરિશિષ્ટ-૩માં વિવેચન અંતર્ગત વિશેષતા અને જિજ્ઞાસાના સંદર્ભસ્થાનો દર્શાવેલ છે. પરિશિષ્ટ-૪ અને ૫ માં અનુક્રમે અકારાદિક્રમે વિવેચન અંતર્ગત સૂત્રાવલિ અને ઉદાહરણાવલિ દર્શાવેલ છે.

અત્યંત સહકાર આપનાર પંડિતવર્ય શ્રી ચિરાગભાઈ, તથા પંડિતવર્ય શ્રી અક્ષયભાઈ અને શીઘ્રાતિશીઘ્ર સુંદર રીતે મુદ્રણ કરી આપનાર જય જિનેન્દ્ર ગ્રાફિક્સ (નિતીનભાઈ-જય જિનેન્દ્ર) ને ખૂબ ખૂબ ધન્યવાદ. જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો

"મિચ્છા મિ દુક્કડમ્"

દ. નિરૂપમ-કલ્પ-આર્ય-સૌરભ શિશુ
સા. પરમયશાશ્રી

વિષયાનુક્રમ

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૬.૩		
૧.	શેષ અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૨ થી ૨૮,૩૦ થી ૯૨)	૨૧
૨.	વૃદ્ધાપત્યાર્થક નામથી अञ्નો નિષેધ (૬.૩.૨૯)	૪૧
૩.	શૈષિક પ્રત્યયના લોપનું વિધાન (૬.૩.૯૩)	૯૦
૪.	કૃતાદિ અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૯૪)	૯૭
૫.	કુશલ અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૯૫ થી ૯૭)	૯૯
૬.	જાત અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૯૮ થી ૧૦૬,૧૧૨)	૧૦૧
૭.	જાતિક પ્રત્યયના લોપનું વિધાન (૬.૩.૧૦૭ થી ૧૧૧)	૧૦૯
૮.	દેય સ્વરૂપ ઋણ અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૧૧૩ થી ૧૧૬)	૧૧૪
૯.	સાધુ વગેરે અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૧૧૭)	૧૧૮
૧૦.	ઉપ્ત અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૧૧૮ થી ૧૨૦)	૧૧૯
૧૧.	व्याहरत् मृग અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૧૨૧)	૧૨૧
૧૨.	जयिनि અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૧૨૨)	૧૨૨
૧૩.	भव અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૧૨૩ થી ૧૪૮)	૧૨૩
૧૪.	व्याख्यान અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૧૪૨ થી ૧૪૮)	૧૩૬
૧૫.	आगत અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૧૪૯ થી ૧૫૬)	૧૪૬
૧૬.	प्रभव અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૧૫૭ થી ૧૫૯)	૧૫૪
૧૭.	इदम् અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૧૬૦ થી ૧૮૦)	૧૫૫
૧૮.	प्रोक्त અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૧૮૧ થી ૧૯૦)	૧૭૨
૧૯.	उपज्ञात અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૧૯૧)	૧૮૦
૨૦.	कृत અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૧૯૨ થી ૨૦૧)	૧૮૧
૨૧.	अभिनिष्क्रामत् द्वार અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૨૦૨)	૧૮૭

index...

index...

૨૨. गच्छति पथि दूते અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૨૦૩) ૧૮૭
૨૩. भजत् અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૨૦૪ થી ૨૦૯) ૧૮૮
૨૪. तुल्यदिश् અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૨૧૦ થી ૨૧૨) ૧૯૩
૨૫. ષષ્ઠીના અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૩.૨૧૩ થી ૨૧૯) ૧૯૫
૨૬. અભ્યાસ-૧ ૨૦૦
૨૭. इकण् પ્રત્યયનો અધિકાર (૬.૪.૧) ૨૦૨
૨૮. તૃતીયાન્ત નામથી વિવિધ અર્થમાં વિવિધ પ્રત્યય (૬.૪.૨ થી ૨૭) ૨૦૨
૨૯. દ્વિતીયાન્ત નામથી વિવિધ અર્થમાં વિવિધ પ્રત્યય (૬.૪.૨૮ થી ૪૯) ૨૧૯
૩૦. ષષ્ઠ્યન્ત નામથી વિવિધ અર્થમાં વિવિધ પ્રત્યય (૬.૪.૫૦ થી ૫૨) ૨૩૩
૩૧. પ્રથમાન્ત નામથી વિવિધ અર્થમાં વિવિધ પ્રત્યય (૫૩ થી ૬૮) ૨૩૬
૩૨. भक्ष्य, हित આદિ વિવિધ અર્થમાં પ્રત્યય (૬૯ થી ૧૨૮,૧૫૦ થી ૧૭૬) ૨૪૪
૩૩. આર્હદર્થનો અધિકાર (૨૯ થી ૧૪૯) ૨૨૦
૩૪. अर्हत् અર્થમાં પ્રત્યયનું વિધાન (૬.૪.૧૭૭ થી ૧૮૫) ૩૨૯
૩૫. અભ્યાસ-૧ ૩૩૬
૩૬. અભ્યાસ-૨ ૩૩૭
૩૭. પરિશિષ્ટ-૧ अકારાદિક્રમે તદ્ધિત પ્રત્યયનું સારાંશ કોષ્ટક ૩૩૯
૩૮. પરિશિષ્ટ-૨ વિવેચન અંતર્ગત ન્યાય સંગ્રહના અર્થ ૩૭૨
૩૯. પરિશિષ્ટ-૩ વિવેચન અંતર્ગત સંદર્ભસ્થાન ૩૭૪
૪૦. પરિશિષ્ટ-૪ વિવેચન અંતર્ગત અકારાદિક્રમે સૂત્રાવલિ ૩૮૮
૪૧. પરિશિષ્ટ-૫ વિવેચન અંતર્ગત અકારાદિક્રમે ઉદાહરણાવલિ ૩૯૭

• • •

index...

વિવેચન અંતર્ગત કોષ્ટકની અનુક્રમ

ક્રમ	વિષય	પત્ર ક્રમાંક
૧.	શેષ અર્થનું કોષ્ટક	૨૦
૨.	શેષાર્થક પ્રત્યયનું કોષ્ટક	૯૧
૩.	કુશળાર્થક પ્રત્યયનું કોષ્ટક	૧૦૧
૪.	જાતાર્થક પ્રત્યયનું કોષ્ટક	૧૧૩
૫.	દેયાર્થક ઋણાર્થક પ્રત્યયનું કોષ્ટક	૧૧૮
૬.	ઉપ્તાર્થક પ્રત્યયનું કોષ્ટક	૧૨૧
૭.	ભવ અને વ્યાખ્યાનાર્થક પ્રત્યયનું કોષ્ટક	૧૪૪
૮.	આગતાર્થક પ્રત્યયનું કોષ્ટક	૧૫૩
૯.	પ્રભવાર્થક પ્રત્યયનું કોષ્ટક	૧૫૫
૧૦.	इदम् અર્થક પ્રત્યયનું કોષ્ટક	૧૭૧
૧૧.	પ્રોક્તાર્થક પ્રત્યયનું કોષ્ટક	૧૮૦
૧૨.	કૃતાર્થક પ્રત્યયનું કોષ્ટક	૧૮૬
૧૩.	भजति અર્થક પ્રત્યયનું કોષ્ટક	૧૯૨
૧૪.	तुल्यदिश् પ્રત્યયનું કોષ્ટક	૧૯૪
૧૫.	અસ્ય અર્થક પ્રત્યયનું કોષ્ટક	૧૯૯
૧૬.	સંસૃષ્ટ અર્થક પ્રત્યયનું કોષ્ટક	૨૦૭
૧૭.	જીવતિ અર્થક પ્રત્યયનું કોષ્ટક	૨૧૪
૧૮.	હરતિ અર્થક પ્રત્યયનું કોષ્ટક	૨૧૮
૧૯.	વર્ત્તતે અર્થક પ્રત્યયનું કોષ્ટક	૨૨૦
૨૦.	गृह्णति અર્થક પ્રત્યયનું કોષ્ટક	૨૨૬
૨૧.	સમવેત્ અર્થક પ્રત્યયનું કોષ્ટક	૨૩૩

૨૨. ધર્મ્ય અર્થક પ્રત્યયનું કોષ્ટક ૨૩૫
૨૩. चरत् અર્થક પ્રત્યયનું કોષ્ટક ૨૫૬
૨૪. याति પ્રત્યયનું કોષ્ટક ૨૬૦
૨૫. દેય-કાર્ય પ્રત્યયનું કોષ્ટક ૨૬૭
૨૬. નિર્વૃત્ત અર્થક પ્રત્યયનું કોષ્ટક ૨૭૪
૨૭. ભૂત અર્થક પ્રત્યયનું કોષ્ટક ૨૮૬
૨૮. અર્હદ્ અર્થ સુધીના અર્થનું કોષ્ટક ૨૮૮
૨૯. આર્હદર્થક પ્રત્યયનું કોષ્ટક ૩૦૩
૩૦. સંયોગ-ઉત્પાત રૂપ હેતુ અર્થક પ્રત્યયનું કોષ્ટક ૩૧૦
૩૧. ચતુર્થી અર્થક પ્રત્યયનું કોષ્ટક ૩૧૩
૩૨. पचति આદિ અર્થક પ્રત્યયનું કોષ્ટક ૩૧૮
૩૩. ષષ્ઠી અર્થક પ્રત્યયનું કોષ્ટક ૩૨૬
૩૪. अर्हत् અર્થક પ્રત્યયનું કોષ્ટક ૩૩૪

॥ ॐ ह्रीं श्रीं अर्हं नमः ॥
॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

षष्ठेऽध्याये तृतीयः पादः

तद्धित प्रकरणम्

शेषे ६.३.१

अ.अ.सू. : शेषे।

अर्थ : अपत्य आदि सिवायना अन्य प्राग्जितीय अर्थमां अहींथी जणावतां प्रत्यय थाय छे.

विशेषता :

(१) आ अधिकार सूत्र छे. तेथी सूत्रनिर्दिष्ट शेष अर्थनो अधिकार हवे पछीना नद्यादेरेयण् ६.३.२थी स्थामा-जिना०६.३.९३ सूत्र सुधीमां आवे छे. अर्थात् ते-ते सूत्रमां जे-जे प्रत्ययो कहेवाया छे ते अपत्यथी संस्कृत लक्ष्य सिवायना कृत वगेरे तमाम अर्थमां थाय छे.

(२) यद्यपि अहीं ध्यानमां लेवुं के, जो आ सूत्र द्वारा शेषनो अधिकार ग्रहण न करत तो पण तस्येदम् ६.३.१६० सूत्रथी तेना ज विशेष अर्थ एवा अपत्य, समूह वगेरे अर्थमां उत्तरसूत्रथी एयण् थवानी प्राप्ति हती. परंतु शेष अधिकार ग्रहण करवाथी अने तेमां अपत्यादि अर्थनुं वर्जन करवाथी ते विशेष अर्थमां एयण् आदि प्रत्यय थशे नहीं.

શેષ અર્થને દર્શાવતું કોષ્ટક

શેષ અર્થ	સૂત્ર	ઉદાહરણ	શેષ અર્થ	સૂત્ર	ઉદાહરણ
कृत, लब्ध, क्रीत, सम्भूत	६.३.९४	स्रौघ्नः	आगत प्रभवत्	६.३.१४९ थी १५६ ६.३.१५७ थी १५९	स्रौघ्नः हैमवती
कुशल	६.३.९५ थी ९७	पथक	इदम्	६.३.१६० थी १८०	माथुरम्
जात	६.३.९८ थी ११२	शातभिषः	प्रोक्त	६.३.१८१ थी १९०	भाद्रबाहवम्
ऋण	६.३.११३ थी ११६	मासिकम्	उपज्ञात	६.३.१९१	पाणिनीयम्
साधु, पुष्यत्,	६.३.११७	सांवत्सरिकम्	कृत	६.३.१९२ थी २०१	शैवः
पच्यमान			अभिनिष्क्रामत्	६.३.२०२	माथुरम्
उप्त	६.३.११८ थी १२०	शारदाः	गच्छत्	६.३.२०३	स्रौघ्नः
विहरत्	६.३.१२१	नैशिकः	भजत्	६.३.२०४ थी २०९	स्रौघ्नः
जयिन्	६.३.१२३ थी १४८	शैक्षः	तुल्यदिश्	६.३.२१० थी २१२	सौदामनी

नद्यादेरेयण् ६.३.२

अ.अ.सू. : नद्यादेः शेषे एयण्।

अर्थ : नदी वगेरे नामथी प्राग्जितीय शेष अर्थमां एयण्(एय) प्रत्यय थाय छे.

स. : नद्यादेः=नदी आदि यस्य स इति नद्यादिः, तस्मादिति।

उदा. (१) **नादेयः**=नदीमां थयेल. नद्यां जात इति।
आ सूत्रथी एयण्→नदी+**एय**
- तद्धितोऽणादिः[1] ६.१.१थी एयण्ने **तद्धितसंज्ञा.**
- ऐकार्थ्ये ३.२.७थी नदीनी **सप्तमीनो लोप.**
- वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**ना**दी+एय
- अवर्णेवर्ण०७.४.६८थी ईनो लोप→**नादेय**
- प्रथमा सि→नादेय+**स्**
- तदन्तं०१.१.२०थी नादेयस्ने **पदसंज्ञा.**
- सो रुः २.१.७२थी स्नो रु→नादेय**र्**
- रः पदान्ते०१.३.५३थी र्नो विसर्ग→नादेयः।

(२) **वानेयः**=वनमां थयेल. वने जात इति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

प्र.उदा. **शेष इत्येव→नादिकम्**=नदीओनो समूह. नदीनां समूह इति।
कवचि-हस्त्य०६.२.१४थी इकण्→नदी+**इक**
वृद्धि वगेरे थतां→**नादिकम्**।

★ आ सूत्रनी प्रवृत्ति पूर्वे बतावेल अपत्यादि सिवायना शेष अर्थमां थाय छे. ज्यारे अहीं शेष अर्थ नथी. माटे आ सूत्रथी एयण् थयो नहीं.

---

१. अहीं उदा.गत साधनिकामां '✤' निशानीवाळा सूत्रो वारंवार पुनरावर्त्तित थता होवाथी, तेमज प्रसिद्ध अने सामान्य होवाथी तद्धित प्रकरणनी आगामी साधनिकामां दर्शाववामां आवशे नहीं.

વિશેષતા :

(૧) **नद्यादि** ગણ : नदी, मही, वाराणसी, श्रावस्ती, कौशाम्बी, वनकौशाम्बी, वनवासी, काशफरी, खादिरी, पूर्वनगर, पूर्वनगरी, पूर्व, वन, गिरि, पुर्, वनगिरि, पूर्वनगिरि, पावा, मावा, माल्वा, दार्वा, सेतकी, सैतवी।

राष्ट्रादियः ६.३.३

अ.अ.सू. : राष्ट्रात् शेषे ईयः।

અર્થ : राष्ट्र નામથી પ્રાગ્જિતીય એવા શેષ અર્થમાં इय પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **राष्ट्रियः**=રાષ્ટ્રમાં થયેલ. राष्ट्रे जात इति।
આ સૂત્રથી इय→राष्ट्र+**इय**
અનો લોપ વગેરે થતાં→**राष्ट्रियः**।

दूरादेत्यः ६.३.४

अ.अ.सू. : दूरात् शेषे एत्यः।

અર્થ : दूर નામથી પ્રાગ્જિતીય એવા શેષ અર્થમાં एत्य પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **दूरेत्यः**=દૂર થયેલું. दूरे भव इति।
આ સૂત્રથી एत्य→दूर+**एत्य**
અનો લોપ વગેરે થતાં→**दूरेत्यः**।

उत्तरादाहञ् ६.३.५

अ.अ.सू. : उत्तरात् शेषे आहञ्।

અર્થ : उत्तर નામથી પ્રાગ્જિતીય એવા શેષ અર્થમાં आहञ्(आह) પ્રત્યય થાય છે.

ઉદા. **औत्तराहः** = ઉત્તરમાં થયેલ. उत्तरे भव इति।

આ સૂત્રથી आहञ्→उत्तर+**आह**

વૃદ્ધિ વગેરે થતાં→औत्तराहः।

વિશેષતા :

(૧) સૂત્રમાં उत्तर એ પ્રમાણે સામાન્ય નામનો નિર્દેશ કર્યો છે. તેથી **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम्** ૧/૧૬ ન્યાયાનુસારે उत्तरा એ પ્રમાણે સ્ત્રીલિંગ નામથી પણ સૂત્રપ્રવૃત્તિ થાય છે. જેમકે, उत्तरस्यां भव इति औत्तराहः।

पारावारादीनः ૬.૩.૬

અ.અ.સૂ. : पारावारात् शेषे ईनः।

અર્થ : પારાવાર નામથી પ્રાગ્જિતીય એવા શેષ અર્થમાં ईन પ્રત્યય થાય છે.

ઉદા. **पारावारीणः** = સમુદ્રના તટમાં થયેલ. પારાવારે भव इति।

આ સૂત્રથી ईन→पारावार+**ईन**

અનો લોપ વગેરે થતાં→पारावारीणः।

व्यस्त-व्यत्यस्तात् ૬.૩.૭

અ.અ.સૂ. : व्यस्त-व्यत्यस्तात् पारावारात् शेषे ईनः।

અર્થ : વ્યસ્ત પારાવારથી અર્થાત્ પાર અને અવાર નામથી તેમજ, વ્યત્યસ્ત પારાવાર અર્થાત્ અવારપાર નામથી પ્રાગ્જિતીય એવા શેષ અર્થમાં ईन પ્રત્યય થાય છે.

સ. : व्यस्त-व्यत्यस्तात्=व्यस्तश्च व्यत्यस्तश्चेति व्यस्त-व्यत्यस्तम्, तस्मादिति ।

ઉદા. (૧) **पारीणः**=કિનારા ઉપર થયેલ. पारे भव इति।
(૨) **अवारीणः**=સમુદ્રમાં થયેલ અવારે भव इति।
(૩) **अवारपारीणः**=સમુદ્રના કિનારે થયેલ. અવારપારે भव इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ पारावारीणः પ્રમાણે જાણવી.

द्यु-प्रागपागुदक्-प्रतीचो यः ६.३.८

અ.અ.સૂ. : द्यु-प्रागपागुदक्-प्रतीचः शेषे यः।

અર્થ : दिव् નામથી, प्राच्, अपाच्, उदच् અને प्रत्यच् એ પ્રમાણે અવ્યય અને અનવ્યય એવા નામથી પ્રાગ્જિતીય શેષ અર્થમાં य પ્રત્યય થાય છે.

સ. : द्यु-प्रागपागुदक्-प्रतीचः=द्युश्च प्राङ् च अपाङ् च उदक् च प्रत्यङ् चेति द्यु-प्रागपागुदक्-प्रत्यङ्, तस्मादिति।

ઉદા. (૧) **दिव्यम्**=સ્વર્ગમાં થયેલું. दिवि भवमिति।
આ સૂત્રથી य→दिव्+**य**
પ્રથમા સિ વગેરે→**दिव्यम्**।

(૨) **प्राच्यम्**=પૂર્વમાં થયેલું. प्राचि/प्राग् भवमिति।

(૩) **अपाच्यम्**=અધોદિશામાં થયેલું. अपाचि भवमिति।

(૪) **उदीच्यम्**=ઉત્તરદિશામાં થયેલું. उदीचि भवमिति।

(૫) **प्रतीच्यम्**=પશ્ચિમમાં થયેલું. प्रतीचि भवमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, કાળવાચી અવ્યય એવા प्राग् વગેરે નામથી સ્પર્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે सायं-चिरं०६.३.८८થી तनट् પ્રત્યય થાય છે. અને અવ્યય ન હોય તેવા કાળવાચી प्राच् વગેરે

નામથી वर्षा-कालेभ्यः ६.३.७૯થી इकण् પ્રત્યય થશે. તેથી આ સૂત્રમાં દર્શાવેલ दिव् વગેરે નામ દિશા અને દેશવાચી જ ગ્રહણ કરવા.

ग्रामादीनञ् च ६.३.९

અ.અ.સૂ. : ग्रामात् शेषे ईनञ् च(यः)।

અર્થ : ગ્રામ નામથી પ્રાગ્જિતીય એવા શેષ અર્થમાં ઈનઞ્(ઈન) અને य પ્રત્યય થાય છે.

ઉદા. **ग्रामीणः/ग्राम्यः**=ગામમાં થયેલ. ग्रामे भव इति।

આ સૂત્રથી ઈનઞ્→ग्राम+**ईन**

અનો લોપ વગેરે થતાં→**ग्रामीणः**।

★ આ સૂત્રથી य થાય ત્યારે, **ग्राम्यः**।

વિશેષતા :

(૧) यद्यपि સૂત્રમાં ઈનઞ્નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો यનો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે કાર્યતયા ઈનઞ્ને સજાતીય પૂર્વસૂત્રથી કાર્ય એવા यના અધિકારનું ગ્રહણ થાય છે.

(૨) સૂત્રનિર્દિષ્ટ ઈનઞ્ પ્રત્યયમાં ञ्ઈત્ तद्धितःस्वरवृद्धि०૩.૨.૫૫ સૂત્ર દ્વારા સ્ત્રીલિંગ પ્રયોગમાં પુંવદ્ભાવનો પ્રતિષેધ કરવા માટે છે. જેમકે, ग्रामीणा भार्या यस्य स इति ग्रामीणाभार्यः।

कत्र्यादेश्चैयकञ् ६.३.१०

અ.અ.સૂ. : कत्र्यादेः च(ग्रामात्) शेषे एयकञ्।

અર્થ : कत्रि વગેરે અને ગ્રામ નામથી શેષ અર્થમાં એયકઞ્(એયક) પ્રત્યય થાય છે.

સ. : कत्र्यादेः=कत्रिरादिर्यस्य स इति कत्र्यादिः, तस्मादिति।

ઉદા. (૧) **कात्रेयकः**=દુષ્ટ ત્રણવાળામાં થયેલ. कत्रौ भव इति।
આ સૂત્રથી એયકञ્→कत्रि+**एयक**
વૃદ્ધિ વગેરે થતાં→**कात्रे**यकः।

(૨) **पौष्करेयकः**=કમળમાં થયેલ. पुष्करे भव इति।

(૩) **ग्रामेयकः**=ગામમાં થયેલ. ग्रामे भव इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **कत्र्यादि ગણ :** कत्रि, पुष्कर, पुष्कल, उम्पि, उम्भि, औम्भि, कुम्भी, कुण्डिना, नगर, महिष्मती, वर्मवती, चर्मण्वती।

(૨) આ ગણમાં નિર્દિષ્ટ નગર શબ્દ महिष्मती વગેરે નગરવાચી નામના સાહચર્યથી **साहचर्यात् सदृशस्यैव** ૨/૬ ન્યાયાનુસારે સંજ્ઞામાં જ પ્રવર્ત્તે છે. અન્ય અર્થમાં તો તેને ઔત્સર્ગિકતયા अण् પ્રત્યય જ થાય છે. જેમકે, नगराणां निवास इति नागरिकः।

(૩) યદ્યપિ સૂત્રમાં कत्र्यादेः પદનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો ग्रामात्નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्**૦૨/૬૧ ન્યાયાનુસારે સ્થાનીતયા कत्र्यादेःને સજાતીય સ્થાની એવા ग्रामात्નું પૂર્વસૂત્રથી ગ્રહણ કરાય છે.

कुण्ड्यादिभ्यो यलुक् च ६.३.११

અ.અ.સૂ. : कुण्ड्यादिभ्यः शेषे एयकञ्, यलुक् च।

અર્થ : कुण्ड्य વગેરે નામથી પ્રાગ્જિતીય શેષ અર્થમાં एयकञ्(एयक) પ્રત્યય થાય છે. અને તેના યોગમાં યનો લોપ થાય છે.

સ. : (૧) **कुण्ड्यादिभ्यः**=कुण्ड्या आदिर्येषां ते इति कुण्ड्यादयः, तेभ्य इति।

(૨) **यलुक्**=यस्य लुगिति।

ઉદા. (૧) **कौण्डेयकः**=કુણ્ડયામાં થયેલ. કુણ્ડયાયાં ભવ ઇતિ।
આ સૂત્રથી એયકञ્→કુણ્ડ્યા+**एयक**
અને યનો લોપ→કુણ્ડા+એયક
વૃદ્ધિ વગેરે થતાં→**कौण्डे**यकः।

(૨) **कौणेयकः**=કુણ્યામાં થયેલ. કુણ્યાયાં ભવ ઇતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

कुण्ड्यादि ગણ : કુણ્ડ્યા, કુણ્યા, ઉક્ષ્યા, ભાણ્ડ્યા, ગ્રામકુડ્યા, તૃણ્યા, વન્યા, પલ્યા, પુલ્યા, મુલ્યા।

સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી અહીં નહીં દર્શાવેલા પણ આના સદૃશ શાસ્ત્રમાં દેખાતાં અન્ય પ્રયોગોનો આ સૂત્રમાં સમાવેશ થાય છે.

कुल-कुक्षि-ग्रीवाच्छ्वा-ऽस्यलङ्कारे ૬.૩.૧૨

અ.અ.સૂ. : कुल-कुक्षि-ग्रीवात् श्वा-ऽस्यलङ्कारे शेषे एयकञ्।

અર્થ : કુલ, કુક્ષિ અને ગ્રીવા નામથી કૂતરો, તલવાર અને અલંકાર વિશિષ્ટ પ્રાગ્જિતીય શેષ અર્થમાં એયકञ्(એયક) પ્રત્યય થાય છે.

સ. : (૧) **कुल-कुक्षि-ग्रीवात्**=कुलं च कुक्षिश्च ग्रीवा चेति कुल-कुक्षि-ग्रीवम्, तस्मादिति।

(૨) **श्वा-ऽस्यलङ्कारे**=श्वा च असिश्च अलङ्कारश्चेति श्वा-ऽस्यलङ्कारः, तस्मिन्निति।

ઉદા. (૧) **कौलेयकः श्वा**=કૂતરો. कुले भव इति।
આ સૂત્રથી એયકञ्→કુલ+**एयक**
વૃદ્ધિ વગેરે થતાં→**कौले**यकः।

(૨) **कौक्षेयकः असिः**=તલવાર. કુક્ષૌ ભવ ઇતિ।

(૩) **ग्रैवेयकोऽलङ्कारः**=ભૂષણ. ગ્રીવાયાં ભવ ઇતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રનિર્દિષ્ટ કુલ વગેરે નામથી ભવે ૬.૩.૧૨૩ અને ગ્રીવાતોઽણ્૦૬.૩.૧૩૨થી અણ્ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી એયકઞ્ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો એયકઞ્ પ્રત્યય અણ્ના અપવાદ રૂપ જાણવો.

(૨) સૂત્રમાં કુલ-કુક્ષિ-ગ્રીવાત્ એ પ્રમાણે સ્થાનીદર્શક અને શ્વા-ઽસ્યલઙ્કારે એ પ્રમાણે નિમિત્ત દર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

दक्षिणा-पश्चात्-पुरसस्त्यण् ૬.૩.૧૩

અ.અ.સૂ. : दक्षिणा-पश्चात्-पुरसः शेषे त्यण्।

અર્થ : દક્ષિણા, પશ્ચાત્ અને પુરસ્ નામથી શેષ અર્થમાં ત્યણ્(ત્ય) પ્રત્યય થાય છે.

સ. : दक्षिणा-पश्चात्-पुरसः=दक्षिणा च पश्चात् च पुरस् चेति दक्षिणा-पश्चात्-पुरस्, तस्मादिति।

ઉદા. (૧) **दाक्षिणात्यः**=દક્ષિણમાં થયેલ. दक्षिणा भव इति।
આ સૂત્રથી ત્યણ્→दक्षिणा+**त्य**
વૃદ્ધિ વગેરે થતાં→दाक्षिणात्यः।

(૨) **पाश्चात्यः**=પશ્ચિમમાં થયેલ. पश्चात् भव इति।

(૩) **पौरस्त्यः**=પૂર્વમાં થયેલ. पुरसो भव इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં દર્શાવેલ દક્ષિણા નામથી ભવે ૬.૩.૧૨૩થી અણ્‌ની પ્રાપ્તિ હતી. તેનો બાધ આ સૂત્રથી નિર્દિષ્ટ ત્યણ્ પ્રત્યય થાય છે. માટે આ સૂત્રથી થતો ત્યણ્ પ્રત્યય અણ્‌ના અપવાદ રૂપ જાણવો.

(૨) સૂત્રમાં આવેલ અવ્યય અને દિશા-દેશવાચી એવા પશ્ચાત્ અને પુરસ્ નામના સાહચર્યથી **साहचर्यात् सदृशस्यैव** ૨/૬ ન્યાયાનુસારે દક્ષિણા નામ પણ અવ્યયવાચી અને દિશા-દેશવાચી જ ગ્રહણ કરાય છે. તેથી દક્ષિણાયાં ભવાનીતિ દાક્ષિણાનિ એવા પ્રયોગમાં ગાયવાચી દક્ષિણા નામથી આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

અન્ય મત :

કેટલાંક પાણિનિ વગેરે વ્યાકરણકારો અવ્યય સિવાયના પણ દક્ષિણા નામથી આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે.

वह्ल्यूर्दि-पर्दि-कापिश्याष्ट्रायनण् ૬.૩.૧૪

અ.અ.સૂ. : वह्ल्यूर्दि-पर्दि-कापिश्याः शेषे टायनण्।

અર્થ : વહિલ, ઊર્દિ, પર્દિ અને કાપિશી નામથી શેષ અર્થમાં ટાયનણ્(આયન) પ્રત્યય થાય છે.

સ. : वह्ल्यूर्दि-पर्दि-कापिश्याः=वहिलश्च ऊर्दिश्च पर्दिश्च कापिशी चेति वह्ल्यूर्दि-पर्दि-कापिशी, तस्या इति।

ઉદા. (૧) **वाह्लायनः**=વહ્લિ દેશમાં થયેલ. वहिलषु भव इति।
આ સૂત્રથી ટાયનણ્→વહિલ+**આયન**
વૃદ્ધિ વગેરે થતાં→**वाह्लायनः**।

(૨) **और्दायनः**=ઉર્દિ-ક્રીડા વિશેષમાં થયેલ. ઊર્દૌ ભવ इति।

(૩) **पार्दायनः**=પર્દિ-ક્રીડા વિશેષમાં થયેલ. પર્દૌ ભવ इति।

(૪) **कापिशायनी द्राक्षा** = કાપિશી વનમાં થયેલી દ્રાક્ષ. कापिश्यां भव इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો વલ્હિ એ પ્રમાણે હકારાન્ત પ્રકૃતિ માને છે.

(૨) તો વળી કેટલાંક વ્યાકરણકારો વા વાળી વાહ્લિ પ્રકૃતિ ઈચ્છે છે.

रङ्कोः प्राणिनि वा ६.३.१५

અ.અ.સૂ. : रङ्कोः प्राणिनि शेषे टायनण् वा।

અર્થ : રङ्कु નામથી પ્રાણી વિશિષ્ટ શેષ અર્થમાં टायनण्(आयन) પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **राङ्कवायणः/राङ्कवो गौः** = રંકુ રાષ્ટ્રમાં થયેલ ગાય. रङ्कुषु भव इति।

આ સૂત્રથી टायनण्→रङ्कु+**आयन**

વૃદ્ધિ વગેરે થતાં→**राङ्कवायणः**।

વિકલ્પે : જ્યારે टायनण् ન થાય ત્યારે,

कोपान्त्याच्चा०६.३.५६થી अण्→रङ्कु+**अ**

વૃદ્ધિ વગેરે થતાં→**राङ्कवः**।

પ્ર.ઉદા. **कम्बलस्तु राङ्कवः** = રંકુ રાષ્ટ્રમાં થયેલ કાંબળી. रङ्कुषु भव इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રાણી વિશિષ્ટ શેષ અર્થમાં થાય છે. જ્યારે અહીં પ્રાણી વિશિષ્ટ શેષ અર્થ નથી. માટે આ સૂત્રથી વિકલ્પે टायनण् ન થતાં માત્ર अण् પ્રત્યય જ થયો છે.

વિશેષતા :

આ સૂત્રમાં નિમિત્ત તરીકે પ્રાણી વિશિષ્ટ શેષ અર્થનું ગ્રહણ કર્યું છે. અહીં ધ્યાનમાં લેવું કે, મનુષ્ય પણ પ્રાણી જ હોવાથી ત્યાં પણ આ સૂત્રથી ટાયનણ્ની પ્રાપ્તિ થઈ શકે છે. પરંતુ આગળ દર્શાવાતાં कच्छादेर्नृ०६.३.५४ સૂત્રના कच्छादि ગણમાં रङ्कु નામનું ગ્રહણ કર્યું છે. માટે સ્પર્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે તે સૂત્ર દ્વારા અકઞ્ પ્રત્યય જ થાય છે. જેમકે, राङ्कवको मनुष्यः।

क्वेहा-ऽमा-त्र-तसस्त्यच् ६.३.१६

અ.અ.સૂ. : क्वेहा-ऽमा-त्र-तसः शेषे त्यच्।

અર્થ : क्व, इह અને अमा નામથી તેમજ त्र અને तस् પ્રત્યયાન્ત પ્રકૃતિથી શેષ અર્થમાં त्यच्(त्य) પ્રત્યય થાય છે.

સ. : क्वेहा-ऽमा-त्र-तसः=क्वश्च इहश्च अमा च त्रश्च तस् चेति क्वेहा-ऽमा-त्र-तस्, तस्मादिति।

ઉદા. (૧) **कवत्यः**=ક્યાં થનાર. क्व भव इति।
આ સૂત્રથી त्यच्→क्व+**त्य**
પ્રથમા सि વગેરે→क्वत्यः।

(૨) **इहत्यः**=અહીં થનાર. इह भव इति।

(૩) **अमात्यः**=સાથે થનાર. अमा भव इति।

(૪) **तत्रत्यः**=ત્યાં થનાર. तत्र भव इति।
(અહીં तद् સર્વનામથી सप्तम्याः ૭.૨.૯૪થી त्रप् થઈને तत्र બનેલ છે.)

(૫) **कुतस्त्यः**=ક્યાંથી થનાર. कुतो भव इति।
(અહીં किम् સર્વનામથી किमद्वयाद्०૭.૨.૮૯થી तस् થઈને कुतस् બનેલ છે.)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રમાં દર્શાવેલ ત્યચ્ પ્રત્યયમાં ચ્કાર ત્યણ્ પ્રત્યયથી ત્યચ્ને પૃથક્ દર્શાવી સ્વ-જ્ઞા-ડજ૦૨.૪.૧૦૮ સૂત્રના ત્ય પદથી સામાન્ય એવા ત્યણ્ અને ત્યચ્ બંનેનાં ગ્રહણ માટે છે. અન્યથા **निरनुबन्धग्रहणे न सानुबन्धकस्य** ૧/૩૨ ન્યાયાનુસારે માત્ર આ સૂત્રથી થતાં ત્યનું જ ગ્રહણ થાત.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આવિશ્ નામથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે.

नेर्ध्रुवे ६.३.१७

અ.અ.સૂ. : नेः ध्रुवे शेषे त्यच्।

અર્થ : નિ નામથી ધ્રુવ રૂપ શેષ અર્થમાં ત્યચ્(ત્ય) પ્રત્યય થાય છે.

ઉદા. **नित्यं ध्रुवम्**=નિત્ય. નિયતં ભવમિતિ।
આ સૂત્રથી ત્યચ્→નિ+**ત્ય**
પ્રથમા સિ વગેરે→**નિત્યમ્**।

निसो गते ६.३.१८

અ.અ.સૂ. : निसः गते शेषे त्यच्।

અર્થ : નિસ્ નામથી ગત રૂપ શેષ અર્થમાં ત્યચ્(ત્ય) પ્રત્યય થાય છે.

ઉદા. **निष्ट्यश्चण्डालः**=ચંડાલ જાતિ. निर्गतो वर्णाश्रमेभ्य इति।
આ સૂત્રથી ત્યચ્→નિસ્+**ત્ય**
હ્રસ્વાન્નામ્નિ ૨.૩.૩૪થી સ્નો ષ્→**નિષ્**+ત્ય
ત્નો ટ્ વગેરે થતાં→**નિષ્ટ્યઃ**।

ऐषमो-ह्यस्-श्वसो वा ६.३.१९

अ.अ.सू. : ऐषमो-ह्यस्-श्वसः शेषे त्यच् वा।

અર્થ : ऐषमस्, ह्यस् અને श्वस् નામથી શેષ અર્થમાં त्यच्(त्य) પ્રત્યય વિકલ્પે થાય છે.

स. : ऐषमोऽह्यस्-श्वसः=ऐषमस् च ह्यस् च श्वस् चेति ऐषमो-ह्यस्-श्वस्, तस्मादिति।

ઉદા. (१) **ऐषमस्त्यम्/ऐषमस्तनम्**=વર્ષમાં થનાર. ऐषमो भव इति।
આ સૂત્રથી त्यच्→ऐषमस्+**त्य**
પ્રથમા સિ વગેરે→ऐषमस्त्यम्।
વિકલ્પે : જ્યારે त्यच् ન થાય ત્યારે,
सायं-चिरं०६.३.८८થી तनट्→ऐषमस्+**तन**
પ્રથમા સિ વગેરે→ऐषमस्तनम्।

(२) **ह्यस्त्यम्/ह्यस्तनम्**=ગઈકાલે થનાર. ह्यो भव इति।

(३) **श्वस्त्यम्/श्वस्तनम्**=આવતીકાલે થનાર. श्वो भव इति।

कन्थाया इकण् ६.३.२०

अ.अ.सू. : कन्थाया शेषे इकण्।

અર્થ : कन्था નામથી શેષ અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. **कान्थिकः**=ગામવિશેષમાં થનાર. कन्थायां भव इति।
આ સૂત્રથી इकण्→कन्था+**इक**
વૃદ્ધિ વગેરે થતાં→**कान्थिक**ः।

वर्णावकञ् ६.३.२१

अ.अ.सू. : वर्णौ कन्थायाः शेषे अकञ्।

अर्थ : વર્ણુદિશ અર્થમાં રહેલ કન્થા નામથી શેષ અર્થમાં અકञ्(अक) પ્રત્યય થાય છે.

ઉદા. **कान्थकः**=વર્ણુદિશમાં થનાર. कन्थायां भव इति।
આ સૂત્રથી અકञ્→कन्था+**इक**
વૃદ્ધિ વગેરે થતાં→**कान्थकः**।

વિશેષતા :

આ સૂત્રથી થતો અકञ् પ્રત્યય પૂર્વસૂત્રથી થતા इकण्ના અપવાદરૂપ જાણવો.

रुप्योत्तरपदा-ऽरण्याण्णः ६.३.२२

अ.अ.सू. : रुप्योत्तरपदा-ऽरण्यात् शेषे णः।

અર્થ : रुप्य ઉત્તરપદવાળા અને अरण्य નામથી શેષ અર્થમાં ण(अ) પ્રત્યય થાય છે.

स. : रुप्योत्तरपदाऽरण्यात्=रुप्य उत्तरपदं येषां ते इति रुप्योत्तरपदानि, रुप्योत्तरपदानि च अरण्यं चेति रुप्योत्तरपदाऽरण्यम्, तस्मादिति ।

ઉદા. (૧) **वार्करुप्यः**=वृकरुप्यમાં થનાર. वृकरुप्ये भव इति।
આ સૂત્રથી ण→वृकरुप्य+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**वार्करुप्यः**।

(૨) **आरण्याः सुमनसः**=જંગલમાં થયેલ ફળો. अरण्ये भव इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

જિ. : સૂત્રમાં रुप्य અન્તવાળા નામથી સૂત્રપ્રવૃત્તિ દર્શાવવા रुप्योत्तरपदનું ગ્રહણ કરેલ છે. જે માત્ર अन्त પદના ગ્રહણથી પણ સિદ્ધ થઈ શકે છે. તો પણ उत्तरपदનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : वस्तुतः प्रशस्तं रुपम् અર્થમાં रुपात् प्रशस्ता०७.२.५४थी य પ્રત્યય અને ईषदूनो रुप्य અર્થમાં नाम्नः प्राग्०७.३.१२थी बहुरुप्यम् પ્રયોગ થાય છે. તેવા પ્રયોગો પણ रुप्य અન્તવાળા હોવાથી ત્યાં પણ આ સૂત્રથી ण થવાની પ્રાપ્તિ છે. જેનો નિષેધ કરવા માટે આ સૂત્રમાં અન્તનું ગ્રહણ ન કરતાં उत्तरपदनुं ગ્રહણ કરેલ છે.

दिक्पूर्वादनाम्नः ६.३.२३

અ.અ.સૂ. : अनाम्नः दिक्पूर्वात् शेषे णः।

અર્થ : સંજ્ઞાનો વિષય ન હોય તેવા દિશાવાચી પૂર્વપદવાળા નામથી શેષ અર્થમાં ण(अ) પ્રત્યય થાય છે.

સ. : (૧) **दिक्पूर्वात्**=दिक् पूर्वा यस्य स इति दिक्पूर्वम्, तस्मादिति।
(૨) **अनाम्नः**=न नाम इति अनाम, तस्मादिति।

ઉદા. (૧) **पौर्वशालः**=પૂર્વદિશાની શાળામાં થયેલ. पूर्वस्यां शालायां भव इति।
આ સૂત્રથી ण→पूर्वशाला+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**पौर्व**शालः।

પ્ર.ઉદા. अनाम्न इति किम् ? पूर्वकार्ष्णमृत्तिकी=પૂર્વકૃષ્ણમૃતિકા નામના ગામમાં થનારી. पूर्वकृष्णमृत्तिकायां भवा इति।
भवे ६.३.१२३ अण्→पूर्वकृष्णमृत्तिका+**अ**
प्राग्ग्रामा०७.४.१७थी उत्तरપદના આદિ સ્વરની વૃદ્ધિ→ पूर्व**कार्ष्ण**मृत्तिका+अ
આનો લોપ વગેરે થતાં→पूर्वकार्ष्णमृत्ति**क**
ङी વગેરે થતાં→पूर्वकार्ष्णमृत्ति**की**।

★ આ સૂત્રમાં સંજ્ઞાના વિષયભૂત દિશાવાચી પૂર્વપદવાળા નામનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ण પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

આ સૂત્રથી થતો ણ પ્રત્યય ભવે ૬.૩.૧૨૩ સૂત્રાનુસારે થતાં અણ્‌ના અપવાદરૂપ જાણવો.

मद्रादञ् ૬.૩.૨૪

અ.અ.સૂ. : दिक्पूर्वात् मद्रात् शेषे अञ्।

અર્થ : દિશાવાચી પૂર્વપદવાળા મદ્ર નામથી શેષ અર્થમાં અઞ્(અ) પ્રત્યય થાય છે.

ઉદા. **पौर्वमद्री**=પૂર્વમદ્ર દેશમાં થનારી. पूर्वमद्रेषु भवा इति।

આ સૂત્રથી અઞ્→પૂર્વમદ્ર+**અ**

વૃદ્ધિ વગેરે થતાં→**पौर्वमद्री**।

વિશેષતા :

રાષ્ટ્રવાચી નામ પ્રાયઃ બહુવચનમાં જ વપરાય છે. તેથી આ સૂત્રમાં દર્શાવેલ મદ્ર રાષ્ટ્રવાચી નામને બહુવચન પ્રાપ્ત થતાં **बहुविषयेभ्यः** ૬.૩.૪૫થી અકઞ્‌ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી વૃજિ-મદ્રાદ્૦૬.૩.૩૭થી ક થવાનો હતો. પરંતુ મદ્ર અન્તવાળા નામથી તો તેનો પણ બાધ કરી અઞ્ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

યદ્યપિ વૃજિ-મદ્રાદ્૦૬.૩.૩૮ સૂત્રમાં કેવળ મદ્ર નામથી જ અકઞ્ પ્રત્યયની વિધિ દર્શાવી છે. અને જ્યારે આ સૂત્ર મદ્ર અન્તવાળા નામોને પ્રકૃતિ તરીકે ગ્રહણ કરે છે. તેથી બંને સૂત્ર ભિન્ન વિષયવાળા બને છે. પરંતુ **सुसर्वार्धदिक्शब्देभ्यो जनपदस्य** ૧/૨ ન્યાય દ્વારા સુ, સર્વ, અર્ધ અને દિક્ શબ્દ પૂર્વપદવાળા હોય તો પણ કેવળ શબ્દની જેમ કાર્ય થાય છે. માટે તે શબ્દથી પણ વૃજિ-મદ્રાદ્૦૬.૩.૩૮ સૂત્રથી ક પ્રત્યય થવાનો હતો. તેનો આ સૂત્ર દ્વારા બાધ કરાય છે.

उदग्ग्रामाद् यकृल्लोम्नः ६.३.२५

अ.अ.सू. : उदग्ग्रामात् यकृल्लोम्नः शेषे अञ्।

અર્થ : ઉત્તરગામવાચી यकृल्लोमन् નામથી શેષ અર્થમાં अञ्(अ) પ્રત્યય થાય છે.

स. : उद्ग्ग्रामात्=उदङ् चासौ ग्राम श्चेति उदग्ग्रामः, तस्मादिति।

ઉદા. याकृल्लोमः=यकृल्लोमन् નામના ઉત્તરગામમાં થયેલ. यकृल्लोमनि भव इति।

આ સૂત્રથી अञ्→यकृल्लोमन्+**अ**

વૃદ્ધિ, अन्નો લોપ વગેરે થતાં→**या**कृल्लोमः।

પ્ર.ઉદા. उदग्ग्रामादिति किम् ? याकृल्लोमनः=यकृल्लोमन् ગામમાં થયેલ. यकृल्लोमनि भव इति।

भवे ६.३.१२३थी अण्→यकृल्लोमन्+**अ**

વૃદ્ધિ વગેરે થતાં→**या**कृल्लोमनः।

(અહીં अणि ७.४.५२थी अन्त्य स्वरादिना लोपनो अभाव थयो छे.)

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉદગ્ ગ્રામવાચી નામથી થાય છે. જ્યારે અહીં उदग्ग्रामवाची नाम नथी. माटे आ सूत्रथी अञ् प्रत्यय थयो नहीं.

गौष्ठी-तैकी-नैकेती-गोमती-शूरसेन-वाहीक-रोमक-पटच्चरात् ६.३.२६

अ.अ.सू. : गौष्ठी-तैकी०० पटच्चरात् शेषे अञ्।

અર્થ : गौष्ठी, तैकी, नैकेती, गोमती, शूरसेन, वाहीक, रोमक अने पटच्चर नामथी शेष अर्थमां अञ्(अ) प्रत्यय थाय छे.

સ. : **गौष्ठी-तैकी-नैकेती-गोमती-शूरसेन-वाहीक-रोमक-पटच्चरात्** = गौष्ठी च तैकी च नैकेती च गोमती च शूरसेनश्च वाहीकश्च रोमकश्च पटच्चरश्चेति गौष्ठी-तैकी-नैकेती-गोमती-शूरसेन-वाहीक-रोमक-पटच्चरम्, तस्मादिति।

ઉદા. (૧) **गौष्ठः** = ગૌષ્ઠી ગામમાં થનાર. गौष्ठ्यां भव इति।
આ સૂત્રથી अञ् → **गौष्ठी+अ**
ઈનો લોપ વગેરે થતાં → **गौष्ठः**।

(૨) **तैकः** = તૈકી ગામમાં થયેલ. तैक्यां भव इति।

(૩) **नैकेतः** = નૈકેતી ગામમાં થયેલ. नैकेत्यां भव इति।

(૪) **गौमतः** = ગોમતી નદીમાં થયેલ. गोमत्यां भव इति।

(૫) **शौरसेनः** = શૂરસેન દેશમાં થયેલ. शौरसेनेषु भव इति।

(૬) **वाहीकः** = વાહીક દેશમાં થયેલ. वाहीकेषु भव इति।

(૭) **रौमकः** = રોમક ગામમાં થયેલ. रोमके भव इति।

(૮) **पाटच्चरः** = જીર્ણવસ્ત્રમાં થયેલ. पटच्चरे भव इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં દર્શાવેલ ગોષ્ઠી અને નૈકેતી નામ વાહીક ગ્રામવાચી હોવાથી वाहीकेषु ग्रामात् ૬.૩.૩૬થી णिक અને इकण्ની, तैकी નામથી क-खोपान्त्य०૬.૩.૫૯થી ईयनी, गोमती નામથી ईतोऽकञ् ૬.૩.૪૧થી अकञ्ની, शूरसेन નામથી बहुविषयेभ्यः ૬.૩.૪૫થી अकञ्ની, वाहीक અને रोमक નામને वृद्धिर्यस्य०૬.૧.૮થી દુ સંજ્ઞા થતાં दोरीयः ૬.૩.૩૨થી ईयनी તેમજ पटच्चर નામથી क-खोपान्त्य०૬.૩.૫૯થી ईयनी પ્રાપ્તિ હતી. તે બધાનો બાધ કરી अञ् કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો अञ् પ્રત્યય णिक આદિ પ્રત્યયના અપવાદરૂપ જાણવો.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો गौष्ठीના સ્થાને गोष्ठी, तैकीના સ્થાને तैकीं અને नैवीं શબ્દથી સૂત્રપ્રવૃત્તિ ઈચ્છે છે.

शकलादेर्यञः ६.३.२७

અ.અ.સૂ. : यञः शकलादेः शेषे अञ्।

અર્થ : यञ् પ્રત્યયાન્ત शकल વગેરે નામથી શેષ અર્થમાં अञ्(अ) પ્રત્યય થાય છે.

સ. : शकलादेः=शकल आदिर्यस्य स इति शकलादिः, तस्मादिति।

ઉદા. (૧) **शाकलाः**=शकल ऋषिના પૌત્રના છાત્રો. शाकल्यस्य छात्रा इति।
गर्गादेर्यञ् ६.१.४२થી થયેલ यञ् પ્રત્યયાન્ત નામથી,
આ સૂત્ર દ્વારા अञ्→शाकल्य+**अ**
अ, य्નો લોપ વગેરે થતાં→**शाकलाः**।

(૨) **काण्वाः**=कण्वऋषिના પૌત્રના છાત્રો. काण्व्यस्य छात्रा इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં દર્શાવેલ शकलादि ગણ गर्गादेर्यञ् ६.१.४२ સૂત્રમાં દર્શાવેલ शकल વગેરે શબ્દથી જાણવો. તે શબ્દો નીચે પ્રમાણે છે :

शकलादि ગણ : शकल, कण्व, वामरथ, गोकक्ष, कुण्डिनी, यज्ञवल्क, पर्णवल्क, अभयजात, विरोहित, वृषगण, रहोगण, शण्डिल, मुद्गर, मुद्गल, मुसर, मुसल, पराशर, जतूकर्ण, मन्द्रित, अश्मरथ, शर्कराक्ष, पूतिमाष, स्थूर, स्थूरा, अरराका, पिङ्ग, पिङ्गल, कृष्ण, गोलुन्द,

उलूक, तितिम्भ, भिष, भिषज, भिष्णज, भण्डित, भडित, दल्भ, चिकित, देवहू, इन्द्रहू, एकलू, पिष्पल्लु, पत्यलू, वृहलू, पप्फलू, बृहदग्नि, जमदग्नि, शुलामिन, कुटीगु, उक्थ, कुटल, चणक, चुलुक, कर्कट, अलापिन्, सुवर्ण, सुलाभिन्।

(२) यञ् प्रत्ययान्त शकल वगेरे नामोनो आदि स्वर वृद्धिवाळो होवाथी वृद्धिर्यस्य०६.१.८थी शाकल्य वगेरे नामो दु संज्ञक थवाना हता. तेथी दोरीयः ६.३.३२थी ईयनी प्राप्ति हती. तेनो बाध करवा आ सूत्रनो निर्देश छे.

वृद्धेञः ६.३.२८

अ.अ.सू. : वृद्धेञः शेषे अञ्।

अर्थ : वृद्धार्थक એवा इञ् प्रत्ययान्त नामथी शेष अर्थमां अञ्(अ) प्रत्यय थाय छे.

स. : वृद्धेञः = वृद्धे इञ् इति वृद्धेञ्, तस्मादिति।

उदा. दाक्षाः=दक्षऋषिना पौत्रना छात्रो. दाक्षेः छात्रा इति।

आ सूत्रथी अञ्→दाक्षि+**अ**

इनो लोप वगेरे थतां→**दाक्षाः**।

प्र.उदा. वृद्धेति किम् ? सौतङ्गमीयः=सुतंगमथी बनावेल नगरीमां थयेल. सौतङ्गम्यां भव इति।

दोरीयः ६.३.३२थी ईय→सौतङ्गमि+**ईय**

दीर्घ वगेरे थतां→सौतङ्ग**मीयः**।

★ आ सूत्रनी प्रवृत्ति वृद्धापत्यार्थक इञ् प्रत्ययान्त नामथी थाय छे. ज्यारे सौतङ्गमिमां सुतङ्गमादेः०६.२.८५थी निर्वृत्त अर्थमां इञ् थयेल छे. माटे आ सूत्रथी अञ् प्रत्यय थयो नहीं.

વિશેષતા :

પૂર્વસૂત્રની જેમ આ સૂત્રથી થતો अञ् પ્રત્યય પણ दोरीयः ૬.૩.૩૨થી થતા ईयના અપવાદરૂપ જાણવો.

न द्विस्वरात् प्राग्भरतात् ६.३.२९

અ.અ.સૂ. : प्राग्भरतात् वृद्धेञः द्विस्वरात् शेषे अञ् न।

અર્થ : પ્રાગ્ગોત્રાર્થક અને ભરત ગોત્રાર્થક એવા વૃદ્ધાપત્યાર્થમાં વિહિત इञ्(इ) પ્રત્યયાન્ત દ્વિસ્વરી નામથી શેષ અર્થમાં अञ्(अ) પ્રત્યય થતો નથી.

સ. : (૧) **द्विस्वरात्**=द्वौ स्वरौ यस्मिन् तदिति द्विस्वरम्, तस्मादिति।
(૨) **प्राग्भरतात्**=प्राङ् च भरतश्चेति प्राग्भरतम्, तस्मादिति।

ઉદા. (૧) **चैङ्कीयाः**=चिंकऋषिના પૌત્રના છાત્રો. चिङ्केः छात्रा इति। અહીં चिङ्कને बाह्वादिभ्यो०૬.૧.૩૨થી इञ् પ્રત્યય થયેલ હોવાથી, પૂર્વસૂત્રથી પ્રાપ્ત अञ्નો આ સૂત્રથી **નિષેધ.**
दोरीयः ૬.૩.૩૨થી ईय→चैङ्कि+**ईय**
દીર્ઘ વગેરે થતાં→चैङ्कीयाः।

(૨) **काशीयाः**=કાશઋષિના પૌત્રના છાત્રો. काशेः छात्रा इति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અહીં काश નામથી इञ्નું વિધાન इञ् ૬.૧.૩૧ સૂત્ર દ્વારા જાણવું.

પ્ર.ઉદા. द्विस्वरादिति किम् ? पान्नागाराः=પન્નાગારના પૌત્રના છાત્રો.
पान्नागारेः छात्रा इति।
वृद्धेञः ૬.૩.૨૮થી अञ्→पान्नागारि+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**पान्नागाराः**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ દ્વિસ્વરી નામથી થાય છે. જ્યારે અહીં દ્વિસ્વરી નામ નથી. માટે આ સૂત્રથી अञ्નો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં વૃદ્ધાપત્યાર્થક ઇઞ્ પ્રત્યયાન્ત નામથી પૂર્વસૂત્ર દ્વારા જ અઞ્ની પ્રાપ્તિ હતી. તેનો જ દ્વિસ્વરી નામથી પ્રતિષેધ કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) પૂર્વે જણાવ્યા મુજબ પ્રાગ્ શબ્દના ગ્રહણથી ભરતદેશવાચી નામોનું ગ્રહણ થઈ શકતું નથી. માટે અહીં ભરત શબ્દનું પૃથક્ ગ્રહણ કરેલ છે.

भवतोरिकणीयसौ ६.३.३०

અ.અ.સૂ. : भवतोः शेषे इकणीयसौ।

અર્થ : ભવતુ સર્વનામથી શેષ અર્થમાં ઇકણ્(ઇક) અને ઈયસ્(ઈય) પ્રત્યય થાય છે.

સ. : इकणीयसौ=इकण् च ईयस् चेति।

ઉદા. (૧) **भावत्कम्/भवदीयम्**=તમારું આ. भवतः इदमिति।
આ સૂત્રથી ઇકણ્→ भवत्+**इक**
ऋवर्णोवर्ण०૭.૪.૭૧થી ઇનો લોપ→ भवत्+क
વૃદ્ધિ વગેરે થતાં→ **भा**वत्क**म्**।
આ સૂત્રથી ઈયસ્→ भवत्+**ईय**
નામ સિદય્૦૧.૧.૨૧થી भवत्ને **પદસંજ્ઞા.**
धुटस्तृतीयः ૨.૧.૭૬થી त्નો द्→ भव**दीय**
પ્રથમા સિ વગેરે→ भवदीय**म्**।

વિશેષતા :

(૧) સૂત્રમાં દર્શાવેલ ઈયસ્ પ્રત્યયમાં સ્ ઈત્ भवत् સર્વનામને પદસંજ્ઞા કરવા માટે છે.

(૨) સૂત્રનિર્દિષ્ટ भवतु સર્વનામ ત્યદાદિ ગણ અંતર્ગત હોવાથી ત્યદાદિઃ ૬.૧.૭થી દુ સંજ્ઞાની પ્રાપ્તિ હતી. તેથી જો આ સૂત્રનો નિર્દેશ ન કર્યો હોત તો दोरीयः ૬.૩.૩૨ સૂત્રથી ईय પ્રત્યય થાત. માટે આ સૂત્રથી થતા इकण् અને ईयस् પ્રત્યય ईय ના અપવાદ રૂપ જાણવો.

(૩) સૂત્રમાં भवतु એ પ્રમાણે ઉકારાન્ત સહિત भवत्નો નિર્દેશ કરેલ છે. તેથી भू ધાતુથી शतृ પ્રત્યય લાગીને બનેલ भवत् કૃદન્તને વિશે આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. જેમકે, भवतः इदमिति भावतम् - અહીં भवे ૬.૩.૧૨૩ સૂત્રાનુસારે अण् પ્રત્યય થયેલ છે.

पर-जन-राज्ञोऽकीयः ૬.૩.૩૧

અ.અ.સૂ. : पर-जन-राज्ञः शेषे अकीयः।

અર્થ : પર, જન અને રાજન્ નામથી શેષ અર્થમાં અકીય પ્રત્યય થાય છે.

સ. : पर-जन-राज्ञः=परश्च जनश्च राजा चेति पर-जन-राज, तस्मादिति।

ઉદા. (૧) **परकीयः**=પારકાનો આ. परस्यायमिति।
આ સૂત્રથી અકીય→पर+**अकीय**
અ નો લોપ વગેરે થતાં→परकीयः।

(૨) **जनकीयः**=માણસોનો આ. जनानामयमिति।

(૩) **राजकीयः**=રાજાનો આ. राज्ञः अयमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં સૂત્રમાં દર્શાવેલ અકીય પ્રત્યયમાં અકાર जातिश्च णि०૩.૨.૫૧ સૂત્રથી પુંવદ્ભાવ કરવા માટે છે.

दोरीयः ६.३.३२

अ.अ.सू. : दोः शेषे ईयः।

अर्थ : दु संज्ञक नामथी शेष अर्थमां ईय प्रत्यय थाय छे.

ઉદા. (१) **देवदत्तीयः**=देवदत्तनो आ. देवदत्तस्याऽयमिति।
संज्ञा दुर्वा ६.१.६थी देवदत्तने **दु संज्ञा.**
आ सूत्रथी ईय→देवदत्त+**ईय**
वृद्धिर्यस्य०६.१.८थी देवदत्तने **दु संज्ञा** थवाथी,
अनो लोप वगेरे थतां→**देवदत्तीयः**।

(२) **तदीयः**=तेनुं आ. तस्याऽयमिति।
त्यदादिः ६.१.७थी तद्ने **दु संज्ञा.**
आ सूत्रथी ईय→तद्+**ईय**
प्रथमा सि वगेरे→**तदीयः**।

विशेषता :

(१) प्राग् जिताद०६.१.१३ सूत्रमां दर्शाव्यानुसारे जित पूर्वेना दरेक अर्थमां अण्नी प्राप्ति हती. तेनो बाध करी ईय करवा माटे आ सूत्रनो निर्देश छे. माटे आ सूत्रथी थतो ईय प्रत्यय अण्ना अपवाद रूप जाणवो.

उष्णादिभ्यः कालात् ६.३.३३

अ.अ.सू. : उष्णादिभ्यः कालात् शेषे ईयः।

अर्थ : उष्ण वगेरे पूर्वपदवाळा काल नामथी शेष अर्थमां ईय प्रत्यय थाय छे.

स. : उष्णादिभ्यः=उष्ण आदिर्येषां ते इति उष्णादयः, तेभ्य इति।

ઉદા. (૧) **उष्णकालीयम्**=ઉષ્ણ એવા કાળમાં થયેલું. उष्णकाले भवमिति।

આ સૂત્રથી ईय→उष्णकाल+**ईय**

અનો લોપ વગેરે થતાં→उष्णका**लीयम्**।

વિશેષતા :

સૂત્રમાં उष्णादिभ्यः એ પ્રમાણે બ.વ. પ્રયોગના અનુસરણ માટે છે.

व्यादिभ्यो णिकेकणौ ६.३.३४

અ.અ.સૂ. : व्यादिभ्यः कालात् शेषे णिकेकणौ।

અર્થ : વિ વગેરે પૂર્વપદવાળા કાલ નામથી શેષ અર્થમાં णिक(इक) અને इकण्(इक) પ્રત્યય થાય છે.

સ. : (૧) **व्यादिभ्यः**=विरादिर्येषां ते इति व्यादयः, तेभ्य इति।

(૨) **णिकेकणौ**=णिकश्च इकण् चेति।

ઉદા. (૧) **वैकालिका/वैकालिकी**=વિકાળમાં થયેલું. विकाले भवा इति।

આ સૂત્રથી णिक→विकाल+**इक**

વૃદ્ધિ વગેરે થતાં→**वैकालिका**।

★ આ સૂત્રથી इकण्→विकाल+**इक**

વૃદ્ધિ વગેરે થતાં→**वैकालिकी**।

(૨) **आनुकालिका/आनुकालिकी**=અનુકૂળ કાળમાં થયેલું. अनुकाले भवा इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં व्यादिभ्यः એ પ્રમાણે બ.વ. પ્રયોગના અનુસરણ માટે છે.

(૨) યદ્યપિ સૂત્રમાં દર્શાવેલ णिक અને इकण् પ્રત્યય સ્વરૂપ કાર્ય પુંલિંગમાં સમાન જ પ્રયોગ સિદ્ધ કરે છે. તેથી સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય અને ङी પ્રત્યય કરવા માટે બે પ્રત્યયનો નિર્દેશ છે. અહીં इकण् પ્રત્યય લાગતાં अणञ्नेयेकण्०૨.૪.૨૦થી ङी પ્રત્યય અને णिक પ્રત્યય લાગીને અકારાન્ત નામ થતાં आत् ૨.૪.૧૮થી आप् થાય છે.

काश्यादेः ૬.૩.૩૫

અ.અ.સૂ. : दोः काश्यादेः शेषे णिकेकणौ।

અર્થ : दु સંજ્ઞક काशी વગેરે નામથી શેષ અર્થમાં णिक(इक) અને इकण्(इक) પ્રત્યય થાય છે.

સ. : काश्यादेः=काशी आदिर्यस्य स इति काश्यादिः, तस्मादिति।

ઉદા. (૧) **काशिका/काशिकी**=કાશીમાં થયેલી. काश्यां भवा इति।
આ સૂત્રથી णिक→काशी+**इक**
ईનો લોપ વગેરે થતાં→काशिका।
★ આ સૂત્રથી इकण्→काशी+**इक**
ईનો લોપ વગેરે થતાં काशिकी।

(૨) **चैदिका/चैदिकी**=ચેદિ દેશમાં થયેલી. चेदिषु भवा इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **काश्यादि ગણ :** काशि, चेदि, देवदत्त, सांयाति, सांवाह, अच्युत, मोदमान, श्वकुलाल, शकुलाद, हस्तिकर्षू, कौनाम, हिरण्य, करण, हैहिरण्य, अरिंदम, सधमित्र, दाशमित्र, सिन्धुमित्र, दासमित्र, छागमित्र, दासग्राम, शौवावतान, गौवाशन, गौवासन, तारङ्गि, भारङ्गि, युवराज, उपराज, देवराज।

(૨) આ ગણમાં રહેલાં चेदिના સાહચર્યથી काशि નામ પણ જનપદ વિશેષ જ ગ્રહણ કરવો.

(૩) આ સૂત્રમાં દુ સંજ્ઞક નામોનું ગ્રહણ હોવા છતાં પણ काशि વગેરેમાં સમાવેશ થયેલ युवराज વગેરેને દુ સંજ્ઞા ન થાય તો પણ ગણપાઠના સામર્થ્યથી જ પ્રત્યય થાય છે.

(૪) અહીં પૂર્વના સૂત્રોમાં દુ સંજ્ઞાનો અધિકાર આવતો નથી. તેથી આ સૂત્રમાં दोरीयः ૬.૩.૩૨થી સીધો જ અધિકાર ગ્રહણ કરવામાં આવ્યો છે. તે **मण्डूकप्लुतिः ૧/૧૨** ન્યાયની પ્રવૃત્તિ હોય તેવું જણાય છે.

(૫) અહીં દર્શાવેલ काश्यादि નામ દુ સંજ્ઞક હોવાથી दोरीयः ૬.૩.૩૨થી ईयની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી णिक, इकण् કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો णिक અને इकण् પ્રત્યય ईयના અપવાદ રૂપ જાણવો.

જિ. : ઉપરોક્ત કથનાનુસારે ગણપાઠ નિર્દિષ્ટ તમામ નામોમાં આ સૂત્રની પ્રવૃત્તિ ઈષ્ટ છે. અને ગણપાઠના નિર્દેશથી જ તે પ્રયોગો સિદ્ધ થઈ જાય છે. તો दोरीयः ૬.૩.૩૨ સૂત્રથી દુ સંજ્ઞાના અધિકારનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : વસ્તુતઃ ઉપરોક્ત કથનમાં જે દુ સંજ્ઞક સિવાયના નામોમાં પણ ગણપાઠના સામર્થ્યથી સૂત્રપ્રવૃત્તિ દર્શાવી છે. તે સંપૂર્ણ દુ સંજ્ઞાના અભાવવાળા નામોમાં સમજવી. પણ એવા કોઈક નામો જેને અમુક વિષયમાં દુ સંજ્ઞા થતી હોય અને અમુક વિષયમાં નહીં, તેવા નામોમાં દુ સંજ્ઞાના નિમિત્તભૂત વિષયનું ગ્રહણ કરીને જ આ સૂત્રની પ્રવૃત્તિ કરવી, પણ અન્યત્ર નહીં. આમ, દુ સંજ્ઞાનો અધિકાર અહીં સંગત છે. જેમકે, ગણ અંતર્ગત देवदत्त નામ प्राग्देश અર્થમાં જ દુ સંજ્ઞક થાય છે. પણ वाहीकगाम અર્થમાં નહીં. તેથી वाहीक ગામ અર્થમાં વપરાતા देवदत्त નામથી આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. પણ, प्राग्देशे અર્થમાં રહેલા देवदत्त નામથી જ આ સૂત્રની પ્રવૃત્તિ થશે. જેમકે, देवदत्तिका/ देवदत्तिकी દેવદત્ત નામના પ્રાગ્દેશમાં ઉત્પન્ન થયેલી.

वाहीकेषु ग्रामात् ६.३.३६

अ.अ.सू. : वाहीकेषु दोः ग्रामात् शेषे णिकेकणौ।

अर्थ : वाहीक देशमांना दु संज्ञक गामवाची नामथी शेष अर्थमां णिक(इक) अने इकण्(इक) प्रत्यय थाय छे.

उदा. **कारन्तपिका/कारन्तपिकी** = गामविशेषमां थयेली. कारन्तपे भवा इति।

आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

(१) पूर्वनी जेम आ सूत्रथी थता णिक अने इकण् प्रत्यय पण ईयना अपवाद रूप जाणवा.

(२) वाहीक गामवाची एवा नपितवस्तु नाम उ वर्णान्त होवाथी पर एवा उवर्णादिकण् ६.३.३९थी इकण् प्रत्यय थईने नापितवास्तुकः प्रयोग ज थाय छे. पण आ सूत्रथी णिक प्रत्ययान्त प्रयोग थतो नथी.

(३) वातनुप्रस्थ, नान्दीपुर, कुक्कुटीवह, दासरुप्य जेवा वाहीक गामवाची नामथी पण आ सूत्रथी णिक अने इकण् न थतां पर एवा प्रस्थपुर०६.३.४३ सूत्रथी अकञ् प्रत्यय ज थाय छे. जेमके, वातानुप्रस्थकः, नान्दीपुरकः, कौक्कुटीवहकः, दासरुप्यका।

(४) सुसुक नाम क उपान्त्यवाळुं होवाथी क-खोपान्त्य०६.३.५९ सूत्रथी परतया ईय प्रत्यय ज थाय छे. जेमके, सौसुकीयः।

वोशीनरेषु ६.३.३७

अ.अ.सू. : उशीनरेषु दोः ग्रामात् शेषे णिकेकणौ वा।

अर्थ : उशीनर देशमांना दुसंज्ञक गामवाची नामथी शेष अर्थमां णिक(इक) अने इकण्(इक) प्रत्यय विकल्पे थाय छे.

ઉદા. **आह्वजालिका/आह्वजालिकी/आह्वजालीयः** = ઉશીનર એવા આહ્વજાલિ ગામમાં થયેલી. आह्वजालिषु भवा इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. અને વિકલ્પપક્ષે दोरीयः ६.૩.૩૨થી ईय કરવો.

वृजि-मद्राद् देशात् कः ६.३.३८

અ.અ.સૂ. : वृजि-मद्रात् देशात् शेषे कः।

અર્થ : વૃજિ અને મદ્ર દેશવાચી નામથી શેષ અર્થમાં क પ્રત્યય થાય છે.

સ. : वृजि-मद्रात्=वृजिश्च मद्रश्चेति वृजिमद्रम्, तस्मादिति।

ઉદા. (૧) **वृजिकः**=વૃજિ દેશમાં થયેલ વૃજિષુ भव इति।
આ સૂત્રથી क→वृजि+**क**
પ્રથમા सि વગેરે→वृजिकः।

(૨) **मद्रकः**=મદ્રદેશમાં થયેલ. मद्रेषु भव इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં दु સંજ્ઞાના અધિકારની નિવૃત્તિ થાય છે.

(૨) અહીં સૂત્રમાં દર્શાવેલ વૃજિ અને મદ્ર રાષ્ટ્રવાચી નામ હોવાથી राष्ट्रेभ्यः ૬.૩.૪૪ સૂત્રથી अकञ्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી क કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો क પ્રત્યય अकञ्ના અપવાદ રૂપ જાણવો.

उवर्णादिकण् ६.३.३९

अ.अ.सू. : उवर्णात् देशात् शेषे इकण्।

अर्थ : उ वर्णान्त देशवाची नामथी शेष अर्थमां इकण्(इक) प्रत्यय थाय छे.

ઉદા. **शाबरजम्बुकः** = शाબરજંબૂ દેશમાં થયેલ. शाबरजम्ब्वां भव इति।
આ સૂત્રથી इकण्→शाबरजम्बू+**इक**
ऋवर्णोवर्ण०७.४.७१थी इकण्ना इनो लोप→शाबरजम्बूक
ङ्यादीदूतः०२.४.१०४थी ऊनुं ह्रस्व→शाबरजम्**बु**क
प्रथमा सि वगेरे→शाबरजम्बुकः।

विशेषता :

આ સૂત્રથી થતો इकण् પ્રત્યય ઔત્સર્ગિક अण्ના અપવાદરૂપ જાણવો.

दोरेव प्राचः ६.३.४०

अ.अ.सू. : दोः एव प्राचः देशात् उवर्णात् शेषे इकण्।

अर्थ : दु संज्ञक જ પ્રાગ્દેશવાચી उवर्णान्त नामथी शेष अर्थमां इकण्(इक) प्रत्यय थाय छे.

ઉદા. **आषाढजाम्बुकः** = अषाढજંબુ नामना देशमां थयेल. अषाढजम्ब्वां भव इति।
આ ઉદા.ની साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

જિ. : આ સૂત્રમાં દર્શાવેલ उ वर्णान्त देशवाची नाम જ होवाथी तेने पूर्व सूत्रथी इकण् सिद्ध જ हतो. तो पण आ सूत्रनो निर्देश शा माटे कर्यो ?

સમા. : આ સૂત્રનો નિર્દેશ કરવા દ્વારા અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः ૧/૨૫** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, ઉવર્ણાન્ત પ્રાચ્યદેશવાચી દુ સંજ્ઞક નામથી જ ઇકણ્ પ્રત્યય થશે. પણ દુ સંજ્ઞક રહિત નામથી પૂર્વસૂત્ર દ્વારા પણ ઇકણ્ થશે નહીં. જેમકે, **मल्लवाः** तु प्राग्ग्राम इति **माल्लवाः** અહીં અણ્ થયેલ છે.

આ ઈષ્ટ નિયમને ગ્રહણ કરવા માટે સૂત્રમાં દોરેવ એ પ્રમાણે અવધારણાર્થક એવ પદનું ગ્રહણ કરેલ છે. તેથી દુ સંજ્ઞક પ્રાચ્યદેશવાચી જ નામથી ઇકણ્ પ્રત્યય થાય છે. પણ અન્ય દુ સંજ્ઞક દેશવાચી નામથી નહીં. આવો વિપરીત નિયમ ગ્રહણ થશે નહીં.

ईतोऽकञ् ૬.૩.૪૧

અ.અ.સૂ. : दोः प्राचः देशात् ईतः शेषे अकञ्।

અર્થ : પ્રાગ્દેશવાચી દુ સંજ્ઞક ઈકારાન્ત નામથી શેષ અર્થમાં અકઞ્(અક) પ્રત્યય થાય છે.

ઉદા. काकन्दकः = કાકંદીમાં થયેલ. काकन्द्यां भव इति।

આ સૂત્રથી અકઞ્ → काकन्दी+**अक**
સૂત્ર	પ્રકૃતિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
६.३.२ થી ६.३.९२	नदी વગેરે	—	एयण् વગેરે	नादेयः
पथोऽकः६.३.९६	पथिन्	—	अक	पथकः
कोऽश्मा०६.३.९७	अश्मन् વગેરે	—	क	अश्मकः

जाते ६.३.९८

अ.अ.सू. : तत्र जाते।

અર્થ : સપ્તમ્યન્ત નામથી જાત અર્થમાં યથાવિહિત एयण्(एय) વગેરે પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **माथुरः**=મથુરામાં થયેલ. મથુરાયાં जात इति।

(૨) **औत्सः**=ઉત્સમાં થયેલ. उत्से जात इति।

(૩) **बाह्यः**=બહાર થયેલ. बहिः जात इति।

(૪) **नादेयः**=નદીમાં થયેલ. नद्यां जात इति।

(૫) **राष्ट्रियः**=રાષ્ટ્રમાં થયેલ. राष्ट्रे जात इति

આ ઉદા.ની સાધનિકા પૂર્વે ૬.૩.૯૪માં દર્શાવ્યા પ્રમાણે જાણવી.

प्रावृष इकः ६.३.९९

અ.અ.સૂ. : तत्र प्रावृषः जाते इकः।

અર્થ : સપ્તમ્યન્ત प्रावृष् નામથી જાત અર્થમાં इक પ્રત્યય થાય છે.

ઉદા. **प्रावृषिकः**=વર્ષાઋતુમાં થયેલ. प्रावृषि जात इति।

આ સૂત્રથી इक→प्रावृष्+**इक**

પ્રથમા સિ વગેરે→प्रावृषिकः।

વિશેષતા :

અહીં प्रावृष् નામથી प्रावृष एण्यः ૬.૩.૯૨થી एण्यની પ્રાપ્તિ હતી. તેનો જાત અર્થમાં બાધ કરી આ સૂત્રથી इक કરેલ છે. માટે આ સૂત્રથી થતો इक પ્રત્યય एण्यના અપવાદ રૂપ જાણવો.

नाम्नि शरदोऽकञ् ६.३.१००

અ.અ.સૂ. : तत्र शरदः जाते अकञ्, नाम्नि।

અર્થ : સપ્તમ્યન્ત शरद् નામથી જાત અર્થમાં अकञ्(अक) પ્રત્યય થાય છે. જો સંજ્ઞાનો વિષય હોય તો.

ઉદા. **शारदका दर्भाः**=ઘાસ વિશેષ. शरदि जाता इति।

આ સૂત્રથી अकञ्→शरद्+**अक**

વૃદ્ધિ વગેરે થતાં→**शा**रदकाः।

પ્ર.ઉદા. नाम्नीति किम् ? शारदं सस्यम्=શરદઋતુમાં થયેલું અનાજ.
शरदि जात इति ।
जाते ૬.૩.૯૮થી પ્રાપ્ત જાત અર્થમાં,
प्राग् जिताद०૬.૧.૧૩થી अण्→शरद्+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**शा**रदः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંજ્ઞાના વિષયમાં થાય છે. જ્યારે અહીં સંજ્ઞાનો વિષય નથી. માટે આ સૂત્રથી અકઞ્ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

આ સૂત્રથી થતો અકઞ્ પ્રત્યય भर्तुसन्ध्यादे०૬.૩.૮૯થી થતા अण्ના અપવાદ રૂપ જાણવો.

सिन्ध्वपकरात् का-ऽणौ ૬.૩.૧૦૧

અ.અ.સૂ. : तत्र सिन्ध्वपकरात् जाते का-ऽणौ, नाम्नि।

અર્થ : સપ્તમ્યન્ત સિન્ધુ અને અપકર નામથી જાત અર્થમાં સંજ્ઞાનો વિષય હોતે છતે ક અને अण्(अ) પ્રત્યય થાય છે.

સ. : (૧) **सिन्ध्वपकरात्**=सिन्धुश्च अपकरश्चेति सिन्ध्वपकरम्, तस्मादिति।
(૨) **का-ऽणौ**=कश्च अण् चेति।

ઉદા. (૧) **सिन्धुकः/सैन्धवः**=ઘોડો/મીઠું. सिन्धौ जात इति।
આ સૂત્રથી क/अण्→सिन्धु+**क/अ**
યથાસંભવ વૃદ્ધિ વગેરે થતાં→सिन्धु**कः/सैन्धवः**।

(૨) **अपकरकः/आपकरः**=ઉકરડામાં ઉત્પન્ન થતો જંતુવિશેષ.
अपकरे जात इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં દર્શાવેલ સિન્ધુ નામનો कच्छादि ગણમાં સમાવેશ થતો હોવાથી कच्छादेर्नृ०૬.૩.૫૫ અને कोपान्त्या०૬.૩.૫૬થી અનુક્રમે

अकञ् અને अण्ની પ્રાપ્તિ હતી. તેમજ, अपकर નામથી ઔત્સર્ગિક अण्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી આ સૂત્રથી क અને अण् પ્રત્યય થાય છે. માટે આ સૂત્રથી થતા क અને अण् પ્રત્યય अकञ्, अण् અને ઔત્સર્ગિક अण्ના અપવાદ રૂપ જાણવો.

(૨) સૂત્રમાં દર્શાવેલ સ્થાની દર્શક પદ सिन्ध्वपकरात् અને કાર્યદર્શક પદ का-ऽणौની સંખ્યા સમાન હોવા છતાં પણ વચનભેદ હોવાથી **यथासङ्ख्य० १/१०** ન્યાયની પ્રવૃત્તિ ન થતાં તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થતી નથી.

अन्य मत :

કેટલાંક વ્યાકરણકારો नाम्नि અધિકારને ઈચ્છતાં નથી.

पूर्वाह्णा-ऽपराह्णा-ऽऽर्द्रा-मूल-प्रदोषा-ऽवस्करादकः ६.३.१०२

अ.अ.सू. : पूर्वाह्णा-ऽपराह्णा-ऽऽर्द्रा-मूल-प्रदोषा-ऽवस्करात् जाते नाम्नि अकः।

अर्थ : પૂર્વાહ્ણ, અપરાહ્ણ, આર્દ્રા, મૂલ, પ્રદોષ અને અવસ્કર નામથી જાત અર્થમાં સંજ્ઞાનો વિષય હોતે છતે अकञ्(अक) પ્રત્યય થાય છે.

स. : पूर्वाह्णा-ऽपराह्ण-ऽऽर्द्रा-मूल-प्रदोषा-ऽवस्करात् = पूर्वाह्णश्च अपराह्णश्च आर्द्रा च मूलश्च प्रदोषश्च अवस्करश्चेति पूर्वाह्णा-ऽपराह्णा-ऽऽर्द्रा-मूल-प्रदोषा-ऽवस्करम्, तस्मादिति।

ઉદા. (૧) **पूर्वाह्णकः** = પૂર્વાહ્ણમાં થયેલ વસ્તુવિશેષ.
पूर्वाह्णे जात इति।
આ સૂત્રથી अक → पूर्वाह्ण+**अक**
अનો લોપ વગેરે થતાં → पूर्वाह्णकः।

(૨) **अपराह्णकः**=અપરાહ્ણમાં થયેલ વસ્તુ વિશેષ.
अपराह्णे जात इति।

(૩) **आर्द्रकः**=આર્દ્રા નક્ષત્રમાં થયેલ વસ્તુ વિશેષ.
आर्द्रायां जात इति।

(૪) **मूलकः**=ઝેર વિશેષ. मूले जात इति।

(૫) **प्रदोषकः**=સવારે થયેલ વસ્તુવિશેષ. प्रदोषे जात इति।

(૬) **अवस्करकः**=સાવરણી. अवस्करे जात इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં દર્શાવેલ પૂર્વાહ્ણ અને અપરાહ્ણ નામથી પૂર્વાહ્ણ-ऽपरा०૬.૩.૮૭થી तनट् અને वर्षा-कालेभ्यः ૬.૩.૮૦થી इकण्ની, આર્દ્રા, મૂલ અને પ્રદોષ નામથી भर्तुसन्ध्यादे०૬.૩.૮૯થી अण्ની અને वर्षाकालेभ्यः ૬.૩.૮૦થી इकण्ની, તેમજ, अवस्कर નામથી ઔત્સર્ગિક अण्ની પ્રાપ્તિ હતી. તે સર્વેનો બાધ કરી આ સૂત્રથી अक પ્રત્યય કરેલ છે. માટે આ સૂત્રથી થતો अक પ્રત્યય इकण् વગેરેના અપવાદરૂપ જાણવો.

જિ. : અહીં સૂત્રમાં अकના સ્થાને क પ્રત્યયનું વિધાન કર્યું હોત તો પણ पूर्वाह्णकः વગેરે પ્રયોગ સિદ્ધ જ હતા. તો પણ अकનું ગ્રહણ કરીને अवर्णेवर्ण०૭.૪.૬૮થી અનો લોપ કરવા રૂપ ગૌરવ શા માટે કર્યું ?

સમા. : વસ્તુતઃ क પ્રત્યય થતાં સ્ત્રીલિંગમાં आપ્ના કારણે इच्चाऽपुंसो०૨.૪.૧૦૭ સૂત્રથી પૂર્વાહ્ણાકા, પૂર્વાહ્ણિકા અને પૂર્વાહ્ણકા એમ ત્રણ રૂપની પ્રાપ્તિ થાત. જ્યારે અહીં માત્ર પૂર્વાહ્ણિક રૂપ જ ઈષ્ટ છે. તેની માટે જ कનું વિધાન ન કરતા अकનું વિધાન કર્યું છે.

पथः पन्थ च ६.३.१०३

अ.अ.सू. : तत्र पथः जाते अकः, नाम्नि, पन्थ च।

अर्थ : सप्तम्यन्त पथिन् नामथी जात अर्थमां अक प्रत्यय थाय छे. जो संज्ञानो विषय जणातो होय तो. अने तेना योगमां पथिन्नो पन्थ् आदेश थाय छे.

उदा. **पन्थकः**=मार्गमां थनार वस्तुविशेष. पथि जात इति।

आ सूत्रथी अक→पथिन्+**अक**

अने पन्थ् आदेश→**पन्थ्**+अक

प्रथमा सि वगेरे→पन्थकः।

विशेषता :

आ सूत्रथी थतो अक प्रत्यय औत्सर्गिक अण्ना अपवाद रूप जाणवो.

अश्व वाऽमावास्यायाः ६.३.१०४

अ.अ.सू. : तत्र अमावास्यायाः जाते नाम्नि अः च(अकः) वा।

अर्थ : सप्तम्यन्त अमावास्या नामथी जात अर्थमां संज्ञानो विषय जणाते छते अ अने अक प्रत्यय विकल्पे थाय छे.

उदा. **अमावास्यः/अमावास्यकः/आमावास्यः**=अमासे थयेल वस्तुविशेष. अमावास्यायां जात इति।

आ सूत्रथी अ/अक→अमावास्या+**अ/अक**

प्रथमा सि वगेरे→अमावास्यः/अमावास्यकः।

अहीं **एकदेशविकृत०१/७** न्यायानुसारे अमावास्याथी पण आ सूत्रनी प्रवृत्ति थतां आमावास्यः प्रयोग पण थाय छे.

વિશેષતા :

(૧) યદ્યપિ આ સૂત્રમાં અમાવાસ્યા શબ્દથી અક અને અ પ્રત્યયનું વિધાન કર્યું છે. પરંતુ અહીં **एकदेशविकृत०१/७** ન્યાયાનુસારે અમાવાસ્યાના એકદેશ વિકૃત અમાવસ્યા નામથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. જેમકે, अमावस्यः, अमावस्यकः, आमावस्यः।

(૨) યદ્યપિ સૂત્રમાં અ પ્રત્યયનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો અકનો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે પ્રત્યયતયા અને સજાતીય પ્રત્યય એવા અકનું પૂર્વસૂત્રથી ગ્રહણ થાય છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે તે અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

(૩) અહીં ગ્રહણ કરેલ અમાવાસ્યા નામનો सन्ध्यादि ગણમાં સમાવેશ હોવાથી भर्तुसन्ध्यादे०૬.૩.૮૯થી अण्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી આ સૂત્ર દ્વારા અ વગેરેની પ્રાપ્તિ થાય છે. માટે આ સૂત્રથી થતો અ વગેરે પ્રત્યય નિત્ય अण्ના અપવાદ રૂપ જાણવો.

જો કે, આ સૂત્રની પ્રવૃત્તિ વિકલ્પે થતી હોવાથી अण् પ્રત્યયાન્ત પ્રયોગ તો થાય જ છે.

श्रविष्ठा-ऽषाढादीयण् च ૬.૩.૧૦૫

અ.અ.સૂ. : तत्र श्रविष्ठा-ऽषाढात् जाते नाम्नि ईयण् च(अः)।

અર્થ : સપ્તમ્યન્ત શ્રવિષ્ઠ અને અષાઢ નામથી જાત અર્થમાં સંજ્ઞાનો વિષય જણાતે છતે ईयण्(ईय) અને અ પ્રત્યય થાય છે.

સ. : श्रविष्ठा-ऽषाढात्= श्रविष्ठा च अषाढा चेति श्रविष्ठा-ऽषाढम्, तस्मादिति।

ઉદા. (૧) **श्राविष्ठीयः/श्रविष्ठः** = શ્રવણ નક્ષત્રમાં થયેલ વસ્તુવિશેષ.
श्रविष्ठासु जात इति।
આ સૂત્રથી ईयण्→ श्रविष्ठा+**ईय**
વૃદ્ધિ વગેરે થતાં→ **श्राविष्ठीयः**।
જ્યારે अ થાય ત્યારે, श्रविष्ठः।

(૨) **आषाढीयः/अषाढः** = અષાઢ નક્ષત્રમાં થયેલ વસ્તુ વિશેષ.
अषाढासु जात इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં દર્શાવેલ શ્રવિષ્ઠા અને અષાઢા નક્ષત્રવાચી નામ હોવાથી भर्तुसन्ध्यादे०६.३.८९થી अण्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી ईयण् વગેરે કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો ईयण् વગેરે પ્રત્યય अण्ના અપવાદ રૂપ જાણવો.

(૨) યદ્યપિ આ સૂત્રમાં ईयण्નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો અનો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्पर०२/६१** ન્યાયાનુસારે પ્રત્યયતયા ईयण्ને સજાતીય પ્રત્યય अनું પૂર્વસૂત્રથી ગ્રહણ કરાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો चित्रा વગેરે નામથી જાત અર્થમાં થયેલા પ્રત્યયનો પુંલિંગમાં પણ વિકલ્પે લોપ ઈચ્છે છે. તેથી તેઓના મતે चित्रः, रेवतः જેવા પ્રયોગો પણ થાય છે.

फल्गुन्याष्टः ६.३.१०६

અ.અ.સૂ. : तत्र फल्गुन्याः जाते नाम्नि टः।

અર્થ : સપ્તમ્યન્ત फल्गुनी નામથી જાત અર્થમાં સંજ્ઞાનો વિષય હોતે છતે ट(अ) પ્રત્યય થાય છે.

ઉદા. **फल्गुनः**=બે ફલ્ગુની નક્ષત્રમાં થયેલ વસ્તુવિશેષ.
फल्गुनयोर्जात इति।
આ સૂત્રથી ટ→फल्गुनी+**अ**
પ્રથમા સિ વગેરે→फल्गुनः।

વિશેષતા :

પૂર્વની જેમ આ સૂત્રથી થતો ટ પ્રત્યય પણ भर्तुसन्ध्या०६.३.८९थી થતાં अण्ના અપવાદ રૂપ જાણવો.

बहुला-ऽनुराधा-पुष्यार्थ-पुनर्वसु-हस्त-विशाखा-स्वातेर्लुप् ६.३.१०७

अ.अ.सू. : तत्र बहुला-ऽनुराधा-पुष्यार्थ-पुनर्वसु-हस्त-विशाखा-स्वातेः जाते नाम्नि लुप्।

અર્થ : સપ્તમ્યન્ત બહુલા, અનુરાધા, પુષ્ય અર્થવાળા, પુનર્વસુ, હસ્ત, વિશાખા અને સ્વાતિ નક્ષત્રવાચી નામથી થતા અણ્(अ) પ્રત્યયનો જાત અર્થમાં સંજ્ઞાનો વિષય જણાતે છતે લોપ થાય છે.

स. : बहुला-ऽनुराधा-पुष्यार्थ-पुनर्वसु-हस्त-विशाखा-स्वातेः=
बहुला च अनुराधा च पुष्यार्थश्च पुनर्वसुश्च हस्तश्च विशाखा च स्वातिश्चेति बहुला-ऽनुराधा-पुष्यार्थ-पुनर्वसु-हस्त-विशाखा-स्वाति, तस्मादिति।

ઉદા. (૧) **बहुलः**=બહુલા નક્ષત્રમાં થયેલ બાળક વિશેષ.
बहुलासु जात इति।
भर्तुसन्ध्यादे०६.३.८९थी अण्→बहुला+**अ**
આ સૂત્રથી अण्નો લોપ→बहुला
द्व्यादेर्गौणस्य०२.४.९५થી आप्નો નિષેધ→बहुल
પ્રથમા સિ વગેરે→बहुलः।

(૨) **अनुराधः**=અનુરાધા નક્ષત્રમાં થયેલ બાળક વિશેષ. अनुराधासु जात इति।

(૩) **पुष्यः**=પુષ્ય નક્ષત્રમાં થયેલ બાળક વિશેષ. पुष्ये जात इति।

(૪) **पुनर्वसु**=પુનર્વસુ નક્ષત્રમાં થયેલ બાળક વિશેષ. पुनर्वसौ जात इति।

(૫) **हस्तः**=હસ્ત નક્ષત્રમાં થયેલ બાળક વિશેષ. हस्ते जात इति।

(૬) **विशाखः**=વિશાખા નક્ષત્રમાં થયેલ બાળક વિશેષ. विशाखायां जात इति।

(૭) **स्वातिः शिशुः**=સ્વાતિ નક્ષત્રમાં થયેલ બાળક વિશેષ. स्वातौ जात इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

चित्रा-रेवती-रोहिण्याः स्त्रियाम् ६.३.१०८

અ.અ.સૂ. : तत्र चित्रा-रेवती-रोहिण्याः जाते स्त्रियां नाम्नि लुप्।

અર્થ : સપ્તમ્યન્ત ચિત્રા, રેવતી અને રોહિણી નામથી જાત અર્થમાં સ્ત્રીલિંગનો વિષય અને સંજ્ઞાનો વિષય હોતે છતે નક્ષત્રવાચી નામથી થયેલ અણ્(અ)નો લોપ થાય છે.

સ. : चित्रा-रेवती-रोहिण्याः=चित्रा च रेवती च रोहिणी चेति चित्रा-रेवती-रोहिणी, तस्या इति।

ઉદા. (૧) **चित्रा स्त्री**=ચિત્રા નક્ષત્રમાં થયેલી સ્ત્રી. चित्रासु जाता इति।

(૨) **रेवती**=રેવતી નક્ષત્રમાં થયેલી સ્ત્રી. रेवत्यां जाता इति।

(૩) **रोहिणी**=રોહિણી નક્ષત્રમાં થયેલી સ્ત્રી. रोहिण्यां जाता इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો चित्रा વગેરે નામથી જાત અર્થમાં થયેલા પ્રત્યયનો પુંલિંગમાં પણ વિકલ્પે લોપ ઈચ્છે છે. તેથી તેઓના મતે चित्रः, रेवतः જેવા પ્રયોગો પણ થાય છે.

बहुलमन्येभ्यः ६.३.१०९

અ.અ.સૂ. : तत्र अन्येभ्यः जाते लुप्, बहुलम्।

અર્થ : સપ્તમ્યન્ત શ્રવિષ્ઠા વગેરેથી અન્ય નામથી જાત અર્થમાં સંજ્ઞાનો વિષય હોતે છતે નક્ષત્રવાચી નામથી થયેલ अण्(अ)નો લોપ બહુલતાએ થાય છે.

ઉદા. (૧) **अभिजित्/आभिजितः**=अभिजित् નક્ષત્રમાં થયેલ વસ્તુવિશેષ. अभिजिति जात इति।
भर्तुसन्ध्यादे०६.३.८९થી अण्→अभिजित्+**अ**
આ સૂત્રથી अण्નો લોપ→अभिजित्।
વિકલ્પે : જ્યારે अण्નો લોપ ન થાય ત્યારે, अभिजित्+अ વૃદ્ધિ વગેરે થતાં→**आ**भिजितः।

(૨) **अश्वयुक्/आश्वयुजः**=अश्वयुक् નક્ષત્રમાં થયેલ વસ્તુ વિશેષ. अश्वयुजि जात इति।

(૩) **क्वचिन्नित्यम्→अश्विनः**=अश्विनी નક્ષત્રમાં થયેલ વસ્તુ વિશેષ. अश्विनीषु जात इति।

(૪) **क्वचित् न स्यात्→माघः**=माघ નક્ષત્રમાં થયેલ વસ્તુ વિશેષ. मघासु जात इति।

स्थानान्त-गोशाल-खरशालात् ६.३.११०

अ.अ.सू. : तत्र स्थानान्त-गोशाल-खरशालात् जाते नाम्नि लुप्।

अर्थ : सप्तम्यन्त स्थान अन्तवाळा, गोशाल अने खरशाल नामथी संज्ञानो विषय जणाते छते जात अर्थमां थयेल प्रत्ययनो लोप थाय छे.

स. : स्थानान्त-गोशाल-खरशालात्=स्थानशब्दोऽन्ते यस्य स इति स्थानान्तः स्थानान्तश्च गोशालश्च खरशालश्चेति स्थानान्त-गोशाल-खरशालम्, तस्मादिति।

उदा. (१) **गोस्थानः**=बाळक विशेष. गोस्थाने जात इति।
जाते ६.३.९८थी थयेल अण्नो आ सूत्रथी लोप→गोस्थान
प्रथमा सि वगेरे→गोस्थानः।

(२) **गोशालः**=बाळक विशेष. गोशालायां जात इति।

(३) **खरशालः**=बाळक विशेष. खरशालायां जात इति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

आ सूत्रमां स्थान वगेरे नामनुं ग्रहण होवाथी **नामग्रहणे लिङ्ग० १/१६** न्यायानुसारे स्त्रीलिंगि एवा स्थानी वगेरेथी पण सूत्रप्रवृत्ति थाय छे. जेमके, गोस्थान्यां जात इति गोस्थानः।

वत्सशालाद्वा ६.३.१११

अ.अ.सू. : तत्र वत्सशालात् जाते नाम्नि लुप् वा।

अर्थ : सप्तम्यन्त वत्सशाल नामथी संज्ञानो विषय जणाते छते जात अर्थमां थयेल प्रत्ययनो लोप विकल्पे थाय छे.

ઉદા. **वत्सशालः/वात्सशालः** = બાળક વિશેષ. वत्सशाले जात इति।
जाते ६.३.९८થી પ્રાપ્ત अण्નો આ સૂત્રથી લોપ → वत्सशाला
પ્રથમા સિ વગેરે થતાં → वत्सशालः।
વિકલ્પે : જ્યારે अण्નો લોપ ન થાય ત્યારે, वत्सशाल+**अ**
વૃદ્ધિ વગેરે થતાં → **वा**त्सशालः।

सोदर्य-समानोदर्यौ ६.३.११२

અ.અ.સૂ. : सोदर्य-समानोदर्यौ।

અર્થ : સોદર્ય અને સમાનોદર્ય પ્રયોગ જાત અર્થમાં य પ્રત્યયાન્ત નિપાતન પામે છે.

સ. : सोदर्य-समानोदर्यौ = सोदर्यश्च समानोदर्यश्चेति।

ઉદા. **सोदर्यः/समानोदर्यो भ्राता** = ભાઈ. समानोदरे जात इति।
આ સૂત્રથી य → समानोदर+**य**
નિપાતન સામર્થ્યથી समानનો **વિકલ્પે स**
અનો લોપ વગેરે → **सोदर्यः**/समानोदर्यः।

જાત અર્થક પ્રત્યયને દર્શાવતું કોષ્ટક

સૂત્ર	પ્રકૃતિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
जातेः६.३.९८	नदी વગેરે	–	एयण् આદિ	माथुरः
प्रावृष०६.३.९९	प्रावृष्	–	इक	प्रावृषिकः
नाम्नि०६.३.१००	शरद्	संज्ञानो विषय	अकञ्	शारदकाः
सिन्ध्वप०६.३.१०१	सिन्धु, अपकर	”	क, अण्	सिन्धुकः

पूर्वाह्णा०६.३.१०२	पूर्वाह्ण, अपराह्ण, आर्द्रा, मूल, प्रदोष, अवस्कर	"	अक	पूर्वाह्णकः
पथः पन्थ्०६.३.१०३	पथिन्	"	अक	पन्थकः
अश्व वा०६.३.१०४	अमावास्या	"	अ/अक	अमावास्यः
श्रविष्ठा-ऽषा०६.३.१०५	श्रविष्ठ, अषाढ	"	ईयण्/अ	श्राविष्ठीयः
फल्गुन्या०६.३.१०६	फल्गुनी	"	ट	फल्गुनः
सोदर्य०६.३.११२	समानोदर	निपातन	य	सोदर्यः

कालाद् देये ऋणे ६.३.११३

अ.अ.सू. : कालात् तत्र देये ऋणे।

अर्थ : કાલવાચી સપ્તમ્યન્ત નામથી દેય સ્વરૂપ ઋણ અર્થમાં યથાવિહિત પ્રત્યય થાય છે.

ઉદા. **मासिकमृणम्**=મહિનામાં આપવા યોગ્ય ઋણ. मासे देयमृणमिति।
આ સૂત્રથી પ્રાપ્ત દેય રૂપ ઋણ અર્થમાં,
वर्षा-कालेभ्यः ६.३.८०થી इकण्→मास+**इक**
વૃદ્ધિ વગેરે થતાં→मासिक**म्**।

વિશેષતા :

આ સૂત્રમાં નામ્નિનો અધિકાર ન આવતો હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ અસંજ્ઞાના વિષયમાં પણ થશે.

कलाप्यश्वत्थ-यवबुसोमाव्यासैषमसोऽकः ६.३.११४

अ.अ.सू. : तत्र कालात् कलाप्यश्वत्थ-यवबुसोमाव्यासैषमसः देये ऋणे अकः।

અર્થ : सप्तम्यन्त કાળવાચી कलापिन्, अश्वत्थ, यवबुस, उमाव्यास અને ऐषमस् નામથી દેયસ્વરૂપ ઋણ અર્થમાં अक પ્રત્યય થાય છે.

સ. : कलाप्यश्वत्थ-यवबुसोमाव्यासैषमसः = कलापी च अश्वत्थश्च यवबुसश्च उमाव्यासश्च ऐषमस् चेति कलाप्यश्वत्थ-यवबुसोमाव्यासैषमस्, तस्मादिति।

ઉદા. (૧) **कलापकम्** = કલાપી માસમાં આપવા યોગ્ય ઋણ. कलापिनि देयमृणमिति।
આ સૂત્રથી अक → कलापिन्+**अक**
इन्નો લોપ, પ્રથમા સિ વગેરે → कला**पकम्**।

(૨) **अश्वत्थकम्** = અશ્વત્થ માસમાં આપવા યોગ્ય ઋણ. अश्वत्थे देयमृणमिति।

(૩) **यवबुसकम्** = યવબુસ માસમાં આપવા યોગ્ય ઋણ. यवबुसे देयमृणमिति।

(૪) **उमाव्यासकम्** = ઉમાવ્યાસ માસમાં આપવા યોગ્ય ઋણ. उमाव्यासे देयमृणमिति।

(૫) **ऐषमकम्** = આ વર્ષે આપવા યોગ્ય ઋણ. ऐषमो देयमृणमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

આ સૂત્રમાં कलापिन् વગેરે નામ કાળવાચી હોવાથી कालाद् देये०६.३.११३થી પ્રાપ્ત દેય રૂપ ઋણ અર્થમાં वर्षा-कालेभ्यः ६.३.८०થી इकण्ની તેમજ, ऐषमस् નામથી ऐषमो-ह्यस्०६.३.१९ દ્વારા त्यच्ની તથા सायं-चिरं०६.३.८८થી तनट्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી अक કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો अक પ્રત્યય इकण् વગેરેના અપવાદરૂપ જાણવો.

ग्रीष्मा-ऽवरसमादकञ् ६.३.११५

अ.अ.सू. : तत्र कालात् ग्रीष्म-ऽवरसमात् देये ऋणे अकञ्।

अर्थ : सप्तम्यन्त कालवाची ग्रीष्म अने अवरसम नामथी देय स्वरूप ऋण अर्थमां अकञ्(अक) प्रत्यय थाय छे.

स. : ग्रीष्मा-ऽवरसमात्=ग्रीष्मश्च अवरसमश्चेति ग्रीष्मा-ऽवरसमम्, तस्मादिति।

उदा. (१) ग्रैष्मकम्=ग्रीष्मऋतुमां आपवा योग्य ऋण.
ग्रीष्मे देयमृणमिति।
आ सूत्रथी अकञ्→ग्रीष्म+**अक**
वृद्धि वगेरे थतां→**ग्रैष्मकम्**।

(२) **आवरसमकम्**=बीजा वर्षे आपवा योग्य ऋण.
अवरसमे देयमृणमिति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

(१) अहीं दर्शावेल ग्रीष्म नाम ऋतुवाची होवाथी भर्तुसन्ध्यादे० ६.३.८९थी अण्नी अने अवरसम कालवाची नामथी कालाद् देये०६.३.११३थी इकण्नी प्राप्ति हती. तेनो बाध करी अकञ् करवा माटे आ सूत्रनो निर्देश छे. माटे आ सूत्रथी थतो अकञ् प्रत्यय अण् अने इकण् अपवादरूप जाणवो.

(२) सूत्रनिर्दिष्ट अकञ् प्रत्ययमां ञ् ईत् आद्यस्वरनी वृद्धि आदि कार्य माटे छे.

अन्य मत :

केटलांक व्याकरणकारो अपरसम नामथी पण आ सूत्रनी प्रवृत्ति ईच्छे छे. तेथी तेओना मते आपरसमकम् जेवा प्रयोगो थाय छे.

संवत्सरा-ऽऽग्रहायण्या इकण् च ६.३.११६

अ.अ.सू. : तत्र संवत्सरा-ऽऽग्रहायण्याः ऋणे इकण् च (अकञ्)।

अर्थ : सप्तम्यन्त संवत्सर अने आग्रहायणी नामथी देय स्वરૂप ऋण अर्थमां इकण्(इक) अने अकञ्(अक) प्रत्यय थाय छे.

स. : संवत्सरा-ऽऽग्रहायण्याः=संवत्सरश्च आग्रहायणी चेति संवत्सरा-ऽऽग्रहायणी, तस्या इति।

उदा. (१) **सांवत्सरिकम्/सांवत्सरकम् फलं, पर्व**=वर्षे आपवा योग्य ऋण, फળ, पर्व संवत्सरे देयमिति।
आ सूत्रथी इकण्/अकञ्→संवत्सर+**इक/अक**
वृद्धि वगेरे थतां→**सांवत्सरिकम्/सांवत्सरकम्**।

(२) **आग्रहायणिकम्/आग्रहायणकम्**=मागसर पूनमे आपवा योग्य ऋण. आग्रहायण्या देयमृणमिति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

(१) अहीं दर्शावेल संवत्सर वगेरे नामथी अनुक्रमे संवत्सरात्० ६.३.९०थी अण् अने औत्सर्गिकतया इकण्नी प्राप्ति हती. तेनो बाध करी इकण्, अकञ्नुं विधान करेल छे. माटे आ सूत्र अण्ना अपवादरूप जाणवो.

(२) यद्यपि सूत्रमां इकण्नुं ग्रहण कर्युं होवाथी पूर्वसूत्रथी आवतो अकञ्नो अधिकार अटकी जाय छे. परंतु सूत्रगत चकार द्वारा **चकारो यस्मात्०२/६१** न्यायानुसारे प्रत्ययतया इकण्ने सजातीय अकञ् प्रत्ययनुं पूर्वसूत्रथी ग्रहण कराय छे.

(३) अहीं पूर्वसूत्रथी अकञ्नो अधिकार आवी रह्यो छे अने वर्षा-कालेभ्यः ६.३.८०थी इकण्नी प्राप्ति छे तो सूत्रमां इकण् चनुं ग्रहण न करतां मात्र वानुं ज ग्रहण करवामां आवे तो अधिकृत अकञ्

પ્રત્યય થઈને તેના વિકલ્પમાં इकण् પ્રત્યય થતાં બે પ્રત્યય કરવાનું સૂત્ર કાર્ય સિદ્ધ જ હતું. તો પણ ગૌરવભૂત સૂત્રરચના संवत्सरात्०६.३.८० સૂત્રથી થતા अण्નો બાધ કરવા માટે જાણવી.

देय ऋण अर्थक प्रत्ययने दर्शावतुं कोष्टक

सूत्र	प्रकृति	अर्थनुं विशेषण	प्रत्यय	उदाहरण
कालाद्०६.३.११३	नदी वगेरे	–	एयण् वगेरे	मासिकम्
कलाप्य०६.३.११४	कालवाची कलापिन्, अश्वत्थ, यवबुस, उमाव्यास, ऐषमस्	–	अक	कलापकम्
ग्रीष्मा-ऽव०६.३.११५	ग्रीष्म, अवरसम	–	अकञ्	ग्रैष्मकम्
संवत्सरा०६.३.११६	संवत्सर, आग्रहायणी	–	इकण्	सांवत्सरिकम्

साधु-पुष्यत्-पच्यमाने ६.३.११७

अ.अ.सू. : तत्र कालात् साधु-पुष्यत्-पच्यमाने।

अर्थ : सप्तम्यन्त कालवाची नामथी उपयोगी, खीलवुं अने पाकवुं अर्थमां यथाविहित प्रत्ययो थाय छे.

स. : साधु-पुष्यत्-पच्यमाने=साधुश्च पुष्यच्च पच्यमानश्चेति साधु-पुष्यत्-पच्यमानम्, तस्मिन्निति।

उदा. (१) हैमनम्/हैमन्तमनुलेपनम्=हेमंतऋतुमां उपयोगी लेपन.
हेमन्ते साधु इति।
आ सूत्रथी प्राप्त साधु अर्थमां,
हेमन्ताद्०६.३.९१ अण् अने तनो विकल्पे लोप→हेमन्/हेमन्त+**अ**
वृद्धि वगेरे थतां→**हैमनम्/हैमन्तम्**।

(૨) **वासन्त्यः कुन्दलताः**=વસંતઋતુમાં ખીલનારી મચકુંદ લત્તાઓ. वसन्ते पुष्यन्ति इति।
આ સૂત્રથી પ્રાપ્ત पुष्यत् અર્થમાં,
भर्तुसन्ध्यादे०६.૩.८૯થી अण्→वसन्त+**अ**
વૃદ્ધિ, અનો લોપ, ङी વગેરે થતાં→**वासन्त्यः**।

(૩) **शारदाः शालयः**=શરદઋતુમાં પાકતી ડાંગર.
शरदि पच्यन्ते इति।
આ સૂત્રથી પ્રાપ્ત પચ્યમાન અર્થમાં,
भर्तुसन्ध्यादे०६.૩.८૯થી अण्→शरद्+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**शारदाः**।

उप्ते ६.३.११८

અ.અ.સૂ. : तत्र कालात् उप्ते।

અર્થ : સપ્તમ્યન્ત કાળવાચી નામથી ઉપ્ત અર્થમાં યથાવિહિત પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **शारदा यवाः**=શરદઋતુમાં વાવેલા જવ. शरदि उप्ता इति।
આ સૂત્રથી પ્રાપ્ત ઉપ્ત અર્થમાં,
भर्तुसन्ध्यादे०६.૩.८૯થી अण्→शरद्+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**शारदाः**।

(૨) **हैमनाः**=હેમંત ઋતુમાં વાવેલા જવ. हेमन्ते उप्ता इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ માત્ર उप्तनो અધિકાર ઉત્તરસૂત્રમાં લઈ જવા માટે છે. અન્યથા **सन्नियोगनिष्ठाना०१/૩૦** ન્યાયાનુસારે ઉત્તરસૂત્રમાં साधु વગેરે અર્થની પણ પ્રાપ્તિ થવાની આપત્તિ આવે.

आश्वयुज्या अकञ् ६.३.११९

अ.अ.सू. : तत्र कालात् आश्वयुज्या उप्ते अकञ्।

અર્થ : સપ્તમ્યન્ત કાળવાચી આશ્વયુજી નામથી ઉપ્ત અર્થમાં અકञ્(अक) પ્રત્યય થાય છે.

ઉદા. **आश्वयुजका माषाः**=અશ્વિની નક્ષત્રથી યુક્ત પૂનમે વાવેલા અડદ.
आश्वयुज्यामुप्ता इति।
આ સૂત્રથી અકञ્→आश्वयुजी+**अक**
વૃદ્ધિ વગેરે થતાં→**आश्वयुजकाः**।

વિશેષતા :

અહીં દર્શાવેલ આશ્વયુજી કાલવાચી નામ હોવાથી वर्षा-कालेभ्यः ૬.૩.૮૦થી इकण्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી અકञ્ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો અકञ્ પ્રત્યય इकण्ના અપવાદ રૂપ જાણવો.

ग्रीष्म-वसन्ताद् वा ६.३.१२०

अ.अ.सू. : तत्र कालात् ग्रीष्म-वसन्तात् उप्ते अकञ् वा।

અર્થ : સપ્તમ્યન્ત કાળવાચી ગ્રીષ્મ અને વસન્ત નામથી ઉપ્ત અર્થમાં અકञ્(अक) પ્રત્યય વિકલ્પે થાય છે.

स. : ग्रीष्म-वसन्तात्=ग्रीष्मश्च वसन्तश्चेति ग्रीष्मवसन्तम्, तस्मादिति।

ઉદા. (૧) **ग्रैष्मकम्/ग्रैष्म सस्यम्**=ગ્રીષ્મ ઋતુમાં વાવેલું ધાન્ય.
ग्रीष्मे उप्तमिति।
આ સૂત્રથી અકञ્→ग्रीष्म+**अक**
વૃદ્ધિ વગેરે થતાં→**ग्रैष्मकम्**।
વિકલ્પે : જ્યારે અકञ્ ન થાય ત્યારે,

भर्तुसन्ध्यादे०६.३.८९थी अण्→ग्रीष्म+**अ**
वृद्धि वगेरे थतां→ग्रैष्मम्।

(२) **वासन्तकम्/वासन्तम्**=वसंत ऋतुमां वावेलुं अनाज. वसन्ते उप्तमिति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

अहीं दर्शावेल ग्रीष्म अने वसन्त नाम ऋतुवाची होवाथी भर्तुसन्ध्यादे०६.३.८९थी अण्नी प्राप्ति हती. तेनो बाध करी अकञ् करवा माटे आ सूत्रनो निर्देश छे. माटे आ सूत्रथी थतो अकञ् प्रत्यय नित्य अण्ना अपवाद रूप जाणवो.

उप्त अर्थक प्रत्ययने दर्शावतुं कोष्टक

सूत्र	प्रकृति	अर्थनुं विशेषण	प्रत्यय	उदाहरण
उप्ते ६.३.११८	नदी वगेरेमांथी कालवाची	–	यथाविहित	शारदाः
आश्वयुज्या०६.३.११९	आश्वयुजी	–	अकञ्	आश्वयुजकाः
ग्रीष्म०६.३.१२०	ग्रीष्म, वसन्त	–	अकञ्	ग्रैष्मकम्

व्याहरति मृगे ६.३.१२१

अ.अ.सू. : तत्र कालात् व्याहरति मृगे।

अर्थ : सप्तम्यन्त काळवाची नामथी व्याहरत् अर्थमां प्राणी कर्ता होते छते यथाविहित प्रत्यय थाय छे.

उदा. (१) **नैशिकः/नैशः शृगालः**=रात्रिमां फरतो शियाळ.
निशायां व्याहरतीति।

આ સૂત્રથી પ્રાપ્ત વ્યાહરતિ મૃગે અર્થમાં,
નિશા-પ્રદોષાત્ ૬.૩.૮૩થી ઇકણ્→નિશા+**ઇક**
વૃદ્ધિ વગેરે થતાં→**નૈશિકઃ**।
વિકલ્પે : જ્યારે ઇકણ્ ન થાય ત્યારે,
ભર્તુસન્ધ્યા૦૬.૩.૮૯થી અણ્→નિશા+**અ**
વૃદ્ધિ વગેરે થતાં→**નૈશઃ**।

(૨) **પ્રાદોષિકઃ/પ્રાદોષઃ**=સવારમાં ફરતો શિયાળ.
પ્રદોષે વ્યાહરતીતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. મૃગ ઇતિ કિમ્ ? વસન્તે વ્યાહરતિ કોકિલઃ=વસંત ઋતુમાં ફરતી કોયલ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ મૃગ કર્ત્તા હોતે છતે થાય છે. જ્યારે અહીં મૃગ કર્ત્તા નથી. માટે આ સૂત્રથી તદ્ધિત પ્રત્યય ન થતા માત્ર વાક્ય પ્રયોગ જ થયો છે.

जयिनि च ૬.૩.૧૨૨

અ.અ.સૂ. : च (तत्र कालात्) जयिनि।

અર્થ : સપ્તમ્યન્ત કાળવાચી નામથી જયિન્ અર્થમાં યથાવિહિત પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **નૈશિકઃ/નૈશઃ**=રાત્રિના અધ્યયનમાં અભ્યાસી.
निशाभवमध्ययनमिति निशा, तत्र जयीति।

(૨) **પ્રાદોષિકઃ/પ્રાદોષઃ**=સવારના અધ્યયનમાં અભ્યાસી.
प्रदोषे जयीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **વાર્ષિકઃ**=વર્ષાકાળમાં થનાર અધ્યયનમાં અભ્યાસી.
वर्षासु जयीति।

वर्षा-कालेभ्यः ६.३.८०थी इकण्→वर्षा+**इक**
वृद्धि वगेरे थतां→**वार्षिकः**।

विशेषता :

અહીં સૂત્રમાં जयिनि એ પ્રમાણે જે જય અર્થનો નિર્દેશ કર્યો છે તે પ્રસઙ્ગ એટલે કે અભ્યાસ અર્થમાં જાણવો. પણ વિજય અર્થમાં નહીં. માટે માત્ર કાળવાચી નામથી જય અર્થની યોગ્યતા ઘટતી નથી. તેથી ઉદા.ગત પ્રયોગાદિમાં પ્રકૃતિ તરીકે ગ્રહણ કરેલા નિશા વગેરે શબ્દોના સહચારી એવા અધ્યયનાદિ અર્થમાં આ સૂત્રની પ્રવૃત્તિ જાણવી.

भवे ६.३.१२३

अ.अ.सू. : तत्र भवे।

અર્થ : सप्तम्यन्त નામથી ભવ અર્થમાં अण्(अ), एयण्(एय) વગેરે પ્રત્યયો થાય છે.

ઉદા. (૧) **स्रौघ्नः**=સ્રુઘ્નદેશમાં થયેલ. स्रुघ्ने भव इति।

(૨) **औत्सः**=ઉત્સદેશમાં થયેલ. उत्से भव इति।

(૩) **नादेयः**=નદીમાં થયેલ. नद्यां भव इति।
આ ઉદા.ની સાધનિકા ૬.૩.૯૮ પ્રમાણે જાણવી.

(૪) **ग्राम्यः**=ગામમાં થયેલ. ग्रामे भव इति।
આ સૂત્રથી પ્રાપ્ત ભવ અર્થમાં,
ग्रामादीनञ्०६.३.९थी य→ग्राम+**य**
અનો લોપ વગેરે થતાં→**ग्राम्यः**।

વિશેષતા :

જિ. : પૂર્વે जाते ૬.૩.૯૮ સૂત્રથી जात અર્થનો નિર્દેશ કર્યો છે. ત્યાં પણ तत्र जातः એ પ્રમાણે સમાન અર્થ દર્શાવતો ભિન્ન નિર્દેશ કરવામાં આવે છે. તો અહીં तत्र भवः એવો અર્થ શા માટે ગ્રહણ કરવામાં આવ્યો ?

સમા. : વસ્તુતઃ અહીં જાત અર્થ અભિપ્રેત નથી. પણ ભવ અર્થ અભિપ્રેત છે. ત્યાં તત્ર ભવ એટલે કે, ત્યાં રહેલું. આમ, સત્તા અર્થનો નિર્દેશ કર્યો છે. અને તત્ર જાત એટલે કે, ત્યાં થયેલું. આમ ઉત્પત્તિ અર્થનો નિર્દેશ કર્યો છે.

આ રીતે બંને અર્થ ભિન્ન-ભિન્ન હોવાથી પુનઃ ગ્રહણનો પ્રશ્ન સંગત થતો નથી.

दिगादिदेहांशाद् यः ६.३.१२४

અ.અ.સૂ. : तत्र दिशादिदेहांशात् भवे यः।

અર્થ : સપ્તમ્યન્ત દિશ્ વગેરે અને દેહના અંશવાચી નામથી ભવ અર્થમાં य પ્રત્યય થાય છે.

સ. : दिगादि-देहाशांत्=दिग् आदिर्यस्य स इति दिगादिः, दिगादिश्च देहांशाश्चेति दिगादि-देहांशम्, तस्मादिति।

ઉદા. (૧) **दिश्यः**=દિશામાં રહેનાર. दिशि भव इति।
આ સૂત્રથી य→दिश्+**य**
પ્રથમા सि વગેરે→**दिश्यः**।

(૨) **अप्सव्यः**=પાણીમાં રહેનાર. अप्सु भव इति।
આ સૂત્રથી य→अप्+सु+**य**
अपो-य-योनि०૩.૨.૨૮થી વિભક્તિનો **अलुप्**
उनो अव् વગેરે થતાં→**अप्सव्यः**।

(૩) **मूर्धन्यः**=મસ્તકમાં રહેનાર. मूर्ध्नि भव इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अनोऽट्ये० ૭.૪.૫૧થી अन्ના લોપનો નિષેધ કરવો.

વિશેષતા :

(૧) **दिगादि ગણ :** दिश्, वर्ग, पूग, गण, यूथ, पक्ष, धाय्या, मित्र, धाय्यमित्र, मेघा, न्याय, अन्तर्, पथिन्, रहस्, अलीक, उख, उखा,

साक्षिन्, आदि, अन्त, मुख, जघन, मेघ, वंश, अनुवंश, देश, काल, वेश, आकाश, अप्।

(२) અહીં દર્શાવેલ મુખ, જઘન નામ દેહાંશવાચી હોવા છતાં પણ તેમનું દિગાદિ ગણમાં ગ્રહણ અદેહાંશવાચીતયા પ્રત્યય કરવા માટે છે. તેથી દિગાદિ ગણમાં રહેલ મુખ, જઘન, વંશ અને અનુવંશ નામનો અનુક્રમે પ્રધાન, જઘન્ય, વંશમાં થનાર અને વંશની પછી થનાર અર્થ જાણવો. જેમકે, सेनायां मुख इति।

अन्य मत :

કેટલાંક વ્યાકરણકારો દેહાંશ અન્તવાળા નામથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે.

नाम्न्युदकात् ६.३.१२५

अ.अ.सू. : तत्र उदकात् भवे नाम्नि यः।

અર્થ : સપ્તમ્યન્ત उदक નામથી ભવ અર્થમાં સંજ્ઞાનો વિષય જણાતે છતે य પ્રત્યય થાય છે.

ઉદા. उदक्या रजस्वला=રજસ્વલા સ્ત્રી. उदकेषु भवा इति।

આ સૂત્રથી य→उदक+**य**

અનો લોપ વગેરે થતાં→उदक्**या**।

मध्याद् दिनण्-णेया मोऽन्तश्च ६.३.१२६

अ.अ.सू. : तत्र मध्यात् भवे दिनण्-णेयाः, मः च अन्तः।

અર્થ : સપ્તમ્યન્ત મધ્ય નામથી ભવ અર્થમાં दिनण्(दिन), ण(अ) અને ईय પ્રત્યય થાય છે. અને તેના યોગમાં અન્તે म् આગમ થાય છે.

સ. : दिनण्-णेयाः=दिनण् च णश्च ईय श्चेति।

ઉદા. **माध्यन्दिनः/माध्यमः/मध्यमीयः**=મધ્યમાં રહેનાર.

मध्ये भव इति।

આ સૂત્રથી દિનણ્, મ્ આગમ→मध्य+**म्+दिन**

વૃદ્ધિ વગેરે થતાં→**माध्यन्दिनाः**।

આ સૂત્રથી ણ, મ્ આગમ→मध्य+**म्+अ**

વૃદ્ધિ વગેરે થતાં→**माध्यमः**।

આ સૂત્રથી ईय, મ્ આગમ→मध्य+**म्+ईय**

પ્રથમા સિ વગેરે→मध्यमी**यः**।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો દિનણ્ પ્રત્યયમાં ણ્ ઈત્ ઈચ્છતાં નથી. તેથી તેઓના મતે मध्यन्दिनः પ્રયોગ થાય છે.

जिह्वामूला-ऽङ्गुलेश्चेयः ६.३.१२७

અ.અ.સૂ. : तत्र जिह्वामूला-ऽङ्गुले च(मध्यात्) भवे ईयः।

અર્થ : સપ્તમ્યન્ત જિહ્વામૂલ, અઙ્ગુલિ અને મધ્ય નામથી ભવ અર્થમાં ईय પ્રત્યય થાય છે.

સ. : जिह्वामूला-ऽङ्गुलेः=जिह्वामूलश्च अङ्गुलिश्चेति जिह्वामूल-ऽङ्गुलि, तस्मादिति।

ઉદા. (૧) **जिह्वामूलीयः**=જિહ્વામૂલમાં રહેનાર. जिह्वामूले भव इति।

આ સૂત્રથી ईय→जिह्वामूल+**ईय**

અનો લોપ વગેરે થતાં→जिह्वामूली**यः**।

(૨) **अङ्गुलीयः**=આંગળીમાં રહેનાર. अङ्गुलौ भव इति।

(૩) **मध्यीयः**=મધ્યમાં રહેનાર. मध्ये भव इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

યદ્યપિ સૂત્રમાં जिह्वामूला-ऽङ्गुलेः‌નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો **मध्यात्**નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्पर०२/६१** ન્યાયાનુસારે સ્થાનીતયા जिह्वामूला-ऽङ्गुलेः‌ને સજાતીય સ્થાની એવા **मध्यात्**નું પૂર્વસૂત્રથી અનુકર્ષણ કરાય છે.

અને તે અનુકર્ષણ અહીં ईय પ્રત્યયાન્ત **मध्य** નામનો **म्** આગમના અભાવવાળો પણ પ્રયોગ સિદ્ધ કરવા માટે છે.

वर्गान्तात् ६.३.१२८

અ.અ.સૂ. : तत्र वर्गान्तात् भवे ईयः।

અર્થ : સપ્તમ્યન્ત વર્ગ અન્તવાળા નામથી ભવ અર્થમાં ईय પ્રત્યય થાય છે.

સ. : वर्गान्तात्=वर्गोऽन्ते यस्य स इति वर्गान्तम्, तस्मादिति ।

ઉદા. (૧) कवर्गीयो वर्णः=કવર્ગમાં રહેનાર વર્ણ. कवर्गे भव इति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

આ સૂત્રથી થતા ईय પ્રત્યય દ્વારા ઔત્સર્ગિક अण्‌નો બાધ થાય છે.

ईन-यौ चाशब्दे ६.३.१२९

અ.અ.સૂ. : तत्र वर्गान्तात् भवे ईन-यौ च(ईयः), अशब्दे।

અર્થ : સપ્તમ્યન્ત વર્ગ અન્તવાળા નામથી ભવ અર્થમાં ईन, य અને ईय પ્રત્યય થાય છે. પરંતુ શબ્દ અર્થમાં થતો નથી.

સ. : (૧) **ईन-यौ**=ईनश्च यश्चेति।

(૨) **अशब्दे**=न शब्दमिति अशब्दम्, तस्मिन्निति ।

ઉદા. **भरतवर्गीणः/भरतवर्ग्यः/भरतवर्गीयः**=ભરતવર્ગમાં રહેનાર માણસ. भरतवर्गे भव इति।

આ સૂત્રથી ईन/य/ईय→भरतवर्ग/**ईन/य/ईय**

અનો લોપ વગેરે થતા→भरतव**र्गीणः**/भरतव**र्ग्यः**/भरतव**र्गीयः**।

પ્ર.ઉદા. शब्दे तु कवर्गीयः=કવર્ગનો વર્ણ. कवर्गे भव इति।

★ આ સૂત્રમાં શબ્દ અર્થનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ईन વગેરે પ્રત્યયો ન થયા. પરંતુ પૂર્વસૂત્રથી માત્ર ईय પ્રત્યય જ થયો.

વિશેષતા :

યદ્યપિ સૂત્રમાં ईन-यौનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો ईयનો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्०२/६१** ન્યાયાનુસારે પ્રત્યયતયા ईन-यौને સજાતીય પ્રત્યય એવા ईयનું પૂર્વસૂત્રથી અનુકર્ષણ કરાય છે.

दृति-कुक्षि-कलशि-वस्त्यहेरेयण् ६.३.१३०

અ.અ.સૂ. : तत्र दृति-कुक्षि-कलशि-वस्त्यहेः भवे एयण्।

અર્થ : સપ્તમ્યન્ત दृति, कुक्षि, कलशि, वस्ति અને अहि નામથી ભવ અર્થમાં एयण्(एय) પ્રત્યય થાય છે.

સ. : दृति-कुक्षि-कलशि-वस्त्यहेः=दृतिश्च कुक्षिश्च कलशिश्च वस्तिश्च अहिश्चेति दृति-कुक्षि-कलशि-वस्त्यहि, तस्मादिति।

ઉદા. (૧) **दार्त्तेयं जलम्**=મશકનું પાણી. दृतौ भवमिति।
આ સૂત્રથી एयण्→दृति+**एय**
વૃદ્ધિ વગેરે થતાં→**दार्त्तेयम्**।

(૨) **कौक्षेयो व्याधिः**=પેટનો રોગ. कुक्षौ भवमिति।

(૩) **कालशेयं तक्रम्**=કલશીની છાશ. कलशौ भवमिति।

(૪) **वास्तेयं पुरीषम्**=મૂત્રાધારમાં રહેલ વિષ્ટા. वस्तौ भवमिति।

(૫) **आहेयं विषम्**=સાપનું ઝેર. अहौ भवमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં સૂત્રમાં દર્શાવેલ કુલ, કુક્ષિ વગેરે નામથી ઔત્સર્ગિકતયા અણ્ની, કુક્ષિ અન્તવાળા દેશવાચી નામથી **धूमादेः** ૬.૩.૪૬ દ્વારા તેમજ **राष्ट्रेभ्यः** ૬.૩.૪૪ દ્વારા અકઞ્ની તથા કુક્ષિ, દૃતિ નામથી કુલ-કુક્ષિ०૬.૩.૧૨ દ્વારા એયકઞ્ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી એયણ્ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો એયણ્ પ્રત્યય અણ્ વગેરેના અપવાદ રૂપ જાણવો.

आस्तेयम् ૬.૩.૧૩૧

અ.અ.સૂ. : आस्तेयम्।

અર્થ : ધન અથવા વિદ્યમાન અર્થવાળા અસ્તિ સપ્તમ્યન્ત નામથી ભવ અર્થમાં એયણ્ પ્રત્યય થાય છે. અથવા असृज् નામથી એયણ્ અને અસ્તિ આદેશ નિપાતન કરાય છે.

ઉદા. **आस्तेयम्**=ધનમાં/વિદ્યમાનમાં/લોહીમાં રહેનારું.
अस्ति/असृजि भवमिति।
આ સૂત્રથી એયણ્, असृज्નું अस्ति→**अस्ति+एय**
વૃદ્ધિ વગેરે થતાં→**आस्तेयम्**।

ग्रीवातोऽण् च ૬.૩.૧૩૨

અ.અ.સૂ. : ग्रीवातः भवे अण् च(एयण्)।

અર્થ : સપ્તમ્યન્ત ગ્રીવા નામથી ભવ અર્થમાં અણ્(અ) અને એયણ્(એય) પ્રત્યય થાય છે.

ઉદા. **ગ્રૈવમ્/ગ્રૈવેયમ્**=કંઠમાં રહેનાર/અલંકાર. ગ્રીવાયાં ભવમિતિ।

આ સૂત્રથી અણ્/એયણ્→ગ્રીવા+**અ/એય**

વૃદ્ધિ વગેરે થતાં→**ગ્રૈવમ્/ગ્રૈવેયમ્**।

વિશેષતા :

(૧) યદ્યપિ સૂત્રમાં અણ્નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો એયણ્નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्०२/६१** ન્યાયાનુસારે પ્રત્યયતયા અણ્ને સજાતીય પ્રત્યય એવા એયણ્નું પૂર્વસૂત્રથી અનુકર્ષણ કરાય છે. તેમજ, **चानुकृष्टं०२/६२** ન્યાયાનુસારે તેનો અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

(૨) સૂત્રનિર્દિષ્ટ ગ્રીવા નામ દેહાંશવાચી હોવાથી દિગાદિદેહાં૰ ૬.૩.૧૨૪ સૂત્રથી યની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી આ સૂત્રથી અણ્, એયણ્ કરેલો છે. માટે આ સૂત્રથી થતો અણ્, એયણ્ પ્રત્યય યના અપવાદરૂપ જાણવો.

(૩) સૂત્રમાં આવેલ ગ્રીવા નામ જ્યારે શિરોધમની વાચી થાય છે. ત્યારે તે બ.વ.માં વપરાય છે. જેમકે, ગ્રીવાસુ ભવમિતિ ગ્રૈવેયમ્।

અન્ય મત :

પાણિનિય વ્યાકરણકારો ગ્રીવેભ્યોઽણ્ ચ એવા બ.વ. વાળા સૂત્ર દ્વારા બ.વ.માં જ વર્ત્તતાં ગ્રીવાથી સૂત્ર પ્રવૃત્તિ કરે છે. એ.વ.માં વર્ત્તતાં ગ્રીવાથી નહીં. જેમકે, ગ્રીવાયાં ભવ ઇતિ।

चतुर्मासान्नाम्नि ૬.૩.૧૩૩

અ.અ.સૂ. : तत्र चतुर्मासात् भवे अण्, नाम्नि।

અર્થ : સપ્તમ્યન્ત ચતુર્માસ નામથી ભવ અર્થમાં અણ્(અ) પ્રત્યય થાય છે. જો સંજ્ઞાનો વિષય હોય તો.

ઉદા. **चातुर्मासी/अषाढ्यादि पौर्णमासी**=અષાઢ, ફાગણ, કારતકની પૂનમ. चर्तुषु मासेषु भवा इति।
આ સૂત્રથી अण्→चतुर्मास+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**चा**तुर्मा**सी**।

विशेषता :

यद्यपि અહીં અનપત્ય અર્થવાળો चर्तुषु मासेषु એ પ્રમાણે દ્વિગુ સમાસ હોવાથી अण्ના લોપની પ્રાપ્તિ હતી. પરંતુ આ સૂત્રમાં भवे ६.૩.૧૨૩ સૂત્રાનુસારે થતો अण् હોવા છતાં પણ પુનઃ अण्નું વિધાન કર્યું તેથી દ્વિગોરનપત્યે ६.૩.૨૪થી अण्નો લોપ થશે નહીં.

यज्ञे ञ्यः ६.३.१३४

અ.અ.સૂ. : तत्र चतुर्मासात् यज्ञे भवे ञ्यः।

અર્થ : સપ્તમ્યન્ત चतुर्मास નામથી યજ્ઞ સ્વરૂપ ભવ અર્થમાં ञ्य(य) પ્રત્યય થાય છે.

ઉદા. **चातुर्मास्या यज्ञाः**=ચોમાસામાં થનારા યજ્ઞો.
चतुर्षु मासेषु भवा इति।
આ સૂત્રથી ञ्य→चतुर्मास+**य**
વૃદ્ધિ વગેરે થતાં→**चा**तुर्मा**स्या**।

गम्भीर-पञ्चजन-बहिर्देवात् ६.३.१३५

અ.અ.સૂ. : तत्र गम्भीर-पञ्चजन-बहिर्देवात् भवे ञ्यः।

અર્થ : સપ્તમ્યન્ત गम्भीर, पञ्चजन, बहिस् અને देव નામથી ભવ અર્થમાં ञ्य(य) પ્રત્યય થાય છે.

स. : गम्भीर-पञ्चजन-बहिर्देवात्=गम्भीरश्च पञ्चजनश्च बहिश्च देवश्चेति गम्भीर-पञ्चजन-बहिर्देवम्, तस्मादिति।

ઉદા. (૧) **गाम्भीर्यः**=ગંભીરમાં રહેનાર. गम्भीरे भव इति।

(૨) **पाञ्चजन्यः**=પંચજનમાં રહેનાર. पञ्चजनेषु भव इति।

(૩) **बाह्यः**=બહાર રહેનાર. बहिर्भव इति।

(૪) **दैव्यः**=દેવમાં રહેનાર. देवे भव इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં ભવ અર્થમાં गम्भीर વગેરે નામથી भवे ६.૩.૧૨૩ સૂત્રાનુસારે प्राग् जिता०६.१.१૩થી अण्ની અને बहिस् નામથી बहिषष्टी०६.१.१६થી टीकण्, यની તથા देव નામથી देवाद् यञ्०६.१.२१થી यञ्, अञ्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી આ સૂત્રથી ञ्यનું વિધાન કરેલ છે. માટે આ સૂત્રથી થતો ञ्य પ્રત્યય अण् વગેરેના અપવાદરૂપ જાણવો.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ભવ અર્થમાં પણ बहिस् નામથી टीकण् કરી बाहीकः પ્રયોગ સ્વીકારે છે.

परिमुखादेरव्ययीभावात् ६.३.१३६

અ.અ.સૂ. : तत्र परिमुखादेः अव्ययीभावात् भवे ञ्यः।

અર્થ : સપ્તમ્યન્ત परिमुख વગેરે અવ્યયીભાવ સમાસથી ભવ અર્થમાં ञ्य(य) પ્રત્યય થાય છે.

સ. : परिमुखादेः=परिमुखो आदिर्यस्य स इति परिमुखादि, तस्मादिति।

ઉદા. (૧) **पारिमुख्यः**=મુખની બધી બાજુ રહેનાર. परिमुखे भव इति।

(૨) **पारिहनव्यः**=હડપચીની બાજુ રહેનાર. परिहनु भव इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં અવ્યયીભાવ સમાસનો નિર્દેશ કર્યો હોવાથી परिमुखादेः માં આવેલ परि વર્જનાર્થક જાણવો અને पर्यपाङ्०३.१.३२થી અવ્યયીભાવ સમાસ કરવો.

(૨) અહીં ઔત્સર્ગિકતયા अण्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી ञ्य કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો अञ् પ્રત્યય अण्ના અપવાદરૂપ જાણવો.

(૩) **परिमुखादि ગણ :** परिमुख, परिहनु, पर्योष्ठ, पर्यलूखल, परिरथ, परिसिर, परिसीर, उपसीर, अनुसीर, उपस्थूण, उपस्थूल, उपकलाप, उपकपाल, अनुपथ, अनुगङ्ग, अनुतिल, अनुसीत, अनुमाष, अनुयव, अनुयूप, अनुवंश, अनुपद।

अन्तःपूर्वादिकण् ६.३.१३७

अ.अ.सू. : तत्र अन्तःपूर्वात् अव्ययीभावात् भवे इकण्।

અર્થ : अन्तर् પૂર્વપદવાળા સપ્તમ્યન્ત અવ્યયીભાવ સમાસથી ભવ અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

स. : अन्तःपूर्वात्=अन्तः पूर्वपदं यस्य स इति अन्तःपूर्वम्, तस्मादिति।

ઉદા. आन्तरगारिकः=ઘરની અંદર રહેનાર. अन्तरगारे भव इति।

આ સૂત્રથી इकण्→अन्तरगार+**इक**

વૃદ્ધિ વગેરે થતાં→**आन्तरगारिकः**।

વિશેષતા :

પૂર્વની જેમ આ સૂત્રથી થતો इकण् પ્રત્યય પણ ઔત્સર્ગિક अण्ના અપવાદરૂપ જાણવો.

पर्यनोर्ग्रामात् ६.३.१३८

अ.अ.सू. : तत्र पर्यनोः ग्रामात् अव्ययीभावात् भवे इकण्।

अर्थ : सप्तम्यन्त परि अने अनु नामथी पर रहेल ग्राम अन्तवाळा अव्ययीभाव समासथी भव अर्थमां इकण्(इक) प्रत्यय थाय छे.

स. : पर्यनोः=परिश्च अनुश्चेति पर्यनु, तस्मादिति।

ઉદા. (१) **पारिग्रामिकः**=गामने छोडीने रहेनार. परिग्रामे भव इति।

(२) **आनुग्रामिकः**=गामनी नजीक रहेनार. अनुग्रामे भव इति।
आ ઉદા.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

पूर्वनी जेम आ सूत्रथी थतो इकण् प्रत्यय पण औत्सर्गिक अण्ना अपवादरूप जाणवो.

उपाज्जानु-नीवि-कर्णात् प्रायेण ६.३.१३९

अ.अ.सू. : तत्र उपात् जानु-नीवि-कर्णात् अव्ययीभावात् प्रायेण भवे इकण्।

अर्थ : उप नामथी पर जानु, नीवि अने कर्ण अन्तवाळा सप्तम्यन्त अव्ययीभाव समासथी प्रायः भव अर्थमां इकण्(इक) प्रत्यय थाय छे.

स. : जानु-नीवि-कर्णात्=जानुश्च नीविश्च कर्णश्चेति जानु-नीवि-कर्णम्, तस्मादिति।

ઉદા. (१) **औपजानुकः सेवकः**=ढींचण पासे प्रायः रहेनार सेवक.
उपजानु भवतीति।
आ सूत्रथी इकण्→उपजानु+**इक**
ऋवर्णोवर्ण०७.४.७१थी इनो लोप→उपजानु**क**
वृद्धि वगेरे थतां→**औ**पजानु**कः**।

(૨) **औपनीवीकं ग्रीवादाम**=प्रायः ઘાઘરાની પાસે રહેનાર કંઠની માળા. उपनीवि भवतीति।

(૩) **औपकर्णिकः सूचकः**=प्रायः કાન પાસે રહેનાર નિંદક उपकर्णं भवतीति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઇનો લોપ કરવો નહીં.

विशेषता :

यद्यपि सूत्रनिर्दिष्ट जानु शब्द देहना अवयव રૂપ दिगादिदेहांशा० ६.૩.૧૨૪થી यनी प्राप्ति हती ज. परंतु उप+जानु शब्द देहांशवाची न होवाथी तेनाथी यनी प्राप्ति थती नथी. माटे इकण् प्रत्ययनुं विधान करवा माटे आ सूत्रनो निर्देश छे.

रुढावन्तःपुरादिकः ६.३.१४०

अ.अ.सू. : तत्र अन्तःपुरात् भवे इकः, रुढौ।

अर्थ : सप्तम्यन्त अन्तःपुर नामथी भव अर्थमां इक प्रत्यय थाय छे. જો રુઢિ અર્થ જણાતો હોય તો.

ઉદા. **अन्तःपुरिका**=અન્તઃપુરમાં રહેનારી. अन्तःपुरे भवा इति।

આ સૂત્રથી इक→अन्तःपुर+**इक**

અનો લોપ વગેરે થતાં→**अन्तःपुरिका**।

પ્ર.ઉદા. **रुढाविति किम् ? आन्तःपुरः**=નગરની અંતર્ગત રહેનાર. अन्तःपुरे भव इति।

भवे ६.૩.૧૨૩ સૂત્રાનુસારે अण्→अन्तःपुर+**अ**

વૃદ્ધિ વગેરે થતાં→आन्तःपुरः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ રુઢિની ગમ્યમાનતામાં થાય છે. જ્યારે અહીં રુઢિની ગમ્યમાનતા નથી. માટે આ સૂત્રથી इक થયો નહીં.

कर्ण-ललाटात् कण् ६.३.१४१

अ.अ.सू. : तत्र कर्ण-ललाटात् भवे कल्, रुढौ।

અર્થ : સપ્તમ્યન્ત કર્ણ અને લલાટ નામથી ભવ અર્થમાં કલ્(ક) પ્રત્યય થાય છે. જો રુઢિ અર્થ જણાતો હોય તો.

સ. : कर्ण-ललाटात्=कर्णश्च ललाटश्चेति कर्ण-ललाटम्, तस्मादिति।

ઉદા. (૧) **कर्णिका कर्णाभरणम्**=કાનનો અલંકાર વિશેષ. कर्णे भवा इति।
આ સૂત્રથી कल्→कर्ण+**क**
અનો લોપ, आप् વગેરે થતાં→**कर्णिका**।

(૨) **ललाटिका ललाटमण्डनम्**=કપાળનો અલંકાર વિશેષ ललाटे भवा इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રનિર્દિષ્ટ कल् પ્રત્યયમાં લ્કાર પ્રયોગને સ્ત્રીલિંગમાં કરવા માટે છે.

तस्य व्याख्याने च ग्रन्थात् ६.३.१४२

अ.अ.सू. : तस्य व्याख्याने, तत्र ग्रन्थात् च(भवे)।

અર્થ : ગ્રન્થવાચી ષષ્ઠ્યન્ત નામથી વ્યાખ્યાન અર્થમાં અને સપ્તમ્યન્ત નામથી ભવ અર્થમાં યથાવિહિત પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **कार्त्तम्**=કૃત્ પ્રત્યયોનું વ્યાખ્યાન/તેમાં રહેનાર.
कृतां व्याख्यानम्/कृत्सु भवमिति।
આ સૂત્રથી પ્રાપ્ત વ્યાખ્યાન અને ભવ અર્થમાં,
प्राग् जिताद०६.१.१૩થી अण्→कृत्+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**कार्त्तम्**।

(૨) **प्रातिपदकीयम्**=પ્રાતિપદિક નામનું વ્યાખ્યાન/તેમાં રહેનાર.
प्रातिपदिकस्य व्याख्यानम्/प्रातिपदिके भवमिति।
આ સૂત્રથી પ્રાપ્ત વ્યાખ્યાન અને ભવ અર્થમાં,
दोरीयः ૬.૩.૩૨થી ईय→प्रातिपदिक+**ईय**
અનો લોપ વગેરે થતાં→प्रातिपदि**कीय**म्।

વિશેષતા :

યદ્યપિ સૂત્રમાં વ્યાખ્યાને પદનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો भवेનો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત चકાર દ્વારા **चकारो यस्मात्०૨/૬૧** ન્યાયાનુસારે નિમિત્તતયા વ્યાખ્યાનેને સજાતીય નિમિત્ત એવા भवेનું પૂર્વસૂત્રથી અનુકર્ષણ થાય છે. તેમજ, **चानुकृष्टं०૨/૬૨** ન્યાય અહીં અનિત્ય થતાં તે બંને અધિકાર ઉત્તરસૂત્રમાં જાય છે.

જિ. : અહીં तस्य व्याख्यानेમાં तस्येदम्નો વિશેષાર્થ ગ્રહણ કર્યો છે. તેથી ત્યાં तस्येदम् ૬.૩.૧૬૦ સૂત્રથી જ અને तत्र भवे અર્થમાં તો भवे ૬.૩.૧૨૩ સૂત્રથી યથાવિહિત પ્રત્યયની પ્રાપ્તિ છે. તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સભા. : જો તમે કહ્યું તે પ્રમાણે પૃથક્ પૃથક્ સૂત્રથી બંનેનો પૃથક્ પૃથક્ અર્થ ગ્રહણ કરવામાં આવે તો આગામી સૂત્રમાં જે પણ આપવાદિક પ્રત્યય દર્શાવવામાં આવશે. તેની માટે બંનેના અર્થનો નિર્દેશ પણ પૃથક્-પૃથક્ કરવો પડે. જે ગૌરવભૂત હોવાથી ઈષ્ટ નથી. આમ, કાર્યસિદ્ધ હોવા છતાં પણ જે આ સૂત્રનો પુનઃ નિર્દેશ કરવામાં આવે છે તે બંને અર્થનું યુગપત્ ગ્રહણ કરીને આગામી અપવાદ કાર્યોને બંને અર્થમાં એક સાથે ગ્રહણ કરવા માટે તેમજ तस्येदम्માંથી માત્ર વ્યાખ્યાન રૂપ વિશેષ અર્થને અપવાદના વિષયભૂત બનાવવા માટે છે.

प्रायो बहुस्वरादिकण् ६.३.१४३

अ.अ.सू. : बहुस्वरात् ग्रन्थात् तस्य व्याख्याने, तत्र ग्रन्थात् च(भवे) प्रायः इकण्।

अर्थ : अनेकस्वरी ग्रंथवाची षष्ठ्यन्त नामथी व्याख्यान अर्थमां अने सप्तम्यन्त नामथी भव अर्थमां प्रायः इकण्(इक) प्रत्यय थाय छे.

स. : बहुस्वरात्=बहवः स्वरा यत्रेति, बहुस्वरः तस्मादिति।

उदा. (१) **षात्वणत्विकम्**=षत्वणत्वनुं व्याख्यान/तेमां रहेनार.
षत्वणत्वयोर्व्याख्यानम्/भवमिति।
आ सूत्रथी इकण्→षत्वणत्व+**इक**
वृद्धि वगेरे थतां→**षात्वणत्विकम्**।

(२) **प्रायोग्रहणात् सांहितम्**=संधिनुं व्याख्यान/तेमां रहेनार.
संहिताया व्याख्यानं/संहितायां भवमिति।
तस्य व्याख्याने०६.३.१४२थी प्राप्त व्याख्यानादि अर्थमां,
प्राग् जिताद०६.१.१३थी अण्→संहिता+**अ**
वृद्धि वगेरे थतां→**सांहितम्**।

अहीं संहिता ते अनेकस्वरी ग्रंथवाची नाम होवा छतां पण व्याख्यान/भव अर्थमां आ सूत्रना प्रायः पदना कारणे इकण् थयो नहीं.

ऋगृद्-द्विस्वर-यागेभ्यः ६.३.१४४

अ.अ.सू. : ऋगृद्-द्विस्वर-यागेभ्यः ग्रन्थात् तस्य व्याख्याने, तत्र ग्रन्थात् च(भवे) इकण्।

अर्थ : ग्रंथवाची ऋच्, ऋकारान्त, द्विस्वरी, यागार्थक षष्ठ्यन्त नामथी व्याख्यान अर्थमां अने सप्तम्यन्त नामथी भव अर्थमां इकण्(इक) प्रत्यय थाय छे.

સ. : **ऋगृद्-द्विस्वर-यागेभ्यः**=ऋक् च ऋच्च द्विस्वरश्च यागश्चेति ऋगृद्-द्विस्वर-यागाः, तेभ्य इति।

ઉદા. (૧) **आर्चिकम्**=ઋચાઓનું વ્યાખ્યાન/તેમાં રહેનાર.
ऋचां व्याख्यानम्/ऋक्षु भवमिति।
આ સૂત્રથી इकण्→ऋच्+**इक**
વૃદ્ધિ વગેરે થતાં→**आर्चिकम्**।

(૨) **चातुर्होतृकम्**=ચતુહોર્તૃ ગ્રંથનું વ્યાખ્યાન/તેમાં રહેનાર.
चातुर्होतुः व्याख्यानम्/चातुर्होतरि भवमिति।

(૩) **आङ्गिकम्**=અંગનું વ્યાખ્યાન/તેમાં રહેનાર.
अङ्गस्य व्याख्यानम्/अङ्गे भवमिति।

(૪) **राजसूयिकम्**=રાજસૂયનું વ્યાખ્યાન/તેમાં રહેનાર.
राजसूयस्य व्याख्यानम्/राजसूये भवमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં यागेभ्यः એ પ્રમાણે બ.વ. સસોમક એવા અગ્નિષ્ટોમાદિ અને અસોમક એવા પઞ્ચૌદનાદિ યજ્ઞના ગ્રહણ માટે છે.

(૨) યદ્યપિ પૂર્વસૂત્રમાં બહુસ્વરવાળા ગ્રંથવાચી નામનું નિર્દેશ હોવાથી સૂત્રનિર્દિષ્ટ ऋच् ગ્રંથવાચી, યાગવાચી અને દ્વિસ્વરી નામનું ગ્રહણ થઈ જ જાય છે. પરંતુ તે સૂત્રમાં प्रायः નું વચન અનિશ્ચિતાર્થક હોવાથી ઋચાવાચી વગેરે ગ્રંથવાચી નામથી નિશ્ચિતપણે इकण् કરવા માટે આ સૂત્રને પૂર્વસૂત્રના વિસ્તાર રૂપે દર્શાવ્યું છે.

ऋषेरध्याये ६.३.१४५

अ.अ.सू. : ऋषेः ग्रन्थात् तस्य व्याख्याने, तत्र ग्रन्थात् च(भवे) अध्याये इकण्।

अर्थ : ऋषिवाची એવા ગ્રંથવાચી ષષ્ઠ્યન્ત નામથી વ્યાખ્યાન અર્થમાં અને સપ્તમ્યન્ત નામથી ભવ રૂપ અધ્યાય અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. **वाशिष्ठिकोऽध्यायः**=વશિષ્ઠ ગ્રંથના વ્યાખ્યાન રૂપ અધ્યાય/તેમાં રહેનાર અધ્યાય. वशिष्ठस्य व्याख्यानः/वशिष्ठे भव इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अध्याय इति किम् ? वाशिष्ठी ऋक्**=વશિષ્ઠ ગ્રંથની વ્યાખ્યાનભૂત ઋચા. वशिष्ठस्य व्याख्यानी/वशिष्ठे भवा इति।
तस्य व्याख्याने०६.३.१४२ સૂત્રાનુસારે अण्→वशिष्ठ+**अ** વૃદ્ધિ વગેરે થતાં→**वाशिष्ठी**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અધ્યાય રૂપ વ્યાખ્યાન/ભવ અર્થમાં થાય છે. જ્યારે અહીં અધ્યાય રૂપ વ્યાખ્યાનાદિ અર્થ નથી. માટે આ સૂત્રથી इकण् થયો નહીં.

विशेषता :

जि. : આ સૂત્રમાં ઋષિવાચી એવા ગ્રંથવાચી નામનો સ્થાનીતયા નિર્દેશ કર્યો છે. જેનો સમાવેશ પ્રાયો बहुस्वरा०६.३.१४३ સૂત્રમાં થઈ જતાં इकण् પ્રત્યય થવાનો જ હતો. તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

सभा. : અહીં આ સૂત્રના નિર્દેશ દ્વારા **सिद्धे सत्यारम्भो०१/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, ઋષિવાચી એવા ગ્રંથવાચી નામથી માત્ર અધ્યાય રૂપ વ્યાખ્યાનાદિ અર્થમાં જ इकण् પ્રત્યય થશે. અન્ય સ્થાને પ્રાયો बहुस्वरा०६.३.१४३થી પણ अण् થશે નહીં.

અહીં ધ્યાનમાં લેવું કે, પ્રાયો બહુસ્વરા૦૬.૩.૧૪૩ સૂત્રમાં પ્રાયઃ શબ્દનું ગ્રહણ હોવાથી ક્યારેક પ્રાપ્તિ ન સંભવતી હોવાથી ત્યાં પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ છે. અને તેથી તેવા સ્થાને ઉપરોક્ત નિયમ ઘટી શકશે નહીં.

પુરોડાશ-પૌરોડાશાદિકેકટૌ ૬.૩.૧૪૬

અ.અ.સૂ. : પુરોડાશ-પૌરોડાશાત્ ગ્રન્થાત્ તસ્ય વ્યાખ્યાને, તત્ર ગ્રન્થાત્ ચ(ભવે) ઇકેકટૌ।

અર્થ : પુરોડાશ અને પૌરોડાશ ગ્રંથવાચી ષષ્ઠ્યન્ત નામથી વ્યાખ્યાન અર્થમાં અને સપ્તમ્યન્ત નામથી ભવ અર્થમાં ઇક અને ઇકટ્(ઇક) પ્રત્યય થાય છે.

સ. : (૧) **પુરોડાશ-પૌરોડાશાત્** = પુરોડાશશ્ચ પૌરોડાશશ્ચેતિ પુરોડાશ-પૌરોડાશમ્, તસ્માદિતિ।

(૨) **ઇકેકટૌ** = ઇકશ્ચ ઇકટ્ ચેતિ।

ઉદા. (૧) **પુરોડાશિકા/પુરોડાશિકી** = પુરોડાશ ગ્રંથનું વ્યાખ્યાન/તેમાં રહેનાર. પુરોડાશસ્ય વ્યાખ્યાની/પુરોડાશે ભવા ઇતિ।
આ સૂત્રથી ઇક/ઇકટ્ → પુરોડાશ+**ઇક**
અનો લોપ, આપ્/ઙી વગેરે થતાં પુરોડા**શિકા**/પુરોડા**શિકી**।

(૨) **પૌરોડાશિકા/પૌરોડાશિકી** = પૌરોડાશ ગ્રંથનું વ્યાખ્યાન/તેમાં રહેનાર. પૌરોડાશસ્ય વ્યાખ્યાની/પૌરીડાશે ભવા ઇતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં પુરોડાશ અને પૌરોડાશ એ પ્રમાણે બે સ્થાની અને ઇક-ઇકટ્ એ પ્રમાણે બે પ્રત્યય હોવાથી તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ

હતી. તેનો નિષેધ કરવા इकेकटौ એ પ્રમાણે દ્વિવચન કરી સ્થાનીદર્શક અને કાર્યદર્શકપદનો વચનભેદ કરવામાં આવ્યો છે.

(૨) યદ્યપિ સૂત્રનિર્દિષ્ટ इक-इकट् પ્રત્યયના પ્રયોગમાં સામાન્યતયા કોઈ ભેદ જણાતો નથી. પરંતુ સ્ત્રીલિંગમાં इक અન્તવાળા નામ आप् પ્રત્યયાન્ત અને इकट् અન્તવાળા નામ ङी પ્રત્યયાન્ત થાય છે. આ ભેદ જણાય છે.

(૩) અહીં દર્શાવેલ પુરોડાશ નામથી ઔત્સર્ગિક अण्नी, પૌરોડાશથી दोरीयः ६.૩.૩૨થી ईयनी તેમજ, બંને નામથી પ્રાયો બહુસ્વરા०६.૩.૧૪૩થી इकण्नी પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી इक, इकट् કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

छन्दसो यः ६.३.१४७

अ.अ.सू. : छन्दसः ग्रन्थात् तस्य व्याख्याने, तत्र ग्रन्थात् च(भवे) यः।

अर्थ : છન્દસ્ ગ્રંથવાચી ષષ્ઠ્યન્ત નામથી વ્યાખ્યાન અર્થમાં અને સપ્તમ્યન્ત નામથી ભવ અર્થમાં य પ્રત્યય થાય છે.

ઉદા. **छन्दस्यः**=છન્દસ્ ગ્રંથનું વ્યાખ્યાન/તેમાં રહેનાર.
छन्दसो व्याख्यानः/छन्दसि भव इति।
આ સૂત્રથી य→छन्दस्+**य**
પ્રથમા सि વગેરે→छन्दस्यः।

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, છન્દસ્ નામ દ્વિસ્વરી હોવાથી ऋगृद्-द्विस्वर०६.૩.૧૪૪ સૂત્રથી इकण्नी પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી આ સૂત્રથી य પ્રત્યય કરેલ છે. માટે આ સૂત્રમાં દર્શાવેલ य પ્રત્યય इकण्ના અપવાદ રૂપ જાણવો.

शिक्षादेश्चाऽण् ६.३.१४८

अ.अ.सू. : ग्रन्थात् शिक्षादेः च(छन्दसः) तस्य व्याख्याने, तत्र ग्रन्थात् च(भवे) अण्।

अर्थ : ग्रंथवाची शिक्षा वगेरे अने छन्दस् षष्ठ्यन्त नामथी व्याख्यान अर्थमां अने सप्तम्यन्त नामथी भव अर्थमां अण्(अ) प्रत्यय थाय छे.

स. : शिक्षादेः=शिक्षा आदिर्यस्य स इति शिक्षादिः, तस्मादिति।

उदा. (१) **शैक्षः**=शिक्षा ग्रंथनुं व्याख्यान/तेमां रहेनार.
शिक्षाया व्याख्यानः/शिक्षायां भव इति।
आ सूत्रथी अण्→शिक्षा+**अ**
वृद्धि वगेरे थतां→**शैक्षः**।

(२) **आर्गयनः**=ऋगयननुं व्याख्यान/तेमां रहेनार.
ऋगयनस्य व्याख्यानः/ऋगयने भव इति।

(३) **छान्दसः**=छन्दसूनुं व्याख्यान/तेमां रहेनार.
छन्दसो व्याख्यानः/छन्दसि भव इति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

(१) अहीं भव अर्थमां शिक्षा वगेरे नामथी भवे ६.३.१२३ सूत्रथी इकण्नी प्राप्ति हती. तेनो आ सूत्रथी थता अण् द्वारा बाध थाय छे. माटे आ सूत्रथी थतो अण् प्रत्यय इकण्ना अपवादरूप जाणवो.

(२) यद्यपि पूर्वनी जेम अहीं पण यथाविहिततया अण् थई जात तो पण अण्नुं ग्रहण दु संज्ञक शिक्षा वगेरे नामोथी दोरीयः ६.३.३२थी थता ईयनो बाध करवा माटे करेल छे.

(३) **शिक्षादि गण** : शिक्षा, ऋगयन, पद, व्याख्यान, पदव्याख्यान, छन्दस्, छन्दोव्याख्यान, छन्दोमान, छन्दोभाष, छन्दोविचिति, छन्दोविजिति,

न्याय, पुनरुक्त, निरुक्त, व्याकरण, निगम, वास्तुविद्या, अङ्गविद्या, क्षत्रविद्या, त्रिविद्या, विद्या, उत्पात, उत्पाद, संवत्सर, मुहूर्त्त, निमित्त, उपनिषद्, ऋषि, यज्ञ, चर्चा, क्रमेतर, श्लक्ष्ण।

(४) पूर्वसूत्रनी जेम ज आ सूत्र पण प्रायः पदना कारणे अनिश्चितता थवाथी तेने शिक्षादि गण विषयमां निश्चित करवा माटे ज ते सूत्रना विस्तार रूप जाणवुं.

(५) यद्यपि सूत्रमां शिक्षादेःनुं ग्रहण कर्युं होवाथी पूर्वसूत्रथी आवतो छन्दसःनो अधिकार अटकी जाय छे. परंतु सूत्रगत चकार द्वारा **चकारो यस्मात् २/६१** न्यायानुसारे स्थानीतया शिक्षादिने सजातीय स्थानी एवा छन्दस्नुं पूर्वसूत्रथी अनुकर्षण कराय छे.

भव अने व्याख्यान अर्थक प्रत्ययने बतावतुं कोष्टक

सूत्र	प्रकृति	अर्थनुं विशेषण	प्रत्यय	उदाहरण
भवे ६.३.१२३	नदी वगेरे	–	यथाविहित	स्रौघ्नः
दिगादि०६.३.१२४	दिग् वगेरे, देहांशवाची	–	य	दिश्यः
नाम्न्यु०६.३.१२५	उदक	संज्ञानो विषय	य	उदक्यः
मध्याद्०६.३.१२६	मध्य	–	दिनण्, ण, ईय	मध्यन्दिनः
जिह्वा०६.३.१२७	जिह्वामूल, अङ्गुलि, मध्य	–	ईय	जिह्वामूलीयः
वर्गान्तात् ६.३.१२८	वर्ग अन्तवाळा	–	ईय	कवर्गीयः
ईन-यौ०६.३.१२९	"	अशब्दनो विषय	ईन, य	भरतवर्गीणः

दृति-कुक्षि०६.३.१३०	दृति, कुक्षि, कलशि, वस्ति, अहि	–	एयण्	दार्त्तेयम्
आस्तेयम् ६.३.१३१	अस्ति	निपातन	एयण्	आस्तेयम्
ग्रीवातोऽ०६.३.१३२	ग्रीवा	–	अण्, एयण्	ग्रैवम्
चतुर्मासा०६.३.१३३	चतुर्मास	संज्ञानो विषय	अण्	चातुर्मासी
यज्ञे ञ्यः६.३.१३४	चतुर्मास	यज्ञ३५	ञ्य	चातुर्मास्याः
गम्भीरपञ्च०६.३.१३५	गम्भीर, पञ्चजन, बहिस्, देव	–	ञ्य	गाम्भीर्यः
परिमुखादे०६.३.१३६	परिमुख वगेरे अव्ययी.	–	ञ्य	पारिमुख्यः
अन्तःपूर्वा०६.३.१३७	अन्तर पूर्वपदवाळा अव्ययी.	–	इकण्	आन्तरगारिकः
पर्यनोर्ग्रा०६.३.१३८	परि/अनु+ग्राम अव्ययी.	–	इकण्	पारिग्रामिकः
उपाज्जानु०६.३.१३९	उप+जानु, नीवि, कर्ण अव्ययी.	–	इकण्	औपजानुकः
रुढावन्तः०६.३.१४०	अन्तःपुर	रुढि-अर्थ	इक	अन्तःपुरिका
कर्ण-ललाटा०६.३.१४१	कर्ण, ललाट	”	कल्	कर्णिका
तस्य०६.३.१४२•	ग्रंथवाची	–	यथाविहित	कार्त्तम्
प्रायो बहु०६.३.१४३•	बहुस्वरी ग्रंथवाची	–	इकण्	षात्वणत्विकम्

ऋगृद्०६.३.१४४•	ऋक्, ऋकारान्त, द्विस्वरी यागार्थक	–	इकण्	आर्चिकम्
ऋषेरध्या०६.३.१४५•	ऋषि ग्रंथवाची	–	इकण्	वाशिष्ठिकः
पुरोडाश०६.३.१४६•	पुरोडाश, पौरोडाश	–	इक, इकट्	पुरोडाशिका
छन्दसो०६.३.१४७•	छन्दस्	–	य	छन्दस्यः
शिक्षादे०६.३.१४८•	शिक्षा वगेरे, छन्दस्	–	अण्	शैक्षः
• षष्ठ्यन्त प्रकृतिथी व्याख्यान अर्थमां पण प्रत्यय थशे.				

तत आगते ६.३.१४९

अ.अ.सू. : ततः आगते।

अर्थ : पंचम्यन्त नामथी आवेल अर्थमां अण्(अ), एयण्(एय) वगेरे यथाविहित प्रत्यय थाय छे.

उदा. (१) **स्रौघ्नः**=स्रुघ्न देशमांथी आवेल. स्रुघ्नात् आगत इति।

(२) **गव्यः**=गायमांथी आवेल. गोभ्य आगत इति।

(३) **नादेयः**=नदीमांथी आवेल. नद्या आगत इति।

(४) **ग्राम्यः**=गाममांथी आवेल. ग्रामात् आगत इति।

आ उदा.नी साधनिका ६.३.१२३मां दर्शाव्या प्रमाणे जाणवी. अने उदा.२ मां आ सूत्रथी प्राप्त आगत अर्थमां गोः स्वरे०६.१.२७थी य प्रत्यय करवो.

विशेषता :

सूत्रमां ततः आगते એ प्रमाणे अपादाननुं ग्रहण कर्युं छे. तेथी स्रुघ्नादागच्छत् वृक्षमूलादागतः ઈत्यादि गौण अपादानना प्रयोगमां

गौणमुख्ययोर्मुख्ये कार्यसंप्रत्ययः ૧/૨૨ ન્યાયાનુસારે સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

અહીં स्रुघ्नादागच्छन् પ્રયોગમાં સ્રુઘ્ન દેશથી આવતો એ પ્રમાણે અર્થ છે. હજી સ્રુઘ્ન પ્રદેશથી છૂટો પડ્યો નથી. वृक्षमूलादागतः પ્રયોગમાં મૂળથી નીકળેલી શાખા એ પ્રમાણે અર્થ છે. ત્યાં શાખા મૂળથી તદ્દન છૂટી પડતી નથી.

આમ, આવા અપાદાન પ્રયોગ ગૌણ અપાદાન સ્વરૂપ છે. તેવું જણાય છે.

विद्या-योनिसम्बन्धादकञ् ૬.૩.૧૫૦

અ.અ.સૂ. : ततः विद्यायोनिसम्बन्धात् आगते अकञ्।

અર્થ : પંચમ્યન્ત વિદ્યા અને યોનિસંબંધવાચી નામથી આવેલ અર્થમાં અકञ्(अक) પ્રત્યય થાય છે.

સ. : विद्यायोनिसम्बन्धात्=विद्या च योनिश्चेति विद्यायोन्योः, तयोः कृतः सम्बन्ध इति। विद्यायोनिसम्बन्धम्, तस्मादिति।

ઉદા. (૧) **आचार्यकम्**=આચાર્યજી પાસેથી આવેલું.
आचार्यात् आगतमिति।
આ સૂત્રથી अकञ्→आचार्य+**अक**
વૃદ્ધિ વગેરે થતાં→आचार्य**कम्**।

(૨) **पैतामहकम्**=દાદા પાસેથી આવેલું. पितामहात् आगतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રનિર્દિષ્ટ વિદ્યાયોનિસમ્બન્ધાત્ પદમાં **દ્વન્દ્વાત્પરઃ પ્રત્યેક૦ ૩/૧૫** ન્યાયાનુસારે સમ્બન્ધ પદનો અન્વય દ્વન્દ્વ સમાસના વિદ્યા અને યોનિ એ પ્રમાણે બંને પદ સાથે કરવો.

(૨) આ સૂત્રથી થતા અકઞ્ દ્વારા ઔત્સર્ગિક અણ્નો બાધ થાય છે. તેમજ, વિદ્યા અને યોનિ સંબંધવાચી નામને સંજ્ઞા દુર્વા ૬.૧.૬થી વિકલ્પે દુ સંજ્ઞા થતી હોવાથી દોરીયઃ ૬.૩.૩૨થી ઈયની પ્રાપ્તિ હતી. તેનો પર એવા આ સૂત્રથી બાધ થાય છે.

पितुर्योवा ६.३.१५१

અ.અ.સૂ. : विद्या-योनिसम्बन्धात् पितुः ततः आगते यः वा।

અર્થ : વિદ્યા અને યોનિ સંબંધવાચી પંચમ્યન્ત પિતૃ નામથી આવેલ અર્થમાં ય પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **पित्र्यम्/पैतृकम्**=પિતાની પાસેથી આવેલું. पितुरागतमिति।

આ સૂત્રથી ય→પિતૃ+**ય**

ઋતો રસ્તદ્ધિતે ૧.૨.૨૬થી ઋનો ર્→**પિત્ર્**+ય

પ્રથમા સિ વગેરે→**પિત્ર્યમ્**।

વિકલ્પે : જ્યારે ય ન થાય ત્યારે,

ઋત ઇકણ્ ૬.૩.૧૫૨થી ઇકણ્→પિતૃ+**ઇક**

વૃદ્ધિ વગેરે થતાં→**પૈતૃકમ્**।

વિશેષતા :

આ સૂત્રમાં દર્શાવેલ પિતૃ નામ ઋકારાન્ત હોવાથી ઋત ઇકણ્ ૬.૩.૧૫૨થી નિત્ય ઇકણ્ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી વિકલ્પે ય કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો ય પ્રત્યય નિત્ય ઇકણ્ના અપવાદરૂપ જાણવો.

ऋत इकण् ६.३.१५२

अ.अ.सू. : ततः ऋतः विद्यायोनिसम्बन्धात् आगते इकण्।

અર્થ : પંચમ્યન્ત ઋકારાન્ત વિદ્યા અને યોનિ સંબંધવાચી નામથી આવેલ અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **हौतृकम्**=ગોરમહારાજ પાસેથી આવેલું. होतुरागतमिति।
આ સૂત્રથી इकण्→होतृ+**इक**
ऋवर्णोवर्ण०७.४.७१થી इનો લોપ→होतृ+क
વૃદ્ધિ વગેરે થતાં→**हौतृकम्**।

(૨) **मातृकम्**=માતા પાસેથી આવેલું. मातुरागतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

આ સૂત્રમાં દર્શાવેલ વિદ્યાયોનિ સંબંધવાચી ઋકારાન્ત નામથી विद्यायोनि०६.३.१५०થી अकञ्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી इकण् કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો इकण् પ્રત્યય अकञ्ના અપવાદ રૂપ જાણવો.

आयस्थानात् ६.३.१५३

अ.अ.सू. : आयस्थानात् ततः आगते इकण्।

અર્થ : સ્વામીને ગ્રહણ કરવા યોગ્ય ભાગ જ્યાં ઉત્પન્ન થાય છે તે **आयस्थान**. પંચમ્યન્ત આયસ્થાનવાચી નામથી આવેલ અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. **आतरिकम्**=નદી તીર્થથી આવેલું. आतरादागतमिति।
આ સૂત્રથી इकण्→आतर+**इक**
વૃદ્ધિ વગેરે થતાં→**आतरिकम्**।

વિશેષતા :

(૧) અહીં દર્શાવેલ इकण् પ્રત્યય દ્વારા ઔત્સર્ગિકતયા अण्નો બાધ થાય છે. તેમજ આયસ્થાનીવાચી નામને वृद्धिर्यस्य०६.१.८થી दु સંજ્ઞા થતાં दोरीयः ६.३.७२થી થતા ईयનો પણ આ સૂત્ર દ્વારા થતા इकण्થી બાધ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આયસ્થાન તરીકે અપ્રસિદ્ધ છતાં પણ તદ્રૂપે વિવક્ષિત હોય તેવા નામથી પણ સૂત્રપ્રવૃત્તિ ઈચ્છે છે. જેમકે, स्रौघ्निकम् અહીં स्रुघ्न એ જનપદ કે જિલ્લાનું નામ છે. તેમાં રહેલા મનુષ્યોની આવક આદિ ઉપર આય લાગતો હોય છે. પરંતુ તે જનપદ કે જિલ્લા પર નહીં. તેથી તે જનપદ કે જિલ્લો આયસ્થાન તરીકે લોકમાં પ્રસિદ્ધ નથી. ત્યાં આધારમાં આધેયનો ઉપચાર કરીને તે દેશવાચી નામની આયસ્થાન તરીકે વિવક્ષા કરવામાં આવી છે.

शुण्डिकादेरण् ६.३.१५४

અ.અ.સૂ. : शुण्डिकादेः ततः आगते अण्।

અર્થ : शुण्डिका વગેરે પંચમ્યન્ત નામથી આવેલ અર્થમાં अण्(अ) પ્રત્યય થાય છે.

સ. : शुण्डिकादेः=शुण्डिका आदिर्यस्य स इति शुण्डिकादिः, तस्मादिति।

ઉદા. (૧) **शौण्डिकम्**=મદિરાની દુકાનથી આવેલું.
शुण्डिकाया आगतमिति।
આ સૂત્રથી अण्→शुण्डिका+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**शौण्डिकम्**।

(૨) **औदपानम्**=પાણીની પરબમાંથી આવેલું.
उदपानात् आगतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **शुण्डिकादि ગણ :** शुण्डिका, उदपान, पर्ण, कृकण, उलप, तृण, तीर्थ, स्थण्डिल, उपल, उदक, भूमि, पिष्पल।

(૨) અહીં शुण्डिकादि ગણમાં જે નામોનું ગ્રહણ કર્યું છે તે આયસ્થાન તરીકે પણ વિવક્ષિત થઈ શકે છે. તેથી પૂર્વે आयस्थानात् ૬.૩.૧૫૩ સૂત્રથી इकण्ની પ્રાપ્તિ છે. તથા धूमादेः ૬.૩.૪૬થી अकञ्ની તેમજ पर्ण, कुकण નામથી दोरीयः ૬.૩.૩૨થી ईयની પ્રાપ્તિ હતી. માટે આ સૂત્ર દ્વારા સર્વનો બાધ થાય છે. માટે આ સૂત્ર इकणादिના અપવાદરૂપ જાણવું.

(૩) જો સૂત્રમાં अण्નું ગ્રહણ ન કર્યું હોત તો પણ પૂર્વના સૂત્રથી પૃથક્ નિર્દિષ્ટ હોવાના કારણે અને અનાયસ્થાનના વિષયમાં પણ સૂત્રપ્રવૃત્તિ ઈષ્ટ હોવાના કારણે इकणादि પ્રત્યય ન લાગતાં યથાવિહિત अण्ની જ પ્રાપ્તિ હતી. તેમ છતાં અહીં જે अण्નો નિર્દેશ કર્યો છે તે વિશેષ સ્પષ્ટતા માટે જાણવો.

गोत्रादङ्कवत् ૬.૩.૧૫૫

અ.અ.સૂ. : ततः गोत्रात् आगते अङ्कवत्।

અર્થ : પંચમ્યન્ત ગોત્રાર્થક પ્રત્યયાન્ત નામથી આવેલ અર્થમાં અંક અર્થની જેમ પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **बैदम्**=बिदऋषि પાસેથી આવેલું. बैदेभ्य आगतमिति।
આ સૂત્રથી અંકની જેમ પ્રત્યયની પ્રાપ્તિ થતાં,
सङ्घ-घोषा०૬.૩.૧૭૨થી થતાં अण्ની જેમ,
આ સૂત્રથી अण्→बैद+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→बैदम्।

(૨) **औपगवकम्**=ગોવાળની પાસેથી આવેલું.
औपगवेभ्य आगत इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

नृ-हेतुभ्यो रुप्य-मयटौ वा ६.३.१५६

अ.अ.सू. : नृ-हेतुभ्यः ततः आगते रुप्य-मयटौ वा।

અર્થ : મનુષ્યવાચી અને હેતુવાચી પંચમ્યન્ત નામથી આવેલ અર્થમાં રુપ્ય અને મયટ્(મય) પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : (૧) **नृ-हेतुभ्यः**=ना च हेतवश्चेति नृ-हेतवः, तेभ्य इति।
(૨) **रुप्य-मयटौ**=रुप्यश्च मयट् चेति।

ઉદા. (૧) **चैत्ररुप्यम्/चैत्रमयम्/चैत्रीयम्**=ચૈત્ર પાસેથી આવેલું.
चैत्रादागतमिति।
આ સૂત્રથી રુપ્ય/મયટ્→चैत्र+**रुप्य/मय**
પ્રથમા સિ વગેરે→**चैत्ररुप्यम्**/चैत्रमयम्।
વિકલ્પે : જ્યારે રુપ્ય-મયટ્ ન થાય ત્યારે,
दोरीयः ૬.૩.૩૨થી ईय→चैत्र+**ईय**
અનો લોપ વગેરે થતાં→**चैत्रीयम्**।

(૨) **समरुप्यम्/सममयम्/समीयम्**=સમાન કારણે આવેલું.
समादागतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ વિકલ્પપક્ષે ईयનું વિધાન गहादिभ्यः ૬.૩.૬૩થી કરવું.

વિશેષતા :

(૧) સૂત્રમાં नृ-हेतुभ्यः એ પ્રમાણે સ્થાનીદર્શક પદ અને रुप्य-मयटौ એ પ્રમાણે કાર્યદર્શક પદની સંખ્યા સમાન હોવાથી તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે. પરંતુ रुप्य-मयटौ એ પ્રમાણે દ્વિવચન કરી વચનભેદ કરવા દ્વારા અનુક્રમ અર્થની નિવૃત્તિ કરી છે.

(૨) સૂત્રમાં દર્શાવેલ હેતુ પદથી કારણવાચી નામનું ગ્રહણ થાય છે. અને નૃ શબ્દનું પૃથક્ ગ્રહણ અકારણાર્થક પણ નૃ વાચી નામથી સૂત્રપ્રવૃત્તિ કરવા માટે જાણવું.

(૩) સૂત્રમાં નૃ-હેતુભ્યઃ એ પ્રમાણે બ.વ. કર્યું છે તે નૃ અને હેતુ એ સ્વરૂપવાળા માત્ર બે શબ્દથી સૂત્રપ્રવૃત્તિનો નિષેધ કરી મનુષ્યવાચી અને હેતુવાચી દરેક નામથી સૂત્રપ્રવૃત્તિ દર્શાવવા માટે છે.

(૪) સૂત્રનિર્દિષ્ટ મયટ્ પ્રત્યયમાં ટ્ ઈત્ સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય કરવા માટે છે.

આગત અર્થક પ્રત્યયને દર્શાવતું કોષ્ટક

સૂત્ર	પ્રકૃતિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
તત૦૬.૩.૧૪૯	નદી વગેરે	–	યથાવિહિત	સ્રૌઘ્નઃ
વિદ્યા૦૬.૩.૧૫૦	વિદ્યા, યોનિ સંબંધવાચી	–	અકञ્	આચાર્યકમ્
પિતુર્યો૦૬.૩.૧૫૧	વિદ્યા, યોનિ સંબંધવાચી પિતૃ	–	ય	પિત્र્યમ્
ઋત૦૬.૩.૧૫૨	વિદ્યા, યોનિ સંબંધવાચી ઋકારાન્ત	–	ઇકણ્	હૌતૃકમ્
આયસ્થાના૦૬.૩.૧૫૩	આયસ્થાનવાચી	–	ઇકણ્	આતરિકમ્
શુણ્ડિકા૦૬.૩.૧૫૪	શુણ્ડિકા વગેરે	–	અણ્	શૌણ્ડિકમ્
ગોત્રાદ૦૬.૩.૧૫૫	ગોત્ર પ્રત્યયાન્ત	–	અઙ્કવત્	બૈદમ્
નૃ-હેતુ૦૬.૩.૧૫૬	મનુષ્ય, હેતુવાચી	–	રુપ્ય/મયટ્	ચૈત્રરુપ્યમ્

प्रभवति ६.३.१५७

अ.अ.सू. : ततः प्रभवति।

अर्थ : पंचम्यन्त नामथी प्रभव (प्रारंभ स्थान) अर्थमां यथाविहित प्रत्यय थाय छे.

उदा. हैमवती गङ्गा=हिमवंत पर्वतमांथी शरू थती गंगा नदी.

हिमवतः प्रभवतीति।

आ सूत्रथी प्राप्त प्रभव अर्थमां,

प्राग् जिताद०६.१.१उथी अण्→हिमवत्+**अ**

वृद्धि वगेरे थतां→**हैमवती**।

विशेषता :

कोईपण वस्तुने सर्वप्रथम रीते प्राप्त करवी अर्थात् शरूआत करवी ते प्रभव कहेवाय छे.

यद्यपि जाते ६.३.९८ सूत्रथी सर्वप्रथम उत्पत्ति स्वरूप प्रभव अर्थनी पण प्राप्ति थई जाय छे. परंतु ते अर्थमां दर्शावेल प्रत्यय सप्तम्यन्त नामथी अने पंचम्यन्त नामथी आ अर्थमां दर्शावेल प्रत्ययनी विवक्षा छे.

वैडूर्यः ६.३.१५८

अ.अ.सू. : वैडूर्यः।

अर्थ : पंचम्यन्त विडूर नामथी प्रभव अर्थमां ञ्य(य) प्रत्यय थाय छे.

उदा. वैडूर्यो मणि=विडूर पर्वतमांथी नीकळेलो मणि. विडूरात् प्रभवतीति।

आ सूत्रथी ञ्य→विडूर+**य**

वृद्धि वगेरे थतां→**वैडूर्यः**।

त्यदादेर्मयट् ६.३.१५९

अ.अ.सू. : ततः त्यदादेः प्रभवति मयट्।

अर्थ : पंचम्यन्त त्यद् वगेरे सर्वनाम नामथी प्रभव अर्थमां मयट्(मय) प्रत्यय थाय छे.

स. : त्यदादेः=त्यद् आदिर्यस्य स इति त्यदादिः, तस्मादिति।

ઉદા. (१) **तन्मयम्**=तेनाथी प्रगट. तस्मात् प्रभवतीति।
आ सूत्रथी मयट्→तद्+**मय**
प्रथमा सि, द्नो न् वगेरे→**तन्मयम्**।

(२) **भवन्मयी**=आपनाथी प्रगट. भवतः प्रभवतीति।
आ ઉદા.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

प्रभव अर्थक प्रत्ययने दर्शावतुं कोष्टक

सूत्र	प्रकृति	अर्थनुं विशेषण	प्रत्यय	ઉદાहरण
प्रभवति ६.३.१५७	नदी वगेरे	—	यथाविहित	हैमवती
वैडूर्यः ६.३.१५८	विडूर	निपातन	ञ्य	वैडूर्यः
त्यदादे०६.३.१५९	त्यद् वगेरे	—	मयट्	तन्मयम्

तस्येदम् ६.३.१६०

अ.अ.सू. : तस्य इदम्।

अर्थ : षष्ठ्यन्त नामथी इदम् अर्थमां यथाविहित प्रत्यय थाय छे.

ઉદા. (१) **माथुरम्**=मथुरा संबंधी. मथुरायां इदमिति।
आ सूत्रथी प्राप्त इदम् अर्थमां,
प्राग् जिताद०६.१.१३थी अण्→मथुरा+**अ**
वृद्धि वगेरे थतां→**माथुरम्**।

(૨) **दैत्यम्**=दिति संबंधी. दितेरयमिति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અહીં अनिदम्यण० ૬.૧.૧૫થી ञ्य પ્રત્યય કરવો. તે જ પ્રમાણે આગામી ઉદા.માં પણ માત્ર પ્રત્યયનો ભેદ થાય છે. અને ત્યાં માત્ર તે સૂત્રો જ દર્શાવાશે. અન્ય પ્રક્રિયા નહીં.

(૩) **कालेयम्**=કલિ દેવ સંબંધી. कलेरिदमिति।
(कल्यग्ने०૬.૧.૧૭થી एयण्)

(૪) **नादेयम्**=નદી સંબંધી. नद्या इदमिति।
(नद्यादे०૬.૩.૨થી एयण्)

(૫) **पारीणः**=કિનારા સંબંધી. पारस्य इदमिति।
(व्यस्त०૬.૩.૭થી ईन)

(૬) **भानवीयः**=સૂર્ય સંબંધી. भानोरिदमिति।
(दोरीयः ૬.૩.૩૨થી ईय)

વિશેષતા :

સૂત્રમાં तस्य એ પ્રમાણે ષષ્ઠીના અર્થનું ગ્રહણ છે. તેનાથી સંબંધવાળી દરેક ષષ્ઠી વિભક્તિમાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

हल-सीरादिकण् ૬.૩.૧૬૧

અ.અ.સૂ. : हल-सीरात् तस्य इदम् इकण्।

અર્થ : હલ અને સીર ષષ્ઠ્યન્ત નામથી इदम् અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

સ. : हल-सीरात्=हलश्च सीरश्चेति हल-सीरम्, तस्मादिति।

ઉદા. (૧) **हालिकम्**=હળ સંબંધી. हलस्य इदमिति।
આ સૂત્રથી इकण्→हल+**इक**
વૃદ્ધિ વગેરે થતાં→**हालिकम्**।

(૨) **सैरिकम्**=સીર સંબંધી. सीरस्येदमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

પૂર્વની જેમ આ સૂત્રથી થતો इकण् પ્રત્યય ઔત્સર્ગિક अण्ના અપવાદરૂપ જાણવો.

समिध आधाने टेन्यण् ૬.૩.૧૬૨

અ.અ.સૂ. : तस्य समिधः आधाने इदं टेन्यण्।

અર્થ : ષષ્ઠ્યન્ત समिध् નામથી આધાન રૂપ इदम् અર્થમાં टेन्यण् (एन्य) પ્રત્યય થાય છે.

ઉદા. सामिधेन्यो मन्त्रः=સમિધ કાષ્ઠ અગ્નિમાં હોમવાનો મંત્ર.
समिधामाधान इति।
આ સૂત્રથી टेन्यण्→समिध्+**एन्य**
વૃદ્ધિ વગેરે થતાં→**सा**मिधेन्यः।

વિશેષતા :

(૧) પૂર્વની જેમ આ સૂત્રથી થતો टेन्यण् પ્રત્યય ઔત્સર્ગિક अण्ના અપવાદરૂપ જાણવો.

(૨) સૂત્રનિર્દિષ્ટ टेन्यण् પ્રત્યયમાં ट् ઈત્ સ્ત્રીલિંગમાં ङी કરવા માટે છે.

विवाहे द्वन्द्वादकल् ૬.૩.૧૬૩

અ.અ.સૂ. : द्वन्द्वात् तस्य विवाहे इदम् अकल्।

અર્થ : ષષ્ઠ્યન્ત દ્વન્દ્વ સમાસથી વિવાહરૂપ इदम् અર્થમાં अकल्(अक) પ્રત્યય થાય છે.

ઉદા. **अत्रिभरद्वाजिका**=અત્રિ અને ભરદ્વાજનો વિવાહ.
अत्रीणां भारद्वाजानां विवाह इति।
આ સૂત્રથી अकल्→अत्रिभरद्वाज+**अक**
અનો લોપ, आप् વગેરે થતાં→अत्रिभारद्वाजिका।

વિશેષતા :

(૧) સૂત્રનિર્દિષ્ટ अकल् પ્રત્યયમાં ल् ઈત્ સ્ત્રીલિંગમાં પ્રયોગ કરવા માટે છે.

(૨) પૂર્વની જેમ આ સૂત્રથી થતો अकल् પ્રત્યય ઔત્સર્ગિક अण्ના અપવાદરૂપ જાણવો.

अदेवासुरादिभ्यो वैरे ६.३.१६४

અ.અ.સૂ. : तस्य अदेवासुरादिभ्यः द्वन्द्वेभ्यः वैरे इदम् अकल्।

અર્થ : દેવાસુર વગેરે સિવાયના ષષ્ઠ્યન્ત દ્વન્દ્વ સમાસથી વૈરરૂપ इदम् અર્થમાં अकल्(अक) પ્રત્યય થાય છે.

સ. : अदेवासुरादिभ्यः=દેવાસુર आदिर्येषां ते इति देवासुरादयः, न देवासुरादय इति अदेवासुरादयः, तेभ्य इति।

ઉદા. **बाभ्रवशालङ्कायनिका**=બાભ્રવ અને શાલંકાયનોનું વૈર.
ब्राभ्रवाणां शालङ्कायनानां च वैर इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. अदेवादीति किम् ?

(૧) **दैवाऽसुरम्**=દેવ અને અસુરોનું વૈર.
देवानाम् असुराणां च वैर इति।

(૨) **राक्षोऽसुरम्**=રાક્ષસ અને અસુરોનું વૈર.
रक्षसाम् असुराणां च वैर इति।
અહીં प्राग् जिताद०६.१.१૩થી अण् કરવો.

★ આ સૂત્રમાં देवाऽसुर વગેરે પ્રયોગોનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી अकल् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રગત देवासुरादयः ગણમાં આના જેવા નિષેધ કરાતા અન્ય પ્રયોગોનો સમાવેશ થાય છે. તેની માટે સૂત્રમા બ.વ. કર્યું હોય તેવું જણાય છે.

(૨) આ સૂત્રથી થતા अकल् પ્રત્યય ઔત્સર્ગિક अण्ના અપવાદરૂપ જાણવો. તેમજ, दु સંજ્ઞક એવા નામથી दौरीयः ૬.૩.૩૨થી ईयની પ્રાપ્તિ હતી. તેનો પરતયા આ સૂત્રથી બાધ થઈ अकल् થાય છે માટે આ સૂત્ર ईयના પણ અપવાદ રૂપ જાણવો.

नटान्नृत्ते ञ्यः ૬.૩.૧૬૫

અ.અ.સૂ. : नटात् तस्य नृत्ते इदम् ञ्यः।

અર્થ : ષષ્ઠ્યન્ત नट નામથી નૃત્ય રૂપ इदम् અર્થમાં ञ्य(य) પ્રત્યય થાય છે.

ઉદા. **नाट्यम्**=નટોનું આ નૃત્ય. नटानामिदं नृत्यमिति।
આ સૂત્રથી ञ्य→नट+**य**
વૃદ્ધિ વગેરે થતાં→**नाट्यम्**।

छन्दोगौक्थिक-याज्ञिक-बह्वृचाच्च धर्मा-ऽऽम्नाय-सङ्घे ૬.૩.૧૬૬

અ.અ.સૂ. : तस्य छन्दोगौक्थिक-याज्ञिक-बह्वृचात् च(नटात्) धर्मा-ऽऽम्नाय-सङ्घे इदम्।

અર્થ : ષષ્ઠ્યન્ત छन्दोग, औक्थिक, याज्ञिक, बह्वृचात् અને नट નામથી ધર્મ, પરંપરા અને સંઘ રૂપ इदम् અર્થમાં ञ्य(य) પ્રત્યય થાય છે.

સ. : (૧) **छन्दोगौक्थिक-याज्ञिक-बह्वृचात्**=छन्दोगश्च औक्थिकश्च याज्ञिकश्च बह्वृचश्चेति छन्दोगौक्थिक-याज्ञिक-बह्वृचम्, तस्मादिति।

(૨) **धर्मा-ऽऽम्नाय-सङ्घे**=धर्मश्च आम्नायश्च सङ्घश्चेति धर्मा-ऽऽम्नाय-सङ्घम्, तस्मिन्निति।

ઉદા. (૧) **छान्दोग्यम्**=છન્દો ગાનારાના ધર્મ/પરંપરા/સંઘ.
छन्दोगानां धर्मः/आम्नायः/सङ्घ इति।
આ સૂત્રથી ञ्य→छन्दोग+**य**
વૃદ્ધિ વગેરે થતાં→**छान्दोग्यः**।

(૨) **औक्थिक्यम्**=ઔક્થિક વેદની શાખા વિશેષનું અધ્યયન કરનારાઓના ધર્માદિ.

(૩) **याज्ञिक्यम्**=યજ્ઞ કરનારાઓના ધર્માદિ.
याज्ञिकानां धर्मः/आम्नायः/सङ्घ इति।

(૪) **बाह्वृच्यम्**=ઘણી ઋચાઓના જાણકારોના ધર્માદિ.
बह्वृचानां धर्मः/आम्नायः/सङ्घ इति।

(૫) **नाट्यम्**=નટોના ધર્માદિ. नटानां धर्मः/आम्नायः/सङ्घ इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) યદ્યપિ સૂત્રમાં છન્દોગૌ૦૦ चात् એ પ્રમાણે સ્થાનીનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો नटात्નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રમાં રહેલા ચકાર દ્વારા **चकारो यस्मात्૦૨/૬૧** ન્યાયાનુસારે સ્થાની તરીકે છન્દોગૌ૦૦ चात्ને સજાતીય સ્થાની એવા नटात्નું પૂર્વસૂત્રથી ગ્રહણ કરાય છે.

(૨) સૂત્રગત છન્દોગ વગેરે નામો ચરણવાચી હોવાથી તેનાથી चरणादकञ् ૬.૩.૧૬૮થી अकञ्ની પ્રાપ્તિ હતી. તેમજ, નટ નામથી

ઔત્સર્ગિકતયા અણ્ની પ્રાપ્તિ હતી તેનો બાધ કરી ञ્ય પ્રત્યય કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્ર અકञ્ અને અણ્ના અપવાદરૂપ જાણવો.

आथर्वणिकादणिकलुक् च ६.३.१६७

અ.અ.સૂ. : आथर्वणिकात् तस्य धर्मा-ऽऽम्नाय-सङ्घे इदम् अण्, इकलुक् च।

અર્થ : આથર્વણિક ષષ્ઠ્યન્ત નામથી ધર્માદિરૂપ इदम् અર્થમાં અણ્(અ) પ્રત્યય થાય છે. અને ઇકનો લોપ થાય છે.

સ. : इकलुक्=इकस्य लुगिति।

ઉદા. **आथर्वणः**=અથર્વવેદને કહેનારનો ધર્મ વગેરે.
आथर्वणिकस्येदं धर्मादि इति।
આ સૂત્રથી અણ્ અને ઇકનો લોપ→आथर्वणिक+**अ**
પ્રથમા સિ વગેરે→**आथर्वण**ः।

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં દર્શાવેલ આથર્વણિક નામ આથર્વણ શબ્દને न्यायादेरिकण् ६.२.११८થી इकण् પ્રત્યય લાગીને બનેલ છે. યદ્યપિ તે इकण् પ્રત્યયનો प्रोक्तात् ६.२.१२९ સૂત્રથી લોપની પ્રાપ્તિ હતી. પરંતુ આ સૂત્રમાં इकण् અન્તવાળા આથર્વણિકનું ગ્રહણ કર્યું હોવાથી તેમજ, न्यायादि ગણપાઠના સામર્થ્યથી અહીં इकण्નો લોપ થશે નહીં.

(૨) અહીં દર્શાવેલ આથર્વણિક નામ ચરણવાચી હોવાથી ઉત્તરસૂત્રથી અકञ્ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી इकण् વગેરે કાર્યો કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

चरणादकञ् ६.३.१६८

अ.अ.सू. : तस्य चरणात् धर्मा-ऽऽम्नाय-सङ्घे इदम् अकञ्।

અર્થ : ષષ્ઠ્યન્ત ચરણવાચી (કઠ વગેરે) નામથી ધર્માદિ રૂપ इदम् અર્થમાં अकञ्(अक) પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **काठकः**=કઠ વેદને કહેનારનો ધર્માદિ.
कठस्याऽयं धर्मादिरिति।
આ સૂત્રથી अकञ्→कठ+**अक**
વૃદ્ધિ વગેરે થતાં→**का**ठकः।

(૨) **चारकक**ः=ચરક વેદને કહેનારનો ધર્માદિ.
चरकस्याऽयं धर्मादिरिति।

વિશેષતા :

આ સૂત્રથી થતા अकञ् દ્વારા ઔત્સર્ગિક अण् વગેરેનો બાધ કરાય છે.

गोत्राददण्डमाणव-शिष्ये ६.३.१६९

अ.अ.सू. : तस्य गोत्रात् अदण्डमाणव-शिष्ये इदम् अकञ्।

અર્થ : ગોત્ર પ્રત્યયાન્ત નામથી दण्डमाणव અને શિષ્ય સિવાયના इदम् અર્થમાં अकञ्(अक) પ્રત્યય થાય છે.

स. : अदण्डमाणव-शिष्ये=दण्डमाणवश्च शिष्यश्चेति दण्डमाणव-शिष्यम्, न तदिति अदण्डमाणव-शिष्यम्, तस्मिन्निति।

ઉદા. **औपगवकम्**=ગોવાળના પુત્રનું આ. औपगवस्येदमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. अदण्डेत्यादि किम् ? काण्वा दण्डमाणवाः/शिष्याः=
કાણ્વના રક્ષણ કરનારા/શિષ્યો.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં દર્શાવેલ ગોત્રવાચી નામથી ઔત્સર્ગિકતયા અણ્‌ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી અકञ્ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ કર્યો છે. તેથી આનાથી થતો અકञ્ પ્રત્યય અણ્‌ના અપવાદરૂપ જાણવો. તેમજ, અકञ્ પ્રત્યય ગોત્રવાચી दु સંજ્ઞક નામથી दोरीयः ૬.૩.૩૨ સૂત્ર દ્વારા થતાં ઈયનો તેમજ, वृद्धेञः ૬.૩.૨૮થી થતાં अञ्‌નો પણ પરતયા આ સૂત્રથી બાધ થાય છે.

(૨) સૂત્રમાં દર્શાવેલ दण्डमाणवाः પદથી આશ્રમના સ્થાને અને શિષ્ય પદથી અધ્યયન માટે આવેલા વિદ્યાર્થીઓ ગ્રહણ કરવા.

रैवतिकादेरीयः ૬.૩.૧૭૦

અ.અ.સૂ. : रैवतिकादेः तस्य इदम् ईयः।

અર્થ : રૈવતિક વગેરે ષષ્ઠ્યન્ત નામથી इदम् અર્થમાં ઈય પ્રત્યય થાય છે.

સ. : रैवतिकादेः=रैवति आदिर्यस्य स इति रैवतिकादिः, तस्मादिति।

ઉદા. (૧) **रैवतिकीयाः शिष्याः**=રૈવતિકના આ શિષ્યો.
रैवतिकस्येमे इति।
આ સૂત્રથી ઈય→रैवतिक+**ईय**
અનો લોપ વગેરે થતાં→रैवति**कीयाः**।

(૨) **गौरग्रीवीयं शकटम्**=ગૌર ગ્રીવિનું આ ગાડું.
गौरग्रीवेरिदमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **रैवतिकादि ગણ :** रैवतिक, गौरग्रीवि, स्वापिशिष्य, क्षेमधृति, औदमेधि, औदवाहि, वैजवापि।

(૨) આ સૂત્રમાં દર્શાવેલ રૈવતિક વગેરે શબ્દથી चरणादकञ् ६.૩.૧६८થી अकञ्ની, औत्सर्गिक अण्ની તથા क्षेम-धृत्या० ६.૩.૨८થી अञ्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી ઈય કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

कौपिञ्जल-हास्तिपदादण् ६.३.१७१

અ.અ.સૂ. : गोत्रात् तस्य कौपिञ्जल-हास्तिपदात् इदम् अण्।

અર્થ : ગોત્ર પ્રત્યયાન્ત ષષ્ઠ્યન્ત कौपिञ्जल અને हास्तिपद નામથી इदम् અર્થમાં अण्(अ) પ્રત્યય થાય છે.

સ. : कौपिञ्जल-हास्तिपदात्=कौपिञ्जलश्च हास्तिपदश्चेति कौपिञ्जल-हास्तिपदम्, तस्मादिति।

ઉદા. (૧) **कौपिञ्जलाः शिष्याः**=કૌપિञ્જલના શિષ્યો.
कौपिञ्जलस्येमे इति।
આ સૂત્રથી अण्→कौपिञ्जल+**अ**
અનો લોપ વગેરે થતાં→कौपिञ्जलाः।

(૨) **हास्तिपदाः**=હાસ્તિપદના શિષ્યો. हास्तिपदस्येमे इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં દર્શાવેલ कौपिञ्जल અને हास्तिपद નામ ગોત્રાપત્યાર્થક પ્રત્યયાન્ત હોવાથી તેમજ, वृद्धिर्यस्य०६.१.८થી દુ સંજ્ઞક થતું હોવાથી તે બંનેથી અનુક્રમે गोत्राददण्ड०६.૩.१६९થી अकञ् અને दोरीयः ६.૩.૩२થી ईયની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી આ સૂત્રથી अण् કરેલ છે. માટે આ સૂત્રથી થતો अण् પ્રત્યય अकञ् અને ईયના અપવાદરૂપ જાણવો.

(૨) સૂત્રમાં દર્શાવેલ અણ્ પ્રત્યયમાં ણ્ ઈત્ સ્ત્રીલિંગમાં અણઞેયેકણ્૦ ૨.૪.૨૦થી ડી કરવા માટે તેમજ, તદ્ધિતઃ સ્વરવૃદ્ધિઃ૦૩.૨.૫૫થી પુંવદ્ભાવનો પ્રતિષેધ કરવા માટે છે.

सङ्घ-घोषा-ऽङ्क-लक्षणेऽञ्-यञिञः ६.३.१७२

અ.અ.સૂ. : गोत्रात् अञ्-यञिञः तस्य सङ्घ-घोषा-ऽङ्क-लक्षणे इदम् अण्।

અર્થ : ગોત્રાર્થક અઞ્, યઞ્ અને ઇઞ્ પ્રત્યયાન્ત ષષ્ઠ્યન્ત નામથી સંઘ, ઘોષ, અંક અને લક્ષણરૂપ ઇદમ્ અર્થમાં અણ્(અ) પ્રત્યય થાય છે.

સ. : (૧) **सङ्घ-घोषा-ऽङ्क-लक्षणे**=सङ्घश्च घोषश्च अङ्कश्च लक्षणं चेति सङ्घ-घोषा-ऽङ्क-लक्षणम्, तस्मिन्निति।

(૨) **अञ्-यञिञः**=अञ् च यञ् च इञ् चेति अञ्-यञिञ्, तस्मादिति।

ઉદા. (૧) **बैदः सङ्घादिः/बैदं लक्षणम्**=બૈદ (બિદના પૌત્રાદિ અપત્યો)નો સંઘ/ઘોષ/ચિહ્ન/લક્ષણ. बिदानां सङ्घः/घोषः/अङ्कः/लक्षणमिति।
આ સૂત્રથી અણ્→**बैद+अ**
અનો લોપ વગેરે થતાં→**बैदः**।

(૨) **गार्गः/गार्गम्**=ગાર્ગ્યનો સંઘાદિ.
गर्गाणां सङ्घादिः/लक्षणमिति।

(૩) **दाक्षः/दाक्षम्**=દાક્ષિનો સંઘાદિ.
दाक्षीणां सङ्घादिः/लक्षणमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં દર્શાવેલ અઞ્ વગેરે પ્રત્યયાન્ત ગોત્રવાચી હોવાથી ગોત્રાદદણ્ડ૦૬.૩.૧૬૯થી અકઞ્ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી અણ્

કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો અણ્ પ્રત્યય અકञ્ના અપવાદરૂપ જાણવો.

(૨) અહીં સૂત્રમાં ચિહ્ન અને લક્ષણ એમ બંને અર્થનો પૃથક્ નિર્દેશ કર્યો છે. ત્યાં **લક્ષણ** એટલે લક્ષ્યના પોતાના અવયવભૂત થઈને લક્ષ્યને ઓળખાવે અથવા અન્યથી છૂટું પાડે જેમકે, મયૂરાદિની કલગી આદિ.

અને **ચિહ્ન** એટલે જે સ્વામિવિશેષની સાથે સંબંધ ધરાવતું હોવાથી તે સ્વામીની માલિકીને જણાવે. જેમકે, ગાયો પર કરેલું સ્વસ્તિકાદિ ચિહ્ન.

शाकलादकञ् च ६.३.१७३

અ.અ.સૂ. : शाकलात् तस्य सङ्घ-घोषा-ऽङ्क-लक्षणे इदं अकञ् च (अण्)।

અર્થ : શાકલ ષષ્ઠ્યન્ત નામથી સંઘાદિ રૂપ इदम् અર્થમાં અકञ्(અક) અને અણ્(અ) પ્રત્યય થાય છે.

ઉદા. **शाकलकः/शाकलकम् सङ्घादिः**=શાકલનો સંઘ વગેરે.

शाकलस्य सङ्घादिः/लक्षणमिति।

આ સૂત્રથી અકञ્→शाकल+**अक**

વૃદ્ધિ વગેરે થતાં→शाकलकः।

જ્યારે અણ્ થાય ત્યારે, **शा**कलः/**शा**कलम्।

વિશેષતા :

યદ્યપિ સૂત્રમાં અકञ्નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો અણ્નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्०२/६१** ન્યાયાનુસારે કાર્યતયા અકञ्ને સજાતીય કાર્ય એવા અણ્નું પૂર્વસૂત્રથી અનુકર્ષણ થાય છે.

गृहे ऽग्नीधो रण् धश्च ६.३.१७४

अ.अ.सू. : अग्नीधः तस्य गृहे इदं रण् धः च।

अर्थ : अग्नीध् षष्ठ्यन्त नामथी गृहરૂप इदं अर्थमां रण् प्रत्यय थाय छे. अने अन्त्यनो ध् आदेश थाय छे.

ઉદા. आग्नीध्रम्=અગ્નીધનું ઘર. अग्नीध इदमिति।
आ सूत्रथी रण् अने ध्नो ध्→**अग्नीध्र**
वृद्धि वगेरे थतां→**आग्नीध्रम्**।

विशेषता :

सूत्रमां दर्शावेल अग्नीध् नामभां अन्ते ध् होवा छतां पण पुनः रण्ना योगमां ध्नुं विधान कर्युं छे ते धुटस्तृतीयः २.१.७६थी त्रीजो व्यंजन द्नी प्राप्ति हती. तेनो बाध करवा माटे छे.

रथात् सादेश्च वोढ्वङ्गे ६.३.१७५

अ.अ.सू. : तस्य रथात् सादेः च वोढ्वङ्गे इदम्।

अर्थ : केवळ अने पूर्वपद सहितना षष्ठ्यन्त रथ नामथी तेने वहन करनार अने तेना अंग स्वરૂप इदम् अर्थमां ज प्रत्यय थाय छे.

स. : (१) **सादेः**=सह आदिना वर्त्तते इति सादिः, तस्मादिति।
(२) **वोढ्वङ्गे**=वोढा च अङ्गं चेति वोढ्वङ्गाम्, तस्मिन्निति।

ઉદા. (१) **रथ्योऽश्वः/रथ्यं चक्रम्**=રથને ચલાવનાર ઘોડો./રથનું અંગ ચક્ર. रथस्य वोढा इति/रथस्य अङ्गमिति।
आ सूत्रथी प्राप्त वहन करनार आदि इदम् अर्थमां,
यः ६.३.१७६थी य→रथ+**य**
अनो लोप वगेरे थतां→रथ्यः।

(२) **द्विरथोऽश्वः**=બે રથને ચલાવનાર ઘોડો.
द्वयोः रथयोर्वोढा इति।

આ સૂત્રથી પ્રાપ્ત વહન કરનાર આદિ इदम् અર્થમાં,
यः ૬.૩.૧૭૬થી य→द्विरथ+**य**
द्विगोरनपत्ये ૬.૧.૨૪થી यનો લોપ→द्विरथ
प्रथमा सि વગેરે→द्विरथः।

(૩) **आश्वरथं चक्रम्**=અશ્વથી વહન કરાતા રથનું પૈડું.
अश्वरथस्य अङ्गमिति।
આ સૂત્રથી પ્રાપ્ત વહન કરનાર આદિ इदम् અર્થમાં,
पत्रपूर्वाद०૬.૩.૧૭૭થી अञ्→अश्वरथ+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→आश्वरथम्।

વિશેષતા :

(૧) આ સૂત્ર નિયમ સૂત્ર છે. તેથી રથ નામથી इदम् અર્થમાં પ્રત્યય થાય તે વહન કરનાર અને રથના અંગ રૂપ इदम् અર્થમાં જ થાય છે. પણ અન્ય રૂપ इदम् અર્થમાં तस्येदम् ૬.૩.૧૬૦થી યથાવિહિત પ્રત્યય પણ થશે નહીં. માટે ત્યાં માત્ર વાક્ય પ્રયોગ જ થાય છે. જેમકે, रथस्येदं स्थानमिति।

यः ૬.૩.૧૭૬

અ.અ.સૂ. : तस्य रथात् सादेः च इदं यः।

અર્થ : કેવળ અને પૂર્વપદ સહિતના ષષ્ઠ્યન્ત રથ નામથી इदम् અર્થમાં य પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **रथ्यः**=રથને ચલાવનાર. रथस्य वोढा इति।

(૨) **द्विरथः**=બે રથને ચલાવનાર. द्वयोः रथयोर्वोढा इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

પૂર્વની જેમ આ સૂત્રથી થતા य પ્રત્યય દ્વારા ઔત્સર્ગિક अण् વગેરે પ્રત્યયનો બાધ થાય છે.

पत्रपूर्वादञ् ६.३.१७७

अ.अ.सू. : पत्रपूर्वात् रथात् तस्य इदम् अञ्।

અર્થ : પત્ર (વાહનવાચી) પૂર્વપદવાળા રથ નામથી इदम् અર્થમાં अञ्(अ) પ્રત્યય થાય છે.

स. : पत्रपूर्वात्=पत्रः पूर्वपदं यस्य स इति पत्रपूर्वम्, तस्मादिति।

ઉદા. आश्वरथं चक्रम्=અશ્વથી વહન કરાતા રથનું પૈડું.

अश्वरथस्येदमिति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) આ સૂત્રથી થતો अञ् પ્રત્યય यः ૬.૩.૧૭૬થી થતા यના અપવાદરૂપ છે.

(૨) આ સૂત્ર यના અપવાદરૂપ હોવાથી બાધકનો બાધ કરી શક્યો છે. તેથી બાધકનો બાધ કરીને प्राग्जिता०૬.૧.૧૩થી अण्ની જ પ્રાપ્તિ થતા आश्वरथम् પ્રયોગ સિદ્ધ થઈ જાય. તો પણ अञ्નું ગ્રહણ કર્યું છે તે ઉત્તરસૂત્ર માટે જાણવું.

वाहनात् ६.३.१७८

अ.अ.सू. : वाहनात् तस्य इदम् अञ्।

અર્થ : વાહન અર્થવાળા ષષ્ઠ્યન્ત નામથી इदम् અર્થમાં अञ्(अ) પ્રત્યય થાય છે.

ઉદા. औष्ट्रो रथः=ઊંટનો રથ. उष्ट्रस्यायमिति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

આ સૂત્રથી થતો अञ् પ્રત્યય ઔત્સર્ગિક એવા अण् વગેરેના અપવાદરૂપ જાણવા.

वाह्य-पथ्युपकरणे ६.३.१७९

अ.अ.सू. : तस्य वाहनात् वाह्य-पथ्युपकरणे इदम्।

अर्थ : षष्ठ्यन्त वाहनवाची नामथी कहेवायेलां प्रत्ययो वाह्य, मार्ग अने उपकरण રૂપ જ इदम् अर्थमां थाय छे.

स. : वाह्य-पथ्युपकरणे=वाह्यश्च पन्थाश्च उपकरणं चेति वाह्य-पथ्युपकरणम्, तस्मिन्निति।

उदा. (१) आश्वो रथः/पन्थाः/आश्वं पल्ययनम्=अश्वने वहन કરવા યોગ્ય રથ/માર્ગ/પલાણ. अश्वस्याऽयमिति/इदमिति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

प्र.उदा. अन्यत्र तु वाक्यमेव→अश्वानां घासः=ઘોડાઓનું ઘાસ.

આ સૂત્રમાં વાક્યાદિમાં જ વાહનવાચી નામથી પ્રત્યયની પ્રાપ્તિ દર્શાવી છે. જ્યારે અહીં ઘાસ રૂપ इदम् અર્થ છે. માટે આ સૂત્રથી પ્રત્યય ન થતાં વાક્ય જ રહે છે.

विशेषता :

આ સૂત્ર નિયમ સૂત્ર છે. તેથી વાહનવાચી નામથી इदम् અર્થમાં પ્રત્યય થાય તો વાહ્ય, માર્ગ અને ઉપકરણ રૂપ इदम् અર્થમાં જ થાય છે. પણ અન્ય રૂપ इदम् અર્થમાં तस्येदम् ६.३.१६०થી પણ પ્રત્યય થશે નહીં. ત્યાં તો માત્ર વાક્યપ્રયોગ જ થશે.

वहेस्तुरिश्चादिः ६.३.१८०

अ.अ.सू. : वहेः तुः तस्य इदम् अञ्, तुः आदिः इः।

अर्थ : वह् ધાતુની પરમાં રહેલ तृच्-तृन् પ્રત્યયનો तृ અન્તવાળા ષષ્ઠ્યન્ત નામથી इदम् અર્થમાં अञ्(अ) પ્રત્યય થાય છે. અને ત્યારે तृના આદિમાં इ ઉમેરાય છે.

ઉદા. **सांवहित्रम्**=સારથી સંબંધી વસ્તુ. संवोढुरिदमिति।

આ સૂત્રથી अञ्→संवहृत्+**अ**

અને तृની આદિમાં इ→संव**हि**तृ+अ

વૃદ્ધિ વગેરે થતાં→**सां**वहित्रम्।

इदम् અર્થક પ્રત્યયને દર્શાવતું કોષ્ટક

સૂત્ર	પ્રકૃતિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
तस्येदम् ૬.૩.૧૬૦	–	–	યથાવિહિત	माथुरम्
हल-सीरा०૬.૩.૧૬૧	हल, सीर	–	इकण्	हालिकम्
समिध आ०૬.૩.૧૬૨	समीध्	आधान३५	टेन्यण्	सामिधेन्यः
विवाहो०૬.૩.૧૬૩	द्वन्द्व समास	विवाह ३५	अकल्	अत्रि-भारद्वाजिका
अदेवासुरा०૬.૩.૧૬૪	देवासुर सिवायनो द्वन्द्व०	वैर३५	अकल्	बाभ्रवशा-लङ्कायनिका
नटान्नृत्ते०૬.૩.૧૬૫	नट	नृत्य३५	ञ्य	नाट्यम्
छन्दोगौ०૬.૩.૧૬૬	छन्दोग, औक्थिक, याज्ञिक, बह्वृच्, नट	धर्म, પરંપરા, संघ ३५	ञ्य	छान्दोग्यम्
आथर्वणि०૬.૩.૧૬૭	आथर्वणिक	धर्म, પરંપરા, संघ ३५	अण्	आथर्वणः
चरणाद०૬.૩.૧૬૮	ચરણવાચી	"	अकञ्	काठकः
गोत्राददण्ड०૬.૩.૧૬૯	दण्डमाणव, शिष्य सिवायना गोत्रवाची	–	"	औपगवकम्

रैवतिका०६.३.१७०	रैवतिक वगेरे		ईय	रैवतिकीयाः
कौपिञ्जल०६.३.१७१	कौपिञ्जल, हास्तिपद	–	अण्	कौपिञ्जलाः
सङ्घ-घोषा०६.३.१७२	अञ्, यञ्, इञ् प्रत्ययान्त	संघ, घोष, अंक, लक्षण	अण्	बैदः
शाकलाद०६.३.१७३	शाकल	–	अकञ्, अण्	शाकलकः
गृहेऽग्नीधो०६.३.१७४	अग्नीध	गृहરૂપ	रण्	अग्नीध्रम्
यः ६.३.१७६	रथ, पूर्वपद सहित रथ	वोढा, अंगરૂપ	य	रथ्यः
पत्रपूर्वाद०६.३.१७७	पत्रवाची+रथ	"	अञ्	अश्वरथम्
वाहनात् ६.३.१७८	वाहनवाची	–	अञ्	औष्ट्रः
वहेस्तुरि०६.३.१८०	वहतृ	–	अञ्	सांवाहित्रम्

तेन प्रोक्ते ६.३.१८१

अ.अ.सू. : तेन प्रोक्ते।

अर्थ : तृतीयान्त नामथी कहेलुं अर्थमां अण्(अ) वगेरे प्रत्यय थाय छे.

उदा. (१) **भाद्रबाहवं शास्त्रम्**=भद्रબાહु स्वामीએ कहेलुं शास्त्र. भद्रबाहुना प्रोक्तमिति।
आ सूत्रथी प्राप्त प्रोक्त अर्थमां,
प्राग् जिताद०६.१.१३थी अण्→भद्रबाहु+**अ**
वृद्धि वगेरे थतां→**भाद्रबाहवम्**।

(२) **पाणिनीयम्**=पाणिनि वडे कहेवायेलुं. पाणिनिना प्रोक्तमिति।
आ सूत्रथी प्राप्त प्रोक्त अर्थमां,

दोरीयः ६.३.३२थी ईय→पाणिनि+**ईय**
वृद्धि वगेरे थतां→पाणि**नीय**म्।

(३) **बार्हस्पत्यम्**=बृहस्पति वडे कहेवायेलुं. बृहस्पतिना प्रोक्तमिति।
आ सूत्रथी प्राप्त प्रोक्त अर्थमां,
अनिदम्यण०६.१.१५थी ञ्य→बृहस्पति+**य**
वृद्धि वगेरे थतां बार्हस्पत्यम्।

मौदादिभ्यः ६.३.१८२

अ.अ.सू. : तेन मौदादिभ्यः प्रोक्ते।

अर्थ : तृतीयान्त मौद वगेरे नामथी प्रोक्त अर्थमां यथाविहित प्रत्यय थाय छे.

स. : मौदादिभ्यः=मौद आदिर्येषां ते इति मौदादयः, तेभ्य इति।

उदा. (१) **मौदाः**=मौद वडे कहेवायेल वेद/मौदने जाणनारा/भणनारा.
मौदेन प्रोक्तं वेदं/विदन्त्यधीते मौदमिति।
आ सूत्रथी प्राप्त प्रोक्त अर्थमां,
प्राग् जिताद०६.१.१३थी अण्→मौद+**अ**
वृद्धि वगेरे थतां→**मौदाः**।

(२) **पैष्पलादाः**=पिप्पलाद वडे कहेवायेल वेद/पिप्पलादने जाणनारा/भणनारा. पिप्पलादेन प्रोक्तं वेदं/विदन्त्यधीयते पिप्पलादमिति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

अहीं **मौदादयः** એ प्रमाणे ब.व. प्रयोगना अनुसरण माटे छे.

कठादिभ्यो वेदे लुप् ६.३.१८३

अ.अ.सू. : कठादिभ्यः प्रोक्ते वेदे लुप्।

અર્થ : कठ વગેરે નામથી પ્રોક્ત રૂપ વેદ અર્થમાં થતા પ્રત્યયનો લોપ થાય છે.

स. : कठादिभ्यः=कठ आदिर्येषां ते इति कठादयः, तेभ्य इति।

ઉદા. (૧) **कठाः**=કઠ વડે કહેવાયેલાં વેદો कठेन प्रोक्तं वेदं, तद् विदन्ति/अधीयते इति।
तेन प्रोक्ते ६.३.१८१थી પ્રાપ્ત પ્રોક્ત અર્થમાં,
प्राग् जिता०६.१.१३થી अण्→कठ+**अ**
આ સૂત્રથી जस्નો લોપ→कठ
પ્રથમા जस् વગેરે→कठाः।

(૨) **चरकाः**=ચરક વડે કહેવાયેલા વેદો. चरकेण प्रोक्तं वेदमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

कठादि ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો : कठाः, चरकाः, कर्कराः, धेनुकण्ठाः, गोगडाः વગેરે.

સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી આના સદૃશ અન્ય પ્રયોગોનો આ સૂત્રમાં સમાવેશ થઈ શકે છે.

तित्तिरि-वरतन्तु-खण्डिकोखादीयण् ६.३.१८४

अ.अ.सू. : तेन तित्तिरि-वरतन्तु-खण्डिकोखात् प्रोक्ते वेदे ईयण्।

અર્થ : ષષ્ઠ્યન્ત तित्तिरि, वरतन्तु, खण्डिक અને उख નામથી પ્રોક્ત વેદ અર્થમાં ईयण्(ईय) પ્રત્યય થાય છે.

સ. : **तित्तिरि-वरतन्तु-खण्डिकोखात्**=तित्तिरिश्च वरतन्तुश्च खण्डिकश्च उखश्चेति तित्तिरि-वरतन्तु-खण्डिकोखम्, तस्मादिति।

ઉદા. (૧) **तैत्तिरीयाः**=तित्तिरी વડે કહેવાયેલા વેદો.
तित्तिरिणा प्रोक्तं वेदमिति।
આ સૂત્રથી ईयण्→तित्तिरि+**ईय**
વૃદ્ધિ વગેરે→**तैत्तिरीयाः**।

(૨) **वारतन्तवीयाः**=વરતંતુ વડે કહેવાયેલા વેદો.
वरतन्तुना प्रोक्तं वेदमिति।

(૩) **खाण्डिकीयाः**=ખંડિક વડે કહેવાયેલા વેદો.
खण्डिकेन प्रोक्तं वेदमिति।

(૪) **औखीयाः**=ઉખ વડે કહેવાયેલા વેદો.
उखेन प्रोक्तं वेदमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

પૂર્વની જેમ આ સૂત્રથી થતા ईयण् પ્રત્યયથી પણ ઔત્સર્ગિક अण्નો બાધ થાય છે. એ પ્રમાણે ઉત્તરસૂત્રમાં પણ જાણવું.

छगलिनो णेयिन् ૬.૩.૧૮૫

અ.અ.સૂ. : तेन छगलिनः प्रोक्ते वेदे णेयिन्।

અર્થ : તૃતીયાન્ત छगलिन् નામથી પ્રોક્ત વેદ અર્થમાં णेयिन् (एयिन्) પ્રત્યય થાય છે.

ઉદા. **छागलेयिनः**=છગલિ વડે કહેવાયેલા વેદો.
छगलिना प्रोक्तं वेदमिति।
આ સૂત્રથી णेयिन्→छगलिन्+**एयिन्**

नोऽपदस्य०७.४.६१थी ईन्नो लोप→छगल्+एयिन्
वृद्धि वगेरे→**छागलेयिनः**।

शौनकादिभ्यो णिन् ६.३.१८६

अ.अ.सू. : तेन शौनकादिभ्यः प्रोक्ते वेदे णिन्।

अर्थ : तृतीयान्त शौनक वगेरे नामथी प्रोक्त वेद अर्थमां णिन् (इन्) प्रत्यय थाय छे.

स. : शौनकादिभ्यः=शौनक आदिर्येषां ते इति शौनकादयः, तेभ्य इति।

उदा. (१) **शौनकिनः**=शौनक वडे कहेवायेला वेदो जाणनार/भणनार. शौनकेन प्रोक्तं वेदमिति/विदन्त्यधीयते इति।
आ सूत्रथी णिन्→शौनक+**इन्**
वृद्धि वगेरे→शौनकिनः।

(२) **शाङ्गरविणः**=शांगरविण वडे कहेवायेल वेद जाणनार/भणनार. शाङ्गरवेण प्रोक्तं वेदमिति विदन्त्यधीयते इति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

(१) **शौनकादि गण :** शौनक, शाङ्गरव, वाजसनेय शापेय, शाफेय, शाष्पेय, शाल्केय, स्कन्ध, स्कम्भ, देवदर्श, रज्जुभार, रज्जुकण्ठ, दामकण्ठ, कठ, शाठ, कुशाठ, कुशाप, कुशायन, आश्वपञ्चम, तलवकार, पुरुषांसक, परुषांसक, हरिद्र, तुम्बरु, उपलप, आलम्बि, पलिङ्ग, कमल, ऋषाभ, आरुणि, ताण्ड्य, श्यामायन, खादायन, कषायतल, स्तम्भ वगेरे.

सूत्रमां ब.व. आकृतिगण माटे छे. तेथी **भाल्लविनः**, शाठ्यायनिनः, ऐतरेयिणः वगेरे प्रयोगो पण सिद्ध थाय छे.

(२) आ सूत्रथी थतो णिन् प्रत्यय औत्सर्गिक एवा अण् वगेरेनो बाध करे छे. ए प्रमाणे आगामी सूत्रमां पण जाणवुं.

पुराणे कल्पे ६.३.१८७

अ.अ.सू. : तेन प्रोक्ते पुराणे कल्पे णिन्।

અર્થ : તૃતીયાન્ત નામથી પુરણકલ્પ પ્રોક્ત અર્થમાં णिन्(इन्) પ્રત્યય થાય છે.

ઉદા. **पैङ्गी कल्पः**=પિંગ વડે કહેવાયેલ પુરાણ. पिङ्गेव प्रोक्तः पुराणः कल्प इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

काश्यप-कौशिकाद् वेदवच्च ६.३.१८८

अ.अ.सू. : काश्यप-कौशिकात् प्रोक्ते पुराणे कल्पे वेदवत् च (णिन्)।

અર્થ : काश्यप અને કૌશિક નામથી પુરાણ કલ્પ રૂપ પ્રોક્ત અર્થમાં णिन्(इन्) પ્રત્યય થાય છે. અને વેદ અર્થની જેમ કાર્ય થાય છે.

સ. : **काश्यप-कौशिकात्**=काश्यपश्च कौशिकश्चेति काश्यप-कौशिकम्, तस्मादिति।

ઉદા. (૧) **काश्यपिनः**=કાશ્યપિન વડે કહેવાયેલ પુરાણ/તેને જાણનારા/ભણનારા. काश्यपेन प्रोक्तः पुराणः कल्प/विदन्त्यधीयते इति।

(૨) **कौशिकिनः**=કૌશિકિન વડે કહેવાયેલ પુરાણ/તેને જાણનારા/ભણનારા.
આ ઉદા.ની સાનધિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **काश्यपको धर्मः**=કાશ્યપિનનો આચાર.
काश्यपिनां धर्म इति।
वेदेन्ब्राह्मण०६.२.१३०थी પ્રાપ્ત અર્થમાં,
चरणादकञ् ६.३.१६८थी अकञ्→काश्यपिन्+**अक**

नोऽपदस्य०७.४.६१थी इन्नो लोप→काश्यपक
प्रथमा सि वगेरे→काश्यपकः।

विशेषता :

(१) आ सूत्रमां दर्शावेल काश्यप वगेरे नामथी दोरीयः ६.३.३२ द्वारा ईयनी प्राप्ति हती. तेनो अत्रनिर्दिष्ट णिन् द्वारा बाध थतो होवाथी णिन् प्रत्यय ईयना अपवादरूप थाय छे.

(२) सूत्रमां वेदवत् ए प्रमाणेना पदथी अतिदेशनो निर्देश कर्यो छे. तेथी वेदेन्ब्राह्मण०६.३.१३० सूत्रमां दर्शावेल नियमथी जेम काश्यप अने कौशिक नामथी पण वेत्ति अने अधीतेना विषयमां प्रवृत्ति थाय छे. तेमज, चरणादकञ् ६.३.१६८थी अकञ् प्रत्यय पण थाय छे. ए प्रमाणे वेदवत्ना अधिकारवाळा दरेक सूत्रमां जाणवुं.

शिलालि-पाराशर्यान्नट-भिक्षुसूत्रे ६.३.१८९

अ.अ.सू. : शिलालि-पाराशर्यात् तेन नट-भिक्षुसूत्रे प्रोक्ते वेदवत् च(णिन्)।

अर्थ : शिलालि अने पाराशर्य तृतीयान्त नामथी अनुक्रमे नटसूत्र अने भिक्षुसूत्र स्वरूप प्रोक्त अर्थमां णिन्(इन्) प्रत्यय थाय छे. अने वेद अर्थनी जेम कार्य थाय छे.

स. : (१) **शिलालि-पाराशर्यात्**=शिलालिश्च पाराशर्यश्चेति शिलालि-पाराशर्यम्, तस्मादिति।

(२) **नट-भिक्षुसूत्रे**=नटश्च भिक्षुश्चेति नटभिक्षौ, नटभिक्ष्योः सूत्रमिति नट-भिक्षुसूत्रम् तस्मिन्निति।

उदा. (१) **शैलालिनो नटाः**=शिलालि वडे कहेवायेल नटसूत्र/तेने जाणनारा/भणनारा.
शिलालिना प्रोक्तः तद् विदन्त्यधीयते इति।

(૨) **पाराशरिणो भिक्षवः** = પારાશરિ વડે કહેવાયેલ ભિક્ષુસૂત્ર/તેને જાણનારા/ભણનારા.
पाराशर्येण प्रोक्तः तद् विदन्त्यधीयते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં દર્શાવેલ તેન પ્રોક્તે ૬.૩.૧૮૧થી ઔત્સર્ગિકતયા અણ્ની તેમજ, શિલાલિ નામથી शकलादेर्यञ्ः ૬.૩.૨૭થી અઞ્ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી આ સૂત્રથી णिन् પ્રત્યય કર્યો છે. માટે આ સૂત્રથી થતો णिन् પ્રત્યય अण् અને अञ्ના અપવાદરૂપ જાણવો.

(૨) અહીં સૂત્રમાં દર્શાવેલ शिलालि-पाराशर्यात् એ પ્રમાણે સ્થાનીદર્શક પદ અને नट-भिक्षुसूत्रे એ પ્રમાણે અર્થદર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः०१/१०** ન્યાયાનુસારે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

कृशाश्व-कर्मन्दादिन् ६.३.१९०

અ.અ.સૂ. : कृशाश्व-कर्मन्दात् तेन नटभिक्षु सूत्रे वेदवत् च(इन्)।

અર્થ : कृशाश्व અને कर्मन्दात् તૃતીયાન્ત નામથી અનુક્રમે નટસૂત્ર અને ભિક્ષુસૂત્ર રૂપ પ્રોક્ત અર્થમાં इन् પ્રત્યય થાય છે. અને વેદ અર્થની જેમ કાર્ય થાય છે.

સ. : कृशाश्व-कर्मन्दात् = कृशाश्वश्च कर्मन्दश्चेति कृशाश्व-कर्मन्दम्, तस्मादिति।

ઉદા. (૧) **कृशाश्विनो नटाः** = કૃશાશ્વ વડે કહેવાયેલ નટસૂત્ર/તેને જાણનારા/ભણનારા. कृशाश्वेन प्रोक्ताः/विदन्त्यधीयते इति।

(૨) **कर्मन्दिनो भिक्षवः** = કર્મન્દ વડે કહેવાયેલ ભિક્ષુસૂત્ર/તેને જાણનારા/ભણનારા. कर्मन्देन प्रोक्तः/विदन्त्यधीयते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્રોક્ત અર્થક પ્રત્યયને દર્શાવતું કોષ્ટક

સૂત્ર	પ્રકૃતિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
तेन प्रोक्ते ६.३.१८१	यथासंभव नदी वगेरे	–	यथाविहित	भाद्रबाहवम्
मौदादि०६.३.१८२	मौद वगेरे	–	”	मौदाः
तित्तिरि६.३.१८४	तित्तिरि, वरतन्तु, खण्डिका, उख	–	ईयण्	तैत्तिरीयाः
छगलिनो०६.३.१८५	छगलिन्	–	णेयिन्	छागलेयिनः
शौनकादि०६.३.१८६	शौनक वगेरे	–	णिन्	शौनकिनः
पुराणे०६.३.१८७	पुराण कल्पवाची	–	णिन्	पैङ्गी
काश्यप०६.३.१८८	काश्यप, कौशिक	–	वेदवत् णिन्	काश्यपिनः
शिलालि०६.३.१८९	शिलालि, पाराशर्य	नटसूत्र/ भिक्षुसूत्र	”	शैलालिनः
कृशाश्व०६.३.१९०	कृशाश्व, कर्मन्द	”	”	कृशाश्विनः

उपज्ञाते ६.३.१९१

अ.अ.सू. : उपज्ञाते तेन।

अर्थ : ઉપદેશ વિના પહેલેથી જણાયેલું અર્થમાં તૃતીયાન્ત નામથી યથાવિહિત પ્રત્યય થાય છે.

ઉદા. **पाणिनीयं शास्त्रम्**=પાણિની વડે કહેવાયેલ. पाणिनीना उपज्ञात इति।

આ સૂત્રથી પ્રાપ્ત ઉપજ્ઞાત અર્થમાં,

दोरीयः ६.३.३२થી ईय→पाणिनि+**ईय**

इनो લોપ વગેરે થતાં→पाणि**नीयम्**।

कृते ६.३.१९२

अ.अ.सू. : तेन कृते।

अर्थ : तृतीयान्त नामथी कृत अर्थमां यथाविहित प्रत्यय थाय छे.

ઉદા. (१) **शैवो ग्रन्थः**=शिव वडे करાએલો ગ્રંથ. शिवेन कृत इति।
आ सूत्रथी प्राप्त कृत अर्थमां,
प्राग् जिताद०६.१.१उथी अण्→शिव+**अ**
वृद्धि वगेरे→**शैवः**।

(२) **सिद्धसेनीयः स्तवः**=श्री सिद्धसेन वडे करાએલી स्तुति. सिद्धसेनेन कृत इति।
आ सूत्रथी प्राप्त कृत अर्थमां,
दोरीयः ६.३.उ२थी ईय→सिद्धसेन+**ईय**
अनो लोप वगेरे→सिद्धसे**नीयः**।

अन्य मत :

केटलांक व्याकरणकारो कृत એવા ગ્રંથ અર્થમાં જ આ સૂત્રની प्रवृत्ति ईच्छे छे.

नाम्नि मक्षिकादिभ्यः ६.३.१९३

अ.अ.सू. : तेन मक्षिकादिभ्यः कृते नाम्नि।

अर्थ : तृतीयान्त मक्षिका वगेरे नामथी कृत अर्थमां संज्ञानो विषय જણાते छते यथाविहित प्रत्यय थाय छे.

स. : मक्षिकादिभ्यः=मक्षिका आदिर्येषां ते इति मक्षिकादयः, तेभ्य इति।

ઉદા. (१) **माक्षिकं मधु**=मध. मक्षिकाभिः कृतमिति।
आ सूत्रथी प्राप्त कृत अर्थमां,
प्राग् जिताद०६.१.१उथी अण्→मक्षिका+**अ**
वृद्धि वगेरे→**माक्षिकम्**।

(૨) **सारघम्**=મધ. सरघाभिः कृतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

मक्षिकादि ગણ : મક્ષિકા, સરઘા, ગર્મુત્, નર્મુકા, પુત્તિકા, ક્ષુદ્રા, ભ્રમર, વટર, વાતપ વગેરે.

સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે.

कुलालादेरकञ् ૬.૩.૧૧૪

અ.અ.સૂ. : तेन कुलालादेः कृते अकञ्, नाम्नि।

અર્થ : તૃતીયાન્ત કુલાલ વગેરે નામથી કૃત અર્થમાં અકઞ્(અક) પ્રત્યય થાય છે. જો સંજ્ઞાનો વિષય જણાતો હોય તો.

સ. : कुलालादेः=कुलाल आदिर्यस्य स इति कुलालादिः, तस्मादिति।

ઉદા. (૧) **कौलालकं घटादिभाण्डम्**=કુંભાર વડે કરેલ ઘટ વગેરે.
कुलालेन कृतमिति।
આ સૂત્રથી અકઞ્→कुलाल+**अक**
વૃદ્ધિ વગેરે→**कौ**लाल**कम्**।

(૨) **वारुटकं शूर्पपिटकादि**=વરુટ વડે કરેલ સૂપડા વગેરે.
वरुटेन कृतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **कुलालादि ગણ :** कुलाल, वरुट, कर्मार, निषाद, चण्डाल, सेना, सिरन्ध्र, देवराजन्, देवराज, परिषद्, वधू, भद्र, अनडुह्, ब्रह्मन्, कुम्भकार, अश्वपाक, रुरु।

(૨) આ સૂત્રમાં નામ્નિ એ પ્રમાણે પદનું ગ્રહણ અભિધેયના નિયમ માટે છે. તેથી કુંભાર વડે કરેલ લોકમાં પ્રસિદ્ધ એવા ઘટ, ઘટી,

શરાવ, ઉદઞ્ચન વગેરે અર્થમાં જ અકञ્ પ્રત્યય થાય છે. પણ અન્ય કોઈપણ વાસણ કુંભાર વડે કરેલ હોય તો તેને વિશે અકञ્ થતો નથી. આ નિયમ આગામી ૬.૩.૧૯૫, ૬.૩.૧૯૭ સૂત્રમાં પણ જાણવો.

सर्वचर्मण ईनेनञौ ६.३.१९५

अ.अ.सू. : तेन सर्वचर्मणः कृते नाम्नि ईनेनञौ।

અર્થ : તૃતીયાન્ત સર્વચર્મન્ નામથી કૃત અર્થમાં સંજ્ઞાનો વિષય જણાતે છતે ઈન અને ઈનञ્(ઈન) પ્રત્યય થાય છે.

સ. : ईनेनञौ=ईनश्च ईनञ् चेति।

ઉદા. सर्वचर्मीणः/सार्वचर्मीणः=સંપૂર્ણ ચામડાથી કરેલો રથ.

सर्वचर्मणा कृत इति।

આ સૂત્રથી ઈન/ઈનञ્→સર્વચર્મન્+**ईन**

नोऽपदस्य०७.४.६१થી અન્નો લોપ→સર્વચર્મ્+ઈન

પ્રથમા સિ વગેરે→સર્વચ**र्मीणः**।

જ્યારે ઈનञ્ થાય ત્યારે, સર્વચર્મન્+ઈન

અન્નો લોપ→સર્વચર્મ્+ઈન

વૃદ્ધિ વગેરે થતાં→**सा**ર્વચર્મીણઃ।

વિશેષતા :

અહીં દર્શાવેલ सर्वचर्मणः પદમાં सर्वश्चर्मणा कृत इति વિગ્રહ પ્રમાણે સર્વ શબ્દનો કૃતની સાથે સંબંધ હોવા છતાં પણ ચર્મન્ના યોગ વડે પણ નામ નામ્નો૦૩.૧.૧૮થી સમાસ થયેલ છે.

उरसो याऽणौ ६.३.१९६

अ.अ.सू. : तेन उरसः कृते याऽणौ, नाम्नि।

અર્થ : તૃતીયાન્ત ઉરસ્ નામથી કૃત અર્થમાં ય અને અણ્(અ) પ્રત્યય થાય છે. જો સંજ્ઞાનો વિષય હોય તો.

સ. : **या-ऽणौ**=यश्च अण् चेति।

ઉદા. **उरस्यः/औरसः**=પુત્ર. उरसा कृत इति।
આ સૂત્રથી य/अण्→उरस्+**य/अ**
વૃદ્ધિ વગેરે થતાં→**उरस्यः/औरसः**।

छन्दस्यः ६.३.१९७

અ.અ.સૂ. : छन्दस्यः।

અર્થ : તૃતીયાન્ત છન્દસ્ નામથી કૃત અર્થમાં સંજ્ઞાનો વિષય હોતે છતે य પ્રત્યય નિપાતન પામે છે.

ઉદા. **छन्दस्यः**=છન્દ વડે કરેલું. छन्दसा कृतमिति।

अमोऽधिकृत्य ग्रन्थे ६.३.१९८

અ.અ.સૂ. : अमः अधिकृत्य कृते ग्रन्थे।

અર્થ : દ્વિતીયાન્ત નામથી અધિકૃત્ય કૃત ગ્રંથ અર્થમાં યથાવિહિત પ્રત્યય થાય છે.

ઉદા. **भाद्रः**=ભદ્રાને આશ્રયી બનાવેલ ગ્રંથ.
भद्रामधिकृत्य कृतो ग्रन्थ इति।
આ સૂત્રથી પ્રાપ્ત અધિકૃત્ય કૃત ગ્રંથ અર્થમાં,
प्राग् जिताद०६.१.१३થી अण्→भद्र+**अ**
વૃદ્ધિ વગેરે→**भाद्रः**।

ज्योतिषम् ६.३.१९९

અ.અ.સૂ. : ज्योतिषम्।

અર્થ : દ્વિતીયાન્ત જ્યોતિષ્ નામથી અધિકૃત્ય કૃત ગ્રંથ અર્થમાં અણ્(અ) પ્રત્યય અને વૃદ્ધિનો અભાવ નિપાતન પામે છે.

शिशुक्रन्दादिभ्य ईयः ६.३.२००

अ.अ.सू. : अमः शिशुक्रन्दादिभ्यः अधिकृत्य कृते ग्रन्थे ईयः।

अर्थ : द्वितीयान्त शिशुक्रन्द वगेरे नामथी अधिकृत्य कृत ग्रंथ अर्थमां ईय प्रत्यय थाय छे.

स. : शिशुक्रन्दादिभ्यः=शिशुक्रन्द आदिर्येषां ते इति शिशुक्रन्दादयः, तेभ्य इति।

उदा. (१) शिशुक्रन्दीयो ग्रन्थः=शिशुक्रन्दने आश्रयीने बनावेल ग्रंथ.
शिशुक्रन्दमधिकृत्य कृतो ग्रन्थ इति।
आ सूत्रथी ईय→शिशुक्रन्द+**ईय**
अनो लोप वगेरे→**शिशुक्रन्दीयः**।

(२) **यमसभीयो ग्रन्थः**=यमसभने आश्रयीने बनावेल ग्रंथ.
यमसभमधिकृत्य कृतो ग्रन्थ इति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

शिशुक्रन्दादिगणद्वारासिद्धथताप्रयोगोः शिशुक्रन्दीयः, यमसभीयः, इन्द्रजननीयः, प्रद्युम्नप्रत्यागमनीयः, प्रद्युम्नोदयनीयः, सीताहरणीयः, सीतान्वेषणीयः

सूत्रमां ब.व. आकृतिगण माटे छे. तेथी आना सदृश अन्य प्रयोगोनो पण आ सूत्रमां समावेश थई शके छे.

अन्य मत :

केटलांक व्याकरणकारो शिशुक्रन्द शब्दथी आ सूत्रनी प्रवृत्ति ईच्छतां नथी. तेथी तेओना मते शैशुक्रन्दम् जेवो प्रयोग थाय छे.

द्वन्द्वात् प्रायः ६.३.२०१

अ.अ.सू. : अमः द्वन्द्वात् अधिकृत्य कृते ग्रन्थे प्रायः ईयः।

अर्थ : द्वितीयान्त द्वन्द्व समासथी अधिकृत्य कृत ग्रंथ अर्थमां प्रायः ईय प्रत्यय थाय छे.

ઉદા. (१) **वाक्यपदीयम्**=वाक्य पदने आश्रयीने करेलो ग्रंथ.
वाक्यपदमधिकृत्य कृतो ग्रन्थ इति।
आ सूत्रथी ईय→वाक्यपद+**ईय**
अनो लोप वगेरे→वाक्यप**दीयम्**।

(२) **प्रायः किम् ? दैवासुरम्**=देवासुरने आश्रयीने करेलो ग्रंथ.
देवासुरमधिकृत्य कृतो ग्रन्थ इति।

आ सूत्रमां प्रायः शब्दनुं ग्रहण कर्युं होवाथी आ सूत्रथी ईय न थतां अमोऽधि०६.३.१९८ सूत्रानुसारे अण् प्रत्यय थयो छे.

विशेषता :

पूर्वनी जेम आ सूत्रथी थतो ईय प्रत्यय अण्नो बाधक होवाथी तेना अपवादरूप जाणवो.

कृत अर्थक प्रत्ययने दर्शावतुं कोष्टक

सूत्र	प्रकृति	अर्थनुं विशेषण	प्रत्यय	उदाहरण
कृते ६.३.१९२	नदी वगेरे	–	यथाविहित	शैवः
नाम्नि०६.३.१९३	मक्षिका वगेरे	संज्ञानो विषय	"	माक्षिकम्
कुलाला०६.३.१९४	कुलाल वगेरे	"	अकञ्	कौलालकम्
सर्व०६.३.१९५	सर्वचर्मन्	"	ईन/ईनञ्	सर्वचर्मीणः
उरसो०६.३.१९६	उरस्	"	य/अण्	उरस्यः
छन्दस्यः ६.३.१९७	छन्दस्	"	य	छन्दस्यः

अमो०६.३.१९८	द्वितीयान्त नाम	अधिकृत्य ग्रंथ	यथाविहित	भाद्रः
ज्योति०६.३.१९९	ज्योतिष्	"	अण्	ज्योतिषम्
शिशु०६.३.२००	शिशुक्रन्द वगेरे	"	ईय	शिशुक्रन्दीयः
द्वन्द्वात्०६.३.२०१	द्वन्द्व समास	"	ईय	वाक्यपदीयम्

अभिनिष्क्रामति द्वारे ६.३.२०२

अ.अ.सू. : अमः द्वारे अभिनिष्क्रामति।

अर्थ : द्वितीयान्त द्वार स्वरूप निर्गमन अर्थमां यथाविहित प्रत्यय थाय छे.

ઉદા. (१) **माथुरम्**=मथुरा तरफ नीकळतुं द्वार.
मथुरामभिनिष्क्रामति इति।

(२) **नादेयम्**=नदी तरफ नीकळतुं द्वार. नदीमभिनिष्क्रामति इति।

(३) **राष्ट्रियम्**=राष्ट्र तरफ नीकळतुं द्वार. राष्ट्रमभिनिष्क्रामति इति।

आ ઉદા.नी साधनिका ६.३.१२३ सूत्रमां दर्शावेल **स्त्रौघ्नः** आदि प्रमाणे जाणवी. अने ઉદા.३मां **राष्ट्रादियः** ६.३.३थी इय प्रत्यय करवो.

गच्छति पथि दूते ६.३.२०३

अ.अ.सू. : अमः पथि दूते गच्छति।

अर्थ : द्वितीयान्त नामथी मार्ग अथवा दूत रूप गमन कर्त्ता अर्थमां यथाविहित प्रत्यय थाय छे.

ઉદા. (१) **स्त्रौघ्नः पन्थाः/दूतः**=स्रुघ्न तरफ जतो मार्ग/दूत.
स्रुघ्नं गच्छतीति।

(२) **राष्ट्रियः पन्थाः/दूतः**=राष्ट्र तरफ जतो मार्ग/दूत.
राष्ट्रं गच्छतीति।
आ ઉદા.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

भजति ६.३.२०४

अ.अ.सू. : अमः भजति।

अर्थ : द्वितीयान्त नामथी भजवुं अर्थमां यथाविहित प्रत्यय थाय छे.

ઉદા. (૧) **स्त्रौघ्नः**=સ્રુઘ્નને ભજનાર. स्रुघ्नं भजतीति।

(૨) **राष्ट्रियः**=રાષ્ટ્રને ભજનાર. राष्ट्रं भजतीति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

महाराजादिकण् ६.३.२०५

अ.अ.सू. : अमः महाराजात् भजति इकण्।

अर्थ : द्वितीयान्त महाराज नामथी भजवुं अर्थमां इकण्(इक) प्रत्यय थाय छे.

ઉદા. **माहाराजिकः**=મહારાજને સેવનાર. महाराजं भजतीति।

આ સૂત્રથી इकण्→महाराज+**इक**

વૃદ્ધિ વગેરે થતાં→**माहाराजिकः**।

अचित्तादेशकालात् ६.३.२०६

अ.अ.सू. : अदेशकालात् अमः अचित्तात् भजति इकण्।

अर्थ : દેશ અને કાળવાચી સિવાયના દ્વિતીયાન્ત અચિત્તવાચી નામથી ભજવું અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

स. : अदेश-कालात्=देशश्च कालश्चेति देश-कालम्, न देश-कालमिति अदेशकालम्, तस्मादिति।

ઉદા. **आपूपिकः**=પ્રીતી વડે પુડલાને ખાનાર. अपूपान् भजतीति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. (૧) **अचित्तादिति किम् ? दैवदत्तः**=દેવદત્તને ભજનાર. देवदत्तं भजतीति ।

भजति ६.३.२०४ સૂત્રાનુસારે,

प्राग् जिता०६.१.१४थी अण्→देवदत्त+**अ**
वृद्धि वगेरे थतां→**दैवदत्तः** ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અચિત્તવાચી નામથી થાય છે. જ્યારે અહીં સચિત્તવાચી નામ છે. માટે આ સૂત્રથી इकण् થયો નહીં.

अदेशेत्यादि किम् ?

(२) **स्त्रौघ्नः**=સ્રુઘ્નને ભજનાર. स्रुघ्नं भजतीति।

(૩) **हैमनः**=હેમંતને ભજનાર. हेमन्तं भजतीति।

આ ઉદા.ની સાધનિકા ६.૩.२०४ અને ६.૩.૯૧માં દર્શાવેલ છે.

★ આ સૂત્રમાં દેશ અને કાળવાચીનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી इकण् ન થતાં अण् થયેલ છે.

वासुदेवा-ऽर्जुनादकः ६.३.२०७

अ.अ.सू. : अमः वासुदेवा-ऽर्जुनात् भजति अकः।

અર્થ : દ્વિતીયાન્ત વાસુદેવ અને અર્જુન નામથી ભજવું અર્થમાં अक પ્રત્યય થાય છે.

स. : वासुदेवा-ऽर्जुनात्=वासुदेवश्च अर्जुनश्चेति वासुदेवा-ऽर्जुनम्, तस्मादिति।

ઉદા. (१) **वासुदेवकः**=વાસુદેવને ભજનાર. वासुदेवं भजतीति।
આ સૂત્રથી अक→वासुदेव+**अक**
અનો લોપ વગેરે થતાં→**वा**सुदेवकः।

(२) **अर्जुनकः**=અર્જુનને ભજનાર. अर्जुनं भजतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(१) સૂત્રમાં દર્શાવેલ વાસુદેવ નામને वृद्धिर्यस्य०६.१.८થી दु સંજ્ઞા થતા दोरीयः ६.૩.૩२થી ईयની તેમજ અર્જુન શબ્દ ક્ષત્રિયવાચી થતાં गोत्र-क्षत्रियेभ्यो०६.૩.२०८થી अकञ्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ

કરી અક કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો અક પ્રત્યય ઈય અને અકञ્ના અપવાદરૂપ જાણવો.

(૨) પૂર્વે ૬.૩.૧૦૨ સૂત્રમાં જણાવ્યા મુજબ કના વિધાનથી પણ वासुदेवकः જેવા પ્રયોગો સિદ્ધ થાય છે. પરંતુ સ્ત્રીલિંગમાં वासुदेवाका, वासुदेविका અને वासुदेवका જેવા ત્રણ પ્રયોગ ન થઈ માત્ર वासुदेविका ઈષ્ટ પ્રયોગ થાય. તેની માટે કનું વિધાન ન કરતા અકનું વિધાન કરેલ છે.

गोत्र-क्षत्रियेभ्योऽकञ् प्रायः ६.३.२०८

અ.અ.સૂ. : अमः गोत्र-क्षत्रियेभ्यः भजति प्रायः अकञ्।

અર્થ : દ્વિતીયાન્ત ગોત્રવાચી અને ક્ષત્રિયવાચી નામથી ભજવું અર્થમાં પ્રાયઃ અકञ્(અક) પ્રત્યય થાય છે.

સ. : गोत्र-क्षत्रियेभ्यः=गोत्रं च क्षत्रियाश्चेति गोत्र-क्षत्रियाः, तेभ्य इति।

ઉદા. (૧) **औपगवकः**=ગોવાળને ભજનાર. औपगवं भजतीति।
આ સૂત્રથી અકञ्→**औपगव+अक**
વૃદ્ધિ વગેરે→**औपगवकः**।

(૨) **नाकुलकः**=નકુલને ભજનાર. नकुलं भजतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ **प्रायः किम् ? पाणिनीयः**=પાણિનિને ભજનાર. पाणिनिम् भजतीति।

આ ઉદા.ની સાધનિકા ૬.૩.૧૯૧માં દર્શાવેલ છે.

આ સૂત્રમાં प्रायः પદનું ગ્રહણ હોવાથી અહીં આ સૂત્રથી અકञ् ન થતાં दोरीयः ૬.૩.૩૨થી ઈય થયેલ છે.

सरूपाद् द्रेः सर्वं राष्ट्रवत् ६.३.२०९

अ.अ.सू. : द्रेः सरुपात् अमः भजति राष्ट्रवत् सर्वम्।

અર્થ : રાષ્ટ્ર અને ક્ષત્રિય અર્થવાળા સરૂપ નામથી કહેવાયેલ દ્રિ સંજ્ઞક પ્રત્યય અન્તવાળા દ્વિતીયાન્ત નામથી ભજતિ અર્થમાં સર્વપ્રકૃતિ અને પ્રત્યય રાષ્ટ્રની જેમ થાય છે.

ઉદા. (૧) **वृजिकः**=વૃજિ દેશના રાજાને/વૃજિ રાજાનો અપત્યાદિને ભજનાર. वार्ज्यं भजतीति।
દુનાદિ-કુર્વિત્૦૬.૧.૧૧૮થી વિહિત ञ્ય પ્રત્યયાન્ત वार्ज्यं હોવાથી,
આ સૂત્ર દ્વારા રાષ્ટ્રવત્ પ્રત્યયની પ્રાપ્તિ થતાં,
વૃજિ-મદ્રાદ્૦૬.૩.૬૮થી ક અને વૃજિ આદેશ→**वृजिक**
પ્રથમા સિ વગેરે→वृजिकः।

(૨) **मद्रकः**=મદ્ર દેશના રાજાને/મદ્ર રાજાના પુત્રાદિને ભજનાર. माद्रं भजतीति।
પુરુ-મગધ૦૬.૧.૧૧૬થી अण् પ્રત્યયાન્ત माद्र હોવાથી,
આ સૂત્રથી રાષ્ટ્રની જેમ પ્રકૃતિ અને પ્રત્યય થતાં,
વૃજિ-મદ્રાત્૦૬.૩.૩૮થી ક અને माद्रનો મદ્ર→**मद्र+क**
પ્રથમા સિ વગેરે→मद्रकः।

(૩) **पाण्डवकः**=પાંડુ દેશના રાજાને/પાંડુ રાજાના પુત્રાદિને ભજનાર. पाण्ड्यं भजतीति।
આ સૂત્ર દ્વારા રાષ્ટ્રવત્ પ્રકૃતિ અને પ્રત્યયની પ્રાપ્તિ થતાં,
राष्ट्रेभ्यः ૬.૩.૪૪થી अकञ् અને पाण्डू આદેશ→**पाण्डू+क**
अव् વગેરે થતાં→**पाण्डवकः**।

પ્ર.ઉદા. सरुपादिति किम् ? पौरवीयम्=પુરુ દેશના રાજાને ભજનાર.

पौरवं भजतीति।

दोरीयः ૬.૩.૩૨થી ईय→पौरव+**ईय**

અનો લોપ વગેરે થતાં→**पौ**रवीय**म्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ રાષ્ટ્ર અને ક્ષત્રિય અર્થક સરૂપવાચી નામથી થાય છે. જ્યારે અહીં સરૂપવાચી નામ નથી. માટે આ સૂત્રથી રાષ્ટ્રવત્ પ્રત્યય ન થતાં ईय થયેલ છે.

भजति અર્થક પ્રત્યયને દર્શાવતું કોષ્ટક

सूत्र	પ્રકૃતિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
भजति ૬.૩.૨૦૪	नदी વગેરે	–	યથાવિહિત	स्रौघ्नः
महाराजा०૬.૩.૨૦૫	महाराज	–	इकण्	माहाराजिकः
अचित्ताद०૬.૩.૨૦૬	અદેશકાલ અચિત્તવાચી	–	इकण्	आपूपिकः
वासुदेवा-ऽ०૬.૩.૨૦૭	वासुदेव, अर्जुन	–	अक	वासुदेवकः
गोत्र-क्षत्रिये०૬.૩.૨૦૮	ગોત્રવાચી, ક્ષત્રિયવાચી	–	अकञ्	औपगवकः
सरुपाद् द्रेः०૬.૩.૨૦૯	સરૂપ રાષ્ટ્ર, ક્ષત્રિયવાચી	–	राष्ट्रवत्	वृजिकः

વિશેષતા :

સૂત્રમાં જે सर्वम्નું ગ્રહણ છે. તે પ્રકૃતિના અતિદેશ માટે છે. તેથી જેમ રાષ્ટ્ર અર્થમાં થતા પ્રત્યય અહીં થાય છે. તેમ પ્રકૃતિનો પણ આદેશ એનાથી જ થઈ જાય છે.

टस्तुल्यदिशि ६.३.२१०

अ.अ.सू. : टः तुल्यदिशि।

अर्थ : तृतीयान्त नामथी तुल्यदिक् अर्थमां यथाविहित प्रत्यय थाय छे.

स. : तुल्यदिशि=तुल्या दिक् यस्मिन् तदिति तुल्यदिक्, तस्मिन्निति।

उदा. सौदामनी विद्युत्=सुदामन् पर्वतनी साथे एकदिशामां रहेल विद्युत्. सुदाम्ना एकदिगिति।
आ सूत्रथी प्राप्त तुल्यदिक् अर्थमां,
प्राग् जिता०६.१.१३थी अण्→सुदामन्+**अ**
वृद्धि वगेरे→**सौ**दामनी।

तसिः ६.३.२११

अ.अ.सू. : टः तुल्यदिशि तसिः।

अर्थ : तृतीयान्त नामथी तुल्यदिक् अर्थमां तसि(तस्) प्रत्यय थाय छे.

उदा. सुदामतो विद्युत्=सुदामन् पर्वतनी साथे एक दिशामां रहेल विद्युत्. सुदाम्ना एकदिगिति।
आ सूत्रथी तसि→सुदामन्+**तस्**
नाम्नो नो०२.१.९१थी न्नो लोप→सुदामतस्
प्रथमा सि वगेरे→सुदामतः।

विशेषता :

(१) सूत्रनिर्दिष्ट तसि प्रत्ययमां इकार वत्तस्याम् १.१.३४ सूत्रमां अन्य तस् प्रत्ययथी तसि प्रत्ययने पृथक् करीने तदन्तवाळा नामने अव्ययसंज्ञा करवा माटे छे.

(२) अहीं पूर्व टस्तुल्यदिशि ६.३.२१० सूत्रमां यथाविहित अण् वगेरे प्रत्ययनो निर्देश करेलो ज छे. तेथी आ सूत्रमां जे तसि रूप

અન્ય પ્રત્યયનો નિર્દેશ કર્યો છે તે માત્ર યથાવિહિત પ્રકૃતિથી ન થતાં સર્વપ્રકૃતિ વિષયક જાણવો.

यश्चोरसः ६.३.२१२

અ.અ.સૂ. : टः उरसः तुल्यदिशि यः च(तसिः)।

અર્થ : તૃતીયાન્ત ઉરસ્ નામથી તુલ્યદિક્ અર્થમાં ય અને તસિ (તસ્) પ્રત્યય થાય છે.

ઉદા. उरस्यः/उरस्तः=ઉરની સાથે એક દિશામાં રહેલ.

उरसा एकदिगिति।

આ સૂત્રથી ય અને તસિ→उरस्+**य/तस्**

પ્રથમા સિ વગેરે→**उरस्यः/तरस्तः**।

વિશેષતા :

(૧) આ સૂત્રથી થતો ય અને તસિ પ્રત્યય ઔત્સર્ગિક અણ્નો બાધક હોવાથી તેના અપવાદ રૂપ જાણવો.

(૨) યદ્યપિ સૂત્રમાં यःનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો તસિનો અધિકાર અટકી જવો જોઈએ. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्०२/६१** ન્યાયાનુસારે કાર્યતયા દર્શાવેલ યને સજાતીય કાર્યસ્વરૂપ તસિનું પૂર્વસૂત્રથી ગ્રહણ કરાય છે.

તુલ્યદિશા અર્થક પ્રત્યયને દર્શાવતું કોષ્ટક

સૂત્ર	પ્રકૃતિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
टस्तुल्य०६.३.२१०	नदी વગેરે	—	યથાવિહિત	सौदामनी
तसिः६.३.२११	—	—	तसि	सुदामतः
यश्चो०६.३.२१२	उरस्	—	य, तसि	उरस्यः

सेर्निवासादस्य ६.३.२१३

અ.અ.સૂ. : निवासात् सेः अस्य।

અર્થ : નિવાસ અર્થવાળા પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં યથાવિહિત પ્રત્યયો થાય છે.

ઉદા. (૧) **स्त्रौघ्नः**=સ્રુઘ્ન દેશમાં રહેનાર. स्रुघ्नो निवासोऽस्येति।

(૨) **नादेयः**=નદીમાં રહેનાર. नदी निवासोऽस्येति।
આ ઉદા.ની સાધનિકા ૬.૩.૧૨૩માં દર્શાવેલ છે.

आभिजनात् ६.३.२१४

અ.અ.સૂ. : आभिजनात् निवासात् सेः अस्य।

અર્થ : **अभिजन**=પૂર્વબાંધવ. તે રૂપ નિવાસ અર્થવાળા પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં યથાવિહિત પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **स्त्रौघ्नः**=પોતાના પૂર્વબંધુના નિવાસરૂપ સ્રુઘ્ન દેશમાં રહેનાર. स्रुघ्नोऽस्याभिजनो निवास इति।

(૨) **राष्ट्रियः**=પોતાના પૂર્વબંધુના નિવાસરૂપ રાષ્ટ્રમાં રહેનાર.
આ ઉદા.ની સાધનિકા ૬.૩.૨૦૨ પ્રમાણે જાણવી.

शण्डिकादेर्ण्यः ६.३.२१५

અ.અ.સૂ. : शण्डिकादेः आभिजनात् निवासात् सेः अस्य ण्यः।

અર્થ : શણ્ડિક વગેરે અભિજનરૂપ નિવાસ અર્થવાળા પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં ણ્ય(ય) પ્રત્યય થાય છે.

સ. : शण्डिकादेः=शण्डिक आदिर्यस्य स इति शण्डिकादिः, तस्मादिति।

ઉદા. (૧) **शाण्डिक्यः**=પોતાના પૂર્વબંધુના નિવાસરૂપ શણ્ડિકમાં રહેનાર. शण्डिक अभिजनो निवासोऽस्येति।

(૨) **कौचवार्यः**=પોતાના પૂર્વબંધુના નિવાસરૂપ કૂચવારમાં રહેનાર. કૂચવાર આભિજનો નિવાસોઽસ્યેતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **शण्डिकादि ગણ :** शण्डिक, कूचवार, सर्वसेन, सर्वकेश, शङ्ख, शक, शट, रफ, चरण, चणक, शङ्कर, बोध।

(૨) આ સૂત્રથી થતો ण्य પ્રત્યય ઔત્સર્ગિક એવા अण् વગેરેનો બાધક હોવાથી તેમના અપવાદરૂપ જાણવો.

सिन्ध्वादेरञ् ૬.૩.૨૧૬

અ.અ.સૂ. : सिन्ध्वादेः आभिजनात् निवासात् सेः अस्य अञ्।

અર્થ : સિન્ધુ વગેરે આભિજનરૂપ નિવાસ અર્થવાળા પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં अञ्(अ) પ્રત્યય થાય છે.

સ. : सिन्ध्वादेः=सिन्धुरादिर्यस्य स इति सिन्ध्वादि, तस्मादिति।

ઉદા. (૧) **सैन्धवः**=પોતાના પૂર્વબંધુના નિવાસરૂપ સિંધુ દેશમાં રહેનાર. सिन्धुराभिजनो निवासोઽस्येति।
આ સૂત્રથી अञ्→सिन्धु+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**सैन्धवः**।

(૨) **वार्णवः**=પોતાના પૂર્વબંધુના નિવાસરૂપ વર્ણુદેશમાં રહેનાર. वर्णुराभिजनो निवासोઽस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **सिन्ध्वादि ગણ :** सिन्धु, वर्णु, मधुमत्, कम्बोज, कुलूज, गन्धार, कश्मीर, सल्व, किष्किन्ध, गब्दिक, उरस्, दरत्, ग्रामणी, काण्डवरक।

(૨) આ સૂત્રમાં દર્શાવેલ સિન્ધુ વગેરે નામથી પૂર્વના સૂત્ર દ્વારા અન્ય પ્રત્યયની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી અञ્ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્ર અણાદિના અપવાદરૂપ જાણવો. તે સૂત્રો-પ્રત્યયો નીચે મુજબ છે.

પ્રકૃતિ	પ્રત્યય	બાધિતસૂત્ર
સિન્ધુથી સલ્વ	અકञ્	કચ્છાદેર્નૃ૦૬.૩.૫૫
ગ્રામણી, કાણ્ડવરક	ઈય	દોરીયઃ ૬.૩.૩૨
અન્ય	અકञ્	બહુવિષયે૦૬.૩.૪૫

सलातुरादीयण् ६.३.२१७

અ.અ.સૂ. : सलातुरात् सेः आभिजनात् निवासात् अस्य ईयण्।

અર્થ : सलातुर=આભિજનરૂપ નિવાસ અર્થવાળાં પ્રથમાન્ત નામથી ષષ્ઠીનાં અર્થમાં ईयण्(ईय) પ્રત્યય થાય છે.

ઉદા. **सालातुरीयः पाणिनिः**=પોતાના પૂર્વબંધુના નિવાસરૂપ સલાતુરમાં રહેનાર. सलातुर आभिजनो निवासोऽस्य स इति।
આ સૂત્રથી ईयण्→सलातुर+**ईय**
વૃદ્ધિ વગેરે→**सा**लातुरीयः।

तूदी-वर्मत्या एयण् ६.३.२१८

અ.અ.સૂ. : तूदी-वर्मत्याः आभिजानात् निवासात् सेः अस्य एयण्।

અર્થ : तूदी અને वर्मती આભિજનરૂપ નિવાસ અર્થવાળા પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં एयण्(एय) પ્રત્યય થાય છે.

સ. : तूदी-वर्मत्याः=तूदी च वर्मती चेति तूदी-वर्मती, तस्याः इति।

ઉદા. (૧) **तौदेयः** = પોતાના પૂર્વબંધુના નિવાસરૂપ તૂદીમાં રહેનાર.
તૂદી આભિજનો નિવાસોઽસ્ય સ ઇતિ।
આ સૂત્રથી એયણ્→તૂદી+**एय**

(૨) **वार्मतेयः** = પોતાના પૂર્વબંધુના નિવાસરૂપ વર્મતીમાં રહેનાર.
વર્મતી આભિજનો નિવાસોઽસ્ય સ ઇતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

गिरेरीयोऽस्त्राजीवे ६.३.२१९

અ.અ.સૂ. : गिरेः आभिजनात् निवासात् सेः अस्त्राजीवे अस्य ईय।

અર્થ : ગિરિ આભિજનરૂપ નિવાસ અર્થવાળા પ્રથમાન્ત નામથી અસ્ત્ર આજીવરૂપ ષષ્ઠીના અર્થમાં ઈય પ્રત્યય થાય છે.

સ. : अस्त्राजीवे = अस्त्रमाजीवो जीविका यस्य स इति अस्त्राजीवः, तस्मिन्निति।

ઉદા. **हृद्गोलीयः** = પોતાના પૂર્વબંધુના નિવાસભૂત હૃદ્ગોલમાં રહેનાર શસ્ત્રજીવી.
हृद्गोलः પર્વત આભિજનો નિવાસોઽસ્ય અસ્ત્રાજીવસ્ય સ ઇતિ।
આ સૂત્રથી ઈય→हृद्गोल+**ईय**
અનો લોપ વગેરે થતાં→हृद्गोलीयः।

अस्य अर्थक प्रत्ययने दर्शावतुं कोष्टक

सूत्र	प्रकृति	अर्थनुं विशेषण	प्रत्यय	उदाहरण
सेर्निवासा०६.३.२१३	निवासार्थक नदी वगेरे	–	यथाविहित	स्रौघ्नः
शण्डिका०६.३.२१५	अभिजनरूप निवासार्थक शण्डिक वगेरे	–	ण्य	शाण्डिक्यः
सिन्ध्वादे०६.३.२१६	सिन्धु वगेरे	–	अञ्	सैन्धवः
अभिजना०६.३.२१४	अभिजनरूप निवासार्थक	–	यथाविहित	स्रौघ्नः
सलातुरा०६.३.२१७	सलातुर	–	ईयण्	सालातुरीयः
तूदी-वर्म०६.३.२१८	तूदी, वर्मती	–	एयण्	तौदेयः
गिरेरीयो०६.३.२१९	गिरि	अस्त्राजीवी	ईय	हृद्गोलीयः

॥ इति श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे षष्ठेऽध्याये तृतीयः पादः समाप्तः॥

श्लोक : **जयस्तम्भान्[1] सीमन्यनुजलधिवेलं निहितवान्,**
वितानैर्ब्रह्माण्डं शुचिगुणगरिष्ठैः पिहितवान्।
यशस्तेजोरूपैरलिपत जगन्त्यर्घघुसृणैः,
कृतो यात्रानन्दो विरमति न किं सिद्धनृपतिः ?॥

१. આ શ્લોકોને સ્વતંત્ર કાવ્ય તરીકે સં.સૌ.માં ગ્રહણ કરેલ છે. ત્યાંથી તેના અર્થ, અન્વય, સમાસાદિ જાણી લેવા.

અભ્યાસ-૧

પ્ર.૧. નીચેના સૂત્રો અર્થ સહિત લખો : **૧૦**

(૧) ૬.૩.૧૮૮ (૨) ૬.૩.૪૫ (૩) ૬.૩.૧૦૨
(૪) ૬.૩.૧૧૨ (૫) ૬.૩.૩૬ (૬) ૬.૩.૧૧૪
(૭) ૬.૩.૬૭ (૮) ૬.૩.૧૭૫ (૯) ૬.૩.૫૯
(૧૦) ૬.૩.૧૬૬

પ્ર.૨. નીચેના કાર્યો કરનાર સૂત્રના અ.અ.સૂ. લખો : **૧૦**

(૧) વાહનવાચી નામથી વાહ્ય આદિ અર્થમાં જ પ્રત્યય થાય તેવું નિયમ કરનાર સૂત્ર.
(૨) નટસૂત્ર અર્થમાં વેદવત્ કાર્ય કરનાર સૂત્ર.
(૩) આચાર્ય પાસેથી આવેલું અર્થમાં પ્રત્યય કરનાર સૂત્ર.
(૪) મ્ આગમ વિનાનો ईय પ્રત્યયાન્ત **मध्य** નામનો પ્રયોગ કરનાર સૂત્ર.
(૫) નક્ષત્રવાચી નામથી **अण्**નો સ્ત્રીલિંગમાં લોપ કરનાર સૂત્ર.

પ્ર.૩. નીચેના પ્રશ્નોના જવાબ લખો : **(૧૦)**

(૧) ૬.૩.૧૧૪થી થતો પ્રત્યય કોના-કોના અપવાદરૂપ છે તે જણાવો.
(૨) ૬.૩.૭૪માં અકારાદિ **अम** પ્રત્યયના નિર્દેશનું પ્રયોજન જણાવો.
(૩) ૬.૩.૫૫થી થતો **अण्** પ્રત્યય દ્વારા બાધિત પ્રત્યયો સૂત્ર સહિત જણાવો.
(૪) ધૂમાદેઃ ૬.૩.૪૬ સૂત્રમાં **धार्त्तराष्ट्रः** અને **धार्त्तराष्ट्री** એમ બંનેનું પૃથક્ ગ્રહણ શા માટે કર્યું ?
(૫) ૬.૩.૧૪૯ સૂત્રમાં **गौणमुख्ययो०** ન્યાયની પ્રવૃત્તિ સમજાવો.

પ્ર.૪. નીચેના પ્રયોગોનો અર્થ લખી સાધનિકા લખો : ૧૦

(૧) पौरस्त्यः
(૨) अहियम्
(૩) मामकीनः
(૪) पाण्डवकः
(૫) अमावास्यकः
(૬) हैमनम्
(૭) शाबरजम्बुकः
(૮) बाह्वृच्यम्
(૯) ऐषमकम्
(૧૦) आरण्यकः

• • •

॥ ॐ ह्रीं श्रीं अर्हं नमः ॥
॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

षष्ठेऽध्याये चतुर्थः पादः

तद्धित प्रकरणम्

इकण् ६.४.१

अ.अ.सू. : इकण्।

અર્થ : આ પાદના અંત સુધી જ્યાં પ્રત્યયનું વિધાન કરાયું નથી. ત્યાં આ इकण्(इक) પ્રત્યયનો અધિકાર જાણવો.

तेन जित-जयद्-दीव्यत्-खनत्सु ६.४.२

अ.अ.सू. : तेन जित-जयद्-दीव्यत्-खनत्सु इकण्।

અર્થ : તૃતીયાન્ત નામથી जित, जयत्, दीव्यत् અને खनत् અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

स. : जित-जयद्-दीव्यत्-खनत्सु = जितश्च जयंश्च दीव्यंश्च खनंश्चेति जितजयत्दीव्यत्खनतः, तेष्विति।

ઉદા. (૧) **आक्षिकम्** = પાસાથી જીતાએલું. अक्षैर्जितमिति।
આ સૂત્રથી इकण्→अक्ष+**इक**
વૃદ્ધિ વગેરે થતાં→**आक्षिकम्**।

(૨) **आक्षिकः** = પાસાથી જીતનાર/રમનાર.
अक्षैर्जयति/अक्षैर्दीव्यतीति।

(૩) **आभ्रिकः**=અભ્રી (સાધન વિશેષ)થી ખોદનાર.
અભ્રયા ખનતીતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં તેન એ પ્રમાણે તૃતીયાન્ત નામનું ગ્રહણ કર્યું છે. તે તૃતીયા કરણવાચી નામથી જાણવી. તેથી देवदत्तेन जितम् જેવા કર્તૃવાચી તૃતીયા અન્તવાળા નામથી આ સૂત્ર દ્વારા इकण् પ્રત્યય થશે નહીં.

(૨) અહીં जित००० खनत्सु એ પ્રમાણે જે બ.વ.નો નિર્દેશ કર્યો છે તે પૃથગર્થતા બતાવવા માટે છે. અર્થાત્ जित-जयत् આદિ એક-એક અર્થમાં પૃથક્-પૃથક્ પ્રત્યય થાય છે. પણ સર્વે સંમિલિત થઈને એક અર્થમાં જ નહીં. તેવું દર્શાવવા માટે છે.

(૩) અહીં સૂત્રમાં जयत्, दिव्यत् અને खनत् એ પ્રમાણે વર્તમાન કૃદન્તનો નિર્દેશ કર્યો છે તે સામાન્ય નિર્દેશ જાણવો. તેથી કોઈપણ કાળની વિવક્ષા ન હોવાથી ત્રણે'ય કાળમાં સૂત્રપ્રવૃત્તિ જાણવી. યદ્યપિ जित એ પ્રમાણે ભૂતકાળનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે કર્મણિ પ્રયોગમાં ભૂતકાળનું ગ્રહણ કરવા માટે છે. તેથી પૂર્વે અવિવક્ષિત કાળવાળા કર્તરિ પ્રયોગના નિર્દેશથી अक्षैर्जयति, जयद् અને जेष्यति इति आक्षिकः એમ ત્રણ પ્રયોગ સિદ્ધ થાય છે. અને ભૂતકાળની વિવક્ષાવાળા કર્મણિ પ્રયોગ अक्षैर्जित इति आक्षिकः એમ એક પ્રયોગ સિદ્ધ થાય છે.

संस्कृते ૬.૪.૩

અ.અ.સૂ. : तेन संस्कृते इकण्।

અર્થ : તૃતીયાન્ત નામથી સંસ્કૃત અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **दाधिकम्**=દહીંથી સંસ્કારિત થયેલું. दध्ना संस्कृतमिति।

(૨) **वैद्यिकः**=વિદ્યાથી સંસ્કારિત થયેલું. વિદ્યયા સંસ્કૃત इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ ઉત્તરસૂત્રમાં માત્ર संस्कृतेनो અધિકાર લઈ જવા માટે છે. અન્યથા **सन्नियोगशिष्टाना०१/३०** ન્યાયાનુસારે જિત વગેરેનો પણ અધિકાર આવવાની આપત્તિ આવે.

कुलत्थ-कोपान्त्यादण् ६.४.४

અ.અ.સૂ. : कुलत्थ-कोपान्त्यात् संस्कृते अण्।

અર્થ : કુલત્થ અને ક્ ઉપાન્ત્યવાળા નામથી સંસ્કૃત અર્થમાં અણ્(અ) પ્રત્યય થાય છે.

સ. : कुलत्थ-कोपान्त्यात्=क उपान्त्यो यस्य स इति कोपान्त्यः, कुलत्थश्च कोपान्त्यश्चेति कुलत्थ-कोपान्त्यम्, तस्मादिति।

ઉદા. (૧) **कौलत्थम्**=કળ (ધાન્ય વિશેષ)થી સંસ્કારિત થયેલું.
कुलत्थैः संस्कृतमिति।
આ સૂત્રથી अण्→कुलत्थ+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**कौ**लत्थम्।

(૨) **तैत्तिडीकम्**=અંજનવિશેષથી સંસકારિત થયેલું.
तित्तिडीकेन संस्कृतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

આ સૂત્રથી થતો अण् પ્રત્યય संस्कृते ६.४.૩થી થનાર ઔત્સર્ગિક इकण्ના અપવાદરૂપ જાણવો.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો કુલસ્થ નામથી સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. જેમકે, कौलस्थः।

(૨) કેટલાંક વ્યાકરણકારો क् વર્ગ ઉપાન્ત્યવાળા નામથી પણ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેઓના મતે मौद्गम्, सारघम् જેવા પણ પ્રયોગો થાય છે.

संसृष्टे ६.४.५

અ.અ.સૂ. : तेन संसृष्टे इकण्।

અર્થ : તૃતીયાન્ત નામથી સંસૃષ્ટ અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. **दाधिकम्**=દહીંથી મિશ્રિત કરેલું. दध्ना संसृष्टमिति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં પૂર્વે संस्कृते ६.४.૩ સૂત્રમાં संस्कृत અર્થ દર્શાવ્યો છે. જ્યારે અહીં संसृष्ट અર્થ દર્શાવ્યો છે. ત્યાં संस्कृत એટલે મિશ્રણ આદિ દ્વારા ઉત્કર્ષનું આધાન કરવું. અને संसृष्ट એટલે માત્ર મિશ્રણ જ કરવું. આમ, અર્થભેદ થતા બંનેનું પૃથક્ ગ્રહણ છે.

लवणादः ६.४.६

અ.અ.સૂ. : तेन लवणात् संसृष्टे अः।

અર્થ : તૃતીયાન્ત लवण નામથી સંસૃષ્ટ અર્થમાં अ પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **लवणः**=મીઠા વડે મિશ્રિત કરેલ. लवणेन संसृष्ट इति।

આ સૂત્રથી अ→लवण+**अ**

અનો લોપ વગેરે થતાં→लवणः।

(૨) **सूप**=મસાલા વડે મિશ્રિત કરેલ. सूपेन संसृष्ट इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં જે પ્રકૃતિતયા लवण શબ્દનું ગ્રહણ કર્યું છે. તે लवण શબ્દ દ્રવ્યવાચી (મીઠું) અને ગુણવાચી (ખારાશ) એમ બંને સંભવે છે. ત્યાં ગુણનો ક્યારેય વિશ્લેષપૂર્વકનો સંસર્ગ થઈ શકતો જ નથી. તેથી અહીં સંસૃષ્ટ અર્થમાં ગુણવાચી શબ્દ ગ્રહણ ન કરતાં દ્રવ્યવાચી શબ્દનું જ ગ્રહણ કરવું.

चूर्ण-मुद्गाभ्यामिनणौ ६.४.७

અ.અ.સૂ. : तेन चूर्ण-मुद्गाभ्यां संसृष्टे इनणौ।

અર્થ : તૃતીયાન્ત चूर्ण અને मुद्ग નામથી અનુક્રમે સંસૃષ્ટ અર્થમાં इन् અને अण्(अ) પ્રત્યય થાય છે.

સ. : (૧) **चूर्ण-मुद्गाभ्याम्**=चूर्णश्च मुद्गश्चेति चूर्ण-मुद्गौ, ताभ्यामिति।
(૨) **इनणौ**=इन् च अण् चेति।

ઉદા. (૧) **चूर्णिनोऽपूपाः**=લોટથી મિશ્રિત પૂડલા. चूर्णेन संसृष्टा इति।
આ સૂત્રથી इन्→चूर्ण+**इन्**
અનો લોપ વગેરે થતાં→**चूर्णिनः**।

(૨) **मौद्गी यवागूः**=મગથી મિશ્રિત રાબ. मुद्गेन संसृष्टा इति।
આ સૂત્રથી अण्→मुद्ग+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**मौद्गी**।

વિશેષતા :

આ સૂત્રમાં चूर्ण-मुद्गाभ्याम् એ પ્રમાણે સ્થાનીદર્શક પદ અને इनणौ એ પ્રમાણે પ્રત્યયદર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી

यथासङ्ख्य०१/१० ન્યાયાનુસારે તે બંનેની વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

संसृष्ट अर्थक प्रत्ययने दर्शावतुं कोष्टक

सूत्र	प्रकृति	अर्थनुं विशेषण	प्रत्यय	उदाहरण
संसृष्टे ६.४.५	–	–	यथाविहित	दाधिकम्
लवणादः ६.३.६	लवण	–	अ	लवणः
चूर्ण-मुद्ग०६.४.७	चूर्ण, मुद्ग	–	इन्, अण्	चूर्णिनाः

व्यञ्जनेभ्य उपसिक्ते ६.४.८

अ.अ.सू. : तेन व्यञ्जनेभ्यः उपसिक्ते इकण्।

अर्थ : व्यञ्जन=સૂપ વગેરે, તે અર્થવાચી તૃતીયાન્ત નામથી ઉપસિક્ત અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. तैलिकं शाकम्=તેલથી લેપાયેલું શાક. तैलेन उपसिक्तमिति।

આ સૂત્રથી इकण्→**तैल+इक**

અનો લોપ વગેરે થતાં→**तैलिकम्**।

વિશેષતા :

(૧) સૂત્રમાં व्यञ्जनेभ्यः એ પ્રમાણે બ.વ. કર્યું છે તેથી व्यञ्जन એ પ્રમાણે સ્વરૂપ નામથી આ સૂત્રની પ્રવૃત્તિ ન કરતાં વ્યંજનવાચી સૂપ વગેરે નામથી આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

(૨) અહીં જે उपसिक्त અર્થનો નિર્દેશ કર્યો છે. ત્યાં उपादीयते भोजनार्थं यद् એ વ્યુત્પત્તિ અનુસારે પણ રુઢિથી ભોજ્ય પદાર્થનું જ ગ્રહણ કરવું પણ થાળી વગેરેનું નહીં.

જિ. : પૂર્વ અને આ સૂત્રમાં દર્શાવેલ સંસૃષ્ટ અને ઉપસિક્ત અર્થ સમાનાર્થી જ છે. તેથી પૂર્વસૂત્રથી વ્યંજનવાચી નામથી ઇકણ્ સિદ્ધ જ હતો. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : આ સૂત્રના નિર્દેશ દ્વારા અહીં **સિદ્ધે સત્યારમ્ભો૦૧/૨૫** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થાય છે. અને તે નિયમ બે પ્રકારે નીચે મુજબ છે.

(૧) **અર્થનિયમ :** વ્યંજનવાચી નામથી ઇકણ્ પ્રત્યય ઉપસિક્ત એવા જ સંસૃષ્ટ અર્થમાં થશે. અન્ય સંસૃષ્ટ અર્થમાં નહીં. જેમકે, સૂપેન સંસૃષ્ટા સ્થાલી।

(૨) **પ્રકૃતિનિયમ :** ઉપસિક્ત એવા સંસૃષ્ટ અર્થમાં વ્યંજનવાચી નામથી જ ઇકણ્ થશે અન્ય નામથી નહીં જેમકે, ઉદકેન ઉપસિક્ત આદેનઃ।

तरति ૬.૪.૯

અ.અ.સૂ. : तेन तरति इकण्।

અર્થ : તૃતીયાન્ત નામથી તરવું અર્થમાં ઇકણ્(ઇક) પ્રત્યય થાય છે.

ઉદા. औडुपिकः=નાપાથી તરનાર. उडुपेन तरतीति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

नौ-द्विस्वरादिकः ૬.૪.૧૦

અ.અ.સૂ. : तेन नौ-द्विस्वरात् तरति इकः।

અર્થ : તૃતીયાન્ત નૌ અને દ્વિસ્વરી નામથી તરવું અર્થમાં ઇક પ્રત્યય થાય છે.

સ. : नौ-द्विस्वरात्=द्वौ स्वरौ यस्य स इति द्विस्वरम्, नौश्च द्विस्वरश्चेति नौ-द्विस्वरम्, तस्मादिति।

ઉદા. (૧) **નાવિકા**=નાવથી તરનારી. નાવા તરતીતિ।

(૨) **બાહુકા**=બાહુથી તરનારી. બાહુભ્યાં તરતીતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

चरति ૬.૪.૧૧

અ.અ.સૂ. : तेन चरति इकण्।

અર્થ : તૃતીયાન્ત નામથી ફરવું અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **हास्तिकः**=હાથી વડે જનાર. हस्तिना चरतीति।

(૨) **दाधिकः**=દહીંની સાથે ખાનાર. दध्ना चरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં चरति પદથી चर् ધાતુના ગતિ અને લક્ષણ એમ બંને અર્થનું ગ્રહણ કરાય છે. તેથી ઉદા.ગત दाधिकः વગેરે પ્રયોગો સિદ્ધ થઈ શકે છે.

पर्पादेरिकट् ૬.૪.૧૨

અ.અ.સૂ. : तेन पर्पादेः चरति इकट्।

અર્થ : તૃતીયાન્ત પર્પ વગેરે નામથી ફરવું અર્થમાં इकट्(इक) પ્રત્યય થાય છે.

સ. : पर्पादेः=पर्प आदिर्यस्य स इति पर्पादिः, तस्मादिति।

ઉદા. (૧) **पर्पिकी**=લૂલી. पर्पेण चरतीति।

(૨) **अश्विकी**=ઘોડા વડે ચાલનારી. अश्वेन चरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

पर्पादि ગણ : पर्प, अश्व, अश्वत्थ, रथ, अर्घ्य, व्याल, व्यास।

पदिकः ६.४.१३

અ.અ.સૂ. : पदिकः।

અર્થ : पाद નામથી ફરવું અર્થમાં इकट्(इक) પ્રત્યય અને पादનો पद् આદેશ નિપાતન પામે છે.

ઉદા. **पदिकः**=પગથી ચાલનાર. पादाभ्यां चरतीति।

આ સૂત્રથી इकट् અને पद् આદેશ→**पद्+इक**

પ્રથમા સિ વગેરે→**पदिकः**।

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, પૂર્વસૂત્રનિર્દિષ્ટ पर्पादि ગણમાં જ पाद શબ્દનો સમાવેશ કરીને પણ तेन चरति અર્થમાં इकण् સિદ્ધ થઈ શકે છે. પરંતુ पादનો पद् આદેશ કરવા માટે અહીં પૃથક્ નિપાતન સૂત્રનો નિર્દેશ કર્યો છે.

यद्यपि पाद શબ્દના સમાન અર્થવાળા पद् શબ્દનો पर्पादि ગણમાં સમાવેશ કરવા દ્વારા पदिकः પ્રયોગ સિદ્ધ થાય જ છે. પરંતુ પૂર્વસૂત્ર નિર્દિષ્ટ चरति ६.४.११ સૂત્રથી पादाभ्यां चरति એવા અર્થમાં पाद શબ્દથી इकण् પ્રત્યય કરીને पादिकः એવો પ્રયોગ પણ સિદ્ધ થાય છે, જે ઈષ્ટ નથી. આવા અનિષ્ટ પ્રયોગોનું વારણ કરવા માટે જ તેમનો પૃથક્નિર્દેશ છે.

श्वगणाद् वा ६.४.१४

અ.અ.સૂ. : तेन श्वगणात् चरति इकट् वा।

અર્થ : तृतीयान्त श्वगण નામથી ફરવું અર્થમાં इकट्(इक) પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **श्वगणिकी/श्वागणिकः** = કૂતરા વડે ચાલનારી/ચાલનાર.

श्वगणेन चरतीति।

આ સૂત્રથી ઇકટ્ → श्वगण+**इक**

અનો લોપ વગેરે → श्वगणि**की**।

विकल्पे : જ્યારે ઇકટ્ ન થાય ત્યારે,

चरति ६.४.११थी इकण् → श्वगण+**इक**

द्वारादेः ७.४.६थी પ્રાપ્ત દ્ની પૂર્વે औ આગમનો श्वादेरिति ७.४.१०थी **निषेध.**

વૃદ્ધિ વગેરે → **श्वागणिकः**।

वेतनादेर्जीवति ६.४.१५

અ.અ.સૂ. : तेन वेतनादेः जीवति इकण्।

અર્થ : તૃતીયાન્ત વેતન વગેરે નામથી જીવવું અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે.

સ. : वेतनादेः = वेतन आदिर्यस्य स इति वेतनादिः, तस्मादिति।

ઉદા. (૧) **वैतनिकः** = વેતન વડે જીવનાર. वेतनेन जीवतीति।

(૨) **वाहिकः** = વહન કરવા વડે જીવનાર. वाहेन जीवतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

वेतनादि ગણ : वेतन, वाह, अर्धवाह, धनुस्, दण्ड, धनुर्दण्ड, जाल, वेश, उपवेश, प्रेषण, भृति, उपवेष, उपस्था, उपास्ति, उपस्थान, सुख, शय्या, सुखशय्या, शक्ति, उपनिषत्, उपनिजस्त, उपरिजन, स्फिज, स्फिग, वाल, पुतचाल, उपदेश, पाद, उपहस्त।

व्यस्ताच्च क्रय-विक्रयादिकः ६.४.१६

अ.अ.सू. : व्यस्तात् च क्रय-विक्रयात् जीवति इकः।

અર્થ : સમસ્ત અને વ્યસ્ત તૃતીયાન્ત ક્રય-વિક્રય નામથી જીવવું અર્થમાં इक પ્રત્યય થાય છે.

સ. : क्रय-विक्रयात्=क्रयश्च विक्रयश्चेति क्रय-विक्रयम्, तस्मादिति।

ઉદા. (૧) **क्रयविक्रयिकः**=ખરીદી-વેચાણ કરવા વડે જીવનાર. क्रयविक्रयेन जीवतीति।
આ સૂત્રથી इक→क्रयविक्रय+**इक**
અનો લોપ વગેરે→क्रयविक्रयिकः।

(૨) **क्रयिकः**=ખરીદ કરવા વડે જીવનાર. क्रयेण जीवतीति।

(૩) **विक्रयिकः**=વેચાણ કરવા વડે જીવનાર. विक्रयेण जीवतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

वस्नात् ६.४.१७

अ.अ.सू. : तेन वस्नात् जीवति इकः।

અર્થ : તૃતીયાન્ત वस्न નામથી જીવવું અર્થમાં इक પ્રત્યય થાય છે.

ઉદા. **वस्निकः**=મજૂરીથી જીવનાર. वस्नेन जीवतीति।
આ સૂત્રથી इक→वस्न+**इक**
અનો લોપ વગેરે→**वस्निक**ः।

आयुधादीयश्च ६.४.१८

अ.अ.सू. : तेन आयुधात् जीवति ईयः च(इकः)।

અર્થ : તૃતીયાન્ત આયુધ નામથી જીવવું અર્થમાં ईय અને इक પ્રત્યય થાય છે.

ઉદા. **आयुधीयः/आयुधिकः**=શસ્ત્ર વડે જીવનાર. आयुधेन जीवतीति।
આ સૂત્રથી ईय/इक→आयुध+**ईय/इक**
અનો લોપ વગેરે થતાં→**आयुधीयः/आयुधिकः**।

વિશેષતા :

યદ્યપિ સૂત્રમાં ईय પ્રત્યયનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો इकનો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्०२/६१** ન્યાયાનુસારે પ્રત્યય એવા ईयને સજાતીય પૂર્વસૂત્રથી इकનું ગ્રહણ કરાય છે.

व्रातादीनञ् ६.४.१९

અ.અ.સૂ. : तेन व्रातात् जीवति ईनञ्।

અર્થ : તૃતીયાન્ત વ્રાત નામથી જીવવું અર્થમાં ઈનઞ્(ઈન) પ્રત્યય થાય છે.

ઉદા. **व्रातीनाभार्यः**=વ્રાત વડે જીવનારની પત્ની.
व्रातेन जीवतीति, तस्य भार्या इति।
આ સૂત્રથી ईनञ्→व्रात+**ईन**
વૃદ્ધિ વગેરે થતાં→**व्रातीनः**।

વિશેષતા :

(૧) અહીં પ્રકૃતિતયા વ્રાત શબ્દનો નિર્દેશ કર્યો છે. ત્યાં વ્રાત એટલે વિવિધ જાતિના એવા લોકોનો સમૂહ કે, જેઓ એક સ્થિર આજીવિકા ન ધરાવતા હોય પણ ભિન્ન-ભિન્ન સ્થાને જઈને શારીરિક પરિશ્રમ વડે જીવનારા હોય.

(૨) સૂત્રમાં દર્શાવેલ ईनञ् પ્રત્યયમાં ञ् ઈત્ तद्धितः स्वरवृद्धि० ૩.૨.૫૫ દ્વારા પુંવદ્ભાવનો નિષેધ કરવા માટે છે. ઉદા. व्रातीनाभार्यः।

जीवति અર્થક પ્રત્યયને દર્શાવતું કોષ્ટક

સૂત્ર	પ્રકૃતિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
वेतनादे०६.४.१५	वेतन વગેરે	—	इकण्	वैतनिकः
व्यस्ताच्च०६.४.१६	क्रय, विक्रय, क्रयविक्रय	—	इक	क्रयिकः
वस्नात् ६.४.१७	वस्न	—	”	वस्निकः
आयुधादीय०६.४.१८	आयुध	—	ईय/ईक	आयुधीयः
व्रातादी०६.४.१९	व्रात	—	ईनञ्	व्रातीनः

निर्वृत्तेऽक्षद्यूतादेः ६.४.२०

અ.અ.સૂ. : तेन अक्षद्यूतादेः निर्वृत्ते इकण्।

અર્થ : તૃતીયાન્ત અક્ષદ્યૂત વગેરે નામથી નિર્વૃત્ત અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે.

સ. : अक्षद्यूतादेः=अक्षद्यूतं आदिर्यस्य स इति अक्षद्यूतादिः, तस्मादिति।

ઉદા. (૧) **आक्षद्यूतिकं वैरम्**=પાસાના જુગારથી થયેલું વૈર.
अक्षद्यूतेन निर्वृत्तमिति।
આ સૂત્રથી इकण्→अक्षद्यूत+**इक**
વૃદ્ધિ વગેરે થતાં→**आक्षद्यूतिकम्**।

(૨) **जाङ्घप्रहतिकं वैरम्**=જંઘાના આઘાતથી થયેલું વૈર.
जङ्घप्रहतेन निर्वृत्तमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

अक्षद्यूतादि ગણ : अक्षद्यूत, जङ्घाप्रहत, जङ्घाप्रहत, जङ्घाप्रहार, पादस्वेद, पादस्वेदन, कण्टकमर्द, कण्टकमर्दन, शर्करामर्दन, गत, आगत, गतागत, यात, उपयात, यातोपयात, अनुगत।

भावादिमः ६.४.२१

अ.अ.सू. : तेन भावात् निर्वृत्ते इमः।

અર્થ : તૃતીયાન્ત ભાવવાચી નામથી નિર્વૃત્ત અર્થમાં इम પ્રત્યય થાય છે.

ઉદા. **पाकिमम्**=રાંધવાની ક્રિયાથી થયેલું. पाकेन निर्वृत्तमिति।
આ સૂત્રથી इम→पाक+**इम**
અનો લોપ વગેરે થતાં→**पाकिमम्**।

याचिता-ऽपमित्यात् कण् ६.४.२२

अ.अ.सू. : तेन याचिता-ऽपमित्यात् निर्वृत्ते कण्।

અર્થ : તૃતીયાન્ત याचित અને अपमित्य નામથી નિર્વૃત્ત અર્થમાં कण्(क) પ્રત્યય થાય છે.

સ. : याचिता-ऽपमित्यात्=याचितश्च अपमित्यश्चेति याचिता-ऽपमित्यम्, तस्मादिति।

ઉદા. (૧) **याचितकम्**=માંગવાથી થયેલું. याचितेन निर्वृत्तमिति।
આ સૂત્રથી कण्→याचित+**क**
પ્રથમા सि વગેરે→याचित**कम्**।

(૨) **आपमित्यकम्**=પ્રતિદાનથી થયેલું. अपमित्येन निर्वृत्तमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અહીં વૃદ્ધિ કરવી.

हरत्युत्सङ्गादेः ६.४.२३

अ.अ.सू. : तेन उत्सङ्गादेः हरति इकण्।

અર્થ : તૃતીયાન્ત उत्सङ्ग વગેરે નામથી હરવું અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે.

स. : उत्सङ्गादेः=उत्सङ्ग आदिर्यस्य स इति उत्सङ्गादिः, तस्मादिति।

ઉદા. (૧) **औत्सङ्गिकः**=ખોળા વડે હરનાર. उत्सङ्गेन हरतीति।
આ સૂત્રથી इकण्→उत्सङ्ग+**इक**
વૃદ્ધિ વગેરે→**औत्सङ्गिकः**।

(૨) **औत्तुपिकः**=ઉત્તુપથી હરનાર. उत्तुपेन हरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

उत्सङ्गादि ગણ : उत्सङ्ग, उत्तुप, उडुष, उडुप, उत्पुत, उत्पुट, पिटक, पिटाका।

भस्त्रादेरिकट् ६.४.२४

अ.अ.सू. : तेन भस्त्रादेः हरति इकट्।

અર્થ : તૃતીયાન્ત भस्त्र વગેરે નામથી હરવું અર્થમાં इकट्(इक) પ્રત્યય થાય છે.

स. : भस्त्रादेः=भस्त्र आदिर्यस्य स इति भस्त्रादिः, तस्मादिति।

ઉદા. (૧) **भस्त्रिकी**=ધમણ વડે હરનાર. भस्त्रया हरतीति।
આ સૂત્રથી इकट्→भस्त्र+**इक**
અન્નો લોપ વગેરે→**भस्त्रिकी**।

(૨) **भरटिकी**=કુંભાર વડે હરનાર. भरटेन हरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

भस्त्रादि ગણ : भस्त्रा, भरट, भरण, शीर्षभार, शीर्षेभार, अङ्गभार, अङ्गेभार, अंसभार, अंसेभार।

विवध-वीवधाद् वा ६.४.२५

અ.અ.સૂ. : विवध-वीवधात् हरति इकट् वा।

અર્થ : વિવધ અને વીવધ નામથી હરવું અર્થમાં इकट्(इक) પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : विवध-वीवधात्=विवधश्च वीवधश्चेति विवध-वीवधम्, तस्मादिति।

ઉદા. (૧) **विविधिकी/वैविधिकः**=ખભા પર રાખેલા લાકડા વડે લઈ જનારી/જનાર. विवधेन हरतीति।
આ સૂત્રથી इकट्→विवध+**इक**
અનો લોપ વગેરે થતાં→विव**धिकी**।
વિકલ્પે : જ્યારે इकट् ન થાય ત્યારે, इकण्→विवध+**इक**
વૃદ્ધિ વગેરે થતાં→**वै**विधिकः।

(૨) **वीविधिकी/वैविधिकः**=ખભા પર રાખેલા લાકડા વડે લઈ જનારી/જનાર. वीवधेन हरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં સૂત્રમાં પ્રકૃતિતયા ગ્રહણ કરેલા વિવધ અને વીવધ એમ બંને શબ્દો સમાનાર્થક છે. અને તે માર્ગ અને પર્યાહાર એટલે કે સ્કંધથી ધારણ કરનાર અર્થમાં વર્ત્તે છે. ત્યાં માર્ગ અર્થમાં આ સૂત્રની પ્રવૃત્તિ જણાતી નથી. પણ સ્કંધધાર્ય અર્થમાં જણાય છે.

कुटिलिकाया अण् ६.४.२६

अ.अ.सू. : तेन कुटिलिकायाः हरति अण्।

અર્થ : તૃતીયાન્ત કુટિલિકા નામથી હરવું અર્થમાં અણ્(અ) પ્રત્યય થાય છે.

ઉદા. **कौटिलिकः कर्मारादिः**=અંગારા લેવાના સાધનથી લઈ જનાર સુથાર વગેરે. कुटिलिकाया हरतीति।
આ સૂત્રથી અણ્→कुटिलिका+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**कौ**टिलिकः।

हरति અર્થક પ્રત્યયનું કોષ્ટક

सूत्र	प्रकृति	अर्थनुं विशेषण	प्रत्यय	उदाहरण
हरत्यु०६.४.२३	उत्सङ्ग वगेरे	—	इकण्	औत्सङ्गिकः
भस्त्रादे०६.४.२४	भस्त्र वगेरे	—	इकट्	भस्त्रिकी
विवध०६.४.२५	विवध, वीवध	—	इकट्	विवधिकी

ओजस्-सहो-ऽम्भसो वर्त्तते ६.४.२७

अ.अ.सू. : तेन ओजस्-सहो-ऽम्भसः वर्त्तते इकण्।

અર્થ : તૃતીયાન્ત ओजस्, सहस् અને अम्भस् નામથી વર્ત્તવું અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

स. : ओजस्-सहो-ऽम्भसः=ओजाश्च सहाश्च अम्भाश्चेति ओजःसहो-म्भस्, तस्मादिति।

ઉદા. (१) **औजसिकः**=બળવાન. ओजसा वर्त्तते इति।
આ સૂત્રથી इकण्→ओजस्+**इक**
વૃદ્ધિ વગેરે→**औ**जसिकः।

(૨) **साहसिकः**=પરાક્રમી. सहसा वर्त्तते इति।

(૩) **आम्भसिकः**=પાણીની સાથે રહેનાર. अम्भसा वर्त्तते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

तं प्रत्यनोर्लोमेप-कूलात् ६.४.२८

અ.અ.સૂ. : तं प्रत्यनोः लोमेप-कूलात् वर्त्तते इकण्।

અર્થ : પ્રતિ અને અનુ પૂર્વક દ્વિતીયાન્ત લોમ, ઈપ અને કુલ નામથી વર્ત્તવું અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

સ. : (૧) **प्रत्यनोः**=प्रतिश्च अनुश्चेति प्रत्यनु, तस्मादिति।

(૨) **लोमेप-कूलात्**=लोम च ईपश्च कूलश्चेति लोमेप-कूलम्, तस्मादिति।

ઉદા. (૧) **प्रातिलोमिकः**=વિપરીત રહેનાર. प्रतिलोमं वर्त्तते इति।

(૨) **आनुलोमिकः**=અનુકૂળ રહેનાર. अनुलोमं वर्त्तते इति।

(૩) **प्रातीपिकः**=વિરૂદ્ધ રહેનાર. प्रतीपं वर्त्तते इति।

(૪) **आन्वीपिकः**= અનુકૂળ રહેનાર. अन्वीपं वर्त्तते इति।

(૫) **प्रातिकूलिकः**=પ્રતિકૂળ રહેનાર. प्रतिकूलं वर्त्तते इति।

(૬) **आनुकूलिकः**=અનુકૂળ રહેનાર. अनुकूलं वर्त्तते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં પૂર્વસૂત્રથી वृत् ધાતુનો અધિકાર આવી રહ્યો છે. જે અકર્મક છે. તેથી સૂત્રમાં तम् એ પ્રમાણે જે દ્વિતીયા વિભક્તિનો નિર્દેશ કર્યો છે. તે કર્મવાચી દ્વિતીયા વિભક્તિ ન સમજવી. પણ ક્રિયાવિશેષણ અર્થ બોધક દ્વિતીયા વિભક્તિ જાણવી. તેથી ઉદા.ગત પ્રયોગોમાં વિગ્રહગત प्रतिलोमं વગેરે દ્વિતીયાન્ત પદ ક્રિયા વિશેષણ રૂપે જાણવું.

જિ. : જો तम् એ ક્રિયા વિશેષણ અર્થ જણાવે છે. અને ક્રિયાવિશેષણ તો નિયત નપુંસકલિંગમાં જ હોય છે. તો तद् એવો નપુંસકલિંગ નિર્દેશ ન કરતાં तम् એમ પુંલિંગ નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : જો तद् એમ નપુંસકલિંગ નિર્દેશ કરવામાં આવે તો નપુંસકલિંગમાં तद् સર્વનામનું પ્રથમા-દ્વિતીયાનું રૂપ સરખું હોવાથી સંદેહ થવાની શક્યતા રહે છે. તેથી અસંદિગ્ધતા માટે અહીં પુંલિંગ નિર્દેશ કર્યો છે.

परेर्मुख-पार्श्वात् ६.४.२९

અ.અ.સૂ. : तं परेर्मुख-पार्श्वात् वर्त्तते इकण्।

અર્થ : દ્વિતીયાન્ત परि પૂર્વક मुख અને पार्श्व અન્તવાળા નામથી વર્ત્તવું અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

સ. : मुख-पार्श्वात्=मुखश्च पार्श्वश्चेति मुख-पार्श्वम्, तस्मादिति।

ઉદા. (૧) **पारिमुखिकः**=સામે/દૂર રહેનાર. परिमुखं वर्त्तते इति।

(૨) **पारिपार्श्विकः**=પાસે/દૂર રહેનાર. परिपार्श्वं वर्त्तते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

वर्त्तते અર્થક પ્રત્યયનું કોષ્ટક

સૂત્ર	પ્રકૃતિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
ओजस्૬.૪.૨૭	ओजस्, सहस्, अम्भस्	—	इकण्	औजसिकः
तं प्रत्यनो०૬.૪.૨૮	प्रति/अनु+लोम, ईप, कूल	—	इकण्	प्रातिलोमिकः
परेर्मुख०૬.૪.૨૯	परि+मुख, पार्श्व	—	इकण्	पारिमुखिकः

रक्षदुञ्छतोः ६.४.३०

अ.अ.सू. : तं रक्षदुञ्छतोः इकण्।

અર્થ : દ્વિતીયાન્ત નામથી રક્ષણ કરવું અને લણવું અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે.

स. : रक्षदुञ्छतोः=रक्षच्च उञ्छच्चेति रक्षदुञ्छत्, तयोरिति।

ઉદા. (૧) **नागरिकः**=નગરની રક્ષા કરનાર. नगरं रक्षतीति।

(૨) **बादरिकः**=બોર વીણનાર. बदरं उञ्छतीति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

पक्षि-मत्स्य-मृगार्थाद् घ्नति ६.४.३१

अ.अ.सू. : तं पक्षि-मत्स्य-मृगार्थात् घ्नति इकण्।

અર્થ : દ્વિતીયાન્ત પક્ષીવાચી, મત્સ્યવાચી, મૃગવાચી નામથી હણે છે અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

स. : पक्षि-मत्स्य-मृगार्थात्=पक्षिश्च मत्स्यश्च मृगश्चेति पक्षिमत्स्य-मृगाः, पक्षि-मत्स्य-मृगा अर्था यस्य स इति पक्षि-मत्स्य-मृगार्थम्, तस्मादिति।

ઉદા. (૧) **पाक्षिकः**=પક્ષીઓને મારનાર. पक्षिणो हन्तीति।

(૨) **मात्स्यिकः**=માછલીઓને મારનાર. मत्स्यान् हन्तीति।

(૩) **मार्गिकः**=અરણ્ય પશુઓને મારનાર. मृगान् हन्तीति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં દર્શાવેલ પક્ષિ०० એ સમાસમાં **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते** ૩/૧૫ ન્યાયાનુસારે દ્વન્દ્વ સમાસના ઘટકીભૂત પક્ષિ, મત્સ્ય અને મૃગ ત્રણે'ય નામ સાથે અર્થ પદને જોડવું.

(૨) ઉપરોક્ત કથન મુજબ સૂત્રમાં ગ્રહણ અર્થ શબ્દનો ત્રણે'ય સાથે અન્વય થતાં પક્ષિ વગેરે ત્રણે'યના પર્યાયવાચી અને વિશેષવાચી નામો આ સૂત્રમાં સ્થાનીતયા ગ્રહણ કરાય છે.

परिपन्थात् तिष्ठति च ६.४.३२

અ.અ.સૂ. : तं परिपन्थात् तिष्ठति च(घ्नति) इकण्।

અર્થ : દ્વિતીયાન્ત પરિપન્થ નામથી રહેવું અને હણવું અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. पारिपन्थिकश्चौरः=રસ્તાને છોડી રહેનાર/રસ્તા પર રોકીને મારનાર ચોર. परिपन्थं तिष्ठति/हन्तीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) યદ્યપિ સૂત્રમાં तिष्ठति પદનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો घ्नति પદનો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्०२/६१** ન્યાયાનુસારે અર્થનિમિત્તતયા તિષ્ઠતિને સજાતીય અર્થનિમિત્ત એવા घ्नति પદનું પૂર્વસૂત્રથી ગ્રહણ થાય છે. તેમજ, **चानुकृष्टं०२/६२** ન્યાયાનુસારે તે અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

(૨) અહીં સૂત્રમાં પરિપન્થ એ પ્રમાણે નિર્દેશ કર્યો છે. તેથી परिपथिन् શબ્દનો परिपन्थ् એ પ્રમાણે અકારાન્ત આદેશ સિદ્ધ થાય છે. માટે આ સૂત્રની પ્રવૃત્તિના વિષય સિવાય અન્યત્ર પણ परिपन्थं गच्छति/पश्यति વગેરે વાક્યોમાં અકારાન્ત પ્રયોગ પણ થાય છે.

परिपथात् ६.४.३३

अ.अ.सू. : तं परिपथात् तिष्ठति इकण्।

अर्थ : द्वितीयान्त परिपथ नामथी रहेवुं अर्थमां इकण्(इक) प्रत्यय थाय छे.

उदा. पारिपथिकः=रस्ताने छोडी रहेनार. परिपन्थं तिष्ठतीति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

अवृद्धेर्गृह्णति गर्ह्ये ६.४.३४

अ.अ.सू. : तं अवृद्धेः गर्ह्ये गृह्णति इकण्।

अर्थ : द्वितीयान्त वृद्धि सिवायना नामथी निन्द्य रीते ग्रहण करवुं अर्थमां इकण्(इक) प्रत्यय थाय छे.

स. : अवृद्धेः=न वृद्धिरिति अवृद्धिः, तस्मादिति।

उदा. द्वैगुणिकः=बमणुं ग्रहण करनार. द्विगुणं गृह्णातीति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

अही 'गर्ह्ये' એ प्रमाणे निन्द्य अर्थनी विवक्षा करी छे. त्यां अल्प आपीने वधारे ग्रहण करनार एवो अन्याय करनार निन्द्य कहेवाय छे. तेम समजवुं तेथी द्वैगुणिकःनो तात्पर्य अर्थ अल्प आपीने बमणुं ग्रहण करनार એम जाणवो.

कुसीदादिकट् ६.४.३५

अ.अ.सू. : तं कुसीदात् गर्ह्ये गृह्णति इकट्।

अर्थ : द्वितीयान्त कुसीद नामथी निन्द्य रीते ग्रहण करवुं अर्थमां इकट्(इक) प्रत्यय थाय छे.

ઉદા. **कुसीदिकी**=વ્યાજ મેળવવા આપેલા દ્રવ્યને ગ્રહણ કરનારી.
कुसीदं गृह्णातीति।
આ સૂત્રથી इकट्→कुसीद+**इक**
અનો લોપ વગેરે→कुसी**दिकी**।

વિશેષતા :

સૂત્રમાં દર્શાવેલ इकट् પ્રત્યયમાં ट्કાર સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય કરવા માટે છે.

दशैकादशादिकश्च ६.४.३६

અ.અ.સૂ. : तं दशैकादशात् गर्ह्ये गृह्णति इकः च(इकट्)।

અર્થ : દ્વિતીયાન્ત દશૈકાદશ નામથી નિન્દ્ય રીતે ગ્રહણ કરવું અર્થમાં इक અને इकट्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. **दशैकादशिका/दशैकादशिकी**=એકવીશને લેનારી.
दशैकादशान् गृह्णातीति।
આ સૂત્રથી इक/इकट्→दशैकादश+**इक**
અનો લોપ, ङी વગેરે થતાં→दशैकादशि**का**/दशैकादशि**की**।

વિશેષતા :

યદ્યપિ સૂત્રમાં इकः**નું** ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો इकट्નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત चકાર દ્વારા **चकारो यस्मात्पर०२/६१** ન્યાયાનુસારે પ્રત્યયતયા इकને સજાતીય પ્રત્યય એવા इकट्નું પૂર્વસૂત્રથી ગ્રહણ થયું છે.

જિ. : અહીં दशैकादश એમ અકારાન્ત નિપાતનનો પ્રયોગ ન કરતાં માત્ર दशैकादशभ्यः એ પ્રમાણે नકારાન્ત પ્રકૃતિનો નિર્દેશ કર્યો હોય તો પણ પૂર્વસૂત્રથી આવતા इकट्ના અધિકારથી અને

नोऽपदस्य०७.४.६१थी अन्त्यस्वरादिनो लोप थतां ईष्टप्रयोग प्राप्त જ છે तो पण अहीं निपातन शा माटे कर्युं ?

समा. : तमारी वात साची छे. परंतु अहीं विग्रहवाक्यमां पण अकारान्त प्रयोग करवा माटे निपातन दर्शाव्युं छे. तेथी निपातन द्वारा दशैकादशान् गृह्णाति એवो ईष्ट विग्रह प्राप्त थाय छे. अन्यथा विग्रहवाक्यमां पण दशैकादश गृह्णाति એम नकारान्त प्रयोग थवानी आपत्ति आवे.

अर्थ-पद-पदोत्तरपद-ललाम-प्रतिकण्ठात् ६.४.३७

अ.अ.सू. : तं अर्थ-पद-पदोत्तरपद-ललाम-प्रतिकण्ठात् गृह्णति इकण्।

अर्थ : द्वितीयान्त अर्थ, पद, पद उत्तरपदवाळा, ललाम अने प्रतिकण्ठ नामथी ग्रहण करवुं अर्थमां इकण्(इक) प्रत्यय थाय छे.

स. : अर्थ-पद-पदोत्तरपद-ललाम-प्रतिकण्ठात्=पद उत्तरपदं यस्य स इति पदोत्तरपदः, अर्थश्च पदश्च पदोत्तरपदश्च ललामश्च प्रतिकण्ठश्चेति अर्थ-पद-पदोत्तरपद-ललाम-प्रतिकण्ठम्, तस्मादिति।

उदा. (१) **आर्थिकः**=अर्थ ग्रहण करनार. अर्थं गृह्णातीति।
(२) **पादिकः**=पद ग्रहण करनार. पदं गृह्णातीति।
(३) **पौर्वपदिकः**=पूर्वपद ग्रहण करनार. पूर्वपदं गृह्णातीति।
(४) **लालामिकः**=ध्वज ग्रहण करनार. ललामं गृह्णातीति।
(५) **प्रातिकण्ठिकः**=कंठ सुधी ग्रहण करनार. प्रतिकण्ठं गृह्णातीति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

(१) यद्यपि सूत्रमां उत्तरपदात् करतां अन्तात्नुं ग्रहण कर्युं होय तो पण उदा.गत प्रयोग सिद्ध थई जात परंतु तेम करवाथी बहु प्रत्ययवाळा

બહુપદં જેવા નામથી પણ इकण् થવાની આપત્તિ આવત. જેનું વારણ કરવા સૂત્રમાં उत्तरपदात्नું ગ્રહણ કરેલ છે.

(૨) અહીં गर्ह्ये પદનો અધિકાર વિરામ પામે છે.

(૩) સૂત્રમાં દર્શાવેલ प्रतिकण्ठ પ્રયોગમાં कण्ठं कण्ठं प्रति इति એ પ્રમાણે विभक्तिसमीप०૩.૧.૩૯ અવ્યયીભાવ સમાસ કરેલ છે. તેથી प्रतिगतः कण्ठम् જેવા કર્મધારાય સમાસમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

गृह्णाति અર્થક પ્રત્યયનું કોષ્ટક.

સૂત્ર	પ્રકૃતિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
अवृद्धे०૬.૪.૩૪	વૃદ્ધિ સિવાયના	–	इकण्	द्वैगुणिकः
कुसीदा०૬.૪.૩૫	कुसीद	–	इकट्	कुसीदिकी
दशैका०૬.૪.૩૬	दशैकादश	–	इक, इकट्	दशैकादशिका
अर्थ-पद०૬.૪.૩૭	अर्थ, पद,-+पद, ललाम, प्रतिकण्ठ	–	इकण्	आर्थिकः

परदारादिभ्यो गच्छति ૬.૪.૩૮

અ.અ.સૂ. : तं परदारादिभ्यः गच्छति इकण्।

અર્થ : દ્વિતીયાન્ત परदारा વગેરે નામથી જાય છે અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે.

સ. : परदारादिभ्यः = परदारा आदिर्येषां ते इति परदारादयः, तेभ्य इति।

ઉદા. (૧) **पारदारिकः** = પરસ્ત્રી પાસે જનાર. परदारान् गच्छतीति।

(૨) **गौरुदारिकः** = ગુરુપત્ની પાસે જનાર. गुरुदारान् गच्छतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રમાં परदारादयः એ પ્રમાણે બ.વ. પ્રયોગના અનુસરણ માટે છે.

प्रतिपथादिकश्च ६.४.३९

અ.અ.સૂ. : तं प्रतिपथात् गच्छति इकः च(इकण्)।

અર્થ : દ્વિતીયાન્ત પ્રતિપથ નામથી જાય છે અર્થમાં इક અને इકण्(इક) પ્રત્યય થાય છે.

ઉદા. **प्रतिपथिकः/प्रातिपथिकः** = દરેક રસ્તે/માર્ગાભિમુખ જનાર.

प्रतिपथं गच्छतीति।

આ સૂત્રથી इક/इકण्→ प्रतिपथ+**इक**

વૃદ્ધિ વગેરે→ प्रतिप**थिकः/प्रा**तिप**थिकः**।

વિશેષતા :

યદ્યપિ સૂત્રમાં इકનું ગ્રહણ કર્યું હોવાથી અધિકાર સૂત્રથી આવતો इકण्ના અધિકારનું અહીં ગ્રહણ થતું નથી. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्पर०२/६१** ન્યાયાનુસારે પ્રત્યયતયા इકને સજાતીય અધિકાર સૂત્ર એવા इકण्નો અધિકાર ગ્રહણ કરાય છે.

माथोत्तरपद-पदव्याक्रन्दाद् धावति ६.४.४०

અ.અ.સૂ. : तं माथोत्तरपद-पदव्याक्रन्दात् धावति इकण्।

અર્થ : દ્વિતીયાન્ત માથ ઉત્તરપદવાળાં, પદવી અને આક્રન્દ નામથી દોડે છે અર્થમાં इકण्(इક) પ્રત્યય થાય છે.

स. : माथोत्तरपद-पदव्याक्रन्दात् = माथ उत्तरपदं यस्य स इति माथोत्तरपदः, माथोत्तरपदश्च पदवी च आक्रन्दश्चेति माथोत्तरपदपदव्याक्रन्दम्, तस्मादिति।

ઉદા. (૧) **दाण्डमाथिकः**=દંડ જેવા સીધા માર્ગે દોડનાર.
दण्डमाथं धावतीति।

(૨) **पादविकः**=માર્ગે દોડનાર. पदवीं धावतीति।

(૩) **आक्रन्दिकः**=આક્રંદવાળાં દેશમાં દોડનાર.
आक्रन्दं धावतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં પણ પૂર્વની જેમ અન્તાત્‌નું ગ્રહણ ન કરતાં उत्तरपदात्‌નું ગ્રહણ બહુ પ્રત્યયવાળાં बहुमर्थं धावति જેવા પ્રયોગોમાં આ સૂત્રની પ્રવૃત્તિનું વર્જન કરવા માટે છે.

पश्चात्यनुपदात् ૬.૪.૪૧

અ.અ.સૂ. : पश्चाति अनुपदात् धावति इकण्।

અર્થ : પશ્ચાત્ અર્થવાળા અનુપદ નામથી દોડે છે અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે.

ઉદા. **आनुपदिकः**=પાછળ દોડનાર. अनुपदं धावतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં અનુપદમાં પદસ્ય સમીપે એ પ્રમાણે दैर्घ्येऽनुः૩.૧.૩૪ અથવા સમીપ અર્થમાં प्रात्यव-परि०૩.૧.૪૭થી સમાસ થયેલ છે.

सुस्नातादिभ्यः पृच्छति ૬.૪.૪૨

અ.અ.સૂ. : तं सुस्नातादिभ्यः पृच्छति इकण्।

અર્થ : દ્વિતીયાન્ત सुस्नात વગેરે નામથી પૂછે છે અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે.

સ. : सुस्नातादिभ्यः=सुस्नात आदिर्येषां ते इति सुस्नातादयः, तेभ्य इति।

ઉદા. (૧) **सौस्नातिकः**=સારું સ્નાન કર્યું - એમ પૂછનાર.
सुस्नातं पृच्छतीति।

(૨) **सौखरात्रिकः**=સુખે રાત્રિ ગઈ. એમ પૂછનાર.
सुखरात्रं पृच्छतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રમાં सुस्नातादयः બ.વ. પ્રયોગના અનુસરણ માટે છે.

प्रभूतादिभ्यो ब्रुवति ६.४.४३

અ.અ.સૂ. : तं प्रभूतादिभ्यः ब्रुवति इकण्।

અર્થ : દ્વિતીયાન્ત પ્રભૂત વગેરે નામથી બોલે છે અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે.

સ. : प्रभूतादिभ्यः=प्रभूत आदिर्येषां ते इति प्रभूतादयः, तेभ्य इति।

ઉદા. (૧) **प्राभूतिकः**=ઘણું બોલનાર. प्रभूतं ब्रूते इति।

(૨) **पार्याप्तिकः**=માપનું બોલનાર. पर्याप्तं ब्रूते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં દ્વિતીયાન્ત પ્રભૂત વગેરેનું ગ્રહણ હોવાથી દ્વિતીયાન્ત ક્રિયાવિશેષણ નામથી આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. તેથી प्रभूतमर्थं ब्रूते જેવા સ્થાને આ સૂત્રથી इकण् પ્રત્યય થશે નહીં. ક્યારેક ક્રિયાવિશેષણ ન હોય તો પણ પ્રત્યય થાય છે. જેમકે, स्वर्गगमनं ब्रूते इति सौवर्गगमनिकः।

(૨) સૂત્રમાં प्रभूतादयः એ પ્રમાણે બ.વ. પ્રયોગના અનુસરણ માટે છે.

मा शब्द इत्यादिभ्यः ६.४.४४

अ.अ.सू. : मा शब्द इत्यादिभ्यः ब्रूवति इकण्।

अर्थ : माशब्द वगेरे नामथी बोलवुं अर्थमां इकण्(इक) प्रत्यय थाय छे.

स. : माशब्द इत्यादिभ्यः=माशब्द इति आदिर्येषां ते इति माशब्द इत्यादयः, तेभ्य इति।

उदा. (१) **माशब्दिकः**=शब्द न करो एवुं बोलनार.
माशब्द इति ब्रूते इति।

(२) **कार्यशब्दिकः**=शब्द कार्य छे एवुं बोलनार.
कार्यशब्द इति ब्रूते इति।

विशेषता :

(१) आ सूत्रमां माशब्दा इत्यादिभ्यः એ प्रमाणे ब.व. प्रयोगना अनुसरण माटे छे.

(२) अहीं जे इति पदनुं ग्रहण कर्युं छे ते वाक्यना परामर्श माटे छे. अर्थात् ते वाक्यनुं स्वरूप जणावे छे. तेथी विग्रह वाक्यमां पण माशब्दनुं ग्रहण थाय छे. अन्यथा कोई मा इति ब्रूते એवो विग्रह करी ले.

(३) अहीं ध्यानमां लेवुं के, सामान्यथी तद्धित प्रकरणमां दर्शावेल प्रत्ययो नामथी ज थाय छे. परंतु अहीं माशब्द એ प्रमाणे बे नाम भेगा थईने वाक्य ज प्रकृतितया ईष्ट छे. अने आ प्रमाणे वाक्यथी पर प्रत्यय करवा माटे ज आ सूत्रनो पृथक् उपन्यास करवामां आव्यो छे.

शाब्दिक-दार्दरिक-लालाटिक-कौक्कुटिकम् ६.४.४५

अ.अ.सू. : शाब्दिक-दार्दरिक-लालाटिक-कौक्कुटिकम्।

अर्थ : शाब्दिक, दार्दरिक, लालाटिक अने कौक्कुटिक प्रयोग निपातन पामे छे.

સ. : **शाब्दिक-दार्दरिक-लालाटिक-कौक्कुटिकम्** = शाब्दिकश्च दार्दरिकश्च लालाटिकश्च कौक्कुटिकश्चेति।

ઉદા. (૧) **शाब्दिको वैयाकरणः** = શબ્દને જાણનાર વ્યાકરણકાર. शब्दं करोतीति।

(૨) **दार्दरिको वादित्रकृत्** = વાદ્ય બનાવનાર. दर्दरं करोतीति।

(૩) **लालाटिकः प्रमत्तः सेवाकृत्** = સ્વામીના લલાટને જોઈને છૂપાઈ જનાર નોકર. ललाटं पश्यतीति।

(૪) **कौक्कुटिको भिक्षुः** = મિથ્યા આડંબર કરનાર ભિક્ષુક. कुक्कुटी पश्यतीति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

समूहार्थात् समवेते ६.४.४६

અ.અ.સૂ. : तं समूहार्थात् समवेते इकण्।

અર્થ : દ્વિતીયાન્ત સમૂહવાચી નામથી સમવેત અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે.

સ. : **समूहार्थात्** = समूहेऽर्थे यः स इति समूहार्थम्, तस्मादिति।

ઉદા. (૧) **सामूहिकः** = સમુદાયનું અંગ. समूहं समवैतीति।

(૨) **सामाजिकः** = સમાજનું અંગ. समाजं समवैतीति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

पर्षदो ण्यः ६.४.४७

અ.અ.સૂ. : तं पर्षदः समवेते ण्यः।

અર્થ : દ્વિતીયાન્ત पर्षद् નામથી સમવેત્ અર્થમાં ण्य(य) પ્રત્યય થાય છે.

ઉદા. **पार्षद्यः**=પર્ષદાનું અંગ. पर्षदं समवैतीति।

આ સૂત્રથી ण्य→पर्षद्+**य**

વૃદ્ધિ વગેરે થતાં→**पार्षद्यः**।

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો परिषत् શબ્દથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેઓના મતે **पारिषद्यः** પ્રયોગ પણ થાય છે.

(૨) વળી પાણિનિ વ્યાકરણકારો परिषत्થી જ ण्य પ્રત્યય ઈચ્છે છે. પણ पर्षत्થી નહીં.

सेनाया वा ६.४.४८

અ.અ.સૂ. : तं सेनायाः समवेते ण्यः वा।

અર્થ : દ્વિતીયાન્ત સેના નામથી સમવેત્ અર્થમાં ण्य(य) પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **सैन्यः/सैनिकः**=સેનાનું અંગ. સેનાં समवैतीति।

આ સૂત્રથી ण्य→सेना+**य**

વૃદ્ધિ વગેરે થતાં→**सैन्यः**।

વિકલ્પે : જ્યારે ण्य ન થાય ત્યારે, इकण्→सेना+**इक**

વૃદ્ધિ વગેરે થતાં→**सैनिकः**।

વિશેષતા :

અહીં જ્યારે સંપૂર્ણ સેનાના અર્થમાં सैन्य શબ્દ વપરાય છે. ત્યારે ત્યાં भेषजादिभ्यः ૭.૨.૧૬૪થી સ્વાર્થમાં જ ट्यण् પ્રત્યય થાય છે.

સમવેત્ અર્થક પ્રત્યયનું કોષ્ટક

સૂત્ર	પ્રકૃતિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
समूहार्था०६.४.४६	સમૂહવાચી	—	इकण्	सामूहिकः
पर्षदो०६.४.६७	पर्षद्	—	ण्य	पार्षद्यः
सेनाया०६.४.४८	सेना	—	ण्य	सैन्यः।

धर्मा-ऽधर्माच्चरति ६.४.४९

અ.અ.સૂ. : तं धर्मा-ऽधर्मात् चरति इकण्।

અર્થ : દ્વિતીયાન્ત ધર્મ અને અધર્મ નામથી ચરે છે અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે.

સ. : धर्मा-ऽधर्मात्=धर्मश्च अधर्मश्चेति धर्मा-ऽधर्मम्, तस्मादिति।

ઉદા. (૧) **धार्मिकः**=ધર્મ કરનાર. धर्मं चरतीति।

(૨) **आधर्मिकः**=અધર્મ કરનાર. अधर्मं चरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

षष्ठ्या धर्म्ये ६.४.५०

અ.અ.સૂ. : षष्ठ्याः धर्मात् धर्म्ये इकण्।

અર્થ : ષષ્ઠ્યન્ત નામથી ધર્મ્ય અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. **शौल्कशालिकम्**=જકાતનાકાનો ન્યાયયુક્ત વ્યવહાર.
शुल्कशालाया धर्म्यमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

ऋन्नरादेरण् ६.४.५१

अ.अ.सू. : षष्ठ्याः ऋन्नरादेः धर्म्ये अण्।

અર્થ : ષષ્ઠ્યન્ત ઋકારાન્ત અને નર વગેરે નામથી ધર્મ્ય અર્થમાં અણ્(અ) પ્રત્યય થાય છે.

સ. : ऋन्नरादेः=नर आदिर्यस्य स इति नरादिः, ऋत् च नरादिश्चेति ऋन्नरादिः, तस्मादिति।

ઉદા. (૧) **नारम्**=મનુષ્યનો ન્યાયયુક્ત વ્યવહાર. नृधर्म्यमिति।
આ સૂત્રથી અણ્→नृ+**अ**
વૃદ્ધિ વગેરે→**नारम्**।

(૨) **नारम्**=મનુષ્યનો ન્યાયયુક્ત વ્યવહાર. नरस्य धर्म्यमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **माहिषम्**=પટ્ટરાણીનો ન્યાયયુક્ત વ્યવહાર. महिष्या धर्म्यमिति।

વિશેષતા :

(૧) **नरादि ગણ** : नर, महिषी, प्रजावती, प्रजापति, विलेपिका, प्रलेपिका, अनुलेपिका, वर्णक, पेषिका, पेक्षिका, मणिपाली, पुरोहित, अनुचारक, अनुवाक, यजमान, होतृयजमान।

જિ. : સૂત્રમાં ઋકારાન્ત નામનું ગ્રહણ કર્યું હોવાથી મનુષ્યવાચી नृ શબ્દથી જ બંને પ્રયોગ સિદ્ધ થઈ જાત તો પણ નરાદિ ગણમાં નર શબ્દનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : જો એ પ્રમાણે કરીને નર શબ્દનું ગ્રહણ ન કરવામાં આવે તો નર નામથી ષષ્ઠ્યા ધર્મ્યે ૬.૪.૫૦ સૂત્ર દ્વારા इकण् થવાની આપત્તિ આવે. જે ઈષ્ટ નથી. માટે इकण्નો નિષેધ કરવા માટે અહીં ગણમાં નર શબ્દનું ગ્રહણ કરેલ છે. તેથી नरस्य धर्म्यम् એવા અર્થમાં 'नारिकम्' પ્રયોગ થશે નહીં.

विभाजयितृ-विशसितुणीड्लुक् च ६.४.५२

अ.अ.सू. : षष्ठ्याः विभाजयितृ-विशसितुः धर्म्ये अण्, णीड्लुक् च।

અર્થ : ષષ્ઠ્યન્ત વિભાજયિતૃ અને વિશસિતૃ નામથી ધર્મ્ય અર્થમાં અણ્(અ) પ્રત્યય થાય છે. અને તેના યોગમાં વિભાજયિતૃના ણિનો અને વિશસિતૃના ઇટ્નો લોપ થાય છે.

સ. : (૧) **विभाजयितृ-विशसितुः**=विभाजयिता च विशसिता चेति विभाजयितृ-विशसितृ, तस्मादिति।

(૨) **णीड्लुक्**=णिश्च इट् चेति णीड्, तस्य लुगिति।

ઉદા. (૧) **वैभाजित्रम्**=વિભાગ કરાવનારનો પરંપરાગત વ્યવહાર. विभाजयितुर्धर्म्यमिति।
આ સૂત્રથી અણ્ અને ણિનો લોપ→विभाजितृ+**अ**
વૃદ્ધિ વગેરે→**वै**भाजि**त्रम्**।

(૨) **वैशस्त्रम्**=હિંસકનો પરંપરાગત વ્યવહાર. विशसितुर्धर्म्यमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

धर्म्य અર્થક પ્રત્યયનું કોષ્ટક

सूत्र	प्रकृति	અર્થનું વિશેષણ	प्रत्यय	ઉદાહરણ
षष्ठ्या०६.४.५०	—	—	इकण्	शौल्कशालिकम्
ऋन्नरादे०६.४.५१	ऋकारान्त, नर	—	अण्	नारम्
विभाजयितृ०६.४.५२	विभाजयितृ, विशसितृ	—	अण्	वैभाजित्रम्

अवक्रये ६.४.५३

अ.अ.सू. : षष्ठ्याः अवक्रये इकण्।

अर्थ : षष्ठ्यन्त नामथी अवक्रय=ભાટક (ભાડું) અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે.

ઉદા. **आपणिकः**=દુકાનનું ભાડું. आपणस्यावक्रय इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

तदस्य पण्यम् ६.४.५४

अ.अ.सू. : तद् पण्यम् अस्य इकण्।

अर्थ : વિક્રય અર્થવાળા પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. **आपूपिकः**=માલપૂઆ વહેંચનાર. अपूपाः पण्यमस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

किशरादेरिकट् ६.४.५५

अ.अ.सू. : तद् पण्यं अस्य इकट्।

अर्थ : પ્રથમાન્ત વિક્રયાર્થક किशर વગેરે નામથી ષષ્ઠીના અર્થમાં इकट्(इक) પ્રત્યય થાય છે.

स. : किशरादेः=किशर आदिर्यस्य स इति किशरादिः, तस्मादिति।

ઉદા. (૧) **किशरिकी**=સુગંધી દ્રવ્ય વહેંચનારી. किशरो पण्यमस्येति।
આ સૂત્રથી इकट्→किशर+**इक**
પ્રથમા સિ વગેરે→**किशरिकी**।

(૨) **तगरिकः**=સુગંધી દ્રવ્ય વહેંચનાર. तगरो पण्यमस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

किशरादि ગણ : किशर, तगर, स्थगर, उशीर, हरिद्रा, हरिद्रु, हरिद्रुपर्णी, गुग्गुलु, गुग्गुल, नलद।

शलालुनो वा ६.४.५६

અ.અ.સૂ. : तद् पण्यं शलालुनः अस्य इकट् वा।

અર્થ : પ્રથમાન્ત વિક્રયાર્થક शलालु નામથી ષષ્ઠીના અર્થમાં इकट्(इक) પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **शलालुकी/शालालुकी**=સુગંધી દ્રવ્ય વહેંચનારી.
शलालुः पण्यमस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

शिल्पम् ६.४.५७

અ.અ.સૂ. : तद् अस्य इकण्, शिल्पम्।

અર્થ : પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે. જો તે પ્રથમાન્ત નામ શિલ્પવાચી હોય તો.

ઉદા. **नार्त्तिकः**=नृत्यकार. नृत्तं शिल्पमस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) શિલ્પ એટલે કૌશલ્ય અર્થાત્ એક પ્રકારનો બોધવિશેષ. અને તેનાથી યુક્ત ક્રિયા જ હોય છે. તેથી અહીં શિલ્પનો અર્થ ક્રિયાવિશેષ કરવો. અહીં આશય એ છે કે, શિલ્પ શબ્દ દ્રવ્ય અને ક્રિયા એમ બે અર્થમાં વપરાય છે. તેમાં અહીં કૌશલ્યરૂપ તાત્પર્ય ગ્રહણ કર્યું હોવાથી ક્રિયા અર્થ જ ગ્રહણ કરવો, પણ દ્રવ્ય નહીં.

मड्डुक-झर्झराद् वाऽण् ६.४.५८

अ.अ.सू. : मड्डुक-झर्झरात् तद् शिल्पं अस्य अण् वा।

અર્થ : મડ્ડુક અને ઝર્ઝર પ્રથમાન્ત શિલ્પવાચી નામથી ષષ્ઠીના અર્થમાં અણ્(અ) પ્રત્યય વિકલ્પે થાય છે.

स. : मड्डुक-झर्झरात्=मड्डुकश्च झर्झरश्चेति मड्डुक-झर्झरम्, तस्मादिति।

ઉદા. (૧) **माड्डुकः/माड्डुकिकः**=મડ્ડુક વગાડનાર કુશળ વ્યક્તિ.
मड्डुकवादनं शिल्पमस्येति।
આ સૂત્રથી અણ્→मड्डुक+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**मा**ड्डुकः।
વિકલ્પે : જ્યારે અણ્ ન થાય ત્યારે,
शिल्पम् ६.४.५७થી इकण्→मड्डुक+**इक**
વૃદ્ધિ વગેરે થતાં→**मा**ड्डुकिकः।

(૨) **झार्झरः/झार्झरिकः**=ઝર્ઝર વગાડનાર કુશળ વ્યક્તિ.
झर्झरवादनं शिल्पमस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં ઉદા.માં જે मृदङ्ग વગેરે શબ્દો દર્શાવ્યાં છે. તે **व्याख्यातो विशेषार्थप्रतिपत्तिः०२/६४** ન્યાયાનુસારે વાદન અર્થવાળા જ ગ્રહણ કરવા. પણ ઉત્પાદન અર્થવાળા નહીં અને તેથી જ જ્યારે ઉત્પાદનાર્થક શબ્દથી પ્રત્યય કરીને કુંભાર આદિ અભિધેય હોય ત્યારે તે તે શબ્દોની પર કરણ શબ્દ વપરાય છે. ઉદા. मृदङ्गकरणं शिल्पम् अस्य इति मार्दङ्गकरणिकः, वैणाकरणिकः।

યદ્યપિ આ પ્રમાણે मृदङ्गवादन આદિ શબ્દોથી અભિધાન ન કર્યું હોવાથી સૂત્રપ્રવૃત્તિ થતી નથી.

शीलम् ६.४.५९

अ.अ.सू. : तद् शीलम् अस्य इकण्।

अर्थ : शीलार्थक प्रथमान्त नामथी षष्ठीना अर्थमां इकण्(इक) प्रत्यय थाय छे.

उदा. **आपूपिकः**=मालपूआ खावाना स्वभाववाळो.
अपूपभक्षणं शीलमस्येति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

अहीं पण शिल्पम् ६.४.५७ सूत्रमां दर्शाव्या अनुसारे अपूपादि शब्दो क्रियार्थक ज ग्रहण करवा पण द्रव्यार्थक नहीं. अने शील-अर्थ प्रत्यय द्वारा गतार्थ होवाथी तेनो अप्रयोग छे.

अङ्स्थाच्छत्रादेरञ् ६.४.६०

अ.अ.सू. : अङ्स्थाच्छत्रादेः तद् शीलम् अस्य अञ्।

अर्थ : अङ् प्रत्ययान्त स्था धातुथी तेमज छत्र वगेरे प्रथमान्त शीलार्थक नामथी षष्ठीनां अर्थमां अञ्(अ) प्रत्यय थाय छे.

स. : अङ्स्थाच्छत्रादेः=अङ्प्रत्ययान्तः स्थाः इति अङ्स्थाः, छत्रम् आदिर्यस्य स इति छत्रादिः, अङ्स्थाश्च छत्रादिश्चेति अङ्स्थाच्छत्रादिः, तस्मादिति।

उदा. (१) **आस्थः**=श्रद्धा करवाना स्वभाववाळो. आस्था शीलमस्येति।
आ सूत्रथी अञ्→आस्था+**अ**
अनो लोप वगेरे→आस्थः।

(२) **छात्रः**=गुरुना दोषने छुपाववाना स्वभाववाळो.
छत्रं शीलमस्येति।

(૩) **तापसः**=તપ કરવાના સ્વભાવવાળો. तपः शीलमस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **छत्रादि ગણ :** छत्र, चुरा, तपस्, कर्मन्, शिक्षा, चुक्षा, भुक्षा, दिक्षा, चिक्षा, भिक्षा, भक्षा, तितिक्षा, बुभुक्षा, विश्वधा, उदस्थान, उपस्थान, पुरोडा, कृषि, मन्द्र, सत्य, अनृत, विशिका, विशिखा, प्ररोह।

(૨) અહીં ઉદા.ગત છાત્ર પ્રયોગમાં छत्रं शीलमस्य એ પ્રમાણે જે વિગ્રહવાક્ય દર્શાવવામાં આવ્યું છે. તેના દ્વારા પ્રગટ થતો અર્થ અત્યંત માર્મિક છે. અહીં છત્રના સ્વભાવવાળા વિદ્યાર્થી વિશેષને છાત્ર શબ્દથી જણાવાયો છે. ત્યાં તાત્પર્ય એ છે કે, જે શિષ્ય ગુરુના કાર્યમાં સાવધાનતયા સતત પ્રવૃત્ત હોય, ગુરુના છિદ્રોને ઢાંકવા તથા અપાયાદિ રૂપ તાપથી રક્ષણ સ્વરૂપ છત્રતુલ્ય ક્રિયા કરનારો હોય તે છાત્ર કહેવાય છે.

(૩) યદ્યપિ ક્રિયા ક્યારેય સ્વભાવ બની શકતી નથી. પરંતુ અભ્યાસ દ્વારા તેને સ્વભાવ રૂપ માની શકાય છે.

तूष्णीकः ६.४.६१

અ.અ.સૂ. : तूष्णीकः।

અર્થ : શીલાર્થક तूष्णीं પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં क પ્રત્યય થાય છે. અને म्નો લોપ થાય છે.

ઉદા. तूष्णीकः=ચૂપ રહેવાના સ્વભાવવાળો. तूष्णीभावः शीलमस्येति।
આ સૂત્રથી क અને म्નો લોપ→तूष्णीक
પ્રથમા સિ વગેરે→तूष्णीकः।

प्रहरणम् ६.४.६२

अ.अ.सू. : तद् अस्य इकण्, प्रहरणम्।

अर्थ : પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે. જો તે પ્રકરણવાચી હોય તો.

ઉદા. आसिकः=તલવાર હથિયારવાળો. असिः प्रहरणमस्येति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, પૂર્વે शिल्पम् ६.४.५७ સૂત્રમાં જણાવ્યું હતું કે, શિલ્પ એટલે એક પ્રકારનું વિશિષ્ટ જ્ઞાન. તેથી અહીં ક્યાંક તેવા પ્રકારની ક્રિયાનો અભાવ હોય તો પણ જો બોધવિશેષ હોતે છતે આ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકે છે. ઉદા. नृत्तं शिल्पमस्येति नार्त्तिकः।

परश्वधाद् वाऽण् ६.४.६३

अ.अ.सू. : परश्वधात् तद् प्रहरणम् अस्य अण् वा।

અર્થ : પ્રથમાન્ત परश्वध પ્રહરણાર્થક નામથી ષષ્ઠીના અર્થમાં अण्(अ) પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. पारश्वधः/पारश्वधिकः=પારશ્વધ હથિયારવાળો.

परश्वधः प्रहरणमस्येति।

આ સૂત્રથી अण्→परश्वध+**अ**

વૃદ્ધિ વગેરે થતાં→**पार**श्वधः।

વિકલ્પે : જ્યારે अण् ન થાય ત્યારે,

પૂર્વપ્રમાણે इकण् વગેરે થતાં→**पार**श्वधिकः।

शक्ति-यष्टेष्टीकण् ६.४.६४

अ.अ.सू. : शक्ति-यष्टेः तद् प्रहरणम् अस्य टीकण्।

अर्थ : शक्ति अने यष्टि प्रथमान्त प्रहरणार्थक नामथी षष्ठीना अर्थमां टीकण्(इक) प्रत्यय थाय छे.

स. : शक्ति-यष्टेः=शक्तिश्च यष्टिश्चेति शक्ति-यष्टि, तस्मादिति।

ઉદા. (१) **शाक्तीकी**=शक्ति हथियारवाळी. शक्तिः शीलमस्येति।

(२) **याष्टीकी**=लाकडी हथियारवाळी. यष्टिः शीलमस्येति।
आ ઉદા.नी साधनिका पूर्वप्रमाणे जाणवी. परंतु अहीं ट् ईत् होवाथी ङीनुं विधान करवुं.

वेष्ट्यादिभ्यः ६.४.६५

अ.अ.सू. : तद् इष्ट्यादिभ्यः प्रहरणम् अस्य टीकण् वा।

अर्थ : प्रथमान्त इष्टि वगेरे प्रहरणार्थक नामथी षष्ठीना अर्थमां टीकण्(इक) प्रत्यय विकल्पे थाय छे.

स. : इष्ट्यादिभ्यः=इष्टिरादिर्येषां ते इति इष्ट्यादयः, तेभ्य इति।

ઉદા. (१) **ऐष्टीकी/ऐष्टिकी**=ईष्टि हथियारवाळी. इष्टिः प्रहरणमस्येति।

(२) **ऐषीकः/ऐषिकः**=हळ हथियारवाळी. ईषा प्रहरणमस्येति।
आ ઉદા.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

सूत्रमां इष्ट्यादयः એ प्रमाणे ब.व. प्रयोगना अनुसरण माटे छे.

नास्तिका-ऽऽस्तिक-दैष्टिकम् ६.४.६६

अ.अ.सू. : नास्तिका-ऽऽस्तिक-दैष्टिकम्।

अर्थ : नास्तिक, आस्तिक अने दैष्टिक प्रयोग प्रथमान्त नामथी षष्ठीना अर्थमां इकण्(इक) प्रत्ययान्त निपातन पामे छे.

સ. : **नास्तिका-ऽऽस्तिक-दैष्टिकम्**=नास्तिकश्च आस्तिकश्च दैष्टिकश्चेति।

ઉદા. (૧) **नास्तिकः**=પરલોકાદિને નહીં માનનાર.
नास्ति परलोकादिः मतिरस्येति।

(૨) **आस्तिकः**=પરલોકાદિને માનનાર.
अस्ति परलोकादिः मतिरस्येति।

(૩) **दैष्टिकः**=ભાગ્યને પ્રમાણ માનનાર.
दिष्टं तत्प्रमाणमिति मतिरस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં નાસ્તિ વગેરે શબ્દનો પ્રકૃતિતયા નિર્દેશ કરીને અધિકારસૂત્ર इकण् પ્રત્યયથી नास्तिकः વગેરે પ્રયોગો સિદ્ધ થઈ શકે છે. પરંતુ नास्ति परलोकादि मतिरस्य એવા રુઢિગત અર્થનું ગ્રહણ કરવા માટે અહીં નિપાતન પ્રયોગ છે.

જિ. : પૂર્વસૂત્રમાં દર્શાવેલ इष्ट्यादि ગણમાં नास्ति, अस्ति અને दिष्टीનું ગ્રહણ કર્યું હોત તો પણ તે સૂત્ર દ્વારા इकण् થવાથી नास्तिकः વગેરે પ્રયોગો સિદ્ધ થઈ જાત તો પણ આ સૂત્રનો નિર્દેશ કરી નિપાતન શા માટે કર્યું ?

સમા. : જો એ પ્રમાણે પૂર્વસૂત્રમાં જ नास्ति વગેરે શબ્દનું ગ્રહણ કરવામાં આવે તો ષષ્ઠીના તમામ અર્થમાં એ પ્રયોગની પ્રાપ્તિ થાય પરંતુ તેમ ન કરતાં રૂઢિ અર્થનું ગ્રહણ કરવા માટે જ નિપાતનનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તેથી ઉદા.માં દર્શાવેલ અર્થ સિવાયના અન્ય અર્થમાં नास्तिकः આદિ પ્રયોગ થશે નહીં.

वृत्तोऽपपाठोऽनुयोगे ६.४.६७

અ.અ.સૂ. : तद् अस्य इकण्, अनुयोगे वृत्तः अपपाठः।

અર્થ : પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે. જો પ્રથમાન્ત નામ અનુયોગના વિષયમાં થયેલ અપપાઠ હોય તો.

ઉદા. **एकान्दिकः**=પરીક્ષામાં એક ખોટા પાઠવાળો વ્યક્તિ.
एकमन्यत् अपपाठोऽनुयोगे वृत्तमस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો અપાઠ સિવાયના માત્ર અધ્યયન માત્રમાં પણ પ્રત્યયને ઈચ્છે છે. જેમકે, एकं कुपमध्ययने वृत्तमस्य ऐकरुपिकः।

बहुस्वरपूर्वादिकः ६.४.६८

अ.अ.सू. : तद् बहुस्वरपूर्वात् अस्य इकः, अनुयोगे वृत्तः अपपाठः।

અર્થ : અનેકસ્વરી પૂર્વપદવાળા પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં इक પ્રત્યય થાય છે, જો પ્રથમાન્ત નામ અનુયોગના વિષયમાં અપપાઠવાળો હોય તો.

स. : बहुस्वरपूर्वात्=बहुस्वरं पूर्वपदं यस्य स इति बहुस्वरपूर्वम्, तस्मादिति।

ઉદા. **एकादशान्यिकः**=અગિયાર અપપાઠવાળો વ્યક્તિ.
एकादशान्यपपाठरुपाण्यनुयोगेऽस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

भक्ष्यं हितमस्मै ६.४.६९

अ.अ.सू. : तद् अस्मै इकण्, भक्ष्यं हितम्।

અર્થ : પ્રથમાન્ત નામથી ચતુર્થીના અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે. જો પ્રથમાન્ત નામ હિતસ્વરૂપ ભક્ષ્યાર્થક હોય તો.

ઉદા. **आपूपिकः**=માલપૂઆ ખાવું હિતકર છે જેને તે.
अपूपा भक्ष्यं हितमस्मै इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

नियुक्तं दीयते ६.४.७०

अ.अ.सू. : तद् अस्मै इकण्, नियुक्तं दीयते।

अर्थ : પ્રથમાન્ત નામથી ચતુર્થીના અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે. જો તે (પ્રથમાન્ત પદાર્થ) નિયુક્ત (વ્યભિચાર રહિત અથવા નિત્ય) અપાય તો.

ઉદા. **आग्रभोजनिकः**=દરરોજ પ્રથમ ભોજન જેને અપાય તે વ્યક્તિ.
अग्रभोजनमस्मै नियुक्तं दीयते इति।
આ સૂત્રથી इकण्→अग्रभोजन+**इक**
વૃદ્ધિ વગેરે→आग्रभोज**निकः**।

श्राणा-मांसौदनादिको वा ६.४.७१

अ.अ.सू. : श्राणा-मांसौदनात् तद् अस्मै नियुक्तं दीयते इकः वा।

अर्थ : પ્રથમાન્ત श्राणा અને मांसौदन નામથી ચતુર્થીનાં અર્થમાં નિયુક્ત રીતે અપાય એ પ્રમાણેનો વિષય હોતે છતે इक પ્રત્યય વિકલ્પે થાય છે.

स. : श्राणा-मांसौदनात्= श्राणाश्च मांसौदनश्चेति श्राणा-मांसौदनम्, तस्मादिति।

ઉદા. (૧) **श्राणिका/श्राणिकी**=જવની રાબ જેને નિત્ય અપાય તે સ્ત્રી.
श्राणा नियुक्तं दीयते अस्मै इति।
આ સૂત્રથી इक→श्राणा+**इक**
પ્રથમા सि વગેરે→श्राणि**का**।
विकल्पे : જ્યારે इक ન થાય ત્યારે,
नियुक्तं दीयते ६.४.७०થી इकण्→श्राणा+**इक**
વૃદ્ધિ વગેરે→श्राणि**की**।

(૨) **मांसौदनिका/मांसौदनिकी**=માંસઓદન જેને નિત્ય અપાય તે સ્ત્રી. मांसौदनो नियुक्तमस्मै दीयते इति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

આ સૂત્રમાં इक અને વિકલ્પે इकण्નું વિધાન કર્યું છે. આમ, તો પુંલિંગ રૂપમાં બંને પ્રત્યય પર છતાં રૂપ સમાન જ થાય છે. પરંતુ સ્ત્રીલિંગમાં इक પ્રત્યયાન્ત પ્રયોગથી आत् ૨.૪.૧૮ દ્વારા आप् અને इकण् પ્રત્યયાન્ત પ્રયોગથી अणञेयेकण्०૨.૪.૨૦ દ્વારા ङी પ્રત્યયાન્ત પ્રયોગ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો શ્રાણા વગેરે સૂત્રોક્ત નામથી इक પ્રત્યયને ઈચ્છતાં નથી.

भक्तौदनाद्वाऽणिकट् ૬.૪.૭૨

અ.અ.સૂ. : भक्तौदनात् तद् अस्मै अणिकट् वा नियुक्तं दीयते।

અર્થ : પ્રથમાન્ત એવા भक्त અને ओदन નામથી ચતુર્થીના અર્થમાં અનુક્રમે अण्(अ) અને इकट्(इक) પ્રત્યય વિકલ્પે થાય છે. જો તે પ્રથમાન્ત પદાર્થ નિયુક્ત રીતે અપાય એ પ્રમાણેનો વિષય હોય તો.

સ. : (૧) **भक्तौदनात्**=भक्तं च ओदनं चेति भक्तौदनम्, तस्मादिति।
(૨) **अणिकट्**=अण् च इकट् चेति।

ઉદા. (૧) **भाक्तः/भाक्तिकः**=ભાત જેને નિત્ય અપાય છે તે પુરુષ.
भक्तं नियुक्तं दीयते अस्मै इति।
આ સૂત્રથી अण्→भक्त+**अ**
વૃદ્ધિ વગેરે→**भाक्तः**।
વિકલ્પે : જ્યારે अण् ન થાય ત્યારે,

नियुक्तं०६.४.७०थी इकण्→भक्त+**इक**
वृद्धि वगेरे→**भाक्तिकः**।

(२) **ओदनिकी/औदनिकः**=ભાત જેને નિત્ય અપાય છે તે પુરુષ.
ओदनं नियुक्तं दीयते अस्मै इति।
આ સૂત્રથી इकट्→ओदन+**इक**
ङी વગેરે→ओदनि**की**।
विकल्पे : જ્યારે इकट् વગેરે ન થાય ત્યારે,
પૂર્વપ્રમાણે इकण् વગેરે→**औ**दनिकः।

विशेषता :

સૂત્રમાં भक्तौदनात् અને अणिकट् એ પ્રમાણે સ્થાની અને પ્રત્યયદર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम्१/१०** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

अन्य मत :

કેટલાંક વ્યાકરણકારો औदन નામથી વિકલ્પે થતા इकण् પ્રત્યયને ઈચ્છતા નથી.

नवयज्ञादयोऽस्मिन् वर्त्तन्ते ६.४.७३

अ.अ.सू. : वर्त्तन्ते तद् नवयज्ञादयः अस्मिन् इकण्।

अर्थ : વર્ત્તવું એ પ્રમાણે ઉપાધિવાળા નવયજ્ઞ વગેરે પ્રથમાન્ત નામથી સપ્તમીના અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

स. : नवयज्ञादयः=नवयज्ञ आदिर्येषां ते इति।

ઉદા. (१) **नावयज्ञिकः**=નવ યજ્ઞ છે જેમાં તે.
नवयज्ञाः अस्मिन् वर्त्तन्ते इति।

(૨) **पाकयज्ञिकः**=પાકયજ્ઞ છે જેમાં તે.
पाकयज्ञाः अस्मिन् वर्त्तन्ते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રમાં नवयज्ञादयः એ પ્રમાણે બ.વ. પ્રયોગના અનુસરણ માટે છે.

तत्र नियुक्ते ६.४.७४

અ.અ.સૂ. : तत्र नियुक्ते इकण्।

અર્થ : સપ્તમ્યન્ત નામથી નિયુક્ત અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. **शौल्कशालिकः**=જકાતનાકામાં નિયુક્ત અધિકારી.
शुल्कशालायां नियुक्त इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, પૂર્વે नियुक्तं०६.४.७० સૂત્રમાં नियुक्तं दीयतेમાં नियुक्त શબ્દનો નિર્દેશ કર્યો છે. પરંતુ ત્યાં દર્શાવેલ नियुक्त શબ્દ ક્રિયાવિશેષણ તરીકે છે. અને અવ્યભિચાર અર્થક છે. તથા તે નિયુક્ત અર્થ પ્રકૃતિ અર્થની ઉપાધિ તરીકે જાણવો. જ્યારે અહીં नियुक्त સ્વતંત્ર અર્થમાં જ દર્શાવેલ છે. જે પ્રત્યયના અર્થ તરીકે જ અભિપ્રેત છે.

अगारान्तादिकः ६.४.७५

અ.અ.સૂ. : तत्र अगारान्तात् नियुक्ते इकः।

અર્થ : સપ્તમ્યન્ત अगार અન્તવાળા નામથી નિયુક્ત અર્થમાં इक પ્રત્યય થાય છે.

સ. : अगारान्तात्=अगारोऽन्ते यस्य स इति अगारान्तम्, तस्मादिति।

ઉદા. **देवागारिकः**=દેવાલયમાં નિયુક્ત અધિકારી. देवागारे नियुक्त इति।
આ સૂત્રથી इक→देवागार+**इक**
અનો લોપ વગેરે થતાં→**देवागारिकः**।

अदेश-कालादध्यायिनि ६.४.७६

અ.અ.સૂ. : अदेश-कालात् तत्र अध्यायिनि इकण्।

અર્થ : અધ્યયનમાં પ્રતિષેધ કરેલ દેશવાચી અને કાળવાચી સપ્તમ્યન્ત નામથી ભણવાના સ્વભાવવાળો અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

સ. : अदेश-कालात्=देशश्च कालश्चेति देश-कालम्, न देश-कालमिति अदेशकालम्, तस्मादिति।

ઉદા. (૧) **आशुचिकः**=અપવિત્ર સ્થાનમાં ભણનાર. अशुचावध्यायीति।
(૨) **सान्ध्यिकः**=સંધ્યાકાળે ભણનાર. सन्ध्यायामध्यायीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

निकटादिषु वसति ६.४.७७

અ.અ.સૂ. : निकटादिषु तत्र वसति इकण्।

અર્થ : નિકટ વગેરે સપ્તમ્યન્ત નામથી વસનાર અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે.

સ. : निकटादिषु=निकट आदिर्येषां ते इति निकटादयः, तेष्विति ।

ઉદા. (૧) **नैकटिकः**=નજીકમાં રહેનાર. निकटे वसतीति।
(૨) **आरण्यको भिक्षुः**=જંગલમાં રહેનાર ભિક્ષુ. अरण्ये वसतीति।
(૩) **वार्क्षमूलिकः** =વૃક્ષના મૂળમાં રહેનાર. वृक्षमूले वसतीति।

વિશેષતા :

(૧) અહીં પૂર્વસૂત્રથી સપ્તમીનો અધિકાર ચાલી રહ્યો છે. તેથી સૂત્રનિર્દિષ્ટ નિકટ વગેરે પ્રકૃતિઓને પંચમ્યન્ત નિર્દેશ દ્વારા પણ

नैकटिकः प्रयोगनी प्राप्ति हती ज. तो पण जे सप्तमी विभक्तिनो निर्देश कर्यो छे ते शास्त्रीय वास अर्थ माटे जाणवुं. तेथी सामान्यवास अर्थमां आ सूत्रनी प्रवृत्ति थशे नहीं.

अहीं जंगलमां रहेनार भिक्षु गामथी एक गाउ दूर वास करे ए शास्त्रीय वास कहेवाय छे.

(२) सूत्रमां निकटादि गण शास्त्रमां देखाता प्रयोगथी ज गम्य जाणवो.

सतीर्थ्यः ६.४.७८

अ.अ.सू. : सतीर्थ्यः।

अर्थ : सप्तम्यन्त समानतीर्थ नामथी वसनार अर्थमां य प्रत्यय अने समाननो स आदेश निपातन पामे छे.

उदा. **सतीर्थ्यः**=समानगुरुनी पासे रहेनार. समानतीर्थे वसतीति।

आ सूत्रथी य→समानतीर्थ+**य**

अने समान नो स→**स**तीर्थ+य

अनो लोप वगेरे→सतीर्थ्यः।

विशेषता :

अहीं दर्शावेल तीर्थ नामथी यात्रानुं धाम न लेतां गुरु अर्थनुं ग्रहण करवुं.

प्रस्तार-संस्थान-तदन्त-कठिनान्तेभ्यो व्यवहरति ६.४.७९

अ.अ.सू. : प्रस्तार-संस्थान-तदन्त-कठिनान्तेभ्यः तत्र व्यवहरति इकण्।

अर्थ : प्रस्तार, संस्थान, प्रस्तार अन्तवाळा, संस्थान अन्तवाळा अने कठिन अन्तवाळा सप्तम्यन्त नामथी व्यवहार करनार अर्थमां इकण्(इक) प्रत्यय थाय छे.

સ. : **प्रस्तार-संस्थान-तदन्त-कठिनान्तेभ्यः**=प्रस्तारश्च संस्थानश्चेति प्रस्तार-संस्थानौ ते अन्ते येषां ते इति तदन्ताः, कठिनोऽन्ते येषां ते इति कठिनान्ताः, प्रस्तारश्च संस्थानश्च तदन्ताश्च कठिनान्ताश्चेति प्रस्तार-संस्थान-तदन्त-कठिनान्ताः, तेभ्य इति।

ઉદા. (૧) **प्रास्तारिकः**=ઘાસના વનમાં કામ કરનાર.
प्रस्तारे व्यवहरतीति।

(૨) **सांस्थानिकः**=આશ્રયમાં કામ કરનાર.
संस्थाने व्यवहरतीति।

(૩) **कांस्यप्रस्तारिकः**=કાંસાના વિસ્તારમાં કામ કરનાર.
कांस्यप्रस्तारे व्यवहरतीति।

(૪) **गौसंस्थानिकः**=ગોસંસ્થાનમાં કામ કરનાર.
गोसंस्थाने व्यवहरतीति।

(૫) **वांशकठिनिकः**=વાંસના આસનને વિશે કામ કરનાર.
वंशकठिने व्यवहरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં व्यवहरति શબ્દનું તાત્પર્ય તાત્ત્વિક ક્રિયા એટલે કે અવિપરીત સ્વભાવવાળી ક્રિયા છે. અહીં આશય એ છે કે, લૌકિક વ્યવહારમાં ક્રિયા જે પ્રમાણે થતી હોય તે ક્રિયા. તે ક્રિયાના તેવા પ્રકારના અનુષ્ઠાનમાં આ સૂત્રની પ્રવૃત્તિ છે. તેથી **प्रास्तारिकः** આદિ પ્રયોગમાં લૌકિક અપેક્ષાએ ઘાસના વનમાં જે પ્રમાણે કામ થતું હોય તે પ્રમાણે યથાવત્ કાર્ય કરવું.

(૨) સૂત્રમાં कठिनान्तेभ्यः એ પ્રમાણે બ.વ. कठिनान्त એ પ્રમાણે સ્વરૂપવાળા દરેક નામથી સૂત્ર પ્રવૃત્તિનો નિષેધ કરી રુઢિગત પ્રયોગોને સિદ્ધ કરવા માટે છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો प्रस्तार અને संस्थान અન્તવાળા નામથી આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છતાં નથી.

संख्यादेश्चाऽऽर्हदलुचः ६.४.८०

અ.અ.સૂ. : आर्हद् संख्यादेः च, अलुचः।

અર્થ : આગળ કહેવાતા અર્હદ્ અર્થ સુધીના સૂત્રોમાં દર્શાવેલી પ્રકૃતિથી કહેવાયેલા પ્રત્યયો કેવળ પ્રકૃતિથી અને સંખ્યા પૂર્વપદવાળી તે પ્રકૃતિથી થાય છે. જો તે પ્રકૃતિથી પ્રત્યયનો લોપ ન થયો હોય તો.

સ. : (૧) **सङ्ख्यादेः**=सङ्ख्या आदिर्यस्याः सा इति सङ्ख्यादिः, तस्या इति।

(૨) **अलुचः**=न लुक् इति अलुक्, तस्मादिति।

ઉદા. (૧) **चान्द्रायणिकः**=ચંદ્રાયણ વ્રત કરનાર. चन्द्रायणं चरतीति।
આ સૂત્રથી કેવળ પ્રકૃતિથી પ્રત્યયની પ્રાપ્તિ થતાં,
चन्द्रायणं०६.४.८२થી इकण्→चन्द्रायण+**इक**
વૃદ્ધિ વગેરે થતાં→**चान्द्रायणिकः**।

(૨) **द्वैचन्द्रायणिकः**=બે ચંદ્રાયણ વ્રત કરનાર.
द्वे चन्द्रायणे चरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. अलुच इति किम् ? द्विशौर्पिकम्=બે સૂપડા વડે ખરીદાયેલ પદાર્થથી ખરીદેલું. द्विशूर्पेण क्रीतेन क्रीतमिति।
द्वाभ्यां शूर्पाभ्यां क्रीतम् અર્થમાં, शूर्पाद्०६.४.१३७થી થયેલ अञ्નો अनाम्य०६.४.१४१થી લોપ→द्विशूर्प

હવે, द्विशूर्पेण क्रीतम् અર્થમાં मूल्यैः क्रीते ૬.૪.૧૫૦થી इकण्→द्विशूर्प+**इक**

मान-संवत्सर०७.૪.૧૯થી शूर्पના ऊની वृद्धि→**द्विशौर्प**+इक અનો લોપ વગેરે થતાં→**द्विशौर्पिकम्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ જે પ્રકૃતિમાં પ્રત્યયનો લોપ ન થયો હોય તેવી પ્રકૃતિથી થાય છે. જ્યારે અહીં પ્રત્યયનો લોપ થયેલ છે. માટે शूर्पाद्० ૬.૪.૧૩૭થી अञ् ન થતાં मूल्यैः क्रीते ૬.૪.૧૫૦થી इकण् થયેલ છે.

વિશેષતા :

(૧) અહીં દર્શાવેલ आर्हद् પદમાં આકાર અભિવિધિ અર્થક છે. તેથી અર્હદ્ અર્થના પણ સૂત્રની પ્રકૃતિનું ગ્રહણ કરાય છે.

(૨) સૂત્રમાં ચકાર દ્વારા કેવળ પ્રકૃતિનો સમુચ્ચય કરાય છે.

गोदानादीनां ब्रह्मचर्ये ૬.૪.૮૧

અ.અ.સૂ. : गोदानादीनां ब्रह्मचर्ये इकण्।

અર્થ : ગોદાન વગેરે ષષ્ઠ્યન્ત નામથી બ્રહ્મચર્ય અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે.

સ. : गोदानादीनाम्=ગોદાનો आदिर्येषां ते इति गोदानादयः, तेषामिति।

ઉદા. (૧) **गौदानिकम्**=ગોદાન-વ્રત સંબંધી બ્રહ્મચર્ય.
गोदानस्य ब्रह्मचर्यमिति।

(૨) **आदित्यव्रतिकम्**=આદિત્યવ્રત સંબંધી બ્રહ્મચર્ય.
आदित्यव्रतानां ब्रह्मचर्यमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

गोदानादयः એ પ્રમાણે બ.વ. શાસ્ત્ર પ્રમાણે પ્રયોગના અનુસરણ માટે છે.

चन्द्रायणं च चरति ६.४.८२

अ.अ.सू. : चन्द्रायणं च(गोदानादीनां) चरति इकण्।

અર્થ : चन्द्रायण અને गोदान વગેરે द्वितीयान्त नामथी चरनार અર્થમાં इकण्(इक) प्रत्यय थाय छे.

ઉદા. (૧) **चान्द्रायणिकः**=ચંદ્રાયણ વ્રત કરનાર. चन्द्रायणं चरतीति।

(૨) **गौदानिकः**ગોદાન વ્રત કરનાર. गोदानं चरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

विशेषता :

यद्यपि सूत्रमां चन्द्रायणम् पदनुं ग्रहण कर्युं होवाथी गोदानादीनाम्नो अधिकार अटकी जाय छे. परंतु सूत्रगत चकार द्वारा **चकारो यस्मात्पर० २/६१** न्यायानुसारे स्थानीतया चन्द्रायणम्ने सजातीय स्थानी एवा गोदानादीनाम्नुं पूर्वसूत्रथी ग्रहण कराय छे.

देवव्रतादीन् डिन् ६.४.८३

अ.अ.सू. : देवव्रतादीन् चरति डिन्।

અર્થ : देवव्रत વગેરે द्वितीयान्त नामथी ज चरनार અર्थमां डिन् (इन्) प्रत्यय थाय छे.

स. : देवव्रतादीन्=देवव्रतमादिर्येषां ते इति देवव्रतादयः, तानिति।

ઉદા. (૧) **देवव्रती**=દેવવ્રત કરનાર. देवव्रतं चरतीति।
આ સૂત્રથી ડિન્→देवव्रत+**इन्**
डित्यन्त्य०२.१.११४थी अनो लोप→देवव्रतिन्
प्रथमा सि वगेरे→**देवव्रती**।

(૨) **महाव्रती**=મહાવ્રતનું પાલન કરનાર. महाव्रतं चरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં દેવવ્રતાદીન્ એ પ્રમાણે બ.વ. પ્રયોગના અનુસરણ માટે છે.

(૨) સૂત્રમાં દર્શાવેલ ડિન્ પ્રત્યયમાં ડ્ ઈત્ અન્ત્યસ્વરાદિનો લોપ કરવા માટે છે.

डकश्चाष्टाचत्वारिंशतं वर्षाणाम् ६.४.८४

અ.અ.સૂ. : वर्षाणाम् अष्टाचत्वारिंशतं चरति डकः च(डिन्)।

અર્થ : વર્ષ સંબંધી અષ્ટાચત્વારિંશત્ દ્વિતીયાન્ત નામથી ચરનાર અર્થમાં ડક(અક) અને ડિન્(ઇન્) પ્રત્યય થાય છે.

ઉદા. **अष्टाचत्वारिंशकः/अष्टाचत्वारिंशी**=અડતાલીશ વર્ષ વ્રત કરનાર.
अष्टाचत्वारिंशत् व्रतं चरतीति।
આ સૂત્રથી ડક અને ડિન્→अष्टाचत्वारिंशत्+**अक/इन्**
डित्यन्त्य०२.१.११४થી अत्નો લોપ→अष्टाचत्वारिंशक/अष्टाचत्वारिंशिन्
પ્રથમા સિ વગેરે→अष्टाचत्वारिंश**कः**/अष्टाचत्वारिंश**ी**।

વિશેષતા :

યદ્યપિ સૂત્રમાં डकः પદનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો ડિન્નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्पर०२/६१** ન્યાયાનુસારે પ્રત્યયતયા ડકને સજાતીય પ્રત્યય એવા ડિન્નું પૂર્વસૂત્રથી અનુકર્ષણ કરાય છે. તેમજ, **चानुकृष्टं०२/६२** ન્યાયાનુસારે ડિન્નો અધિકાર ઉત્તરસૂત્રમાં ન જતો હોવાથી ત્યાં तौ પદ દ્વારા તે બંને પ્રત્યયનું વિધાન કરેલ છે.

चातुर्मास्यं तौ यलुक् च ६.४.८५

अ.अ.सू. : चातुर्मास्यं चरति तौ, यलुक् च।

અર્થ : चातुर्मास्य द्वितीयान्त नामथी चरनार अर्थमां डक अने डिन् प्रत्यय थाय छे. अने तेनां यनो लोप थाय छे.

स. : यलुक्=यस्य लुगिति।

ઉદા. चातुर्मासकः/चातुर्मासी=चार मासमां थनार यज्ञ संबंधी व्रतोने आचरनार. चातुर्मास्यानि चरतीति।
आ ઉદા.नी साधनिका पूर्वप्रमाणे जाणवी. परंतु अहीं चातुर्मास्यना यनो लोप करवो.

चरति अर्थक प्रत्ययनुं कोष्टक

सूत्र	प्रकृति	विभक्ति	अर्थनुं विशेषण	प्रत्यय	ઉદાहरण
चरति ६.४.११	–	૩	–	इकण्	हास्तिकः
पर्पादेरि०६.४.१२	पर्प વગેरे	૩	–	इकट्	पर्पिकी
पदिकः ६.४.१૩	पाद	૩	–	"	पदिकः
श्वगणाद्०६.४.१४	श्वगण	૩	–	"	श्वगणिकी
धर्मा-ऽधर्मा०६.४.४९	धर्म, अधर्म	२	–	इकण्	धार्मिकः
चन्द्रायणं०६.४.८२	चन्द्रायण	२	–	इकण्	चान्द्रायणिकः
देवव्रता०६.४.८૩	देवव्रत	२	–	डिन्	देवव्रती
डक श्राष्टा०६.४.८४	वर्ष संबंधी अष्टचत्वारिंशत्	२	–	डिन्/ डक	अष्टचत्वारिंशकः
चातुर्मास्यं०६.४.८५	चातुमास्य	२	–	डक/डिन्	चातुर्मासकः

क्रोश-योजनपूर्वाच्छताद् योजनाच्छाऽभिगमार्हे ६.४.८६

अ.अ.सू. : क्रोश-योजनपूर्वात् शतात् योजनात् च अभिगमार्हे इकण्।

अर्थ : पंचम्यन्त એવા क्रोश અને योजन પૂર્વપદવાળા, शत અન્તવાળા નામથી તેમજ योजन નામથી અભિગમને યોગ્ય અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

स. : क्रोशयोजनपूर्वात्=क्रोशश्च योजनं चेति क्रोशयोजने, क्रोशयोजने पूर्वे यस्य स इति क्रोशयोजनपूर्वम्, तस्मादिति।

ઉદા. (૧) **क्रौशशतिको मुनिः**=સો કોશથી નજીક જવા યોગ્ય મુનિ. क्रोशशतादभिगमनमर्हतीति।

(૨) **यौजनशतिकः**=ચારસો કોશથી નજીક જવા યોગ્ય મુનિ. योजनशतादभिगमनमर्हतीति।

(૩) **यौजनिकः**=એક યોજનથી નજીક જવા યોગ્ય મુનિ. योजनादभिगमनमर्हतीति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

विशेषता :

સૂત્રમાં क्रोश-योजनपूर्वात् એ પ્રમાણેના દ્વન્દ્વ સમાસમાં તેના ઘટકીભૂત क्रोश અને योजन એમ બંનેની સાથે पूर्वात् શબ્દનો અન્વય થાય છે.

तद् यात्येभ्यः ६.४.८७

अ.अ.सू. : तद् एभ्यः याति इकण्।

अर्थ : દ્વિતીયાન્ત क्रोशशत, योजनशत અને योजन નામથી જનાર અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **क्रौशशतिकः**=સો કોશ જનાર દૂત. क्रोशशतं यातीति।

(૨) **यौजनशतिकः**=સો યોજન જનાર દૂત. योजनशतं यातीति।

(૩) **यौजनिकः**=૧ યોજન જનાર દૂત. योजनं यातीति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

पथ इकट् ६.४.८८

અ.અ.સૂ. : पथः याति इकट्।

અર્થ : દ્વિતીયાન્ત पथिन् નામથી જનાર અર્થમાં इकट्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. **पथिकी**=માર્ગે જનારી. पन्थानं यातीति।

આ સૂત્રથી इकट्→पथिन्+**इक**

नोऽपदस्य०७.४.६१થી इन्નો લોપ→**पथिक**

ङी વગેરે→पथि**की**।

વિશેષતા :

(૧) સૂત્રમાં દર્શાવેલ इकट् પ્રત્યયમાં ट् ઈત્ સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય કરવા માટે છે.

(૨) અહીં पथिन् પ્રકૃતિથી कट પ્રત્યય કરવા દ્વારા પણ नाम सिदय्०१.१.२१ વગેરે સૂત્રની પ્રવૃત્તિ થતાં पथिकः પ્રયોગ સિદ્ધ થઈ શકે છે. તો પણ જે इकट् પ્રત્યયનો નિર્દેશ કર્યો છે તે સમાસાન્ત પ્રત્યય કરાયે છતે પણ पथिकः પ્રયોગ જ પ્રાપ્ત થાય તે માટે છે. જેમકે, द्वौ पन्थानौ याति અર્થમાં સમાસ કરાયે છતે ऋक्-पूः०७.३.७६ સૂત્રથી अत् પ્રત્યય થયા બાદ આ સૂત્રથી इकट् કરવાના અવસરે नोऽपदस्य०७.४.६१ આદિ સૂત્રથી द्विपथ+इकट् આવી અવસ્થા પ્રાપ્ત થાય છે. અહીં જો માત્ર कट्નો જ નિર્દેશ કર્યો હોય તો द्विपथकः એ પ્રમાણે અનિષ્ટ પ્રયોગ થવાની આપત્તિ આવે. તેનું વારણ કરીને તેના સ્થાને હવે द्विपथिकः પ્રયોગ થશે.

नित्यं णः पन्थश्च ६.४.८९

अ.अ.सू. : पथः नित्यं याति णः, पन्थः च।

अर्थ : द्वितीयान्त पथिन् नामथी नित्य જનાર અર્થમાં ण(अ) પ્રત્યય થાય છે. અને તેનો पन्थ् આદેશ થાય છે.

ઉદા. **पान्थः**=सतत જનાર. पन्थानं नित्यं यातीति।
આ સૂત્રથી ण અને पथिन्નો पन्थ्+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**पान्थः**।

शङ्कूत्तरा-कान्तारा-ऽज-वारि-स्थल-जङ्गलादेस्तेनाऽऽहृते च ६.४.९०

अ.अ.सू. : शङ्कूत्तरा-कान्तारा-ऽज-वारि-स्थल-जङ्गलादेः पथः तेन आहृते च(याति) इकण्।

अर्थ : शङ्कू, उत्तर, कान्तार, अज, वारि, स्थल અને જङ्गाल આદિવાળા પથિન્ અન્તવાળા તૃતીયાન્ત નામથી લાવેલ અને જનાર અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

स. : शङ्कूत्तरा-कान्तारा-ऽज-वारि-स्थल-जङ्गलादेः=शङ्कूश्च उत्तरश्च कान्तारश्च अजश्च वारिश्च स्थलश्च जङ्गलश्चेति शङ्कूत्तर०० जङ्गलाः, ते आदयो यस्य स इति शङ्कूत्तरा०० जङ्गलादिः, तस्मादिति।

ઉદા. (૧) **शाङ्कुपथिकः**=शंकु માર્ગથી જનાર/લાવેલો.
शङ्कुपथेन आहृतो/यातीति।

(૨) **औत्तरपथिकः**=ઉત્તર માર્ગથી જનાર/લાવેલો.
उत्तरपथेन आहृतो/यातीति।

(૩) **कान्तारपथिकः**=વન માર્ગથી જનાર/લાવેલો.
कान्तारपथेन आहृतो/यातीति।

(૪) **आजपथिकः**=બકરાઓના માર્ગથી જનાર/લાવેલો.
अजपथेन आहृतो/यातीति।

(૫) **वारिपथिकः**=જલ માર્ગથી જનાર/લાવેલો.
वारिपथेन आहृतो/यातीति।

(૬) **स्थालपथिकः**=સ્થળમાર્ગથી જનાર/લાવેલો.
स्थलपथेन आहृतो/यातीति।

(૭) **जाङ्गलपथिकः**=જંગલ માર્ગથી જનાર/લાવેલો.
जङ्गलपथेन आहृतो/यातीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

યદ્યપિ સૂત્રમાં आहृते પદનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો યાતિનો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्पर०२/६१** ન્યાયાનુસારે અર્થનિમિત્તતયા આહૃતેને સજાતીય અર્થનિમિત્ત યાતિ પદનું પૂર્વસૂત્રથી ગ્રહણ કરાય છે.

याति અર્થક પ્રત્યયનું કોષ્ટક

સૂત્ર	द्वितीयान्त प्रकृति	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
तद् यात्ये०६.४.८७	क्रोशशत, योजनशत, योजन	—	इकण्	क्रौशशतिकः
पथ इकट्६.४.८८	पथिन्	—	इकट्	पथिकी
नित्यं णः०६.४.८९	पथिन्	नित्य	ण	पान्थः
शङ्कूत्तर०६.४.९०	शङ्कू वगेरे + पथिन्	—	इकण्	शाङ्कुपथिकः

स्थलादेर्मधुक-मरिचेऽण् ६.४.९१

अ.अ.सू. : स्थलादेः पथः तेन आहृते मधुक-मरिचे अण्।

અર્થ : સ્થલ આદિવાળા, પથિન્ અન્તવાળા તૃતીયાન્ત નામથી મધ અને મરી રૂપ લાવેલ અર્થમાં અણ્(અ) પ્રત્યય થાય છે.

સ. : (૧) **स्थलादेः**=स्थलं आदिर्यस्य स इति स्थलादिः, तस्मादिति।
(૨) **मधुक-मरीचे**=मधुकश्च मरीचश्चेति मधुक-मरीचम्, तस्मिन्निति।

ઉદા. स्थालपथं मधुकं/मरीचम्=સ્થળ માર્ગથી લાવેલ મધ/મરી.
स्थालपथेन आहृत इति।
આ સૂત્રથી અણ્→स्थलपथिन्+**अ**
વૃદ્ધિ વગેરે→**स्था**लपथम्।

तुरायण-पारायणं यजमाना-ऽधीयाने ६.४.९२

अ.अ.सू. : तुरायण-पारायणं यजमाना-ऽधीयाने इकण्।

અર્થ : તુરાયણ અને પારાયણ દ્વિતીયાન્ત નામથી અનુક્રમે યજમાન (યજ્ઞ કરનાર) અને અધીયાન (ભણનાર) અર્થમાં इकण्(इક) પ્રત્યય થાય છે.

સ. : (૧) **तुरायण-पारायणम्**=तुरायणश्च पारायणश्चेति [पञ्चमी ङसि, सूत्रत्वात् लोपः।]
(૨) **यजमाना-ऽधीयाने**=यजमानश्च अधीयानश्चेति यजमाना-ऽधीयानम्, तस्मिन्निति।

ઉદા. (૧) **तौरायणिकः**=તુરાયણ યજ્ઞને કરનાર. तुरायणं यजते इति।
(૨) **पारायणिकः**=પારાયણ યજ્ઞને ભણનાર.
पारायणं अधीते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રમાં દર્શાવેલ તુરાયણ-પારાયણમ્ એ પ્રમાણે સ્થાની દર્શક પદ અને યજમાના-ઽધીયાને એ પ્રમાણે નિમિત્તદર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **યથાસङ्ख्य०૧/૧૦** ન્યાયાનુસારે તે બંનેની વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો चान्द्रायणम्થી પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે.

संशयं प्राप्ते ज्ञेये ६.४.९३

અ.અ.સૂ. : संशयं प्राप्ते ज्ञेये इकण्।

અર્થ : દ્વિતીયાન્ત સંશય નામથી જ્ઞેય રૂપ પ્રાપ્ત અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે.

ઉદા. सांशयिकोऽर्थः=સંદિગ્ધ અર્થ. संशयं प्राप्त इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

तस्मै योगादेः शक्ते ६.४.९४

અ.અ.સૂ. : तस्मै योगादेः शक्ते इकण्।

અર્થ : ચતુર્થ્યન્ત योग વગેરે નામથી શક્ય અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

સ. : योगादेः=योग आदिर्यस्य स इति योगादिः, तस्मादिति।

ઉદા. (૧) **यौगिकः**=યોગ માટે સમર્થ. योगाय शक्त इति।

(૨) **सान्तापिकः**=સંતાપ માટે સમર્થ. सन्तापाय शक्त इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

योगादि ગણ : योग, सन्ताप, सन्नाह, संग्राम, संयोग, संपराय, संघात, संपाद, संपादन, संक्रम, संपेष, संवेश, संमोदन, निष्पेष, निसर्ग, निःसर्ग, निर्घोष, विसर्ग, उपसर्ग, प्रवास, उपवास, सक्तु, मांस, ओदन, मांसौदन, सक्तुमांसौदन।

योग-कर्मभ्यां योकञौ ६.४.९५

अ.अ.सू. : तस्मै योग-कर्मभ्यां शक्ते योकञौ।

અર્થ : ચતુર્થ્યન્ત યોગ અને કર્મન્ નામથી શક્ત અર્થમાં અનુક્રમે ય અને उकञ्(उक) પ્રત્યય થાય છે.

સ. : (૧) **योग-कर्मभ्याम्**=योगश्च कर्मा चेति योगकर्मणौ, ताभ्यामिति।
(૨) **योकञौ**=यश्च उकञ् चेति।

ઉદા. (૧) **योग्यः**=યોગ માટે સમર્થ. योगाय शक्त इति।
આ સૂત્રથી य→योग+**य**
અનો લોપ વગેરે→योग्यः।

(૨) **कार्मुकम्**=ધનુષ્ય (કર્મ માટે સમર્થ) कर्मणे शक्तमिति।
આ સૂત્રથી उकञ्→कर्मन्+**उक**
વૃદ્ધિ વગેરે→**कार्मुकम्**।

વિશેષતા :

(૧) સૂત્રમાં દર્શાવેલ योग-कर्मभ्याम् એ પ્રમાણે સ્થાનીદર્શક પદ અને योकञौ એ પ્રમાણે કાર્યદર્શકપદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्य०१/१०** ન્યાયાનુસારે તે બંનેની વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

(૨) પૂર્વ અને આ સૂત્ર બંનેમાં યોગ શબ્દનું પૃથક્‌તયા ગ્રહણ હોવાથી તે બંને સૂત્રો એકબીજાના બાધક બનતાં નથી. આમ, યોગ શબ્દથી શક્ત અર્થમાં બે રૂપ થાય છે. જેમકે, यौगिकः, योग्यः।

यज्ञानां दक्षिणायाम् ६.४.९६

અ.અ.સૂ. : यज्ञानां दक्षिणायां इकण्।

અર્થ : ષષ્ઠ્યન્ત યજ્ઞવાચી નામથી દક્ષિણા અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. **आग्निष्टोमिकी**=અગ્નિષ્ટોમ યજ્ઞની દક્ષિણા.

अग्निष्टोमस्य दक्षिणा इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રમાં यज्ञानाम् એ પ્રમાણે બ.વ. દ્વારા સ્વરૂપવિધિનો નિષેધ કરવામાં આવ્યો છે તેથી यज्ञ એ પ્રમાણે સ્વરૂપવાળા નામથી સૂત્રપ્રવૃત્તિ ન કરતાં યજ્ઞવાચી નામથી આ સૂત્રની પ્રવૃત્તિ કરવી.

तेषु देये ६.४.९७

અ.અ.સૂ. : यज्ञानां तेषु देये इकण्।

અર્થ : સપ્તમ્યન્ત યજ્ઞવાચી નામથી દેય અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. **वाजपेयिकं भक्तम्**=વાજપેય યજ્ઞમાં અપાતો ભાત.

वाजपेये देयमिति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

काले कार्ये च भववत् ६.४.९८

अ.अ.सू. : तेषु काले कार्ये च(देये) भववत्।

अर्थ : सप्तम्यन्त कालवाची नामथी कार्य अने देय अर्थमां भव अर्थनी जेम प्रत्ययो थाय छे.

उदा. **वार्षिकम्**=वर्षे आपवा योग्य/करवा योग्य.

आ सूत्रथी भववत् प्रत्ययनी प्राप्ति थतां,

वर्षा-कालेभ्यः ६.३.८०थी थतो इकण्→वर्षा+**इक**

वृद्धि वगेरे थतां→**वार्षिकम्**।

विशेषता :

अहीं सूत्रमां वत् प्रत्ययना निर्देश द्वारा त्यां **व्याख्यातो विशेषार्थप्रतिपत्तिः २/६४** न्यायानुसारे विशेष अर्थनी प्राप्ति थाय छे. तेथी अहीं दर्शावेल विधिमां सर्व सादृश्यनुं ज ग्रहण करवुं. अर्थात् जे पूर्वे जे कालवाची नामथी भव अर्थमां जे प्रत्यय दर्शाव्यो होय ते ज नामथी ते सूत्र द्वारा विकार अर्थमां ते ज प्रत्यय थाय छे.

यद्यपि अहीं सर्वसादृश्यार्थ ग्रहण थतां द्विगोरनपत्ये०६.१.२४ सूत्रथी थतां प्रत्ययना लोपनी विधि पण विहित थई ज जाय छे. परंतु पूर्वे संख्यादेश्चा०६.४.८० सूत्रमां अलुचः पद द्वारा लुगन्तनो निषेध करवामां आव्यो छे. तेथी आ सूत्रना विषयमां द्विगु समासथी पर भववत् प्रत्ययनो पण लोप थशे नहीं.

व्युष्टादिष्वण् ६.४.९९

अ.अ.सू. : तेषु व्युष्टादिषु कार्ये च(देये) अण्।

अर्थ : सप्तम्यन्त व्युष्ट वगेरे नामथी कार्य अने देय अर्थमां अण्(अ) प्रत्यय थाय छे.

स. : व्युष्टादिषु=व्युष्ट आदिर्येषां ते इति व्युष्टादयः, तेष्विति।

ઉદા. (૧) **वैयुष्टम्**=પ્રભાતે આપવા યોગ્ય. व्युष्टे देयं/कार्यमिति।
આ સૂત્રથી अण्→व्युष्ट+**अ**
ख्यः पदान्तात्०७.४.५થી ऐ આગમ→**वैयुष्ट**
પ્રથમા સિ વગેરે→**वैयुष्टम्**।

(૨) **नैत्यम्**=નિત્ય આપવા યોગ્ય. नित्ये देयं/कार्यमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **व्युष्टादि ગણ :** व्युष्ट, नित्य, निष्क्रमण, प्रवेशन, तीर्थ, संग्राम, संघात, अग्निपद, पीलुमूल, प्रवास, उपवास વગેરે.

સૂત્રમાં व्युष्टादिषु બ.વ. આકૃતિગણ માટે જણાય છે.

(૨) व्युष्ट શબ્દના સાહચર્યથી नित्य શબ્દ પણ કાળવાચી જ ગ્રહણ કરવો તેથી સપ્તમીના અપવાદરૂપ काला-ऽध्वनो०२.२.४२થી તેને દ્વિતીયા થવા છતાં પણ આ સૂત્રથી પ્રત્યય થાય છે. જેમકે, नित्यं देयं कार्यमिति नैत्यम्।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આવા સ્થાને સપ્તમી વિભક્તિ પણ ઈચ્છે છે. જેમકે, नित्ये विषुवति देयं कार्यमिति नैत्यम् આદિ.

यथाकथाचाण्णः ६.४.१००

અ.અ.સૂ. : यथाकथाचात् कार्ये च(देये) णः।

અર્થ : સપ્તમ્યન્ત यथाकथाच નામથી કાર્ય અને દેય અર્થમાં ण(अ) પ્રત્યય થાય છે.

ઉદા. **याथाकथाचम्**=અનાદરથી અપાતું/કરવા યોગ્ય.
यथाकथाच दीयते/क्रियते इति।
આ સૂત્રથી ण→यथाकथाच+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**या**थाकथाचम्।

तेन हस्ताद् यः ६.४.१०१

अ.अ.सू. : तेन हस्तात् कार्ये च(देये) यः।

અર્થ : તૃતીયાન્ત હસ્ત નામથી કાર્ય અને દેય અર્થમાં ય પ્રત્યય થાય છે.

ઉદા. **हस्त्यम्**=હાથથી આપવા યોગ્ય/કરવા યોગ્ય.
हस्तेन देयं/कार्यमिति।
આ સૂત્રથી ય→हस्त+**य**
અનો લોપ વગેરે થતાં→**हस्त्यम्**।

કાર્ય અને દેય અર્થક પ્રત્યયનું કોષ્ટક

સૂત્ર	પ્રકૃતિ	વિભક્તિ વિશેષણ	અર્થનું	પ્રત્યય	ઉદાહરણ
काले०६.४.९८	કાલવાચી	૭	–	भववत्	वार्षिकम्
व्युष्टादि०६.४.९९	व्युष्ट વગેરે	૭	–	अण्	वैयुष्टम्
यथाकथा०६.४.१००	यथाकथाच	૭	–	ण	याथाकथाचम्
तेनहस्ता०६.४.१०१	हस्त	૩	–	य	हस्त्यम्

शोभमाने ६.४.१०२

अ.अ.सू. : तेन शोभमाने इकण्।

અર્થ : તૃતીયાન્ત નામથી શોભતું અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. **कार्णवेष्टकिकं मुखम्**=કર્ણના અલંકારથી શોભતું મુખ.
कर्णवेष्टकाभ्यां शोभते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

સામાન્યથી **समर्थः पदविधिः** ૭.૪.૧૨૨ સૂત્ર દ્વારા સંપૂર્ણ વ્યાકરણશાસ્ત્રમાં દરેક કાર્ય સામર્થ્ય હોતે છતે જ થાય છે. પરંતુ આ સૂત્રથી થયેલ **अकार्णवेष्टिकम्** વગેરે પ્રયોગોમાં અસમર્થ હોય એવો નञ્ તત્પુરુષ સમાસ પ્રવર્તે છે.

અહીં આશય એ છે કે, **कर्णवेष्टकाभ्यां न शोभते** એવા વિગ્રહમાં નञ્ અવ્યયનો સંબંધ ક્રિયાની સાથે લઈ રહ્યો છે પણ **कार्णवेष्टिकम्** પદ સાથે નહીં. તેથી સમાસ પામતી બંને પ્રકૃતિની વચ્ચે સંબંધરૂપ સામર્થ્યનો અભાવ છે.

યદ્યપિ આવા સામર્થ્ય રહિત **असूर्यंपश्या** વગેરે સમાસો પૂર્વે દર્શાવેલા છે. ત્યાં **असूर्योग्राद्०५.१.१२६** આદિ સૂત્રના નિર્દેશ સામર્થ્યથી સિદ્ધ થાય છે. તેવી રીતે આ સૂત્રનું ગ્રહણ થઈ શકે નહીં. તો પણ **व्याख्यातो विशेषार्थ०२/६४** ન્યાયાનુસારે બૃ.વૃ.ના નિર્દેશને ધ્યાનમાં રાખીને આવો પણ સમાસ કરી શકાય છે.

कर्म-वेषाद् यः ६.४.१०३

અ.અ.સૂ. : तेन कर्म-वेषात् शोभमाने यः।

અર્થ : તૃતીયાન્ત કર્મન્ અને વેષ નામથી શોભતું અર્થમાં ય પ્રત્યય થાય છે.

સ. : कर्म-वेषात्=कर्म च वेषश्चेति कर्म-वेषम्, तस्मादिति।

ઉદા. (૧) कर्मण्यं शौर्यम्=ક્રિયાથી શોભતું શૌર્ય. कर्मणा शोभते इति।
આ સૂત્રથી ય→कर्मन्+**य**
र-षृवर्णान्नो०२.३.६૩થી न्नो ण्→**कर्मण्य**
પ્રથમા સિ વગેરે→**कर्मण्यम्**।

(૨) **वेष्यो नटः**=વેષથી શોભતો નટ. वेषेण शोभते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો वेश નામથી આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. પરંતુ वेष નામથી નહીં. તેથી તેઓના મતે वेश्यः પ્રયોગ થાય છે.

कालात् परिजय्य-लभ्य-कार्य-सुकरे ६.४.१०४

અ.અ.સૂ. : तेन कालात् परिजय्य-लभ्य-कार्य-सुकरे इकण्।

અર્થ : તૃતીયાન્ત કાલવાચી નામથી પરિજય્ય (જીતવાને શક્ય), લભ્ય, કાર્ય અને સુકર અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

સ. : परिजय्य-लभ्य-कार्य-सुकरे=परिजय्यश्च लभ्यश्च कार्यं च सुकरश्चेति परिजय्य-लभ्य-कार्य-सुकरम्, तस्मिन्निति।

ઉદા. मासिको व्याधिः=એક મહિનામાં જીતી શકાય તેવી વ્યાધિ. मासेन परिजय्य इति।
पटः=એક મહિનામાં લભ્ય વસ્ત્ર. मासेन लभ्य इति।
चान्द्रायणम्=એક મહિનો કરવા યોગ્ય ચાન્દ્રાયણ તપ. मासेन कार्यमिति।
प्रासादः=એક મહિનામાં સારી રીતે કરી શકાય તેવો મહેલ. मासेन सुकर इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

निर्वृत्ते ६.४.१०५

અ.અ.સૂ. : तेन कालात् निर्वृत्ते इकण्।

અર્થ : તૃતીયાન્ત કાલવાચી નામથી નિર્વૃત્ત અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. **आह्निकम्**=એક દિવસમાં કરાએલું. અહ્ના નિર્વૃત્તમિતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો તેથી ઉત્તરસૂત્રમાં માત્ર નિર્વૃત્તેનો અધિકાર જાય છે. અન્યથા **सन्नियोगशिष्टाना०१/३०** ન્યાયાનુસારે परिजय्य०० વગેરેનો પણ અધિકાર આવવાની આપત્તિ આવે.

तं भावि-भूते ६.४.१०६

અ.અ.સૂ. : तं कालात् भावि-भूते इकण्।

અર્થ : દ્વિતીયાન્ત કાલવાચી નામથી ભૂતકાળ અને ભવિષ્યકાળ અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

સ. : भावि-भूते=भावी च भूतश्चेति भावि-भूतम्, तस्मिन्निति।

ઉદા. **मासिक उत्सवः**=મહિના સુધી થયેલો/થનારો ઉત્સવ. मासं भावि/भूत इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

तस्मै भृता-ऽधीष्टे च ६.४.१०७

અ.અ.સૂ. : तस्मै कालात् भृता-ऽधीष्टे च इकण्।

અર્થ : ચતુર્થ્યન્ત કાલવાચી નામથી ભૃત અને અધીષ્ટ અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

સ. : भृता-ऽधीष्टे=भृतश्च अधीष्टश्चेति भृता-ऽधीष्टम्, तस्मिन्निति।

ઉદા. **मासिकः कर्मकरः**=મહિના માટે પગારથી રાખેલો દાસ. मासाय भृत इति।

उपाध्यायः=મહિના માટે ભણાવવા રાખેલા ઉપાધ્યાય. मासाय अधीत इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

આ સૂત્રમાં चકારનું ગ્રહણ કર્યું તેથી આગામી ત્રણ સૂત્રની પછીના સૂત્રમાં નિર્વૃત્તિનો અધિકાર લેવા માટે છે.

षण्मासादवयसि ण्यैकौ ६.४.१०८

અ.અ.સૂ. : षण्मासात् तेन निर्वृत्ते तं भाविभूते तस्मै भृताऽधीष्टे ण्येकौ अवयसि।

અર્થ : તૃતીયાન્ત, દ્વિતીયાન્ત અને ચતુર્થ્યન્ત કાલવાચી षण्मास નામથી અનુક્રમે નિર્વૃત્ત, ભાવિ-ભૂત અને ભૂત-અધીષ્ટ અર્થમાં ण्य(य) અને इक પ્રત્યય થાય છે. જો વય ગમ્યમાન ન હોય તો.

સ. : (૧) **अवयसि**=न वय इति अवयः, तस्मिन्निति।

(૨) **ण्यैकौ**=ण्यश्च इकश्चेति।

ઉદા. षाण्मास्यः/षण्मासिकः=૬ મહિના વડે થયેલું વગેરે.

षड्भिर्मासैनिर्वृत्तं[1] षण्मासान् भावी/भूतः/षड्भ्यो मासेभ्यो भृतोऽधीष्ट इति।

આ સૂત્રથી ण्य→षण्मास+**य**

વૃદ્ધિ વગેરે→**षाण्मास्यः**।

इक થાય ત્યારે→षण्मास+**इक**

અનો લોપ વગેરે→षण्मा**सिक**ः।

---

૧. આગામી ત્રણ સૂત્રના ઉદા.માં આ પાંચ અર્થ સ્વયં જાણી લેવા.

समाया ईनः ६.४.१०९

अ.अ.सू. : समायाः तेननिर्वृत्ते००० ईनः, अवयसि।

अर्थ : तृतीयान्त, द्वितीयान्त अने चतुर्थ्यन्त कालवाची समा नामथी अनुक्रमे निर्वृत्त, भावि-भूत अने भृत-अधीष्ट अर्थमां ईन प्रत्यय थाय छे. जो वय अर्थनी गम्यमानता न होय तो.

उदा. **समीनः**=એક વર્ષમાં થયેલ વગેરે. समया निर्वृत्त इत्यादि।
आ सूत्रथी ईन→समा+**ईन**
आनो लोप वगेरे→**समीनः**।

रात्र्यहः-संवत्सराच्च द्विगोर्वा ६.४.११०

अ.अ.सू. : तेन रात्र्यहः संवत्सरात् च (समायाः) द्विगोः तेन निर्वृत्ते००० ईनः वा।

अर्थ : तृतीयान्त, द्वितीयान्त अने चतुर्थ्यन्त कालवाची रात्रि, अहन्, संवत्सर अने समा अन्तवाळा द्विगु समासथी अनुक्रमे निर्वृत्त, भावि-भूत अने भृत-अधीष्ट अर्थमां ईन प्रत्यय थाय छे.

स. : रात्र्यहः-संवत्सरात्=रात्रिश्च अहश्च संवत्सरश्चेति रात्र्यहः-संवत्सरम्, तस्मादिति।

उदा. (१) **द्विरात्रीणः/द्वैरात्रिकः**=બે રાત્રિમાં થયેલ વગેરે.
द्वाभ्यां रात्रिभ्यां निर्वृत्त इत्यादि०००
आ सूत्रथी ईन→द्विरात्रि+**ईन**
इनो लोप वगेरे→द्विरा**त्रीणः**।
विकल्पे : જ્યારે ईन न थाय त्यारे,
निर्वृत्ते ६.४.१०५ वगेरेथी इकण्→द्विरात्रि+**इक**
वृद्धि वगेरे→**द्वैरात्रिकः**।

(૨) **द्व्यहीनः/द्वैयह्निकः**=બે દિવસમાં થયેલ વગેરે.
द्वाभ्यामहोभ्यां निर्वृत्त इत्यादि।

(૩) **द्विसंवत्सरीणः/द्विसांवत्सरिकः**=બે વર્ષમાં થયેલ વગેરે.
द्वाभ्यां संवत्सराभ्यां निर्वृत्त इत्यादि।

(૪) **द्विसमीनः/द्वैसमिकः**=બે વર્ષમાં થયેલ વગેરે.
द्वाभ्यां समाभ्यां निर्वृत्त इत्यादि।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, सर्वांश-सङ्ख्या०७.૩.૧૧૮ સૂત્રથી દ્વિગુ સમાસમાં સમાસાન્ત પ્રત્યય થવાની પ્રાપ્તિ છે. પરંતુ સમાસાન્ત પ્રત્યય થયા બાદ अहन्નો अह्न આદેશ થતાં આ સૂત્રથી થનારા ઈન પ્રત્યયનો નિષેધ થવાની અને સમાસગત **द्विगोः** પદ વ્યર્થ જવાની આપત્તિ આવે છે. તેથી અહીં ઈન પ્રત્યયથી તે સમાસાન્ત પ્રત્યયનો બાધ થાય છે. અને सर्वांश०७.૩.૧૧૮માં દર્શાવેલ સમાસાન્ત પ્રત્યયની સાથે સંનિયુક્ત એવો अह्न આદેશ રૂપ કાર્ય થશે નહીં.

वर्षादश्च वा ६.४.१११

અ.અ.સૂ. : वर्षात् द्विगोः तेन निर्वृत्ते००० अः च(ईनः) वा।

અર્થ : તૃતીયાન્ત, દ્વિતીયાન્ત અને ચતુર્થ્યન્ત કાલવાચી વર્ષ અન્તવાળા દ્વિગુ સમાસથી અનુક્રમે નિર્વૃત્ત, ભાવિ-ભૂત અને ભૃત-અધીષ્ટ અર્થમાં અ અને ઈન પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. द्विवर्षः/द्विवर्षीणः/द्विवार्षिकः=બે વર્ષમાં થયેલ વગેરે.
द्वाभ्यां वर्षाभ्यां निर्वृत्त इत्यादि।
આ સૂત્રથી અ/ઈન→द्विवर्ष+**अ/ईन**
અનો લોપ વગેરે→द्विवर्षः/द्विवर्षीणः।
વિકલ્પે : જ્યારે અ/ઈન ન થાય ત્યારે,

निर्वृत्ते ६.४.१०५ वगेरेथी इकण्→द्विवर्ष+**इक**
संख्याऽधिका०७.४.१८थी उत्तरपदना आदि
स्वरनी वृद्धि→द्वि**वार्**षिक, प्रथमा सि वगेरे→द्विवार्षिकः।

विशेषता :

यद्यपि सूत्रमां अः प्रत्ययनुं ग्रहण कर्युं होवाथी पूर्वसूत्रथी आवतो ईननो अधिकार अटकी जाय छे. परंतु सूत्रगत चकार द्वारा **चकारो यस्मात्पर०२/६१** न्यायानुसारे प्रत्ययतया अने सजातीय प्रत्यय एवा ईननुं पूर्वसूत्रथी ग्रहण करायछे. तेमज, **चानुकृष्टं०२/६२** न्यायानुसारे ते अधिकार उत्तरसूत्रमां जशे नहीं.

निर्वृत्त अर्थक प्रत्ययनुं कोष्टक

सूत्र	प्रकृति	विभक्ति	अर्थनुं विशेषण	प्रत्यय	उदाहरण
निर्वृत्ते०६.४.२०	अक्षद्यूत वगेरे	७	—	इकण्	आक्षद्यूतिकम्
भावादि०६.४.२१	भाववाची	७	—	इम	पाकिमम्
याचिता०६.४.२२	याचित, अपमित्य	७	—	कण्	याचितकम्
निर्वृत्ते ६.४.१०५	कालवाची	७	—	इकण्	आह्निकम्
षण्मासा०६.४.१०८	षण्मास	७	अवय	ण्य, इक	षाण्मास्यः
समाया०६.४.१०९	समा	७	—	ईन	समीनः
रात्र्यहः०६.४.११०	रात्रि, अहन्, संवत्सर, समा अन्तवाळा	७	—	ईन	द्विरात्रीणः
वर्षादश्च०६.४.१११	कालवाची वर्ष अन्तवाळा द्विगु	७	—	ईन/अ	द्विवर्षः

प्राणिनि भूते ६.४.११२

अ.अ.सू. : वर्षात् द्विगोः भूते प्राणिनि अः।

અર્થ : તૃતીયાન્ત, દ્વિતીયાન્ત અને ચતુર્થ્યન્ત કાલવાચી વર્ષ અન્તવાળા દ્વિગુ સમાસથી અનુક્રમે પ્રાણી સ્વરૂપ ભૂત અર્થમાં અ પ્રત્યય થાય છે.

ઉદા. **द्विवर्षो वत्सः**=બે વર્ષનું વાછરડું. द्वे वर्षे भूतः प्राप्त इति।
આ સૂત્રથી અ→द्विवर्ष+**अ**
અનો લોપ વગેરે→द्विवर्षः।

પ્ર.ઉદા. **प्राणिनीति किम् ?**
द्विवर्षः/द्विवर्षीणः/द्विवार्षिकः सरकः=બે વર્ષનું ઘાસવિશેષ.
द्वे वर्षे भूतः प्राप्त इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રાણી સ્વરૂપ ભૂતાર્થમાં થાય છે. જ્યારે અહીં તૃણ સ્વરૂપ ભૂતાર્થ છે. માટે આ સૂત્રથી અ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

પૂર્વસૂત્રથી વર્ષ વગેરે નામથી ત્રણે'ય કાળમાં અ પ્રત્યય વિકલ્પે સિદ્ધ હતો. તેને ભૂતકાળમાં નિત્ય કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ભવિષ્યકાળમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે.

मासाद् वयसि यः ६.४.११३

अ.अ.सू. : मासात् द्विगोः भूते यः, वयसि।

અર્થ : કાલવાચી માસ અન્તવાળા દ્વિગુ સમાસથી ભૂત અર્થમાં ય પ્રત્યય થાય છે. જો વય અર્થની ગમ્યમાનતા હોય તો.

ઉદા. **द्विमास्यः शिशुः**=બે મહિનાનો બાળક. द्वौ मासौ भूत इति।
આ સૂત્રથી य→द्विमास+**य**
અનો લોપ વગેરે→**द्विमास्यः**।

પ્ર.ઉદા. **वयसीति किम् ? द्वैमासिको व्याधिः**=બે મહિનાનો રોગ.
द्वौ मासौ भूत इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વય અર્થની ગમ્યમાનતામાં થાય છે. જ્યારે અહીં વય અર્થ જણાતો ન હોવાથી આ સૂત્રથી य ન થતાં इकण् પ્રત્યય થયો છે.

ईनञ् च ६.४.११४

અ.અ.સૂ. : मासात् भूते ईनञ् च(यः), वयसि।

અર્થ : કાલવાચી માસ નામથી ભૂત અર્થમાં ईनञ् અને य પ્રત્યય થાય છે. જો વયની ગમ્યમાનતા હોય તો.

ઉદા. **मासीनः/मास्यः शिशुः**=મહિનાનો બાળક. मासं भूत इति।
આ સૂત્રથી ईनञ्/य→मास+**ईन/य**
અનો લોપ વગેરે→**मासीनः/मास्यः**।

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો તેથી **द्विगोः**ના અધિકારની અહીં નિવૃત્તિ થાય છે.

(૨) યદ્યપિ સૂત્રમાં ईनञ्નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો यનો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्पर०२/६१** ન્યાયાનુસારે પ્રત્યયતયા ईनञ्ને સજાતીય પ્રત્યય એવા यનું પૂર્વસૂત્રથી અનુકર્ષણ થાય છે. તેમજ, **चानुकृष्टं०२/६२** ન્યાયાનુસારે તેનો અધિકાર ઉત્તરસૂત્રમાં જતો ન હોવાથી ત્યાં यનું પુનઃ ગ્રહણ કર્યું છે.

(૩) સૂત્રમાં દર્શાવેલ ઈનઞ્ પ્રત્યયમાં ञ् ઈત્ तद्धितः वृद्धि०૩.૨.૫૫ સૂત્રથી પુંવદ્ભાવનો અભાવ કરવા માટે છે. જેમકે, मासीना स्वसाऽस्येति मासीनास्वसृकः।

षण्मासाद् य-यणिकण् ६.४.११५

અ.અ.સૂ. : षण्मासात् भूते य-यणिकण्, वयसि।

અર્થ : કાલવાચી षण्मास નામથી ભૂત અર્થમાં य, यण्(य) અને इकण्(इक) પ્રત્યય થાય છે. જો વયની ગમ્યમાનતા હોય તો.

સ. : य-यणिकण्=यश्च यण् च इकण् चेति।

ઉદા. **षण्मास्यः/षाण्मास्यः/षाण्मासिकः शिशुः**=૬ મહિનાનો બાળક.
षण्मासान् भूत इति।
આ સૂત્રથી य/यण्/इकण्→षण्मास+**य/य/इक**
વૃદ્ધિ વગેરે→षण्मास्**यः/षाण**मास्यः/**षाण**्मासि**कः**।

सोऽस्य ब्रह्मचर्य-तद्वतोः ६.४.११६

અ.અ.સૂ. : स कालात् ब्रह्मचर्य-तद्वतोः अस्य इकण्।

અર્થ : કાલવાચી પ્રથમાન્ત નામથી બ્રહ્મચર્ય અને બ્રહ્મચારી રૂપ ષષ્ઠીનાં અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

સ. : ब्रह्मचर्य-तद्वतोः=ब्रह्मचर्यं च तद्वांश्चेति ब्रह्मचर्य-तद्वन्तौ, तयोरिति।

ઉદા. (૧) **मासिकं ब्रह्मचर्यम्**=એક મહિનાનું બ્રહ્મચર્ય.
मासोऽस्य ब्रह्मचर्यस्येति।

(૨) **मासिकस्तद्वान्**=એક મહિના સુધી બ્રહ્મચર્ય પાળનાર.
मासोऽस्य ब्रह्मचारिण इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

प्रयोजनम् ६.४.११७

अ.अ.सू. : सः अस्य इकण्, प्रयोजनम्।

अर्थ : પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે. જો પ્રથમાન્ત નામ પ્રયોજનવાચી હોય તો.

ઉદા. **जैनमहिकं देवागमनम्**=જિન મહોત્સવ પ્રયોજનવાળું દેવોનું આગમન. जिनमहः प्रयोजनमस्य तदिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

एकागाराच्चौरे ६.४.११८

अ.अ.सू. : सः प्रयोजनं एकागारात् अस्य चौरे इकण्।

अर्थ : પ્રથમાન્ત પ્રયોજનવાચી एकागार નામથી ચૌરરૂપ ષષ્ઠીના અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે.

ઉદા. **ऐकागारिकः**=શૂન્ય ઘરને ઈચ્છનાર ચોર.
एकमगारं प्रयोजनमस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

જિ. : અહીં પૂર્વસૂત્રથી જ इकण् પ્રત્યય સિદ્ધ જ હતો. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : આ સૂત્રના નિર્દેશ દ્વારા અહીં **सिद्धे सत्या०२/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, एकागार નામથી પ્રયોજન અર્થમાં इकण् પ્રત્યય ચૌરરૂપ જ ષષ્ઠીના અર્થમાં થશે. અન્ય અર્થમાં પૂર્વ સૂત્રથી પણ થશે નહીં. જેમકે, एकागारं प्रयोजनमस्य भिक्षोः અહીં માત્ર વાક્યપ્રયોગ જ થાય છે.

चूडादिभ्योऽण् ६.४.११९

अ.अ.सू. : सः प्रयोजनं चूडादिभ्यः अस्य अण्।

અર્થ : પ્રથમાન્ત પ્રયોજનવાચી ચૂડા વગેરે નામથી ષષ્ઠીના અર્થમાં અણ્(અ) પ્રત્યય થાય છે.

સ. : चूडादिभ्यः=चूडा आदिर्येषां ते इति चूडादयः, तेभ्य इति।

ઉદા. (૧) **चौडम्**=मुंडन. चूडा प्रयोजनमस्येति।
આ સૂત્રથી અણ્→चूडा+**अ**
વૃદ્ધિ વગેરે→**चौडम्**।

(૨) **श्राद्धम्**=श्राद्ध. श्राद्ध प्रयोजनमस्येति।

विशेषता :

સૂત્રમાં चूडादिभ्यः એ પ્રમાણે બ.વ. પ્રયોગના અનુસરણ માટે છે.

विशाखा-ऽषाढान्मन्थ-दण्डे ६.४.१२०

अ.अ.सू. : सः प्रयोजनं विशाखा-ऽषाढात् अस्य मन्थ-दण्डे अण्।

અર્થ : પ્રથમાન્ત પ્રયોજનવાચી વિશાખા અને અષાઢ નામથી અનુક્રમે મન્થ અને દંડ રૂપ ષષ્ઠીના અર્થમાં અણ્(અ) પ્રત્યય થાય છે.

સ. : (૧) **विशाखा-ऽषाढात्**=विशाखा च अषाढा चेति विशाखा-ऽषाढम्, तस्मादिति।

(૨) **मन्थ-दण्डे**=मन्थश्च दण्डश्चेति मन्थ-दण्डम्, तस्मिन्निति।

ઉદા. (૧) **वैशाखो मन्थः**=विशाखा નક્ષત્રના પ્રયોજનવાળું વલોણું. विशाखा प्रयोजनमस्येति।

(૨) **आषाढो दण्डः**=અષાઢા નક્ષત્રના પ્રયોજનવાળો દંડ. आषाढा प्रयोजनमस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

આ સૂત્રમાં વિશાખા-ऽषाढात् એ પ્રમાણે સ્થાની દર્શક પદ અને मन्थ दण्डे એ પ્રમાણે નિમિત્તદર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः०१/१०** ન્યાયાનુસારે તે બંનેની વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

उत्थापनादेरीयः ६.४.१२१

અ.અ.સૂ. : सः प्रयोजनं उत्थापनादेः अस्य ईयः।

અર્થ : પ્રથમાન્ત પ્રયોજનવાચી उत्थापना વગેરે નામથી ષષ્ઠીના અર્થમાં ईय પ્રત્યય થાય છે.

સ. : उत्थापनादेः=उत्थापन आदिर्यस्य स इति उत्थापनादिः, तस्मादिति।

ઉદા. (૧) **उत्थापनीयः**=ઉત્થાપન પ્રયોજનવાળું.
उत्थापनं प्रयोजनमस्येति।
આ સૂત્રથી ईय→उत्थापन+**ईय**
અનો લોપ વગેરે→उत्थाप**नीयः**।

(૨) **उपस्थापनीयः**=સ્મરણ કરવું પ્રયોજનવાળો.
उपस्थापनं प्रयोजनमस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

उत्थापनादि ગણ : उत्थापन, उपस्थापन, अनुप्रवचन, अनुवाचन, अनुवदन, अनुवादन, अनुपान, अनुवासन, आरम्भण, समारम्भण।

विशि-रुहि-पदि-पूरि-समापेरनात् सपूर्वपदात् ६.४.१२२

અ.અ.સૂ. : सः प्रयोजनं सपूर्वपदात् अनात् विशि-रुहि-पदि-पूरि-समापेः अस्य ईयः।

અર્થ : પ્રથમાન્ત પ્રયોજનવાચી પૂર્વપદ સહિત વિશ્, રુહ્, પદ્, પુર્ અને સમ્+આપ્ ધાતુથી થયેલ અનટ્ પ્રત્યયાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં ઈય પ્રત્યય થાય છે.

સ. : (૧) **विशि-रुहि-पदि-पूरि-समापेः**=विशिश्च रुहिश्च पदिश्च पूरिश्च समापिश्चेति विशि-रुहि-पदी-पूरि-समापि, तस्मादिति।

(૨) **सपूर्वपदात्**=सह पूर्वपदेन वर्त्तते इति सपूर्वपदम्, तस्मादिति।

ઉદા. (૧) **गृहप्रवेशनीयम्**=ગૃહપ્રવેશ પ્રયોજનવાળું.
गृहे प्रवेशनं प्रयोजनमस्येति।

(૨) **आरोहणीयम्**=ચઢવું પ્રયોજનવાળું. आरोहणं प्रयोजनमस्येति।

(૩) **गोप्रपदनीयम्**=ગાયોનો સ્વીકાર રૂપ પ્રયોજનવાળું.
गोप्रपदनं प्रयोजनमस्येति।

(૪) **प्रपापूरणीयम्**=પરબપૂરણ રૂપ પ્રયોજનવાળું.
प्रपाः पूरणं प्रयोजनमस्येति।

(૫) **अङ्गसमापनीयम्**=અંગ સમાપ્તિ રૂપ પ્રયોજનવાળું.
अङ्गस्य समापनं प्रयोजनमस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

स्वर्ग-स्वस्तिवाचनादिभ्यो य-लुपौ ६.४.१२३

અ.અ.સૂ. : सः प्रयोजनं स्वर्गस्वस्ति-वाचनादिभ्यः अस्य य-लुपौ।

અર્થ : પ્રથમાન્ત પ્રયોજનવાચી સ્વર્ગ, સ્વસ્તિ અને વાચના વગેરે નામથી ષષ્ઠીના અર્થમાં અનુક્રમે ય પ્રત્યય અને (અન્ય થયેલ પ્રત્યયનો) લોપ થાય છે.

સ. : (૧) **स्वर्ग-स्वस्तिवाचनादिभ्यः**=स्वर्गश्च स्वस्तिवाचनादिश्चेति स्वर्ग-स्वस्तिवाचनादय तेभ्य इति।

(૨) **य-लुपौ**=यश्च लुप् चेति।

ઉદા. (૧) **स्वर्ग्यम्**=સ્વર્ગ પ્રયોજનવાળું. स्वर्गः प्रयोजनमस्येति।
આ સૂત્રથી य→स्वर्ग+**य**
અનો લોપ વગેરે→**स्वर्ग्यम्**।

(૨) **आयुष्यम्**=આયુઃ પ્રયોજનવાળું. आयुः प्रयोजनमस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **स्वस्तिवाचनम्**=કલ્યાણ કથન પ્રયોજનવાળું.
स्वस्तिवाचनं प्रयोजनमस्येति।
प्रयोजनम् ૬.૪.૧૧૭થી इकण्→स्वस्तिवाचन+**इक**
આ સૂત્રથી इकण्નો લોપ→स्वस्तिवाचन
પ્રથમા सि વગેરે→**स्वस्तिवाचनम्**।

(૪) **शान्तिवाचनम्**=શાંતિવાચન પ્રયોજનવાળું.
शान्तिवाचनं प्रयोजनमस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં स्वर्गादयः એ પ્રમાણે બ.વ. પ્રયોગના અનુસરણ માટે છે.

(૨) સૂત્રમાં स्वस्तिवाचनादिभ्यः એ પ્રમાણેના દ્વન્દ્વ સમાસમાં **द्वन्द्वात् परः०૩/૧૫** ન્યાયાનુસારે આદિ શબ્દનો અન્વય સ્વર્ગ અને સ્વસ્તિવાચના એ પ્રમાણે બંને સાથે કરવો.

(૩) અહીં સૂત્રમાં स्वस्तिवाचनादिभ्यः અને य-लुपौ એ પ્રમાણે વચનભેદ છે. તેથી સામાન્યતયા **यथासङ्ख्य०૧/૧૦** ન્યાય દ્વારા

અનુક્રમભાવની પ્રાપ્તિ નથી. પરંતુ ય-લુપ્ સ્વરૂપ બે કાર્યની સામે સ્વર્ગાદિ અને સ્વસ્તિવાચનાદિ એ પ્રમાણે બે ગણનું ગ્રહણ કર્યું હોવાથી અહીં અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

समयात् प्राप्तः ६.४.१२४

અ.અ.સૂ. : सः प्राप्तः समयात् अस्य इकण्।

અર્થ : પ્રથમાન્ત પ્રાપ્તવાચી સમય નામથી ષષ્ઠીનાં અર્થમાં इकण् (इक) પ્રત્યય થાય છે. જો તે સમય પ્રાપ્ત થયો છે એ પ્રમાણે અર્થ હોય તો.

ઉદા. **सामयिकं कार्यम्**=સમય પ્રાપ્ત થયો છે જેને તે કાર્ય.
समयः प्राप्तोऽस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

ऋत्वादिभ्योऽण् ६.४.१२५

અ.અ.સૂ. : प्राप्तः ऋत्वादिभ्यः अस्य अण्।

અર્થ : પ્રથમાન્ત પ્રાપ્તવાચી ઋતુ વગેરે નામથી ષષ્ઠીના અર્થમાં अण्(अ) પ્રત્યય થાય છે.

સ. : ऋत्वादिभ्यः=ऋतु आदिर्येषां ते इति ऋत्वादयः, तेभ्य इति।

ઉદા. (૧) **आर्त्तवं फलम्**=ઋતુ પ્રાપ્ત થઈ છે જેને તે ફળ.
ऋतुः प्राप्तोऽस्येति।
આ સૂત્રથી अण्→ऋतु+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**आर्त्तवम्**।

(૨) **औपवस्त्रम्**=ઉપવાસ કરનાર પ્રાપ્ત થયો છે જેને તે.
उपवस्त्रः प्राप्तोऽस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રમાં ऋत्वादयः એ પ્રમાણે બ.વ. પ્રયોગના અનુસરણ માટે છે.

कालाद् यः ६.४.१२६

અ.અ.સૂ. : सः प्राप्तः कालात् अस्य यः।

અર્થ : પ્રથમાન્ત પ્રાપ્તવાચી કાલ નામથી ષષ્ઠીના અર્થમાં ય પ્રત્યય થાય છે.

ઉદા. **काल्या मेघाः**=કાળ પ્રાપ્ત થયો છે જેને તે મેઘ.

कालः प्राप्तोऽस्येति।

આ સૂત્રથી ય→काल+**य**

અનો લોપ વગેરે→**काल्या**।

दीर्घः ६.४.१२७

અ.અ.સૂ. : सः कालात् अस्य इकण्, दीर्घः।

અર્થ : પ્રથમાન્ત કાલ નામથી ષષ્ઠીના અર્થમાં इकण्(इक) પ્રત્યય થાય છે. જો તે પ્રથમાન્ત નામ દીર્ઘવાચી હોય તો.

ઉદા. **कालिकमृणम्**=દીર્ઘકાળ છે જેનો એવું તે ઋણ.

दीर्घः कालोऽस्येति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો તેથી પૂર્વસૂત્રથી આવતો યનો અધિકાર અટકી જાય છે. અને સૂત્રમાં અન્ય કોઈ પ્રત્યયનું વિધાન ન હોવાથી અધિકારસૂત્રથી इकण् પ્રત્યયનું વિધાન થાય છે.

आकालिकमिकश्चाद्यन्ते ६.४.१२८

अ.अ.सू. : आकालिकम् इकः च, आद्यन्ते।

અર્થ : આકાલ નામથી ભય અર્થમાં ઇકણ્(ઇક) અને ઇક પ્રત્યય નિપાતન પામે છે. જો આદિ અને અન્તકાળ એક (સમાક્ષ) હોય તો.

ઉદા. (૧) **आकालिकः अनध्यायः**=સવારે શરૂ થયેલી બીજા દિવસની સવારે પૂરી થતી ભણવાની રજા.
આ સૂત્રથી ઇકણ્/ઇક→आकाल+**इक**
અનો લોપ વગેરે થતાં→आकालिकः।

(૨) **आकालिका/आकालिकी-विद्युत्**=વીજળી.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અહીં ङी અને आप् પ્રત્યય કરવો.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં ઇક અને ઇકણ્ બંને પ્રત્યયનું વિધાન કર્યું છે. આમ, તો પુંલિંગ રૂપમાં બંને પ્રત્યય પર છતાં સમાન રૂપ જ થાય છે. પરંતુ સ્ત્રીલિંગમાં ઇક પ્રત્યયાન્ત પ્રયોગથી आत् ૨.૪.૧૮ દ્વારા आप् અને ઇકણ્ પ્રત્યયાન્ત પ્રયોગથી अणञेयेकण्०૨.૪.૨૦ દ્વારા ङी પ્રત્યયાન્ત પ્રયોગ થાય છે.

(૨) અહીં દર્શાવેલ आद्यन्त પદનો અર્થ બે પ્રકારે છે. તે નીચે પ્રમાણે છે.

(૧) પૂર્વ દિવસે જે સમયે જેની શરૂઆત થઈ હોય બીજે દિવસે તે જ સમયે તેનો નાશ થયો હોય તો તે કાળને આદ્યન્ત કાળ કહેવાય છે.

(૨) જે ક્ષણે વસ્તુ ઉત્પન્ન થઈ હોય તે જ સમયે તેનો નાશ થાય તો તે ક્ષણને પણ આદ્યન્ત કાળ કહેવાય છે.

ભૂત અર્થક પ્રત્યયનું કોષ્ટક

સૂત્ર	પ્રકૃતિ	વિભક્તિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
तं भावि०६.४.१०६	કાલવાચી	२	–	इकण्	मासिकः
षण्मासाद०६.४.१०८	કાલવાચી षण्मास	२	અવયરૂપ	ण्य, इक	षाण्मास्यः
समाया०६.४.१०९	समा	२	–	ईन	समीनः
रात्र्यहः०६.४.११०	रात्रि વગેરે અન્તવાળા દ્વિગુ	२	–	ईन	द्विरात्रीणः
वर्षाद०६.४.१११	કાલવાચી वर्षा અન્તવાળા દ્વિગુ	२	–	ईन, अ	द्विवर्षः
प्राणिनि भूते ६.४.११२	”	२	પ્રાણીરૂપ	अ	द्विवर्षः
मासाद्०६.४.११३	मास અન્તવાળા દ્વિગુ	२	વયરૂપ	य	द्विमास्यः
ईनञ् च ६.४.११४	”	२	”	ईनञ्, य	मासीनः
षण्मासाद्०६.४.११५	કાલવાચી षण्मास	२	”	य, यण्, इकण्	षण्मास्यः

त्रिंशद्-विंशतेर्डकोऽसंज्ञायामाऽर्हदर्थे ६.४.१२९

અ.અ.સૂ. : त्रिंशद्-विंशतेः आर्हदर्थे डकः असंज्ञायाम्।

અર્થ : त्रिंशत् અને विंशति નામથી અર્હદ્ અર્થથી માંડીને જે અર્થ કહેવાશે તેમાં ડક(અક) પ્રત્યય થાય છે. જો સંજ્ઞાનો વિષય ન હોય તો.

સ. : (૧) **त्रिंशद्-विंशतेः**=त्रिंशच्च विंशतिश्चेति त्रिंशत्-विंशति, तस्मादिति।

(૨) **असंज्ञायाम्**=न संज्ञा इति असंज्ञा, तस्यामिति।

(૩) **अर्हदर्थे**=अर्हश्चासौ अर्थश्चेति अर्हदर्थः, तस्मिन्निति।

ઉદા. (૧) **त्रिंशकम्**=ત્રીશથી ખરીદેલું. त्रिंशता क्रीतमिति।
આ સૂત્રથી ડક→त्रिंशत्+**अक**
डित्यन्त्य०૨.૧.૧૧૪થી अत्નો લોપ→त्रिंशक
પ્રથમા સિ વગેરે→त्रिंशकम्।

(૨) **विंशकम्**=વીશથી ખરીદેલું. विंशत्या क्रीतमिति।

(૩) **त्रिंशकः**=ત્રીશને યોગ્ય. त्रिंशतमर्हतीति।

(૪) **विंशकः**=વીશને યોગ્ય. विंशतिमर्हतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **असंज्ञायामिति किम् ?**

(૧) **त्रिंशत्कम्**=व्यक्तिविशेष. त्रिंशता क्रीतमिति।
संख्या-डतेश्चा०૬.૪.૧૩૦થી क→त्रिंशत्+**क**
પ્રથમા સિ વગેરે→त्रिंशत्कम्।

(૨) **विंशतिकम्**=व्यक्तिविशेष. विंशत्या क्रीतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં સંજ્ઞાના વિષયનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ડક પ્રત્યય થયો નહીં.

અર્હદ્ સુધીના અર્થનું કોષ્ટક

सूत्र	અર્થ	ઉદાહરણ
६.४.१५०	क्रीत	प्रास्थिकम्
६.४.१५१	वाप	,,
६.४.१५२	शमन-कोपन	वातिकम्
६.४.१५३ थी १५५	संयोग-उत्पात રૂપ હેતુ	शत्यः
६.४.१५६	ઈશ	पार्थिवः
६.४.१५६ थी १५७	ज्ञात	लौकिकः
६.४.१५८ थी १६०	सप्तमी, चतुर्थी	पञ्चकम्
६.४.१६१ थी १६५	पचत्	द्रौणी
६.४.१६२ थी १६५	संभवत्, अवहरत्	प्रास्थिकी
६.४.१६६ थी १६७	हरत्, वहत्	वांशभारिकी
६.४.१६८ थी १७६	आवहत्	पञ्चकः
६.४.१७७ थी १८४	अर्हत्	वैषिकः

सङ्ख्या-डतेश्चाऽशत्-ति-ष्टेः कः ६.४.१३०

अ.अ.सू. : अशत्-ति-ष्टेः सङ्ख्या-डतेः च(त्रिंशत्-विंशतेः) अर्हदर्थे कः।

અર્થ : शत्, ति અને ष्टि અન્તવાળા સંખ્યાવાચી નામ સિવાયના डति અન્તવાળા त्रिंशत् અને विंशति નામથી અર્હદર્થ સુધીના અર્થમાં क પ્રત્યય થાય છે.

સ. : (૧) **सङ्ख्या-डतेः**=सङ्ख्या च डतिश्चेति सङ्ख्याडति, तस्मादिति।

(૨) **अशत्-तिष्टेः**=शच्च तिश्च ष्टिश्चेति शत्-ति-ष्टि, न शत्-ति-ष्टि इति अशत्-ति-ष्टि, तस्मादिति।

ઉદા. (૧) **द्विकम्**=બે વડે ખરીદેલું. द्वाभ्यां क्रीतमिति।
આ સૂત્રથી क→द्वि+**क**
પ્રથમા સિ વગેરે→द्विकम्।

(૨) **कतिकम्**=કેટલા વડે ખરીદેલું. कतिभिः क्रीतमिति।

(૩) **त्रिंशत्कम्**=ત્રીશ વડે ખરીદેલું. त्रिंशता क्रीतमिति।

(૪) **विंशतिकम्**=વીશ વડે ખરીદેલું. विंशत्या क्रीतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. अशत्तिष्टेरिति किम् ?

(૧) **चत्वारिंशत्कम्**=ચાલીશ વડે ખરીદેલું.
चत्वारिंशता क्रीतमिति।
मूल्यैः क्रीते ६.४.१५०થી इकण्→चत्वारिंशत्+**इक**
ऋवर्णोवर्ण०७.४.७१થી इનો लोप→चत्वारिंशत्क
वृद्धि વગેરે→**चा**त्वारिंशत्कम्।

(૨) **साप्ततिकम्**=સીત્તેર વડે ખરીદેલું. सप्तत्या क्रीतमिति।

(૩) **षाष्टिकम्**=સાઈઠ વડે ખરીદેલું. षष्ट्या क्रीतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં शत् વગેરે અન્તવાળાનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી क પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

યદ્યપિ સૂત્રમાં સંખ્યાવાચી નામનું ગ્રહણ કર્યું હોવાથી વિંશતિ, ત્રિંશત્ વગેરેનું ગ્રહણ થઈ જ જવાનું હતું. પરંતુ સૂત્રગત अशत्-तिष्टेः

પદ દ્વારા તિ અન્તવાળા અને શત્ અન્તવાળા નામનું વર્જન હોવાથી વિંશતિ અને ત્રિંશત્માં આ સૂત્રની પ્રવૃત્તિ થવાની ન હતી. તે કરવા માટે આ સૂત્રમાં ચકાર દ્વારા વિંશતિ અને ત્રિંશત્નો અધિકાર લીધેલો છે.

જિ. : આ સૂત્રમાં સંખ્યાવાચીનું ગ્રહણ કરેલું હોવાથી **कृत्रिमा-ऽकृत्रिमयोः कृत्रिमे** ૧/૨૩ ન્યાયાનુસારે ડત્યતુ૦૧.૧.૩૯ સૂત્રથી સંખ્યા સંજ્ઞાને પામતી કૃત્રિમ સંખ્યાનું જ ગ્રહણ થવું જોઈએ. તો પણ ઉદા.માં દ્વિથી સૂત્રપ્રવૃત્તિ કેમ દર્શાવી ?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ સૂત્રમાં શત્, તિ અન્તવાળી પ્રકૃતિનું વર્જન દર્શાવ્યું છે. તે પર્યુદાસનઞ્ના સામર્થ્યથી જ કૃત્રિમ અને અકૃત્રિમ બંને સંખ્યામાં સૂત્રપ્રવૃત્તિ થશે. તેથી ઉદા.ગત દ્વિકમ્ પ્રયોગ પણ સંગત જ છે.

शतात् केवलादतस्मिन् येकौ ६.४.१३१

અ.અ.સૂ. : केवलात् शतात् आर्हदर्थे येकौ, अतस्मिन्।

અર્થ : કેવલ શત નામથી અર્હદ્ અર્થથી માંડીને કહેવાશે અર્થમાં ય અને ઇક પ્રત્યય થાય છે. જો પ્રત્યયાર્થ પ્રકૃતિ અર્થથી ભિન્ન હોય તો.

સ. : (૧) **अतस्मिन्**=न स इति असः, तस्मिन् इति अतस्मिन्।
(૨) **येकौ**=यश्च इकश्चेति।

ઉદા. शत्यम्/शतिकम्=સો વડે ખરીદેલું. शतेन क्रीतमिति।
આ સૂત્રથી ય/ઇક→शत+**य/इक**
અનો લોપ વગેરે→**शत्य**म्/**शति**कम्।

પ્ર.ઉદા. (૧) केवलादिति किम् ? द्विशतकम्=બસો વડે ખરીદેલું. द्विशतेन क्रीतमिति।
सङ्ख्या-डते०६.४.१३०થી क→द्विशत+**क**
પ્રથમા સિ વગેરે→द्विशतक**म्**।

(૨) **अतस्मिन्निति किम् ? शतकं स्तोत्रम्**=સો શ્લોક પ્રમાણ સ્તોત્ર. शतं मानमस्येति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રકૃતિ અર્થથી પ્રત્યયાર્થ ભિન્ન હોય તો થાય છે. જ્યારે અહીં પ્રકૃતિ અર્થને સમાન જ પ્રત્યયાર્થ છે માટે આ સૂત્રથી ય અને इक પ્રત્યય થયો નહીં.

वाऽतोरिकः ६.४.१३२

અ.અ.સૂ. : अतुः सङ्ख्यायाः आर्हदर्थे इकः वा।

અર્થ : अतु અન્તવાળાં સંખ્યાવાચી નામથી અર્હદર્થ સુધીના અર્થમાં इक પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. यावतिकम्/यावत्कम्=જેટલા માટે યોગ્ય. यावद्भिः क्रीतमिति।

આ સૂત્રથી इक→यावत्+इक

પ્રથમા સિ વગેરે→**यावतिकम्**।

વિકલ્પે : જ્યારે इक ન થાય ત્યારે,

सङ्ख्या०६.४.१३०થી क→यावत्+**क**

પ્રથમા સિ વગેરે→यावत्**कम्**।

વિશેષતા :

આ સૂત્રમાં अतु અન્તવાળા નામથી इकનું વિધાન કરેલ છે. જો કે, ऋवर्णोवर्ण०७.४.७१ સૂત્રથી ઉની પછી રહેલા પ્રત્યયના इનો લોપ થાય છે. પણ જો તેમ કરવામાં આવે તો પ્રત્યયના इનો નિર્દેશ નિરર્થક જાય. આમ इक વિધાનના સામર્થ્યથી જ અહીં પ્રત્યયના इનો લોપ થતો નથી.

कार्षापणादिकट् प्रतिश्चास्य वा ६.४.१३३

अ.अ.सू. : कार्षापणात् आर्हदर्थे इकट्, अस्य च प्रतिः वा।

અર્થ : કાર્ષાપણ નામથી અર્હદર્થ સુધીના અર્થમાં इकट्(इक) પ્રત્યય થાય છે. અને કાર્ષાપણનો પ્રતિ આદેશ વિકલ્પે થાય છે.

ઉદા. **कार्षापणिकी/प्रतिकी**=કાર્ષાપણને યોગ્ય. कार्षापणेन क्रीता इति।
આ સૂત્રથી इकट्→कार्षापण+**इक**
અને વિકલ્પે પ્રતિ આદેશ→**प्रति**+इक
અ અને इનો લોપ વગેરે→कार्षाप**णिकी/प्रतिकी**।

વિશેષતા :

(૧) સૂત્રમાં દર્શાવેલ इकट् પ્રત્યયમાં ट् ઈત્ સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય કરવા માટે છે.

(૨) સૂત્રગત ચકાર દ્વારા પ્રત્યય કાર્યની સાથે પ્રતિ આદેશના કાર્યનું સન્નિયોગશિષ્ટતા દર્શાવાય છે. તેથી જ્યારે દ્વિગુ સમાસથી પ્રત્યયનો લોપ થયે છતે પ્રત્યયના અભાવમાં પ્રતિ આદેશ થતો નથી. જેમકે, द्विकार्षापणम्।

अर्धात् पल-कंस-कर्षात् ६.४.१३४

अ.अ.सू. : अर्धात् पल-कंस-कर्षात् आर्हदर्थे इकट्।

અર્થ : અર્ધ પૂર્વપદવાળા પલ, કંસ અને કર્ષ નામથી અર્હદર્થ સુધીના અર્થમાં इकट्(इक) પ્રત્યય થાય છે.

स. : पल-कंस-कर्षात्=पलश्च कंसश्च कर्षश्चेति पल-कंस-कर्षम्, तस्मादिति।

ઉદા. (૧) **अर्धपलिकम्**=અર્ધપલ (બે તોલા)ને યોગ્ય.
अर्धपलेन क्रीतमिति।

(૨) **अर्धकंसिकम्**=અર્ધ કંસને યોગ્ય. અર્ધકંસેન ક્રીતમિતિ।

(૩) **अर्धकर्षिकी**=અર્ધ કર્ષ (૪૭ રતિ)ને યોગ્ય.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

कंसा-ऽर्धात् ૬.૪.૧૩૫

અ.અ.સૂ. : कंसा-ऽर्धात् आर्हदर्थे इकट्।

અર્થ : કંસ અને અર્ધ નામથી અર્હદર્થ સુધીના અર્થમાં इकट्(इक) પ્રત્યય થાય છે.

સ. : कंसा-ऽर्धात्=कंसश्च अर्धश्चेति कंसा-ऽर्धम्, तस्मादिति।

ઉદા. (૧) **कंसिकी**=કંસપાત્રને યોગ્ય. कंसेन क्रीता इति।

(૨) **अर्धिकी**=અર્ધભાગને યોગ્ય. अर्धेन क्रीता इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

सहस्त्र-शतमानादण् ૬.૪.૧૩૬

અ.અ.સૂ. : सहस्त्र-शतमानात् अर्हदर्थे अण्।

અર્થ : સહસ્ત્ર અને શતમાન નામથી અર્હદર્થ સુધીના અર્થમાં अण्(अ) પ્રત્યય થાય છે.

સ. : सहस्त्र-शतमानात्=सहस्त्रश्च शतमानश्चेति सहस्त्र-शतमानम्, तस्मादिति।

ઉદા. (૧) **साहस्त्रः**=હજારથી ખરીદેલ. सहस्त्रेन क्रीत इति।
આ સૂત્રથી अण्→सहस्त्र+**अ**
વૃદ્ધિ વગેરે→**साहस्त्रः**।

(૨) **शातमानः**=સોના માપથી ખરીદેલ. शतमानेन क्रीत इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં દર્શાવેલ સહસ્ર નામ સંખ્યાવાચી હોવાથી સંખ્યાડતેશ્ચા૦ ૬.૪.૧૩૦થી કની અને શતમાન નામ મૂલ્યવાચી થતાં મૂલ્યૈ:૦ ૬.૪.૧૫૦થી ઇકણ્ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી અણ્ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્ર ક અને ઇકણ્ના અપવાદરૂપ જાણવું.

शूर्पाद् वाऽञ् ६.४.१३७

અ.અ.સૂ. : शूर्पात् आर्हदर्थे अञ् वा।

અર્થ : શૂર્પ નામથી અર્હદર્થ સુધીના અર્થમાં અઞ્(અ) પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. शौर्पम्/शौर्पिकम्=સૂપડાને યોગ્ય. शूर्पेण क्रीतमिति।

આ સૂત્રથી અઞ્→शूर्प+**अ**

વૃદ્ધિ વગેરે→**शौर्पम्**।

વિકલ્પે : જ્યારે અઞ્ ન થાય ત્યારે,

મૂલ્યૈ:૦૬.૪.૧૫૦થી ઇકણ્→शूर्प+**इक**

વૃદ્ધિ વગેરે→**शौर्पिकम्**।

વિશેષતા :

અહીં શૂર્પ નામથી મૂલ્યૈ: ક્રીતે ૬.૪.૧૫૦થી ઇકણ્ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી વિકલ્પે અઞ્ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો અઞ્ પ્રત્યય નિત્ય ઇકણ્ના અપવાદ રૂપ જાણવો.

वसनात् ६.४.१३८

અ.અ.સૂ. : वसनात् आर्हदर्थे अञ्।

અર્થ : વસન નામથી અર્હદર્થ સુધીના અર્થમાં અઞ્(અ) પ્રત્યય થાય છે.

ઉદા. वासनम्=વસ્ત્ર વડે ખરીદેલું. वसनेन क्रीतमिति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

પૂર્વે सहस्रशतमाना०६.४.१३६ સૂત્રમાં અર્હદર્થમાં જ અણ્ પ્રત્યયનો નિર્દેશ કર્યો છે. ત્યાં જ વસન શબ્દનો નિર્દેશ કરીને અણ્ પ્રત્યય કરતાં वासनम् પ્રયોગ સિદ્ધ થઈ શકતો હતો. પરંતુ આગામી नवाणः ६.४.१४२ સૂત્રમાં અણ્ પ્રત્યયને પિત્લુપ્નું વિધાન છે તે વસન શબ્દના વિષયમાં ઈષ્ટ નથી. માટે પૃથક્ સૂત્ર નિર્દેશ કરી ભિન્ન પ્રત્યય દર્શાવ્યો છે.

विंशतिकात् ६.४.१३९

અ.અ.સૂ. : विंशतिकात् आर्हदर्थे अञ्।

અર્થ : વિંશતિક નામથી અર્હદર્થ સુધીના અર્થમાં અઞ્(અ) પ્રત્યય થાય છે.

ઉદા. वैंशतिकम्=વીશ રૂપિયાથી ખરીદેલું. विंशतिकेन क्रीतमिति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો તેથી ઉત્તરસૂત્રમાં માત્ર વિંશતિકાત્નો અધિકાર જાય છે. અન્યથા વસનાત્નો અધિકાર પણ આવવાની આપત્તિ આવે.

द्विगोरीनः ६.४.१४०

અ.અ.સૂ. : विंशतिकात् द्विगोः आर्हदर्थे ईनः।

અર્થ : વિંશતિક અન્તવાળા દ્વિગુ સમાસથી અર્હદર્થ સુધીના અર્થમાં ઈન પ્રત્યય થાય છે.

ઉદા. द्विविंशतिकीनम्=ચાલીશ રૂપિયાથી ખરીદેલું.

द्वाभ्यां विंशतिभ्यां क्रीतमिति।

આ સૂત્રથી ઈન→द्विविंशतिक+**ईन**
અનો લોપ વગેરે થતાં→द्विविंशतिकी**नम्**।

વિશેષતા :

(૧) विंशतिक નામથી પૂર્વસૂત્રથી अञ्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી ઈન કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો ઈન પ્રત્યય अञ्ના અપવાદરૂપ જાણવો.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં द्विगोः એ પ્રમાણે द्विगु સમાસનું ગ્રહણ કર્યું હોવાથી વિધાન-સામર્થ્ય દ્વારા આગામી સૂત્રથી પ્રત્યયનો લોપ થશે નહીં.

अनाम्न्यद्विः प्लुप् ૬.૪.૧૪૧

અ.અ.સૂ. : द्विगोः आर्हदर्थे प्लुप्, अद्विः, अनाम्नि।

અર્થ : द्विगु સમાસથી अर्हद् અર્થ સુધીના અર્થમાં થયેલ પ્રત્યયનો पित् લોપ થાય છે. અને બીજીવાર થયેલા પ્રત્યયનો લોપ થતો નથી. જો સંજ્ઞાનો વિષય ન હોય તો.

સ. : (૧) **अनाम्नि**=न नाम इति अनाम, तस्मिन्निति।
(૨) **अद्विः**=न द्विरिति
(૩) **प्लुप्**=पकारेण उपलक्षितो लुप् इति।

ઉદા. द्विकंसम्=બે કાંસાના પાત્રથી ખરીદેલું. द्वाभ्यां कंसाभ्यां क्रीतमिति।
मूल्यैः क्रीते ૬.૪.૧૫૦થી इकण्,
આ સૂત્રથી पित् लोप→द्विकंस
कंसाऽर्द्धात् ૬.૪.૧૩૫થી પ્રાપ્ત इकट्→द्विकंस+**इक**

પ્ર.ઉદા. (૧) अनाम्नीति किम् ? पाञ्चलोहितिकम्=તે નામનું પરિમાણ વિશેષ.
पञ्च लोहित्यः परिमाणमस्येति।

मानम् ६.४.१६९थी इकण्→पञ्चलोहित+**इक**
वृद्धि वगेरे थतां→पाञ्चलोहि**तिकम्**।

★ આ સૂત્રમાં સંજ્ઞાર્થક પ્રયોગનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ઇકણ્નો લોપ થતો નહીં.

(२) **अद्विरिति किम् ? द्विशौर्पिकम्**=બે સૂપડા વડે ખરીદેલા વડે ખરીદેલું.
द्वाभ्यां शूर्पाभ्यां क्रीतमिति द्विशूर्पम्, द्विशूर्पेण क्रीतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં બીજીવાર થયેલા પ્રત્યયનું વર્જન હોવાથી અહીં બીજીવાર થયેલ ઇકણ્નો લોપ થયો નહીં.

अन्य मत :

કેટલાંક વ્યાકરણકારો સંખ્યા અન્તવાળા દ્વિગુ સમાસથી લોપ ઈચ્છતાં નથી. જેમકે, द्वाभ्यां षष्टिभ्यां क्रीतमिति द्विषाष्टिकम्।

नवाऽणः ६.४.१४२

अ.अ.सू. : द्विगोः आर्हदर्थे अणः प्लुप् नवा, अद्विः।

अर्थ : દ્વિગુ સમાસથી અર્હદર્થ સુધીના અર્થમાં થયેલ अण्(अ) પ્રત્યયનો पित् लुप् વિકલ્પે થાય છે. પરંતુ બીજીવાર થયેલ પ્રત્યયનો નહીં.

ઉદા. द्विसहस्रम्/द्विसाहस्रम्=બે હજારથી ખરીદેલું.
द्वाभ्यां सहस्राभ्यां क्रीतमिति।
सहस्रशत०६.४.१३६थी अण्→द्विसहस्र+**अ**
આ સૂત્રથી अण्નો લોપ→द्विसहस्र
વિકલ્પે : જ્યારે अण्નો લોપ ન થાય ત્યારે, द्विसहस्र+अ
मान-संवत्सर०७.४.१९थी ઉત્તરપદ વૃદ્ધિ→द्वि**सा**हस्र
પ્રથમા सि વગેરે→द्विसहस्र**म्**/द्विसाहस्र**म्**।

सुवर्ण-कार्षापणात् ६.४.१४३

અ.અ.સૂ. : सुवर्ण-कार्षापणात् द्विगोः आर्हदर्थे प्लुप् नवा, अद्विः।

અર્થ : સુવર્ણ અને કાર્ષાપણ અન્તવાળા દ્વિગુ સમાસથી અર્હદર્થ સુધીના અર્થમાં થયેલ પ્રત્યયનો પિત્ લોપ વિકલ્પે થાય છે.

સ. : सुवर्ण-कार्षापणात्=सुवर्णश्च कार्षापणश्चेति सुवर्ण-कार्षापणम्, तस्मादिति।

ઉદા. (૧) **द्विसुवर्णम्/द्विसौवर्णिकम्**=બે સુવર્ણ વડે ખરીદેલું.
द्वाभ्यां सुवर्णाभ्यां क्रीतमिति।

(૨) **द्विकार्षापणम्/द्विकार्षापणिकम्**=બે કાર્ષાપણ વડે ખરીદેલું.
द्वाभ्यां कार्षापणाभ्यां क्रीतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉદા. (૨)માં कार्षापणा०६.४.१३૩ સૂત્રથી इकट् કરવો.

द्वि-त्रि-बहोर्निष्क-बिस्तात् ६.४.१४४

અ.અ.સૂ. : द्वि-त्रि-बहोः निष्क-बिस्तात् द्विगोः आर्हदर्थे प्लुप् नवा, अद्विः।

અર્થ : દ્વિ, ત્રિ અને બહુથી પર રહેલ નિષ્ક અને બિસ્ત અન્તવાળા દ્વિગુ સમાસમાં આર્હદર્થ સુધીના અર્થમાં થયેલ પ્રત્યયનો પિત્ લોપ વિકલ્પે થાય છે. પરંતુ બીજીવાર થયેલનો નહીં.

સ. : (૧) **द्वि-त्रि-बहोः**=द्विश्च त्रिश्च बहुश्चेति द्वित्रिबहु, तस्मादिति।
(૨) **निष्क-बिस्तात्**=निष्कश्च बिस्तश्चेति निष्क-बिस्तम्, तस्मादिति।

ઉદા. (૧) **द्विनिष्कम्/द्विनैष्किकम्**=બે સોનામહોર વડે ખરીદેલું.
द्वाभ्यां निष्काभ्यां क्रीतमिति।

(૨) **त्रिनिष्कम्/त्रिनैष्किकम्**=ત્રણ સોનામહોર વડે ખરીદેલું.
त्रिभिः निष्कैः क्रीतमिति।

(૩) **बहुनिष्कम्/बहुनैष्किकम्**=ઘણી સોનામહોર વડે ખરીદેલું.
बहुभिः निष्कैः क्रीतमिति।

(૪) **द्विबिस्तम्/द्विबैस्तिकम्**=બે બિસ્ત વડે ખરીદેલું.
द्वाभ्यां बिस्ताभ्यां क्रीतमिति।

(૫) **त्रिबिस्तम्/त्रिबैस्तिकम्**=ત્રણ બિસ્ત વડે ખરીદેલું.
त्रिभिः बिस्तैः क्रीतमिति।

(૬) **बहुबिस्तम्/बहुबैस्तिकम्**=ઘણા બિસ્ત વડે ખરીદેલું.
बहुभिः बिस्तैः क्रीतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

शताद् यः ६.४.१४५

અ.અ.સૂ. : द्विगोः शतात् आर्हदर्थे यः नवा।

અર્થ : शत અન્તવાળા દ્વિગુ સમાસથી અર્હદર્થ સુધીના અર્થમાં य પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. द्विशत्यम्/द्विशतम्=બસોથી ખરીદેલું. द्वाभ्यां शताभ्यां क्रीतमिति।
આ સૂત્રથી य→द्विशत+**य**
अनो લોપ વગેરે→द्विशत्यम्।
વિકલ્પે : જ્યારે य ન થાય ત્યારે,
सङ्ख्या डते०६.४.१३०થી क→द्विशत+**क**
अनाम्न्यद्विः०६.४.१४१થી **कनो लोप.**
પ્રથમા सि વગેરે→द्विशतम्।

વિશેષતા :

અહીં પણ દ્વિગોરીનઃ ૬.૪.૧૪૦ સૂત્રની જેમ વિધાન સામર્થ્યથી પ્રત્યયનો લોપ થશે નહીં.

शाणात् ૬.૪.૧૪૬

અ.અ.સૂ. : द्विगोः शाणात् आर्हदर्थे यः नवा।

અર્થ : શાણ અન્તવાળા દ્વિગુ સમાસથી અર્હદર્થ સુધીના અર્થમાં ય પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **पञ्चशाण्यम्/पञ्चशाणम्**=પાંચ શાણથી ખરીદેલું.
पञ्चभिः शाणैः क्रीतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો તેથી ઉત્તરસૂત્રમાં માત્ર शाणात्નો અધિકાર જાય છે. અન્યથા **सन्नियोगशिष्टाना०१/३०** ન્યાયાનુસારે દ્વિ-ત્રિ૦નો અધિકાર પણ આવવાની આપત્તિ આવે.

द्वि-त्र्यादेर्या-ऽण् वा ૬.૪.૧૪૭

અ.અ.સૂ. : द्वि-त्र्यादेः शाणात् द्विगोः आर्हदर्थे या-ऽण् वा।

અર્થ : દ્વિ, ત્રિ વગેરે પૂર્વપદવાળા, શાણ અન્તવાળા દ્વિગુ સમાસથી અર્હદર્થ સુધીના અર્થમાં ય અને अण्(अ) પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : (૧) **द्वि-त्र्यादेः**=द्विश्च त्रिश्च द्वित्री, द्वित्री आदी यस्य स इति द्वित्र्यादिः, तस्मादिति।
(૨) **या-ऽण्**=यश्च अण् चेति।

ઉદા. (૧) **द्विशाण्यम्/द्वैशाणम्/द्विशाणम्**=બે શાણાથી ખરીદેલું.
द्वाभ्यां शाणाभ्यां क्रीतमिति।

આ સૂત્રથી ય/અण્→द्विशाण+**य/अ**
વૃદ્ધિ વગેરે→द्विशा**ण्यम्/द्वैशाणम्**
વિકલ્પે : જ્યારે ય, અण્ ન થાય ત્યારે,
પૂર્વપ્રમાણે ક અને તેનો લોપ થતાં→द्विशाण**म्**।

(૨) **त्रिशाण्यम्/त्रैशाणम्/त्रिशाणम्**=ત્રણ શાણાથી ખરીદેલું.
त्रिभिः शाणैः क्रीतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

પૂર્વ સૂત્રથી નવાનો અધિકાર આવતો હોવા છતાં પણ પુનઃ વાનું ગ્રહણ કર્યું તેથી નવાનો અધિકાર અહીં વિરામ પામે છે.

पण-पाद-माषाद् यः ૬.૪.૧૪૮

અ.અ.સૂ. : पण-पाद-माषात् द्विगोः आर्हदर्थे यः।

અર્થ : પણ, પાદ અને માષ અન્તવાળા દ્વિગુ સમાસથી અર્હદર્થ સુધીના અર્થમાં ય પ્રત્યય થાય છે.

સ. : पण-पाद-माषात्=पणश्च पादश्च माषश्चेति पण-पाद-माषम्, तस्मादिति।

ઉદા. (૧) **द्विपण्यम्**=બે પણથી ખરીદેલું. द्वाभ्यां पणाभ्यां क्रीतमिति।
આ સૂત્રથી य→द्विपण+**य**
અનો લોપ વગેરે→द्विपण्य**म्**।

(૨) **द्विपाद्यम्**=બે પાદથી ખરીદેલું. द्वाभ्यां पादाभ्यां क्रीतमिति।

(૩) **अध्यर्धमाष्यम्**=દોઢ માસાથી ખરીદેલું.
अध्यर्द्धेन माषेण क्रीतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં માષ અને પણના સાહચર્યથી પાદ પણ **साहचर्यात् सदृस्यैव** ૨/૬ ન્યાયાનુસારે પરિમાણવાચી જ લેવું પરંતુ પ્રાણીના અંગવાચી નહીં. તેથી હિમહતિ૦૩.૨.૯૬ સૂત્રથી તેનો પદ્ આદેશ થશે નહીં.

खारी-काकणीभ्यः कच् ६.४.१४९

અ.અ.સૂ. : खारी-काकणीभ्यः द्विगुभ्यः आर्हदर्थे कच्।

અર્થ : ખારી અને કાકણી અન્તવાળા દ્વિગુ સમાસથી તેમજ કેવળ ખારી અને કાકણી નામથી પણ અર્હદર્થ સુધીના અર્થમાં कच्(क) પ્રત્યય થાય છે.

સ. : खारी-काकणीभ्यः=खार्यश्च काकण्यश्चेति खारी-काकण्यः, ताभ्य इति।

ઉદા. (૧) **द्विखारीकम्**=બે ખારીથી ખરીદેલું. द्वाभ्यां खारीभ्यां क्रीतमिति।
આ સૂત્રથી कच्→द्विखारी+**क**
અનો લોપ વગેરે→द्विखारी**कम्**।

(૨) **द्विकाकणीकम्**=બે કાકણીથી ખરીદેલું.
द्वाभ्यां काकणीभ्यां क्रीतमिति।

(૩) **खारीकम्**=ખારીથી ખરીદેલું. खार्या क्रीतमिति।

(૪) **काकणीकम्**=કાકણીથી ખરીદેલું. काकण्या क्रीतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં खारी-काकणीभ्यः એ પ્રમાણે બ.વ. કેવળ ખારી અને કાકણી નામથી સૂત્રપ્રવૃત્તિ કરવા માટે છે. અન્યથા દ્વિગુ સમાસનો

અધિકાર આવતો હોવાથી खारी અને काकणी અન્તવાળા નામથી જ સૂત્રપ્રવૃત્તિ થાય.

(૨) યદ્યપિ આ સૂત્રથી થતા પ્રત્યયનું અર્હદર્થમાં વિધાન હોવાથી તેનો अनाम्न्यद्विः૦૬.૪.૧૪૧થી પિત્ લુપ્ થવાની પ્રાપ્તિ હતી. પરંતુ જો તેમ કરવામાં આવે તો આ સૂત્રનું વિધાન નિરર્થક જાય. માટે આ સૂત્રના વિધાન સામર્થ્યથી જ कच् પ્રત્યયનો લોપ થશે નહીં.

(૩) સૂત્રમાં દર્શાવેલ कच् પ્રત્યયમાં च् ઈત્ कचि ૨.૪.૧૦૪ સૂત્રમાં અન્ય क પ્રત્યયથી कच् પ્રત્યયને જુદો દર્શાવી ઈકારના હ્રસ્વત્વનો પ્રતિષેધ કરવા માટે છે.

આર્હદર્થમાં થતા પ્રત્યયનું કોષ્ટક

સૂત્ર	પ્રકૃતિ	વિભક્તિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
त्रिंशद्-विंशति૦૬.૪.૧૨૯	त्रिंशत्, विंशति	૨	असंज्ञा	डक	त्रिंशकम्
संख्याडते૦૬.૪.૧૩૦	अशत्, ति, ष्टि संख्यावाची, डति अन्तवाळा, त्रिंशद्, विंशति	૨	–	क	द्विकम्
शतात्૦૬.૪.૧૩૧	केवळ शत	૨	–	य, डक	शत्यम्
वाऽतो૦૬.૪.૧૩૨	अतु अन्तवाळा संख्यावाची	૨	–	इक	यावतिकम्
कार्षापणा૦૬.૪.૧૩૩	कार्षापण	૨	–	इकट्	कार्षापणिकी
अर्धात् पल૦૬.૪.૧૩૪	अर्ध+पल, कंस, कर्ष	૨	–	इकट्	अर्धपलिकम्

कंसा-ऽर्धा०६.४.१३५	कंस, अर्ध	२	–	इकट्	कंसिकी
सहस्र-शत०६.४.१३६	सहस्र, शतमान	२	–	अण्	साहस्रः
शूर्पाद् वा०६.४.१३७	शूर्प	२	–	अञ्	शौर्पम्
वसनात् ६.४.१३८	वसन	२	–	अञ्	वासनम्
विंशतिका०६.४.१३९	विंशतिक	२	–	अञ्	वैंशतिकम्
द्विगोरीनः६.४.१४०	विंशतिक	२	–	ईन	द्विविंशतिकीनम्
शताद् यः ६.४.१४५	शत अन्तवाळा द्विगु	२	–	य	द्विशत्यम्
शाणात् ६.४.१४६	शाण "	२	–	य	पञ्चशाण्यम्
द्वि-त्र्यादे०६.४.१४७	द्वि, त्रि+ शाण द्विगु	२	–	य, अण्	द्विशाण्यम्
पण-पाद०६.४.१४८	पण-पाद-माष अन्तवाळा द्विगु	२	–	य	द्विपण्यम्
खारी-काकणी०६.४.१४९	खारी, काकणी अन्तवाळा द्विगु	२	–	कच्	द्विखारीकम्

मूल्यैः क्रीते ६.४.१५०

अ.अ.सू. : मूल्यैः क्रीते।

अर्थ : मूल्यवाची तृतीयान्त नामथी क्रीत अर्थमां यथाविहित इकण् वगेरे प्रत्ययो थाय छे.

उदा. (१) **प्रास्थिकम्**=चार कुडवथी खरीदेलुं. प्रस्थेन क्रीतमिति।
आ सूत्रथी इकण्→प्रस्थ+**इक**
वृद्धि वगेरे थतां→**प्रास्थिकम्**।

(૨) **त्रिंशत्कम्**=ત્રીશથી ખરીદેલું. त्रिंशता क्रीतमिति।
આ ઉદા.ની સાધનિકા ૬.૪.૧૨૯માં દર્શાવેલી છે.

વિશેષતા :

અહીં ઉદા.ગત **प्रास्थिकम्** વગેરે પ્રયોગના વિગ્રહવાક્યમાં **प्रस्थेन क्रीतम्** એ પ્રમાણે **प्रस्थ** શબ્દથી એ.વ.નો નિર્દેશ કર્યો છે. ત્યાં જો સંખ્યા વિશેષનો બોધ ન હોય તો એટલે કે કોઈપણ વૃત્તિમાં લુપ્ત વિભક્તિવાળા પદથી વાચ્ય પદાર્થની સંખ્યાનો બોધ ન હોય તો વિગ્રહ વાક્યમાં તે પદ એ.વ.માં મૂકાય છે પણ દ્વિ.વ. કે બ.વ.માં નહીં. અને જો સંખ્યાવિશેષનો બોધ હોય તો તે સંખ્યા અનુસારે વચન થાય છે. તેથી અહીં પણ ઉદા.ગત **प्रास्थिकम्** વગેરે પ્રયોગમાં સામાન્ય વિગ્રહ વાક્યનો **प्रस्थेन क्रीतम्** એ પ્રમાણે નિર્દેશ કર્યો છે. પણ કોઈપણ પ્રમાણથી સંખ્યાવિશેષનો નિર્ણય થઈ શકતો હોય તો દ્વિવચનાન્ત અને બહુવચનાન્ત પ્રયોગ પણ થાય છે. **ઉદા.** **प्रस्थाभ्यां प्रस्थैः** क्रीतमिति।

तस्य वापे ૬.૪.૧૫૧

અ.અ.સૂ. : तस्य वापे।

અર્થ : ષષ્ઠ્યન્ત નામથી વાવવું અર્થમાં યથાવિહિત इकण्(इक) વગેરે પ્રત્યયો થાય છે.

ઉદા. (૧) **प्रास्थिकम्**=પ્રસ્થ પ્રમાણ ધાન્ય વાવી શકાય તેવું ખેતર. प्रस्थस्य वाप इति।

(૨) **खारीकम्**=ખારી પ્રમાણ ધાન્ય વાવી શકાય તેવું ખેતર. खार्या वाप इति।

वात-पित्त-श्लेष्म-सन्निपाताच्छमन-कोपने ६.४.१५२

अ.अ.सू. : वात-पित्त-श्लेष्म-सन्निपातात् तस्य शमन-कोपने इकण्।

अर्थ : वात, पित्त, श्लेष्म अने सन्निपात षष्ठ्यन्त नामथी शमन अने कोपन अर्थमां यथाविहित इकण्(इक) प्रत्यय थाय छे.

स. : वात-पित्त-श्लेष्म-सन्निपातात्=वातश्च पित्तश्च श्लेष्मा च सन्निपातश्चेति वात-पित्त-श्लेष्म-सन्निपातम्, तस्मादिति।

ઉદા. (१) **वातिकम्**=वातने शमावनार/वधारनार.
वातस्य शमनं/कोपनमिति।

(२) **पैत्तिकम्**=पित्तने शमावनार/वधारनार.
पितस्य शमनं/कोपनमिति।

(३) **श्लैष्मिकम्**=श्लेश्मने शमावनार/वधारनार.
श्लेष्मणः शमनं/कोपनमिति।

(४) **सान्निपातिकम्**=संनिपातने शमावनार/वधारनार.
सन्निपातस्य शमनं/कोपनमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

हेतौ संयोगोत्पाते ६.४.१५३

अ.अ.सू. : तस्य हेतौ, संयोगोत्पाते।

अर्थ : षष्ठ्यन्त नामथी हेतु अर्थमां यथाविहित प्रत्यय थाय छे. जो ते हेतु संयोग के उत्पात રૂપ होय तो.

स. : संयोगोत्पाते=संयोगश्च उत्पातश्चेति संयोगोत्पातम्, तस्मिन्निति।

ઉદા. (१) **शत्यः/शतिको दातृसंयोगः**=सो રૂपिया वडे भेगा थवानुं कारण पुत्रनो योग छे. शतस्य हेतुरिति।

(૨) **सोमग्रहणिको भूमिकम्पः**=चन्द्र ग्रहणनुं कारण भूकंप. सोमग्रहणस्य हेतुरिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં સૂત્રમાં હેતુ, સંયોગ અને ઉત્પાત અર્થનો નિર્દેશ કર્યો છે ત્યાં હેતુ એટલે નિમિત્ત અને સંયોગ એટલે સંબંધ અર્થ પ્રસિદ્ધ છે. પરંતુ ઉત્પાત એટલે જીવોના શુભાશુભને સૂચવનારા પૃથ્વી વગેરે પંચભૂતનો કંચનાદિ રૂપ પરિણામ. એવો વિશેષ અર્થ ગ્રહણ કરવો.

पुत्राद् येयौ ६.४.१५४

અ.અ.સૂ. : तस्य पुत्रात् हेतौ येयौ, संयोगोत्पाते।

અર્થ : ષષ્ઠ્યન્ત પુત્ર નામથી હેતુ અર્થમાં ય અને ઈય પ્રત્યય થાય છે. જો તે હેતુ સંયોગ કે ઉત્પાત રૂપ હોય તો.

સ. : येयौ=यश्च ईयश्चेति।

ઉદા. पुत्र्यः/पुत्रीयः=પુત્રનો હેતુભૂત સંયોગ. पुत्रस्य हेतुरिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

द्विस्वर-ब्रह्मवर्चसाद् योऽसङ्ख्या-परिमाणा-ऽश्वादेः ६.४.१५५

અ.અ.સૂ. : असङ्ख्या-परिमाणा-ऽश्वादेः द्विस्वर-ब्रह्मवर्चसात् तस्य हेतौ यः, संयोगोत्पाते।

અર્થ : સંખ્યાવાચી, પરિમાણવાચી અને અશ્વ વગેરે સિવાયના દ્વિસ્વરી અને બ્રહ્મવર્ચસ્ ષષ્ઠ્યન્ત નામથી હેતુ અર્થમાં ય પ્રત્યય થાય છે. જો તે હેતુ સંયોગ કે ઉત્પાત રૂપ હોય તો.

સ. : (૧) **द्विस्वर-ब्रह्मवर्चसात्**=द्विस्वरं च ब्रह्मवर्चसं चेति द्विस्वर-ब्रह्मवर्चसम्, तस्मादिति।

(૨) **असङ्ख्या-परिमाणा-ऽश्वादेः**=सङ्ख्या च परिमाणश्च अश्वादिश्चेति सङ्ख्या-परिमाणा-ऽश्वादि, न सङ्ख्या-परिमाणा-ऽश्वादि इति असङ्ख्या-परिमाणा-ऽश्वादि, तस्मादिति।

ઉદા. (૧) **धन्यः**=ધનનો હેતુ સંયોગ/ઉત્પાત. धनस्य हेतुरिति।
આ સૂત્રથી य→धन+**य**
અનો લોપ વગેરે→धन्यः।

(૨) **ब्रह्मवर्चस्यः**=બ્રહ્મચર્યનો હેતુ સંયોગ/ઉત્પાત.
ब्रह्मवर्चसस्य हेतुरिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **संख्यादिवर्जनं किम् ?**

(૧) **पञ्चकः**=પાંચનો હેતુ સંયોગ/ઉત્પાત. पञ्चानां हेतुरिति।
सङ्ख्याडते०૬.૪.૧૩૦થી क→पञ्चन्+**क**
न्નો લોપ વગેરે→पञ्चकः।

(૨) **प्रास्थिकः**=પ્રસ્થનો હેતુ સંયોગ/ઉત્પાત. प्रस्थस्य हेतुरिति।
हेतौ संयोगोत्पाते ૬.૪.૧૫૩થી इकण्→प्रस्थ+**इक**
વૃદ્ધિ વગેરે→**प्रास्थिकः**।

(૩) **आश्विकः**=અશ્વનો હેતુ સંયોગ/ઉત્પાત. અશ્વસ્ય હેતુરિતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં સંખ્યાવાચી વગેરે નામનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ય પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્રથી થતા इकण् પ્રત્યયનો તેમજ દ્વિસ્વરી નામથી થતા અન્ય પ્રત્યયનો બાધ થાય છે. માટે આ સૂત્ર इकण् આદિના અપવાદ રૂપ જાણવું.

(૨) સૂત્રમાં દ્વિસ્વરી નામનું ગ્રહણ છે. જ્યારે બ્રહ્મવર્ચસ્ નામ અનેકસ્વરી હોવાથી ત્યાં પણ સૂત્રની પ્રવૃત્તિ ઈષ્ટ હોવાથી અહીં તેનું પૃથક્ ગ્રહણ કરેલ છે.

(૩) **अश्वादि ગણ :** अश्व, गण, वसु, वस्त्र, ऊर्णा, उमा, भङ्गा, वर्षा, अश्मन्।

पृथिवी-सर्वभूमेरीश-ज्ञातयोश्छाञ् ६.४.१५६

अ.अ.सू. : पृथिवी-सर्वभूमेः तस्य ईश-ज्ञातयोः च(हेतौ संयोगोत्पाते) अञ्।

અર્થ : પૃથિવી અને સર્વભૂમિ ષષ્ઠ્યન્ત નામથી ઈશ, જ્ઞાત, સંયોગ અને ઉત્પાત રૂપ હેતુ અર્થમાં अञ्(अ) પ્રત્યય થાય છે.

સ. : (૧) **पृथिवी-सर्वभूमेः** = पृथिवी च सर्वभूमिश्चेति पृथिवी-सर्वभूमि, तस्मादिति।

(૨) **ईश-ज्ञातयोः** = ईशश्च ज्ञातश्चेति ईश-ज्ञातौ, तस्मिन्निति।

ઉદા. (૧) **पार्थिवः** = પૃથ્વીનો સ્વામી, જ્ઞાત, સંયોગ/ઉત્પાત રૂપ હેતુ. पृथिव्या ईश इत्यादि।
આ સૂત્રથી अञ्→पृथिवी+**अ**
વૃદ્ધિ વગેરે→**पार्थिवः**।

(૨) **सार्वभौमः** = સર્વભૂમિનો સ્વામી, જ્ઞાત, સંયોગ/ઉત્પાત. सर्वभूमेः ईश इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

વસ્તુતઃ सूत्रत्वात् समाहारः અનુસારે સૂત્રમાં ईश-ज्ञातौ એ પ્રમાણે એ.વ.નો નિર્દેશ હોવો જોઈએ. તો પણ અહીં ईश-ज्ञातयोः એ પ્રમાણે દ્વિવચન કોઈ સમર્થ એવો જાણનાર એમ વિશેષણ-વિશેષ્ય ભાવનું ગ્રહણ ન કરી લે તે માટે છે.

સંયોગ અને ઉત્પાત રૂપ હેતુઅર્થક પ્રત્યયનું કોષ્ટક

સૂત્ર	પ્રકૃતિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
દ્વિસ્વર०६.४.१५५	સંખ્યાવાચી વગેરે સિવાયના દ્વિસ્વરી, બ્રહ્મવર્ચસ્	—	य	धन्यः
पृथिवी०६.४.१५६	પૃથિવી, સર્વભૂમિ	ઈશ/જ્ઞાત	अञ्	पार्थिवः
આર્હદર્થક કોષ્ટકમાં દર્શાવેલ પ્રકૃતિનો અહીં પણ સમાવેશ જાણવો.				

लोक-सर्वलोकाज्ज्ञाते ६.४.१५७

અ.અ.સૂ. : लोक-सर्वलोकात् तस्य ज्ञाते।

અર્થ : લોક અને સર્વલોક ષષ્ઠ્યન્ત નામથી જ્ઞાત અર્થમાં યથાવિહિત પ્રત્યય થાય છે.

સ. : लोक-सर्वलोकात्=लोकश्च सर्वलोकश्चेति लोक-सर्वलोकम्, तस्मादिति।

ઉદા. (૧) **लौकिकः**=લોકમાં પ્રસિદ્ધ. लोकस्य ज्ञात इति।

(૨) **सार्वलौकिकः**=સર્વલોકમાં પ્રસિદ્ધ. सर्वलोकस्य ज्ञात इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

तदत्राऽस्मै वा वृद्ध्याय-लाभोपदा-शुल्कं देयम् ६.४.१५८

અ.અ.સૂ. : तद् अत्रा-ऽस्मै वा वृद्ध्याय-लाभोपदा-शुल्कं देयम्।

અર્થ : પ્રથમાન્ત નામથી સપ્તમી અથવા ચતુર્થીના અર્થમાં યથાવિહિત પ્રત્યયો થાય છે. જો તે પ્રથમાન્ત નામ દેયભૂત વ્યાજ (વૃદ્ધિ), કર (આય), નફો (લાભ), લાંચ (ઉપદા) અને શુલ્કવાચી હોય તો.

स. : वृद्ध्याय-लाभोपदा-शुल्कम्=वृद्धिश्च आयश्च लाभश्च उपदा च शुल्कश्चेति।

ઉદા. (૧) **पञ्चकं शतम्**=પાંચના વ્યાજવાળા સો રૂપિયા.
पञ्चस्मिन् शते वृद्धिरिति।
આ સૂત્રથી પ્રાપ્ત વૃદ્ધિ અર્થમાં,
सङ्ख्या-डतेश्चा०६.४.१३०થી क→पञ्चन्+**क**
न्નો લોપ વગેરે→**पञ्चकम्**।

(૨) **पञ्चको ग्रामः**=પાંચના કર વાળું ગામ.
पञ्चास्मिन् ग्रामे आय इति।

(૩) **पञ्चकः पटः**=પાંચના નફા વાળો પટ.
पञ्चास्मिन् पटे लाभ इति।

(૪) **पञ्चको व्यवहारः**=પાંચની લાંચ વાળો વ્યવહાર.
पञ्चास्मिन् व्यवहारे उपदा इति।

(૫) **पञ्चकं शतम्**=પાંચ મૂલ્ય વાળા સો.
पञ्चास्मिन् शते शुल्कमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૬) **शत्यम्/शतिकम्**=સોના વ્યાજ આદિ વાળું.
शतमस्मिन् वृद्धि००० इति।
આ સૂત્રથી પ્રાપ્ત વૃદ્ધિ વગેરે અર્થમાં,
शतात् केवला०६.४.१३१થી य અને इक→**शत+य/इक**
અનો લોપ વગેરે→**शत्यम्/शतिकम्**।

વિશેષતા :

આ સૂત્રમાં દર્શાવેલ વૃદ્ધિ વગેરેના અર્થ નીચે મુજબ છે.

(૧) **વૃદ્ધિ :** લેણદાર વડે દેણદારને ગ્રહણ કરેલ ધનથી વધારે જે ધન અપાય તે.

(૨) **આય :** ગામને વિશે સ્વામી (રાજા) વડે જે ભાગ ગ્રહણ કરાય તે.

(૩) **લાભ :** પટ વગેરેને વહેંચવાથી જે અધિક મૂલ્ય પ્રાપ્ત થાય તે.

(૪) **ઉપદા :** લાંચ.

(૫) **શુલ્ક :** વાણિયાઓને રક્ષા માટે રાજ્યને જે અપાય તે.

पूरणा-ऽर्धादिकः ६.४.१५९

अ.अ.सू. : तद् पूरणा-ऽर्धात् अत्र अस्मै वा इकः, वृद्ध्याय-लाभोपदा-शुल्कं देयम्।

અર્થ : પ્રથમાન્ત એવા પૂરણ પ્રત્યયાન્ત અને અર્ધ નામથી સપ્તમી અથવા ચતુર્થીના અર્થમાં इक પ્રત્યય થાય છે. જો તે પ્રથમાન્ત નામ દેયભૂત વૃદ્ધિ, આય, લાભ, ઉપદા અને શુલ્કવાચી હોય તો.

स. : पूरणा-ऽर्धात्=पूरणश्च अर्धश्चेति पूरणा-ऽर्धम्, तस्मादिति।

ઉદા. (૧) **द्वितीयिकः**=બેના વ્યાજવાળા વગેરે.
द्वितीयमस्मिन्नस्मै वृद्धि००० इति।
આ સૂત્રથી इक→द्वितीय+**इक**
અનો લોપ વગેરે→द्वितीयिकः।

(૨) **अर्धिका**=અર્ધના વ્યાજવાળા વગેરે.
अर्धमस्मिन्नस्मै वृद्धि००० इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં દર્શાવેલ પૂરણ પ્રત્યયાન્ત નામથી પૂર્વ સૂત્ર દ્વારા इकण्ની અને અર્ધ નામથી कंसा-ऽर्धात् ६.४.१३५थી इकट्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી इक કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો इक પ્રત્યય इकण्-इकट्નો અપવાદ ભૂત છે.

भागाद् येकौ ६.४.१६०

अ.अ.सू. : तद् भागात् अत्र अस्मै वा येकौ, वृद्ध्याय००० देयम्।

अर्थ : प्रथमान्त એવા भाग નામથી સપ્તમી અથવા ચતુર્થીના અર્થમાં य અને इक પ્રત્યય થાય છે. જો પ્રથમાન્ત નામ દેયભૂત વૃદ્ધિયાદિ વાચી હોય તો.

स. : येकौ = यश्च इकश्चेति।

ઉદા. भाग्यः/भागिका = ભાગના વ્યાજવાળા વગેરે.

भागोऽस्मिन्नस्मै वृद्धि००० इति।

આ સૂત્રથી य/इक → भाग+**य/इक**

અન્નો લોપ વગેરે → **भाग्यः/भागिकः**।

વિશેષતા :

અહીં દર્શાવેલ भाग નામથી तदस्मै वा०६.४.१५८ સૂત્રથી इकण्ની પ્રાપ્તિ હતી તેનો બાધ કરી આ સૂત્રથી य અને इक પ્રત્યય થાય છે. માટે આ સૂત્રથી થતા य, इक પ્રત્યય इकण्ના અપવાદ રૂપ છે.

अस्मै અર્થક પ્રત્યયનું કોષ્ટક

સૂત્ર	પ્રકૃતિ	વિભક્તિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
भक्ष्यं हित०६.४.६९	ભક્ષ્યવાચી હિતકારી	१	–	इकण्	आपूपिकः
नियुक्तं०६.४.७०	નિત્ય આપવા યોગ્યવાચી	१	–	इकण्	आग्रभोजनिकः
श्राणा०६.४.७१	નિત્ય આપવા યોગ્યવાચી श्राणा, માંસૌદન	१	–	इक	श्राणिका

भक्तौदना०६.४.७२	" भक्त/ओदन	१	–	अण्/इकट्	भाक्तः
तदत्राऽस्मै०६.४.१५८	वृद्धि, आय, लाभ, ઉપદા, शुल्क, देयवाची	१	–	यथाविहित	पञ्चकम्
पूरणा-ऽर्धा०६.४.१५९	पूरण प्रत्ययान्त वृद्धि वगेरे वाची	१	–	"	द्वितीयिकः
भागाद्०६.४.१६०	वृद्धि वगेरे वाची भाग	१	–	य, इक	भाग्यः
आर्हदर्थक કોષ્ટકમાં દર્શાવેલ પ્રકૃતિનો અહીં પણ સમાવેશ જાણવો.					

तं पचति द्रोणाद् वाऽञ् ६.४.१६१

अ.अ.सू. : तं द्रोणात् पचति अञ् वा।

अर्थ : द्वितीयान्त द्रोण नामथी रांधवुं अर्थमां अञ्(अ) प्रत्यय विकल्पे थाय छे.

उदा. द्रौणी/द्रौणिकी स्थाली = द्रोण प्रमाण अनाज रांधनारी थाળी.

द्रोणे पचतीति।

आ सूत्रथी अञ्→द्रोण+**अ**

वृद्धि वगेरे→**द्रौणी**।

विकल्पे : ज्यारे अञ् न थाय त्यारे, इकण्→द्रोण+**इक**

वृद्धि वगेरे→**द्रौणिकी**।

सम्भवदवहरतोश्च ६.४.१६२

अ.अ.सू. : तं सम्भवदवहरतोः च(पचति)।

अर्थ : द्वितीयान्त नामथी संभववुं, अवहरवुं अने रांधवुं अर्थमां यथाविहित प्रत्यय थाय छे.

स. : सम्भवदवहरतोः = सम्भवंश्च अवहरंश्चेति सम्भवदवहरन्तौ, तयोरिति।

ઉદા. **प्रास्थिकी स्थाली**=ન્યૂન પ્રમાણ વાળા પ્રસ્થ જેટલા ધાન્યને ધારણ કરનારી./અધિક પ્રમાણ વાળા પ્રસ્થ જેટલા ધાન્યને ધારણ કરનારી. प्रस्थं पचति/सम्भवति/अवहरति इति।
આ સૂત્રથી પ્રાપ્ત पचति વગેરે અર્થમાં, इकण्→**प्रस्थ+इक**
વૃદ્ધિ વગેરે→**प्रास्थिकी**।

વિશેષતા :

સૂત્રગત ચકાર દ્વારા सम्भवदवहरतः અને पचति અર્થના સમુચ્ચય માટે છે. તેથી આગામી ત્રણે'ય સૂત્રમાં આ ત્રણે'ય અધિકારનું ગ્રહણ કરાય છે.

पात्रा-ऽऽचिता-ऽऽढकादीनो वा ६.४.१६३

અ.અ.સૂ. : तं पात्रा-ऽऽचिता-ऽऽढकात् सम्भवदवहरतोः च ईनः वा।

અર્થ : દ્વિતીયાન્ત પાત્ર, આચિત અને આઢક નામથી સંભવવું, અવહરવું અને રાંધવું અર્થમાં ઈન પ્રત્યય વિકલ્પે થાય છે.

स. : पात्रा-ऽऽचिता-ऽऽढकात्=पात्रश्च आचितश्च आढकश्चेति पात्रा-ऽऽचिता-ऽऽढकम्, तस्मादिति।

ઉદા. (૧) **पात्रीणा/पात्रिकी**=ન્યૂન પ્રમાણવાળા પાત્ર જેટલા ધાન્યને ધારણ કરનારી વગેરે. पात्रं पचति/सम्भवति/अवहरति इति।
આ સૂત્રથી ઈન→पात्र+**ईन**
અનો લોપ વગેરે→**पात्रीणा**
વિકલ્પે : જ્યારે ઈન ન થાય ત્યારે इकण्→पात्र+**इक**
વૃદ્ધિ વગેરે→**पात्रिकी**।

(૨) **आचितीना/आचितिकी**=ન્યૂન પ્રમાણવાળા આચિત જેટલા ધાન્યને ધારણ કરનારી વગેરે. आचितं पचति००० इति।

(૩) **आढकीना/आढकिकी**=ન્યૂન પ્રમાણવાળા આઢક જેટલા ધાન્યને ધારણ કરનારી વગેરે. आढकं पचति००० इति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

द्विगोरीनेकटौ वा ६.४.१६४

અ.અ.સૂ. : तं पात्र-ऽऽचिता-ऽऽढकात् द्विगोः सम्भवदवहरतोः च ईनेकटौ वा।

અર્થ : દ્વિતીયાન્ત પાત્ર, આચિત અને આઢક અન્તવાળા દ્વિગુ સમાસથી સંભવવું, અવહરવું અને રાંધવું અર્થમાં ઈન અને इकट्(इक) પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : ईनेकटौ=ईनश्च इकट् चेति।

ઉદા. (૧) **द्विपात्रीणा/द्विपात्रिकी/द्विपात्री**=બે પાત્ર પ્રમાણ ધાન્યને રાંધનારી વગેરે. द्वे पात्रे पचति/संभवति/अवहरति इति।
આ સૂત્રથી ઈન/इकट्→द्विपात्र+**ईन/इक**
અનો લોપ વગેરે→द्विपात्री**णा**/द्विपात्रि**की**।
વિકલ્પે : જ્યારે ઈન/इकट् ન થાય ત્યારે,
संभवदवहरतो०६.४.१६२થી इकण्→द्विपात्र+**इक**
अनाम्न्य०६.४.१४१થી इकण्નો લોપ→द्विपात्र
ङी વગેરે→द्विपात्री।

(૨) **द्व्याचितीना/द्व्याचितिकी/द्व्याचिता**=બે આચિત પ્રમાણ ધાન્યને રાંધનારી વગેરે. द्वे आचिते पचति००० इति।

(૩) **द्व्याढकीना/द्व्याढकिकी/द्व्याढकी**=બે આઢક પ્રમાણ ધાન્યને રાંધનારી વગેરે. द्वे आढके पचति००० इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) યદ્યપિ દ્વિગુ સમાસમાં થયેલા પ્રત્યયનો अनाम्न्यद्विः० ૬.૪.૧૪૧ સૂત્રથી લોપ થાય છે. પરંતુ તેમ કરવાથી આ સૂત્ર અનર્થક જવાની આપત્તિ આવે. માટે આ સૂત્રના વિધાન સામર્થ્યથી જ તે પ્રત્યયોનો લોપ થશે નહીં.

(૨) સૂત્રમાં દર્શાવેલ ઇકટ્ પ્રત્યયમાં ટ્ ઈત્ સ્ત્રીલિંગમાં ङी કરવા માટે છે.

कुलिजाद् वा लुप् च ૬.૪.૧૬૫

અ.અ.સૂ. : कुलिजात् द्विगोः तं सम्भवदवहरतोः च(पचति) ईनेकटौ वा, (इकणः) च लुप् वा।

અર્થ : કુલિજ અન્તવાળા દ્વિતીયાન્ત દ્વિગુ સમાસથી સંભવવું, અવહરવું અને રાંધવું અર્થમાં ઈન અને ઇકટ્(ઇક) પ્રત્યય વિકલ્પે થાય છે. અને વિકલ્પે થતાં ઇકણ્(ઇક) નો પણ વિકલ્પે લોપ થાય છે.

ઉદા. **द्विकुलिजीना/द्विकुलिजिकी/द्विकुलिजी/द्वैकुलिजिकी** = બે કુલિજ પ્રમાણ ધાન્યને રાંધનારી વગેરે.

द्वे कुलिजे पचति/संभवति/अवहरति इति।

આ સૂત્રથી ઈન/ઇકટ્→ द्विकुलि**जीना**/द्विकुलि**जिकी**।

વિકલ્પે : જ્યારે ઈન/ઇકટ્ ન થાય ત્યારે,

संभवदवहरतो०૬.૪.૧૬૨થી ઇકણ્→ द्विकुलिज+**इक**

अनाम्न्यः०૬.૪.૧૪૧થી પ્રાપ્ત ઇકણ્નો લોપ વિકલ્પે→ द्विकुलि**जी**

વિકલ્પે : જ્યારે લોપ ન થાય ત્યારે,

વૃદ્ધિ વગેરે→ **द्वै**कुलिजि**की**।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રથી થતાં લોપને વિકલ્પે ઈચ્છતાં નથી. માટે તેઓના મતે ત્રણ પ્રયોગો જ સિદ્ધ થાય છે. જેમકે, द्विकुलिजीना, द्विकुलिजिकी, द्विकुलिजी।

पचति, सम्भवति अने अवहरति अर्थक प्रत्ययनुं कोष्टक

सूत्र	प्रकृति	अर्थनुं विशेषण	प्रत्यय	उदाहरण
सम्भवद०६.४.१६२	–	–	यथाविहित	प्रास्थिकी
पात्रा-ऽऽचि०६.४.१६३	पात्र, आचित, आढक	–	ईन	पात्रीणा
द्विगोरीन०६.४.१६४	" अन्तवाळा द्विगु	–	ईन/इकट्	द्विपात्रीणा
कुलिजा०६.४.१६५	कुलिज अन्तवाळा द्विगु	–	"	द्विकुलिजीना
आर्हदर्थक कोष्टकमां दर्शावेल प्रकृतिनो अहीं पण समावेश जाणवो.				

वंशादेर्भाराद्धरद्-वहदावहत्सु ६.४.१६६

अ.अ.सू. : वंशादेः भारात् तं हरत्-वहदावहत्सु।

अर्थ : वंश आदिवाळा एवा भार अन्तवाळा द्वितीयान्त नामथी हरवुं. रहेवुं अने आवह अर्थमां यथाविहित प्रत्यय थाय छे.

स. : (१) **वंशादेः** = वंश आदिर्यस्य स इति वंशादिः, तस्मादिति।

(२) **हरद्-वहदावहत्सु** = हरंश्च वहंश्च आवहंश्चेति हरद्वहदावहन्तः, तेष्विति।

उदा. (१) **वांशभारिकः** = वांसनो भारो अन्य लई जनार/माथे उपाडी वहन करनार/ग्रहण करनार.
वंशभारं हरति/वहति/आवहतीति।
आ सूत्रथी प्राप्त हरवुं वगेरे अर्थमां इकण्→वंशभार+**इक** वृद्धि वगेरे→**वांश**भारिकः।

(२) **कौटभारिकः** = कुटनो भारो अन्य लई जनार/माथे उपाडी वहन करनार/ग्रहण करनार.

कुटभारं हरति/वहति/आवहतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **वंशादि ગણ :** वंश, कुट, कुटज, वल्वज, मूल, स्थूणा, अक्ष, अश्मन्, इक्षु, खट्वा, श्लक्ष्ण।

(૨) સૂત્રમાં हरद्-वहदावहत्सु એ પ્રમાણે બ.વ. હરણ કરવું, વહેવું અને પ્રાપ્ત કરવું આ ત્રણ અર્થને જણાવવા માટે છે.

द्रव्य-वस्नात् केकम् ૬.૪.૧૬૭

અ.અ.સૂ. : तं द्रव्य-वस्नात् हरद्-वहदावहत्सु केकम्।

અર્થ : દ્વિતીયાન્ત द्रव्य અને वस्न નામથી અનુક્રમે હરવું, વહેવું અને આવહ અર્થમાં क અને इक પ્રત્યય થાય છે.

સ. : (૧) **द्रव्य-वस्नात्**=द्रव्यश्च वस्नश्चेति द्रव्य-वस्नम्, तस्मादिति।
(૨) **केकम्**=कश्च इकश्चेति।

ઉદા. (૧) **द्रव्यकः**=દ્રવ્યને અન્યત્ર લઈ જનાર વગેરે.
द्रव्यं हरति/वहति/आवहतीति।
આ સૂત્રથી क→द्रव्य+**क**
પ્રથમા સિ વગેરે→द्रव्यकः।

(૨) **वस्निकः**=વસ્ત્રને અન્યત્ર લઈ જનાર વગેરે.
वस्नं हरति००० इति।
આ સૂત્રથી इक→वस्न+**इक**
અનો લોપ વગેરે→वस्निकः।

વિશેષતા :

સૂત્રમાં द्रव्य-वस्नात् એ પ્રમાણે સ્થાનીદર્શક પદ અને केकम् એ પ્રમાણે કાર્યદર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી

यथासङ्ख्य०१/१० ન્યાયાનુસારે તે બંનેની વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

सोऽस्य भृति-वस्नांशम् ६.४.१६८

અ.અ.સૂ. : भृति-वस्नांशं सः अस्य।

અર્થ : भृति, वस्न અને અંશવાચી પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં યથાવિહિત પ્રત્યય થાય છે.

સ. : भृति-वस्नांशम्=भृतिश्च वस्नश्च अंशश्चेति।

ઉદા. (૧) **पञ्चकः कर्मकृत्/पटः/ग्रामः**=પાંચ પગાર/મૂલ્ય/ભાગ છે જેને એવો નોકર/પટ/ગામ. पञ्चास्य भृतिः/वस्नम्/अंशाः इति।
આ સૂત્રથી પ્રાપ્ત ષષ્ઠીના અર્થમાં,
सङ्ख्या-डते०६.४.१३०થી क→पञ्चन्+**क**
नाम्नो नो०२.१.९१થી न्नो લોપ વગેરે→पञ्चकः।

(૨) **साहस्रः**=હજાર પગાર/મૂલ્ય/ભાગ છે જેને તે નોકરાદિ.
सहस्रमस्य भृतिः/वस्नम्/अंशा इति।
આ સૂત્રથી પ્રાપ્ત ષષ્ઠીના અર્થમાં,
सहस्र-शतमाना०६.४.१३६થી अण्→सहस्र+**अ**
વૃદ્ધિ વગેરે→**साह**स्रः।

मानम् ६.४.१६९

અ.અ.સૂ. : स अस्य मानं।

અર્થ : પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં યથાવિહિત પ્રત્યય થાય છે. જો પ્રથમાન્ત નામ માનવાચી હોય તો.

ઉદા. (૧) **द्रौणिको राशिः**=દશ શેર ધાન્યાદિનો રાશિ.
द्रोणो मानमस्येति।

આ સૂત્રથી પ્રાપ્ત ષષ્ઠી અર્થમાં ઇકણ્→દ્રોણ+**ઇક**
વૃદ્ધિ વગેરે→**દ્રૌણિકઃ**।

(૨) **खारिको राशिः**=પાંચસો બાર શેર ધાન્યાદિનો રાશિ.
खारी मानमस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં સૂત્રમાં જે **માન** પદનો નિર્દેશ કર્યો છે તેનો સામાન્ય અર્થ પ્રમાણ થાય છે. તેથી સામાન્યતયા પ્રમાણવાચી સંખ્યા, કાળ, ક્ષેત્ર, ધન વગેરે તમામ નામોનું ગ્રહણ થઈ શકે છે. પરંતુ આગામી **માન-સંવત્સર**૦૭.૪.૧૯ સૂત્રમાં **માન**નું ગ્રહણ હોતે છતે પણ **સંવત્સર**નું પૃથક્ ગ્રહણ કર્યું છે તેના દ્વારા સિદ્ધ થાય છે કે, સૂત્ર નિર્દિષ્ટ **માન** પદ દ્વારા સંખ્યાવાચી પદોનું જ પ્રમાણતયા ગ્રહણ કરવું પણ કાલવાચી વગેરેનું નહીં. તેથી **માસો માનમસ્યેતિ** આવા સ્થાને આ સૂત્રથી ઇકણ્ થશે નહીં.

जीवितस्य सन् ૬.૪.૧૭૦

અ.અ.સૂ. : स जीवितस्य मानात् अस्य, सन्।

અર્થ : જીવિતનું માનવાચી એવા પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં યથાવિહિત પ્રત્યય થાય છે. અને તેનો લોપ થતો નથી.

ઉદા. **द्विषाष्टिको ना**=બાસઠ વર્ષનો પુરુષ. द्विषष्टिर्जीवितमानमस्येति।
આ સૂત્રથી પ્રાપ્ત ષષ્ઠીના અર્થમાં ઇકણ્
અને **અનામ્ન્ય**૦૭.૪.૧૪૧થી પ્રાપ્ત લોપનો અભાવ→**દ્વિષષ્ટિ+ઇક**
વૃદ્ધિ વગેરે→**દ્વિષાષ્ટિકઃ**।

વિશેષતા :

જિ. : અહીં પૂર્વે **માનમ્** ૬.૪.૧૬૯ સૂત્રથી પ્રમાણાર્થક સંખ્યાવાચી નામોથી યથાવિહિત પ્રત્યય સિદ્ધ જ હતા. તેથી **ષાષ્ટિકઃ** વગેરે પ્રયોગ તે સૂત્રથી જ થઈ જાત. તો આ સૂત્રનો પૃથક્ નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : વસ્તુતઃ પૂર્વસૂત્રમાં માનાર્થક પ્રકૃતિથી મેયાર્થમાં પ્રત્યય થાય છે. જ્યારે અહીં માન સહિત મેયાર્થક પ્રકૃતિથી મેયવાન્ અર્થમાં પ્રત્યય થઈ રહ્યો છે. જેમકે, **प्रास्थिकः** પ્રયોગમાં **प्रस्थ** એ પ્રમાણે માનવાચી નામનો પ્રત્યય લાગ્યા બાદ 'प्रस्थ પ્રમાણવાળી રાશિ' એમ મેયવાચી અર્થ પ્રગટ કરાય છે. જ્યારે અહીં **वर्ष, सहस्र** એ પ્રમાણે માનસહિત મેયાર્થક નામને પ્રત્યય લાગ્યા બાદ 'હજાર વર્ષવાળો' એ પ્રમાણે વર્ષ રૂપ મેયવાળો એવો અર્થ પ્રગટ કરાય છે.

આમ, બંને સૂત્રની પ્રવૃત્તિમાં તફાવત હોવાથી પૃથક્ નિર્દેશ યુક્ત જ છે.

તેમજ, **मानम्** ૬.૪.૧૬૯ થતાં પ્રત્યયનો **अनाम्न्य०**૬.૪.૧૪૧થી લોપ થવાની પણ પ્રાપ્તિ છે. તે લોપ અહીં ઈષ્ટ ન હોવાથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો છે. અને લોપનો નિષેધ દર્શાવ્યો છે.

सङ्ख्यायाः सङ्घ-सूत्र-पाठे ૬.૪.૧૭૧

અ.અ.સૂ. : स सङ्ख्यायाः मानं अस्य सङ्घ-सूत्र-पाठे।

અર્થ : સંખ્યાવાચી એવા માનવાચી પ્રથમાન્ત નામથી ષષ્ઠીના અર્થમાં યથાવિહિત પ્રત્યય થાય છે. જો ષષ્ઠીનો અર્થ સંઘ, સૂત્ર અને પાઠ હોય તો.

સ. : सङ्घ-सूत्र-पाठे=सङ्घश्च सूत्रं च पाठश्चेति सङ्घ-सूत्र-पाठम्, तस्मिन्निति।

ઉદા. (૧) **पञ्चकः सङ्घः**=પાંચ (જીવનો) સમુદાય.
पञ्च (गावो) मानमस्येति।
આ સૂત્રથી પ્રાપ્ત સંઘ અર્થમાં,
सङ्ख्या-डते०૬.૪.૧૩૦થી क→पञ्चन्+**क**
न्નો લોપ વગેરે→**पञ्चकः**।

(૨) **अष्टकं पाणिनीयं सूत्रम्**=આઠ અધ્યયવાળું પાણિની વ્યાકરણ. अष्टौ (अध्याया) मानमस्येति।

(૩) **अष्टकः पाठः**=આઠ વાર ભણવું. अष्टौ मानमस्य पाठस्येति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં સૂત્રમાં સઙ્ખ્ય, સૂત્ર અને પાઠ અર્થતયા અભિપ્રેત છે. તેથી પ્રકૃતિરૂપ સંખ્યાવાચી નામ સંઘાદિનું વિશેષણ બનતાં સંખ્યેયવાચી થાય છે. જે માન અર્થને જ સૂચવે છે, માટે પૂર્વ નિર્દિષ્ટ मानम् ૬.૪.૧૬૯ સૂત્રથી યથાવિહિત પ્રત્યયની પ્રાપ્તિ હતી. પરંતુ પરતયા બળવાન अवयवात् ૭.૧.૧૫૧ સૂત્રથી ત્યાં તયટ્ પ્રત્યય થતાં मानम् ૬.૪.૧૬૯ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. તેથી તે તયટ્નો પણ બાધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

नाम्नि ૬.૪.૧૭૨

અ.અ.સૂ. : स सङ्ख्याया मानम् अस्य, नाम्नि।

અર્થ : પ્રથમાન્ત સંખ્યાવાચી એવા માનવાચી નામથી ષષ્ઠીના અર્થમાં યથાવિહિત પ્રત્યય થાય છે. જો ષષ્ઠ્યર્થ સંજ્ઞાનો વિષય હોય તો.

ઉદા. पञ्चकाः शकुनयः=ધનિષ્ઠાદિ પાંચ નક્ષત્રોનો સમુદાય. આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અર્થની પ્રાપ્તિ આ સૂત્રથી કરવી.

વિશેષતા :

પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો તેથી પૂર્વસૂત્રથી આવતો સંઘ-સૂત્ર-પાઠેનો અધિકાર અટકી જતાં અને સૂત્રમાં નિમિત્તતયા અન્ય કોઈ અર્થનું ગ્રહણ ન કર્યું હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ સ્વાર્થમાં જ થાય છે.

विंशत्यादयः ६.४.१७३

अ.अ.सू. : विंशत्यादयः।

अर्थ : प्रथमान्त मानवाची એવા સંખ્યાવાચી નામથી ષષ્ઠીના અર્થમાં સંજ્ઞાનો વિષય જણાતે છતે વિંશતિ વગેરે પ્રયોગો નિપાતન પામે છે.

स. : विंशत्यादयः=विंशतिरादिर्येषां ते इति।

ઉદા. (૧) **विंशतिः**=वीश. द्वौ दशतौ मानमेषामिति।
આ સૂત્રથી शति→द्वि+**शति**
અને द्विનો वि આદેશ→**वि**ंशति
પ્રથમા सि વગેરે→विंशतिः।

(૨) **त्रिंशत्**=त्रीश. त्रयो दशतो मानमेषामिति।
આ સૂત્રથી शत् પ્રત્યય→त्रि+**शत्**
અને त्रिનો त्रिं આદેશ→**त्रिं**शत्
પ્રથમા सि વગેરે→त्रिंशत्।

વિશેષતા :

(૧) સૂત્રમાં विंशत्यादयः એ પ્રમાણે બ.વ. લક્ષ, કોટિ, ખર્વ અને નિખર્વ વગેરેમાં પણ સૂત્રપ્રવૃત્તિ કરવા માટે છે.

(૨) અહીં સૂત્રમાં જે વિંશતિ વગેરે શબ્દોનું નિપાતન થાય છે તેનો વીશ, એકવીશ એ પ્રમાણે બહુત્વ વિશિષ્ટ અર્થ અનુભવ સિદ્ધ જ છે તેથી विंशतिः આદિ પ્રયોગોનો બ.વ.માં જ નિર્દેશ થવો જોઈએ. તો પણ જે એ.વ. કર્યું છે તે **विंशत्याद्या शतात् द्वन्द्व०२/७** એ પ્રમાણેના લિંગાનુશાસનના વચનથી થયેલ નિયમ દ્વારા જાણવું. સંખ્યેય અર્થમાં રહેલા વિંશતિ વગેરે શબ્દો સ્ત્રીલિંગમાં તથા સંખ્યેય અર્થમાં રહેલ विंशतिः વગેરે શબ્દો એ.વ.માં જ વપરાય છે.

त्रैंश-चात्वारिंशम् ६.४.१७४

अ.अ.सू. : त्रैंश-चात्वारिंशम्।

અર્થ : त्रिंशत् અને चत्वारिंशत् માનવાચી પ્રથમાન્ત નામથી સંજ્ઞાના વિષયભૂત એવો ષષ્ઠીનો અર્થ જણાતે છતે डण्(अ) પ્રત્યય થાય છે.

સ. : त्रैंश-चात्वारिंशम्=त्रैशश्च चात्वारिंशश्चेति।

ઉદા. (૧) **त्रैंशानि ब्राह्मणानि**=त्रैंश નામના બ્રાહ્મણ રૂપ ગ્રંથો.
त्रिंशदध्याया मानमेषामिति।
આ સૂત્રથી डण्→त्रिंशत्+**अ**
વૃદ્ધિ વગેરે→**त्रैंशानि**।

(૨) **चात्वारिंशानि ब्राह्मणानि**=चात्वारिंश નામના બ્રાહ્મણ રૂપ ગ્રંથો. चत्वारिंशदध्याया मानमेषामिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

पञ्चद्-दशद् वर्गे वा ६.४.१७५

अ.अ.सू. : पञ्चद्-दशद् वर्गे वा।

અર્થ : પ્રથમાન્ત માનવાચી નામથી વર્ગ રૂપ ષષ્ઠીના અર્થમાં अत् અન્તવાળા पञ्चद् અને दशद् પ્રયોગ વિકલ્પે નિપાતન પામે છે.

સ. : पञ्चद्-दशत्=पञ्च्च दशच्चेति।

ઉદા. (૧) **पञ्चत्/पञ्चको वर्गः**=પાંચનો સમુદાય.
पञ्च मानमस्य वर्गस्येति।
આ સૂત્રથી अत्→पञ्चन्+**अत्**
नोऽपदस्य०७.४.६१થી अन्નો લોપ→पञ्चत्
વિકલ્પે : જ્યારે अत् ન થાય ત્યારે,
सङ्ख्या-डते०६.४.१३०થી क→पञ्चन्+**क**
न्નો લોપ વગેરે→पञ्चकः।

(૨) **दशत्/दशको वर्गः**=દશનો સમુદાય.
दश मानमस्य वर्गस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

स्तोमे डट् ६.४.१७६

અ.અ.સૂ. : सः सङ्ख्यायाः मानम् अस्य स्तोमे डट्।

અર્થ : પ્રથમાન્ત માનવાચી એવા સંખ્યાવાચી નામથી સ્તોમ રૂપ ષષ્ઠીના અર્થમાં डट्(अ) પ્રત્યય થાય છે.

ઉદા. **विंशः स्तोमः**=વીશનો સ્તોમ. (ઋચાદિનો સમુદાય)
विंशतिर्मानमस्य स्तोमस्येति।
આ સૂત્રથી डट्→विंशति+**अ**
विंशते०७.४.६७થી તિનો લોપ→विंश+अ
अनो लोप વગેરે→विंशः।

વિશેષતા :

અહીં દર્શાવેલ डट् પ્રત્યયમાં ड् ઈત્ डित्यन्त्यस्वरादेः ૨.૧.૧૧૪થી અન્ત્ય સ્વરાદિના લોપ માટે અને ट् ઈત્ સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય કરવા માટે છે.

अस्य અર્થક પ્રત્યયનું કોષ્ટક

સૂત્ર	પ્રકૃતિ	વિભક્તિ	અર્થનું વિશેષણ	પ્રત્યય	ઉદાહરણ
तदस्य०६.४.५४	વિકેયાર્થક	૧	–	इकण्	आपूपिकः
किशरादे०६.४.५५	વિકેયાર્થક किशर વગેરે	૧	–	इकट्	किशरिकी
शलालुनो०६.४.५६	વિકેયાર્થક शलालुन्	૧	–	इकट्	शलालुकी

शिल्पम्६.४.५७	शिल्पवाची	१	–	इकण्	नार्त्तिकः
मड्डुक०६.४.५८	शिल्पवाची मड्डुक, झर्झर	१	–	अण्	माड्डुकः
शीलम्६.४.५९	शीलवाची	१	–	इकण्	आपूपिकः
अङ्स्था०६.४.६०	शीलवाची आस्था, छत्र वगेरे	१	–	अञ्	आस्थः
तूष्णीकः ६.४.६१	तूष्णीम्	१	निपातन	क	तूष्णीकः
प्रहरणम् ६.४.६२	प्रहरणवाची	१	–	इकण्	आसिकः
परश्वधाद्०६.४.६३	'' परश्वध	१	–	अण्	पारश्वधः
शक्ति-यष्टे०६.४.६४	'' शक्ति, यष्टि	१	–	टीकण्	शाक्तीकी
वेष्ट्यादि०६.४.६५	'' इष्टि वगेरे	१	–	टीकण्	ऐष्टीकी
नास्तिका०६.४.६६	नास्ति, अस्ति, दिष्टि	१	निपातन	इकण्	नास्तिकः
वृत्तोऽपपाठो०६.४.६७	अनुयोगमां अपपाठवाची	१	–	इकण्	ऐकान्यिकः
बहुस्वरपूर्वा०६.४.६८	अनुयोगमां अपपाठवाची बहुस्वरी पूर्वपदवाळा	१	–	इक	एकादशान्यिकः
सोऽस्य०६.४.११६	कालवाची	१	ब्रह्मचर्य, तेवाळो	इकण्	मासिकम्
प्रयोजनम् ६.४.११७	प्रयोजनवाची	१	–	इकण्	जैनमहिकम्
एकागारा०६.४.११८	'' एकागार	१	चोर३५	इकण्	ऐकागारिकः

चूडादिभ्यो०६.४.११९	" चूडा वगेरे	१	–	अण्	चौडम्
विशाखा०६.४.१२०	" विशाखा/अषाढा	१	मन्थ/दण्ड	अण्	वैशाखः
उत्थापना०६.४.१२१	" उत्थापन वगेरे	१	–	ईय	उत्थापनीयः
विशि-रुहि०६.४.१२२	" अन अन्त विश् आदि धातु	१	–	ईय	गृहप्रवेशनीयम्
स्वर्ग-स्वस्ति०६.४.१२३	" स्वर्ग वगेरे	१	–	य	स्वर्ग्यम्
समयात्०६.४.१२४	प्राप्त समय	१	–	इकण्	सामधिकम्
ऋत्वादि०६.४.१२५	ऋतु वगेरे	१	–	अण्	आर्त्तवम्
कालाद्०६.४.१२६	काल	१	–	य	काल्याः
दीर्घ ६.४.१२७	दीर्घवाची काल	१	–	इकण्	कालिकम्
सोऽस्य०६.४.१६८	भृति, वस्नांशवाची	१	–	यथाविहित	पञ्चकः
मानम् ६.४.१६९	मानवाची	१	–	"	द्रौणिकः
जीवितस्य०६.४.१७०	जीवितनो मानवाची	१	–	"	द्रौणिकः
सङ्ख्यायाः०६.४.१७१	मानार्थक संख्यावाची	१	संघ, सूत्र, पाठ३५	"	पञ्चकः
नाम्नि ६.४.१७२	"	१	संज्ञा	"	पञ्चकाः
विंशत्या०६.४.१७३	मानवाची विंशति वगेरे	१	संज्ञा	निपातन	विंशतिः

त्रैंशत्या०६.४.१७४	त्रिंशत्, चत्वारिंशत् मानवाची	१	संज्ञा	डण्	त्रैंशानि
पञ्चद्-दश०६.४.१७५	मानवाची पञ्चत्, दशत्	१	वर्ग३५	डत्	पञ्चत्
स्तोमे डट् ६.४.१७६	मानवाची संख्यार्थक	१	स्तोम३५	डट्	विंशः
આર્હદર્થક કોષ્ટકમાં દર્શાવેલ પ્રકૃતિનો અહીં પણ સમાવેશ જાણવો.					

तमर्हति ६.४.१७७

अ.अ.सू. : तम् अर्हति।

अर्थ : द्वितीयान्त नामथी अर्हति (योग्य) अर्थमां यथाविहित इकण् वगेरे प्रत्यय थाय छे.

उदा. (१) **वैषिकः**=विषने योग्य. विषं अर्हतीति।
आ सूत्रथी इकण्→विष+**इक**
वृद्धि वगेरे→**वैषिकः**।

(२) **साहस्रः**=हजारने योग्य. सहस्रमर्हतीति।
आ सूत्रथी प्राप्त अर्हति अर्थमां,
सहस्र-शतमाना०६.४.१३६थी अण्→सहस्र+**अ**
वृद्धि वगेरे→**सा**हस्रः।

विशेषता :

अहीं सूत्रमां द्वितीयान्त नामथी योग्य अर्थमां प्रत्ययनुं विधान कर्युं छे. पण भोजनमर्हति, पानमर्हति जेवा स्थाने अनभिधान होवाथी आ सूत्रनी प्रवृत्ति थती नथी.

दण्डादेर्यः ६.४.१७८

अ.अ.सू. : तम् दण्डादेः अर्हति यः।

अर्थ : द्वितीयान्त दण्ड वगेरे नामथी अर्हति अर्थमां य प्रत्यय थाय छे.

स. : दण्डादेः=दण्ड आदिर्यस्य स इति दण्डादिः, तस्मादिति।

उदा. (१) **दण्ड्यः**=दंडने योग्य. दण्डमर्हतीति।
आ सूत्रथी य→दण्ड+**य**
अनो लोप वगेरे→दण्ड्यः।

(२) **अर्ध्यः**=धनने योग्य. अर्धमर्हतीति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

(१) अहीं दण्ड वगेरे नामथी पूर्वसूत्र द्वारा इकण्नी प्राप्ति हती. तेनो बाध करी य करवा माटे आ सूत्रनो निर्देश छे. माटे आ सूत्रथी थतो य प्रत्यय इकण्ना अपवादरूप जाणवो.

(२) **दण्डादि गण :** दण्ड, मुसल, मेधा, वध, मधुपर्क, अर्ध, मेघ, उदक, इभ, कशा, युग वगेरे.

यज्ञादियः ६.४.१७९

अ.अ.सू. : तं यज्ञात् अर्हति इयः।

अर्थ : द्वितीयान्त यज्ञ नामथी अर्हति अर्थमां इय प्रत्यय थाय छे.

उदा. यज्ञियो देशः=यज्ञ करवाने योग्य देश. यज्ञमर्हतीति।
आ सूत्रथी इय→यज्ञ+**इय**
अनो लोप वगेरे→यज्ञियः।

અન્ય મત :

સૂત્રમાં યજ્ઞ શબ્દનો નિર્દેશ કર્યો છે તેનો અર્થ સામાન્યથી યજ્ઞ ક્રિયા સ્વરૂપ થાય છે. પરંતુ કેટલાક વ્યાકરણકારો તે યજ્ઞથી પ્રગટ થનારા પુણ્ય સ્વરૂપ અપૂર્વને પણ યજ્ઞ શબ્દથી વાચ્ય માને છે.

पात्रात् तौ ६.४.१८०

અ.અ.સૂ. : तं पात्रात् अर्हति तौ।

અર્થ : દ્વિતીયાન્ત પાત્ર નામથી અર્હતિ અર્થમાં ય અને इय પ્રત્યય થાય છે.

ઉદા. **पात्र्यः/पात्रियः**=પાત્ર માટે યોગ્ય. पात्रमर्हतीति।
આ સૂત્રથી ય/इय→पात्र+**य/इय**
અનો લોપ વગેરે→**पात्र्यः/पात्रियः**।

दक्षिणा-कडङ्गर-स्थालीबिलादीय-यौ ६.४.१८१

અ.અ.સૂ. : तं दक्षिणा-कडङ्गर-स्थालीबिलात् अर्हति ईय-यौ।

અર્થ : દ્વિતીયાન્ત દક્ષિણા, કડङ्गर, સ્થાલીબિલ નામથી અર્હતિ અર્થમાં ईय અને ય પ્રત્યય થાય છે.

સ. : (૧) **दक्षिणा-कडङ्गर-स्थालीबिलात्**=दक्षिणा च कडङ्गरश्च स्थालीबिलश्चेति दक्षिणा-कडङ्गर-स्थालीबिलम्, तस्मादिति।
(૨) **ईय-यौ**=ईयश्च यश्चेति।

ઉદા. (૧) **दक्षिणीयो/दक्षिण्यो गुरुः**=દક્ષિણાને યોગ્ય ગુરુ.
दक्षिणां अर्हतीति।
આ સૂત્રથી ईय/य→दक्षिणा+**ईय/य**
આનો લોપ વગેરે→दक्षि**णीयः**/दक्षिण्यः।

(૨) **कडङ्गरीयो/कडङ्गर्यो गौः**=કડંગર (સૂકું ઘાસાદિ)ને યોગ્ય ગાય.

(૩) **स्थालीबिलीयाः/स्थालीबिल्यास्तण्डुलाः**=તપેલી માટે યોગ્ય ચોખા. स्थालीबिलमर्हतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

छेदादेर्नित्यम् ६.४.१८२

અ.અ.સૂ. : तं छेदादेः नित्यम् अर्हति।

અર્થ : દ્વિતીયાન્ત છેદ વગેરે નામથી નિત્ય અર્હતિ અર્થમાં યથાવિહિત પ્રત્યય થાય છે.

સ. : छेदादेः=छेद आदिर्यस्य स इति छेदादिः, तस्मादिति।

ઉદા. (૧) **छैदिकः**=નિત્ય છેદવા યોગ્ય. छेदं नित्यमर्हतीति।
આ સૂત્રથી પ્રાપ્ત નિત્ય અર્હતિ અર્થમાં इकण्→छेद+**इक**
વૃદ્ધિ વગેરે→**छै**दिकः।

(૨) **भैदिकः**=નિત્ય ભેદવા યોગ્ય. भेदं नित्यमर्हतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

छेदादि ગણ : छेद, भेद, द्रोह, दोह, नर्त, गोनर्त, कर्ष, विकर्ष, प्रकर्ष, विप्रकर्ष, प्रयोग, विप्रयोग, संप्रयोग, प्रेक्षण, संप्रश्न, विप्रश्न।

विरागाद् विरङ्गश्च ६.४.१८३

અ.અ.સૂ. : तं विरागात् नित्यमर्हति, विरङ्गः च।

અર્થ : દ્વિતીયાન્ત વિરાગ નામથી નિત્ય અર્હતિ અર્થમાં યથાવિહિત પ્રત્યય થાય છે. અને તેના યોગમાં વિરાગનો વિરઙ્ગ આદેશ થાય છે.

ઉદા. **वैरङ्गिकः**=સદૈવ વિરાગને યોગ્ય. विरागं नित्यमर्हतीति।
આ સૂત્રથી इकण्→विराग+**इक**

અને विरङ्ग આદેશ→**विरङ्ग**+इक
વૃદ્ધિ વગેરે→वैरङ्गिकः।

शीर्षच्छेदाद् यो वा ६.४.१८४

અ.અ.સૂ. : तं शीर्षच्छेदात् नित्यमर्हति यः वा।

અર્થ : દ્વિતીયાન્ત શીર્ષચ્છેદ નામથી નિત્ય અર્હતિ અર્થમાં य પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **शीर्षच्छेद्यः/शैर्षच्छेदिकश्चौरः**=સદૈવ શિરચ્છેદ કરવા યોગ્ય ચોર.
આ સૂત્રથી य→शीर्षच्छेद+**य**
અનો લોપ વગેરે→शीर्षच्छेद्यः।
વિકલ્પે : જ્યારે य ન થાય ત્યારે, इकण्→शीर्षच्छेद+**इक**
વૃદ્ધિ વગેરે→**शैर्षच्छेदिकः**।

शालीन-कौपीना-ऽऽर्त्विजीनम् ६.४.१८५

અ.અ.સૂ. : शालीन-कौपीना-ऽऽर्त्विजीनम्।

અર્થ : शालीन, कौपीन અને आर्त्विजीन પ્રયોગ દ્વિતીયાન્ત નામથી અર્હતિ અર્થમાં ईनञ्(ईन) પ્રત્યયાન્ત નિપાતન પામે છે.

સ. : शालीन-कौपीना-ऽऽर्त्विजीनम्=शालीनश्च कौपीनश्च आर्त्विजीनश्चेति।

ઉદા. (૧) **शालीनोऽधृष्टः**=અંતઃપુરમાં પણ પ્રવેશને માટે યોગ્ય-અધૃષ્ટ.
शालाप्रवेशनमर्हतीति।
આ સૂત્રથી ईनञ्→शालाप्रवेशन+**ईन**
અને પ્રવેશન ઉત્તરપદનો લોપ→शाला+ईन
અનો લોપ વગેરે→शालीनः।

(૨) **कौपीनं पापकर्मादिः**=પાપ કર્મ/લંગોરી/ગુહ્યપ્રદેશ. कूपप्रवेशनमर्हतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **आर्त्विजीनो यजमानः/ऋत्विक्**=નિત્ય યજ્ઞને યોગ્ય એવો યજમાન/ગોર મહારાજ. ऋत्विजमर्हतीति।
આ સૂત્રથી ईनञ्→ऋत्विज्+**ईन**
વૃદ્ધિ વગેરે→आर्त्विजीनः।

વિશેષતા :

આ સૂત્ર નિપાતન સૂત્ર અને નિપાતન સૂત્ર ઈષ્ટ વિષયવાળું હોવાથી नित्यम्નો પૂર્વસૂત્રોથી આવતો અધિકાર અહીં વિરામ પામે છે.

अर्हति અર્થક પ્રત્યયનું કોષ્ટક

सूत्र	प्रकृति	विभक्ति	अर्थनुं विशेषण	प्रत्यय	उदाहरण
तमर्हति ६.४.१७७	–	२	–	यथाविहित	वैषिकः
दण्डादे०६.४.१७८	दण्ड वगेरे	२	–	य	दण्ड्यः
यज्ञादियः ६.४.१७९	यज्ञ	२	–	इय	यज्ञियः
पात्रात् तौ ६.४.१८०	पात्र	२	–	य, इय	पात्र्यः
दक्षिणा-कडङ्गर०६.४.१८१	दक्षिणा, कडङ्गर, स्थालीबिल	२	–	ईय, य	दक्षिणीयः
छेदादे०६.४.१८२	छेद वगेरे	२	नित्य	यथाविहित	छैदिकः
विरागाद्०६.४.१८३	विराग	२	”	”	वैरङ्गिकः

शीर्षच्छेदाद्०६.४.१८४	शीर्षच्छेद	२	”	य	शीर्षच्छेद्यः
शालीन०६.४.१८५	शालीन, कौपीन, आर्त्विजिन	–	–	निपातन	शालीनः
આર્હદર્થક કોષ્ટકમાં દર્શાવેલ પ્રકૃતિનો અહીં પણ સમાવેશ જાણવો.					

॥ इति श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे
षष्ठेऽध्याये चतुर्थः पादः समाप्तः॥

श्लोक : भूमिं[1] कामगवि ! स्वगोमयरसैरासिञ्च रत्नाकराः !
मुक्तास्वस्तिकमातनुध्वमुडुप ! त्वं पूर्णकुम्भीभव।
धृत्वा कल्पतरोर्दलानि सरलैर्दिग्वारणास्तोरणा-
न्याधत्त स्वकरैर्विजित्य जगतीं नन्वेति सिद्धाधिपः॥२४॥

१. આ શ્લોકનો અન્વય, સમાસ, અર્થ આદિ સં.સૌ.માંથી જાણવું.

●●●

અભ્યાસ-૧

પ્ર.૧. નીચેના સૂત્રો અર્થ સહિત લખો : ૧૦

(૧) ૬.૪.૧૧૬ (૨) ૬.૪.૭૩ (૩) ૬.૪.૪૪
(૪) ૬.૪.૧૨૮ (૫) ૬.૪.૧૧૦ (૬) ૬.૪.૧૪૪
(૭) ૬.૪.૧૫૮ (૮) ૬.૪.૪૯ (૯) ૬.૪.૧૬
(૧૦) ૬.૪.૧૦૬

પ્ર.૨. નીચેના કાર્યો કરનાર અ.અ.સૂ. લખો : ૧૦

(૧) બે વર્ષનો થયેલો અર્થમાં પ્રત્યયનું વિધાન કરનાર સૂત્ર.
(૨) ભવવત્ પ્રત્યય કરનાર સૂત્ર.
(૩) સંખ્યાપૂર્વપદવાળી સૂત્રગત પ્રકૃતિથી પણ પ્રત્યય કરનાર સૂત્ર.
(૪) પરલોકને નહીં માનનાર પ્રયોગને સિદ્ધ કરતું સૂત્ર.
(૫) લાંબા કાળે આપવા યોગ્ય અર્થમાં પ્રત્યયને કરતું સૂત્ર.

પ્ર.૩. નીચેના પ્રશ્નોના જવાબ લખો : (૧૦)

(૧) અહીં દ્વન્દ્વાત્પરઃ૦૩/૧૫ ન્યાયની પ્રવૃત્તિ થતા સૂત્ર દર્શાવો.
(૨) ૬.૪.૧૨૩ સૂત્રમાં વચન સમાન ન હોવા છતાં પણ યથાસङ्ख्य૦૧/૧૦ની પ્રવૃત્તિ કેમ થઈ ?
(૩) अकार्णवेष्टिकम् પ્રયોગ કેવી રીતે સંભવી શકે ?
(૪) ૬.૪.૧૧૮ સૂત્રનિર્દેશનું પ્રયોજન જણાવો.
(૫) ૬.૪.૧૭૩ સૂત્રનો પૃથક્ નિર્દેશ શા માટે કર્યો ?

પ્ર.૪. નીચેના પ્રયોગોનો અર્થ લખી સાધનિકા લખો : ૧૦

(૧) गार्गम् (૨) द्वैगुणिकी (૩) आकालिकी
(૪) वैवधिकः (૫) पञ्चकः (૬) त्रिनैष्किकम्
(૭) आर्त्विजीनः (૮) काश्यपकः (૯) कडङ्करीयः
(૧૦) दैष्टिकः

• • •

અભ્યાસ-૨

નીચેના કોષ્ટકની ખાલી જગ્યા પૂરો :

	પ્રયોગ	અર્થ	પ્રત્યય	પ્રત્યય કરનારું સૂત્ર
૧	अध्यर्द्धसाहस्रम्	———	—	———
૨	———	———	—	૬.૩.૧૯૯
૩	———	સમુદ્રના કાંઠે થયેલ	—	———
૪	———	———	कच्	———
૫	अपरकार्ष्णमृत्तिकी	———	—	———
૬	———	———	—	૬.૪.૬૩
૭	———	મહિનાના બ્રહ્મચર્યવાળો	—	———
૮	———	———	ईनञ्	———
૯	आत्मनेपदपरस्मैपदिकम्	———	—	———
૧૦	———	———	—	૬.૪.૨૫
૧૧	———	ચણ્ડાલ	—	———
૧૨	———	———	भववत्	———
૧૩	ऐतरेयिणः	———	—	———
૧૪	———	———	—	૬.૪.૭૮
૧૫	———	તમારા બધા સંબંધી	—	———
૧૬	———	———	टीकण्	———
૧૭	गौरग्रीवीयम्	———	—	———
૧૮	———	———	—	૬.૩.૧૧૧
૧૯	———	ભાગ્યને જોનાર	—	———
૨૦	———	———	अङ्कवत्	———
૨૧	दार्वकः	———	—	———

૨૨ ———	———	—	૬.૩.૧૫૧
૨૩ ———	ચોમાસી	—	———
૨૪ ———	———	—	———
૨૫ पारिषद्यः	———	—	———
૨૬ ———	———	—	૬.૩.૨૦૫
૨૭ ———	એક ગુરુ પાસે રહેનાર	—	———
૨૮ ———	———	अ	———
૨૯ श्राणिका	———	—	———

अकारादिक्रमे तद्धित प्रत्ययोनुं सारांश कोष्टक

क्रम	प्रत्यय	प्रकृति	प्रकृति विभक्ति क्रम	अर्थ	अर्थनुं विशेषण	प्रत्यय करनार सूत्र	उदाहरण
१	**अ**	मध्यम अवस्थावाचक मध्य	७	शेषार्थ	–	मध्य उत्कर्षा० ६.३.७७	मध्यो विद्वान्
	अ	अमावास्या	७	जात	संज्ञ	अश्व वाऽमा०६.३.१०४	अमावास्यः
	अ	श्रविष्ठा, अषाढा	७	जात	संज्ञा	श्रविष्ठा-ऽषाढा०६.३.१०५	श्रविष्ठः
	अ	लवण	३	संसृष्ट	–	लवणादः ६.४.६	लवणः
	अ	कालवाची वर्ष अन्तवाळो द्विगु	२/३/४	निर्वृत्तआदि	–	वर्षादश्च०६.४.१११	द्विवर्षः
	अ	कालवाची वर्षअन्तवाळो द्विगुसमास	२	प्राणीस्वरूप भूत	–	प्राणिनि भूते ६.४.११२	द्विवर्षः
	अ	दिशावाची+मद्र	७	शेष	–	मद्रादञ् ६.३.२४	पौर्वमद्री
२	**अञ्**	उदग्ग्रामवाची यकृल्लोमन्	७	शेष	–	उदग्ग्रामाद्०६.३.२५	याकृल्लोमः
	अञ्	गौष्ठी, तैकी, नैकेती, सूरसेन, वाहीक, रोमक, पटच्चर	७	शेष	–	गौष्ठी-तैकी०६.३.२६	गौष्ठः
	अञ्	यञ् प्रत्ययान्त शकल वगेरे	६	शेष	–	शकलादे०६.३.२७	शाकलाः
	अञ्	वृद्धापत्यार्थक इञ् प्रत्ययान्त	६	शेष	–	वृद्धेञः ६.३.२८	दाक्षाः

	अञ्	प्राच्यगोत्र, ભરતગોત્રવાચી, વૃદ્ધાપત્યાર્થક इञ् પ્રત્યયાન્ત દ્વિસ્વરી	६	शेष	–	न द्विस्वरात्०६.३.२९	चैङ्कीयाः
	अञ्	युष्मद्, अस्मद्	–	शेष	–	वा युष्म०६.३.६७	यौष्माकी
	अञ्	वाहनवाची+रथ	६	ईदम्	वोढृ અને अङ्ग	पत्रपूर्वाद०६.३.१७७	आश्वरथं चक्रम्
	अञ्	वाहनवाची	६	ईदम्	” (वाह्य, पथि, उपकरण)	वाहनात् ६.३.१७८	औष्ट्रः
	अञ्	वाहनवाची	६	ईदम्	”	वाह्य-पथ्यु०६.३.१७९	आश्वो रथः
	अञ्	वहतृ	६	ईदम्	”	वहेस्तुरि०६.३.१८०	सांवाहित्रम्
	अञ्	आभिजन निवासार्थक सिन्धु वगेरे	१	षष्ठी	–	सिन्ध्वादेरञ् ६.३.२१६	सैन्धवः
	अञ्	आस्था, छत्र वगेरे	१	षष्ठी	शील	अङ्स्थाच्छ०६.४.६०	आस्थः
	अञ्	शूर्प	३	क्रीतादि	–	शूर्पाद् वाऽञ् ६.४.१३७	शौर्पम्
	अञ्	वसन	३	क्रीतादि	–	वसनात् ६.४.१३८	वासनम्
	अञ्	विंशतिक	३	क्रीतादि	–	विंशतिकात् ६.४.१३९	वैंशतिकम्
	अञ्	पृथिवी/सर्वभूमि	६	ईश/ज्ञात	संयोग/उत्पात३५	पृथिवी-सर्वभूमे०६.४.१५६	पार्थिवः

	अञ्	द्रोण	२	પચતિ	–	तं पचति द्रोणा०६.४.१६१	द्रौणी स्थाली
	अञ्	રાજા/અપત્યવાચી રાષ્ટ્ર/ ક્ષત્રિયાર્થક સરૂપ	६	ભજતિ	–	सरुपाद् द्रेः०६.३.२०९	विदेहाः
	अण्	क्/ઉપાન્ત્યવાળા, કચ્છ વગેરે દેશવાચી	६	શેષ	–	कोपान्त्याच्चा०६.३.५६	आर्षिकः
	अण्	પૃથિવીમધ્ય	७	શેષ	નિવાસસરૂપ ચરણ	निवासाच्चरणे०६.३.६५	माध्यमाः
	अण्	દિશાવાચી પૂર્વપદ વાળા ગ્રામ/ રાષ્ટ્રાંશવાચી	७	શેષ	–	ग्राम-राष्ट्रांश०६.३.७२	पौर्वार्धः
	अण्	કાલવાચી એવા નક્ષત્રવાચી, સન્ધ્યા વગેરે	७	શેષ	–	भर्तुसन्ध्यादे०६.३.८९	पौषः
	अण्	સંવત્સર	७	શેષ	ફળ/પર્વ	संवत्सरात् फल०६.३.९०	सांवत्सरम्
	अण्	હેમન્ત	–	શેષ	–	हेमन्ताद् वा०६.३.९१	हैमनम्
	अण्	સિન્ધુ, અપકર	७	ભવ	નામ	सिन्ध्वपकरात्०६.३.१०१	सैन्धवः
	अण्	ગ્રીવા	७	ભવ	–	ग्रीवातोऽण् च ६.३.१३२	ग्रैवम्
	अण्	चतुर्मास	७	ભવ	સંજ્ઞા	चतुर्मासा०६.३.१३३	चातुर्मासी

	अण्	ગ્રંથવાચી शिक्षा વગેરે, छन्दस्	६/७	व्याख्यान/भव	–	शिक्षादेश्चाण् ६.३.१४८	शैक्षः
	अण्	शुण्डिका વગેરે	५	आगत	–	शुण्डिकादेरण् ६.३.१५४	शौण्डिकम्
	अण्	आथर्वणिक	६	ईदम्	धर्म, आम्नाय, संघ	आथर्वणिका०६.३.१६७	आथर्वणः
	अण्	ગોત્ર પ્રત્યયાન્ત कौपिञ्जल, हास्तिपद	६	”	–	कौपिञ्जल-हास्ति०६.३.१७१	कौपिञ्जलाः
	अण्	ગોત્રાર્થક, अञ्, यञ्, પ્રત્યયાન્ત इञ् પ્રત્યયાન્ત	६	”	संघ, घोष, अंक, लक्षण	सङ्घ-घोषा-ऽङ्क०६.३.१७२	वैदः
	अण्	शाकल	६	”	”	शाकलादकञ्०६.३.१७३	शाकलः
	अण्	उरस्	७	कृत	–	उरसो या०६.३.१८६	औरसः
	अण्	ज्योतिषम् નિપાતન	२	”	अधिकृत्य	ज्योतिषम् ६.३.१८९	ज्योतिषम्
	अण्	मौद વગેરે	७	प्रोक्त	–	मौदादिभ्यः ६.३.१८२	मौदाः
	अण्	कुलत्थ, क्ઉપાન્ત્યવાળા	७	संस्कृत	–	कुलत्थ-कोपा०६.४.४	कौलत्थम्
	अण्	मुद्ग	७	संसृष्ट	–	चूर्ण-मुद्गाभ्या०६.४.७	मौद्गी
	अण्	कुटिलिका	७	हरति	–	कुटिलिकाया०६.४.२६	कौटिलिकः

	अण्	ऋकारान्त, नर वगेरे	६	धर्म्य	–	ऋन्नरादे०६.४.५१	नारम्
	अण्	विभाजयितृ, विशसितृ	६	धर्म्य	–	विभाजयितृ-विशस०६.४.५२	वैभाजित्रम्
	अण्	मडुक, झर्झर	१	षष्ठी	शिल्प	मडुक-झर्झराद०६.४.५८	माडुकः
	अण्	परश्वध	१	षष्ठी	प्रहरण	परश्वधाद्०६.४.६३	पारश्वधः
	अण्	भक्त	१	चतुर्थी	नियुक्तं दीयते	भक्तौदनाद्वा०६.४.७२	भाक्तः
	अण्	स्थलपथ	३	आहृत	मधुक, मरीच રૂપ	स्थलादेर्मधुक०६.४.७१	स्थालपथम्
	अण्	व्युष्ट वगेरे	७	देय, कार्य	–	व्युष्टादिभ्यः ६.४.७७	वैयुष्टम्
	अण्	चूडा वगेरे प्रयोजनवाची	१	षष्ठी	–	चूडादिभ्योऽण् ६.४.११७	चौडम्
	अण्	विशाखा, अषाढा प्रयोजनवाची	१	षष्ठी	मन्थ, दण्ड રૂપ	विशाखा-ऽषाढा०६.४.१२०	वैशाखः
	अण्	ऋतु वगेरे	१	क्रीतादि	–	ऋत्वादिभ्यो०६.४.१२५	आर्त्तवः
	अण्	सहस्र, शतमान	३	क्रीतादि	–	सहस्र-शतमाना०६.४.१३६	साहस्रः
	अण्	द्विशाण, त्रिशाण	३	क्रीतादि	–	द्वि-त्र्यादेर्याऽण् वा ६.४.१४७	द्वैशाणम्
	अण्	क्षत्रिय/राष्ट्रवाची સરૂપ દ્વિસ્વરી રાજા/ અપત્યવાચી	६	ભજતિ	–	सरुपाद् द्वैः०६.३.२०६	पौरवः

૩	**ટ**	ફલ્ગુની	૭	જાત	સંજ્ઞા	ફલ્ગુન્યાષ્ટ: ૬.૩.૧૦૬	ફલ્ગુન:
૪	**ડટ્**	સંખ્યાવાચી પદાર્થમાન	૧	ષષ્ઠી	સ્તોમરૂપ	સ્તોમે ડટ્ ૬.૪.૧૭૬	વિંશ:સ્તોમ:
૫	**ડણ્**	ત્રિંશત્, ચત્વારિંશત્	૬	માન્	માનરૂપ	ત્રૈંશ-ચાત્વારિં૦૬.૪.૧૭૪	ત્રૈંશાનિ
૬	**ણ**	રુપ્ય ઉત્તરપદવાળા, અરણ્ય	–	શેષ	–	રુપ્યોત્તરપદા૦૬.૩.૨૨	વાર્કરુપ્ય:
	ણ	અસંજ્ઞાવાચી દિશાવાચી પૂર્વપદવાળા	–	શેષ	–	દિક્પૂર્વાદ૦૬.૩.૨૩	પૌર્વશાલ:
	ણ	મધ્ય	૭	ભવ	–	મધ્યાદ્ દિનણ્૦૬.૩.૧૨૬	માધ્યમ:
	ણ	પથિન્	૨	જનાર	નિત્ય	નિત્યં ણ:૦૬.૪.૮૯	પાન્થ:
	ણ	યથાકથાચ	૩	દેયાકાર્ય	–	યથાકથાચા૦૬.૪.૧૦૦	યાથાકથાચમ્
૭	**અક**	પથિન્	૭	કુશળ	–	પથોઽક: ૬.૩.૯૬	પથક:
	અક	પૂર્વાહ્ણ, અપરાહ્ણ, આર્દ્રા, મૂલ, પ્રદોષ, અવસ્કર	૭	જાત	સંજ્ઞા	પૂર્વાહ્ણા-ઽપરા૦૬.૩.૧૦૨	પૂર્વાહ્ણક:
	અક	પથિન્	૭	”	”	પથ:પન્થ ચ ૬.૩.૧૦૩	પન્થક:
	અક	અમાવાસ્યા	૭	”	”	અશ્વવાઽમા૦૬.૩.૧૦૪	અમાવાસ્યક:
	અક	કલાપિન્, અશ્વત્થ, યવબુસ, ઉમાવ્યાસ, ઐષમસ્	૭	દેય	ઋણ રૂપ	કલાપ્યશ્વત્થ૦૬.૩.૧૧૪	કલાપકમ્

	अक	કાળવાચી વાસુદેવ, અર્જુન	૨	ભજતિ	–	वासुदेवा-ऽर्जुना०૬.૩.૨૦૭	वासुदेवकः
૮	**अकञ्**	વર્ણદેશના ગામવાચી	–	શેષ	–	वर्णादकञ् ૬.૩.૨૧	कान्थकः
	अकञ्	ઈકારાન્ત પ્રાગ્દેશવાચી દુ સંજ્ઞક	–	,,	–	ईतोऽकञ् ૬.૩.૪૧	काकन्दकः
	अकञ्	र् ઉપાન્ત્યવાળા દુ સંજ્ઞક	–	,,	–	रोपान्त्यात् ૬.૩.૪૨	पाटलिपुत्रकः
	अकञ्	प्रस्थ, पुर, वह અન્તવાળા, य् ઉપાન્ત્યવાળા, ધન્વાર્થક દેશવાચી દુ સંજ્ઞક	–	,,	–	प्रस्थ-पुर-वहान्त०૬.૩.૪૩	मालाप्रस्थकः
	अकञ्	રાષ્ટ્રવાચી	–	,,	–	राष्ट्रेभ्यः ૬.૩.૪૪	आभिसारकः
	अकञ्	બ.વ. રાષ્ટ્રવાચી	–	,,	–	बहुविषयेभ्यः૬.૩.૪૫	आङ्गकः
	अकञ्	ધૂમ વગેરે દેશવાચી	–	,,	–	धूमादेः ૬.૩.૪૬	धौमकः
	अकञ्	સૌવીર દેશવાચી કુલ	–	,,	–	सौवीरेषु कूलात् ૬.૩.૪૭	कौलकः
	अकञ्	દેશવાચી સમુદ્ર	–	,,	भाणस/नौकाऽऽप	समुद्रान्नृनावोः ૬.૩.૪૮	सामुद्रकः
	अकञ्	દેશવાચી નગર	–	,,	कृत्सा/दाक्ष्य	नगरात् कुत्सा०૬.૩.૪૯	नागरकाः
	अकञ्	કચ્છ, અગ્નિ, વક્ત્ર, વર્ત્ત ઉત્તરપદવાળાં દેશવાચી	–	,,	–	कच्छाऽग्नि-वस्त्र०૬.૩.૫૦	भारुकच्छकः

	अकञ्	દેશવાચી अरण्य	–	”	पथिन्, न्याय, अध्याय, इभ, नर, विहार ३५	अरण्यात् पथि०६.३.५१	आरण्यकः
	अकञ्	દેશવાચી अरण्य	–	”	गोमय ३५	गोमये वा ६.३.५२	आरण्यकाः
	अकञ्	” कुरु, युगन्धर	–	”	–	कुरु-युगन्धरा०६.३.५३	कौरवकः
	अकञ्	” साल्व	–	”	गो, यवागू मनुष्य सिवायना पत्ति ३५	साल्वाद् गो०६.३.५४	साल्वकः
	अकञ्	” कच्छ वगेरे	–	”	मनुष्य, मनुष्यत्व३५	कच्छादेर्नृ०६.३.५५	काच्छकः
	अकञ्	शरद्	७	જાત	संज्ञा	नाम्नि शरदो०६.३.१००	शारदकाः
	अकञ्	કાળવાચી ગ્રીષ્મ, अवरसम	७	દેય	ऋण३५	ग्रीष्मा-ऽवरसमा०६.३.११५	ग्रैष्मकम्
	अकञ्	संवत्सर, आग्रहायणी	७	ऋण	દેય३५	संवत्सरा-ऽऽग्रह्या०६.३.११६	सांवत्सरकम्
	अकञ्	आश्वयुजी	७	ઉપ્ત	–	आश्वयुज्या०६.३.११७	आश्वयुजकाः
	अकञ्	ग्रीष्म, वसन्त	७	ઉપ્ત	–	ग्रीष्म-वसन्ताद्०६.३.१२०	ग्रैष्मकम्
	अकञ्	विद्या, योनि संबंधवाची	५	आगत	–	विद्यायोनि०६.३.१५०	आचार्यकम्

	अकञ्	चरणवाची	६	ईदम्	धर्म, आम्नाय, संघ	चरणादकञ् ६.३.१६८	काठकः
	अकञ्	गोत्र प्रत्ययान्त	६	ईदम्	दण्डमाणव, शिष्य सिवायना	गोत्राददण्ड०६.३.१६९	औपगवकम्
	अकञ्	शाकल	६	ईदम	लक्षण, संघ,	शाकलाद०६.३.१७३	शाकलकः
	अकञ्	कुलाल वगेरे	३	कृत	संज्ञा	कुलालादेरकञ् ६.३.१९४	कौलालकः
	अकञ्	गोत्र प्रत्ययान्त, क्षत्रियार्थक	२	भजति	–	गोत्र-क्षत्रिय०६.३.२०८	औपगवकः
९	**अकल्**	द्वन्द्व समास	६	ईदम्	विवाह	विवाहे द्वन्द्वा०६.३.१६३	अत्रिभारद्वाजिका
	अकल्	देवासुर वगेरे सिवायना द्वन्द्व	६	ईदम्	वैर	अदेवासुरादिभ्यो०६.३.१६४	बाभ्रवशालङ्कायनिका
१०	**डक**	वर्ष संबंधी व्रतार्थक अष्टाचत्वारिंशत्	२	चरति	–	डकश्चाष्टाचत्वा०६.४.८४	अष्टाचत्वारिंशकः
	डक	चातुर्मास्य	२	चरति	–	चातुर्मास्यं०६.४.८५	चातुर्मासकः
	डक	त्रिंशत्, विंशति	३	क्रीतादि	असंज्ञा	त्रिंशद्-विंशते०६.४.१२९	त्रिंशकम्
११	**अकीय**	पर, जन, राजन्	–	शेष	–	पर-जन-राज्ञो०६.३.३१	परकीयः
१२	**डट्**	–	१	षष्ठी	स्तोमરૂપ मान	स्तोमे०६.४.१७६	विंशः
१३	**डण्**	त्रिंशत्, चत्वारिंशत्	१	षष्ठी	मानરૂપ	त्रैंश-चत्वा०६.३.१७४	त्रैंशानि

૧૪	**डत्**	मानवाची पञ्चन्, दशन्	૧	ષષ્ઠી	વર્ગ	पञ्चद्-दशद्०૬.૪.૧૭૫	पञ्चद् वर्गः
૧૫	**अम**	अन्त, अवस्, अधस्	–	शेष	–	अमोऽन्ता०૬.૩.૭૪	अन्तमः
૧૬	**आहञ्**	उत्तर	–	शेष	–	उत्तरादाह०૬.૩.૫	औत्तराहः
૧૭	**टायनण्**	वह्लि, ऊर्दि, पर्दि, कापिशी	–	शेष	–	वह्ल्यूर्दि०૬.૩.૧૪	वाह्लायनः
	टायनण्	रङ्कु	–	शेष	प्राणी	रङ्कोःप्रा०૬.૩.૧૫	राङ्कवायणः
૧૮	**इञ्(द्रि)**	राजा/अपत्यार्थक राष्ट्र/क्षत्रियसञ्ज्ञ साल्वांश, प्रत्यग्रथ, कलकूट, अश्मक	–	भजति	–	सरुपाद् द्रेः०૬.૩.૨૦૯	औदुम्बरिः
૧૯	**इक**	शरद्	૭	जात	–	प्रावृष इकः ૬.૩.૯૯	प्रावृषिकः
	इक	अन्तःपुर	૭	भव	रुढि	रुढावन्तःपुरा०૬.૩.૧૪૦	अन्तःपुरिका
	इक	ग्रंथवाची पुरोडाश, पौरोडाश	૬/૭	भव/व्याख्यान	–	पुरोडाश-पौरो०૬.૩.૧૪૬	पुरोडाशिका
	इक	नौ, द्विस्वरी	૩	तरति	–	नौ-द्विस्वरा०૬.૪.૧૦	नाविका
	इक	क्रय, विक्रय, क्रयविक्रय	૩	जीवति	–	व्यस्ताच्च०૬.૪.૧૬	क्रयिकः
	इक	वस्न	૩	जीवति	–	वस्नात् ૬.૪.૧૭	वस्निकः
	इक	आयुध	૩	जीवति	–	आयुधादीयश्च ૬.૪.૧૮	आयुधिकः

	इक	दशैकादश	२	गृह्णति	गर्ह्य	दशैकादश०६.४.३६	दशैकादशिका
	इक	प्रतिपथ	२	गच्छति	–	प्रतिपथादिक०६.४.३८	प्रतिपथिकः
	इक	બહુસ્વરી પૂર્વપદવાળું	१	५ष्ठी	वृत्तोऽपपाठोऽनुयोग ३५	बहुस्वरपूर्वा०६.४.६८	एकादशान्यिका
	इक	श्राणा, मांसौदन	१	चतुर्थी	नियुक्तं दीयते ३५	श्राणा-मोसौ०६.४.७१	श्राणिका
	इक	अगार अन्तवाळुं	७	नियुक्त	–	अगारान्तादिकः ६.४.७५	देवागारिकः
	इक	કાલવાચી षण्मास	३/२/४	निर्वृत्त/भावि-भूत/भृत	वय सिवाय	षण्मासादवयसि०६.४.१०८	षण्मासिकः
	इक	आकाल	१	भवति	आद्यन्त ३५	आकालिक०६.४.१२८	आकालिकः
	इक	કેવળ शत	३	क्रीतादि	–	शतात् केवला०६.४.१३१	शतिकम्
	इक	अतु अन्तवाळा संख्यावाची	३	क्रीतादि	–	वाऽतोरिकः ६.४.१३२	यावतिकम्
	इक	पूरण प्रत्ययान्त, अर्द्ध	१	सप्तमी	वृद्धि आदि देय३५	पूरणा-ऽर्धा०६.४.१५९	द्वितीयिकः
	इक	भाग	१	चतुर्थी	”	भागाद् यै०६.४.१६०	भागिकः
	इक	वस्न	२	हरति, वहति	–	द्रव्य-वस्नात्०६.४.१६७	वस्निकः
२०	**इकट्**	पुरोडाश, पौरोडाश	६/७	व्याख्याना भव	–	पुरोडाश० ६.३.१४६	पुरोडाशिकी

	इकट्	पर्प वगेरे	૩	ચરતિ	–	पर्पादेरिकट् ६.४.१२	पर्पिकी
	इकट्	पाद	૩	”	–	पदिकः ६.४.१૩	पदिकः
	इकट्	श्वगण	૩	”	–	श्वगणाद् वा ६.४.१४	श्वगणिकी
	इकट्	भस्त्रा वगेरे	૩	હરતિ	–	भस्त्रादेरिकट् ६.४.२४	भस्त्रिकी
	इकट्	विवध, वीवध	૩	”	–	विवध-वीवधा०६.४.२५	विवधिकी
	इकट्	कुसीद	२	गृह्णति	निन्दा	कुसीदादि०६.४.૩५	कुसीदिकी
	इकट्	दशैकादश	२	”	निन्दा	दशैकादशा०६.४.૩६	दशैकादशिकी
	इकट्	किशर वगेरे	१	५ष्ठी	विक्रेय३५	किशरादेरिक०६.४.५५	किशरिकी
	इकट्	शलालु	१	”	”	शलालुनो वा ६.४.५६	शलालुकी
	इकट्	ओदन	१	चतुर्थी	नियुक्तां दीयते ३५	भक्तौदनाद्वा०६.४.७२	ओदनिकी
	इकट्	पथिन्	२	જના२	–	पथ इकट् ६.४.८८	पथिकी
	इकट्	कार्षापण	૩	क्रीतादि	–	कार्षापणादि०६.४.१૩૩	कार्षापणिकी
	इकट्	अर्ध+पल, कंस, कर्ष	૩	”	–	अर्धात् पल०६.४.१૩४	अर्धपलिकम्
	इकट्	कंस, अर्द्ध	૩	”	–	कंसा-ऽर्धात् ६.४.१૩५	कंसिकी

	इकट्	पात्र, आचित, आढक अन्तवाळा द्विगु समास	२	सन्भवनि, अवहरनि	–	द्विगोरीने०६.४.१६४	द्विपात्रिकी
	इकट्	परिमाणीवाची कुलिज अन्तवाळा द्विगु समास	२	संभवनि, अवहरनि, पचति	–	कुलिजाद्०६.४.१६५	द्विकुलिजिकी
२१	**इकण्**	कन्था	–	शेष	–	कन्थाया०६.४.२०	कान्थिकः
	इकण्	भवतु	–	”	–	भवतोरिक०६.३.३०	भावत्कम्
	इकण्	वि वगेरे+ काल	–	”	–	व्यादि०६.३.३४	वैकालिकी
	इकण्	काशी वगेरे दु संज्ञक	–	”	–	काश्या०६.३.३५	काशिकी
	इकण्	वाहीक देशवाची ग्रामार्थक दु संज्ञक	–	”	–	वाहीकेषु०६.३.३६	कारन्तपिकी
	इकण्	उशीनर देशवाची ग्रामार्थक दु संज्ञक	–	”	–	वोशीनरेषु ६.३.३७	आह्वजालिकी
	इकण्	उ वर्णान्त देशवाची	–	शेष	–	उवर्णादिकण् ६.३.३९	शाबरजम्बूकः
	इकण्	उ वर्णान्त प्राग्देशवाची दु संज्ञक	–	”	–	दोरेव प्राचः ६.३.४०	आषाढजम्बूकः
	इकण्	पूर्वपद सहित अर्ध	–	”	–	सपूर्वादिकण् ६.३.७०	पौष्करार्धिकः
	इकण्	दिशावाची+ अर्ध	–	”	–	दिक्पूर्वात्०६.३.७१	पौर्वार्धिकम्

	इकण्	દિશાવાચી પૂર્વપદવાળા ગ્રામ, રાષ્ટ્રાંશવાચી	–	”	–	ग्राम-राष्ट्रांऽश०६.३.७२	पौर्वार्धिकः
	इकण्	અધ્યાત્મ વગેરે	–	”	–	अध्यात्मादिभ्य०६.३.७८	आध्यात्मिकम्
	इकण्	समान પૂર્વપદવાળા, लोक ઉત્તરપદવાળા	–	”	–	समानपूर्व-लोको०६.३.७९	सामानग्रामिकः
	इकण्	વર્ષા, કાલ વિશેષવાચી	–	”	–	वर्षा-कालेभ्यः ६.३.८०	वार्षिकः
	इकण्	शरद्	–	”	–	शरदः श्राद्धे कर्मणि ६.३.८१	शारदिकम्
	इकण्	शरद्	–	”	–	नवा रोगा-ऽऽतपे ६.३.८२	शारदिकः
	इकण्	निशा, प्रदोष	–	”	–	निशा-प्रदोषात् ६.३.८३	नैशिकः
	इकण्	संवत्सर, आग्रहायणी	७	देय	ऋ०१३५	संवत्सरा-ऽऽग्र०६.३.११६	सांवत्सरिकम्
	इकण्	अन्तर् પૂર્વપદવાળા अव्ययीभाव समास	७	भव	–	अन्तःपूर्वादि०६.३.१३७	आन्तरगारिकः
	इकण्	परि, अनु+ग्राम ”	७	भव	–	पर्यनोर्ग्रामात् ६.३.१३८	पारिग्रामिकः
	इकण्	उप+जानु, नीवि, कर्ण ”	७	भव	–	उपाज्जानु-नीवि०६.३.१३९	औपजानुकः
	इकण्	બહુસ્વરી ગ્રંથવાચી	६/७	भव/व्याख्यान	–	प्रायो बहुस्वरा०६.३.१४३	षात्वणत्विकम्
	इकण्	ગ્રંથવાચી ऋच्, ऋकारान्त, द्विस्वरी, यज्ञार्थक	६/७	”	–	ऋगृद्-द्विस्वर०६.३.१४४	आर्चिकम्

	इकण्	ગ્રંથવાચી ઋષ્યર્થક	૬/૭	”	અધ્યાય૩૫	ऋषेरध्याये ६.३.१४५	वाशिष्ठिकः
	इकण्	વિદ્યા-યોનિ સંબંધવાચી ઋકારાન્ત	૫	આગત	–	ऋत इकण् ६.३.१५२	हौतृकम्
	इकण्	આયસ્થાનાર્થક	૫	આગત	–	आयस्थानात् ६.३.१५३	आतरिकम्
	इकण्	હલ, સીર	૬	ઈદમ્	–	हल-सीरादिकण् ६.३.१६१	हालिकम्
	इकण्	મહારાજ	૨	ભજતિ	–	महाराजादिकण् ६.३.२०५	माहाराजिकः
	इकण्	અદેશકાલવાચી અચિત્તાર્થક	૨	ભજતિ	–	अचित्तादेश०६.३.२०६	आपूपिकः
	इकण्	–	–	જિતાદિ	–	तेन जित-जयद्०६.४.२	आक्षिकम्
	इकण्	–	૩	સંસ્કૃત	–	संस्कृते ६.४.३	दाधिकम्
	इकण्	–	૩	સંસ્કૃત	–	संसृष्टे०६.४.५	दाधिकम्
	इकण्	વ્યંજનવાચી	૩	ઉપસિક્ત	–	व्यञ्जने०६.४.८	तैलिकम्
	इकण्	–	૩	તરતિ	–	तरति०६.४.९	औडुपिकः
	इकण्	–	૩	ચરતિ	–	चरति०६.४.११	हास्तिकः
	इकण्	અક્ષદ્યૂત વગેરે	૩	નિર્વૃત્ત	–	निर्वृत्ते०६.३.२०	आक्षद्युतिकः
	इकण्	ઉત્સઙ્ગ વગેરે	૩	હરતિ	–	हरत्युत्सङ्ग०६.४.२३	औत्सङ्गिकम्

	इकण्	ओजस्, सहस् अम्भस्	૩	वर्त्तति	–	ओजस्-सहो०६.४.२७	औजसिकः
	इकण्	प्रति/अनु+ लोम/ईप/कुल	२	वर्त्तति	–	तंप्रत्यनो०६.४.२८	प्रातिलोमिकः
	इकण्	परि+मुख/पार्श्व	२	वर्त्तति	–	परेर्मुख०६.४.२९	पारिमुखिकः
	इकण्	–	२	रक्षत्, ઉચ્છત्	–	रक्षदुञ्छ०६.४.३०९	नागरिकः
	इकण्	पक्षि, मत्स्य, मृग અર્થવાળા	२	ध्नति	–	पक्षि-मत्स्य०६.४.३१	पाक्षिकः
	इकण्	परिपन्थ	२	तिष्ठति, ध्नति	–	परिपन्थान्०६.४.३२	पारिपन्थिकः
	इकण्	परिपथिन्	२	तिष्ठति	–	परिपथात् ६.४.३३	पारिपथिकः
	इकण्	वृद्धि સિવાય	२	गृह्णति	निन्द्य	अवृद्धेर्गृहण०६.४.३४	द्वैगुणिकः
	इकण्	अर्थ, पद, पद ઉત્તરપદવાળા, ललाम प्रतिकण्ठ	२	गृह्णति	–	अर्थ-पद-पदो०६.४.३७	आर्थिकः
	इकण्	परदारा વગેરે	२	गच्छति	–	परदारादि०६.४.३८	पारदारिकः

	इकण्	प्रतिपथ	२	ગચ્છતિ	–	प्रतिपथादि०६.४.३८	प्रतिपथिकः
	इकण्	माथ ઉત્તરપદવાળા, पदवि, आक्रन्द	२	धावति	–	माथोत्तरपदा०६.४.४०	दाण्डमाथिकः
	इकण्	पश्चात् अर्थक अनुपद	२	धावति	–	पश्चात्यनु०६.४.४१	आनुपदिकः
	इकण्	सुस्नात વગેરે	२	पृच्छति	–	सुस्नादिभ्यः०६.४.४२	सौस्नातिकः
	इकण्	प्रभूत વગેરે	२	ध्रुवति	–	प्रभूतादि०६.४.४३	प्राभूतिकः
	इकण्	माशब्द વગેરે	२	ध्रुवति	–	मा शब्द इत्या०६.४.४४	माशब्दिकः
	इकण्	शब्द, दर्दर, ललाट, कुक्कुट	२	ध्रुवति	–	शाब्दिकदार्द०६.४.४५	शाब्दिकः
	इकण्	समूह अर्थक	२	समवेत्	–	समूहार्थात्०६.४.४६	सामूहिकः
	इकण्	धर्म, अधर्म	२	समवेत्	–	धर्मा-ऽधर्मा०६.४.४८	धार्मिकः
	इकण्	–	६	धर्म्य	–	षष्ठ्या०६.४.५०	शौल्कशालिकम्
	इकण्	–	६	अवक्रय	–	अवक्रये ६.४.५३	आपणिकः

	इकण्	–	१	ષષ્ઠી	વિક્રેયરૂપ	तदस्य पण्य०६.४.५४	आपूपिकः
	इकण्	–	१	ષષ્ઠી	શિલ્પરૂપ	शिल्पम् ६.४.५७	नार्त्तिकः
	इकण्	–	१	ષષ્ઠી	શીલરૂપ	शीलम् ६.४.५९	आपूपिकः
	इकण्	–	१	ષષ્ઠી	પ્રહરણરૂપ	प्रहरणम् ६.४.६२	आसिकः
	इकण्	नास्ति, अस्ति, दिष्टि	१	ષષ્ઠી	–	नास्तिका०६.४.६६	नास्तिकः
	इकण्	–	१	ષષ્ઠી	અનુયોગ વિષયમાં અપપાઠ	वृत्तोऽपपाठो०६.४.६७	ऐकात्यिकः
	इकण्	–	१	ચતુર્થી	હિતરૂપ ભક્ષ્ય	भक्ष्यं हित०६.४.६९	आपूपिकः
	इकण्	–	१	ચતુર્થી	નિયુક્ત આપવું	नियुक्तं०६.४.७०	आग्रभोजनिकः
	इकण्	नवयज्ञ વગેરે	१	સપ્તમી	વર્ત્તતે રૂપ	नवयज्ञाद०६.४.७३	नावयज्ञिकः
	इकण्	–	७	નિયુક્ત	–	तत्र नियु०६.४.७४	शौल्कशालिकः
	इकण्	અધ્યયનમાં પ્રતિષેધ દેશ-કાળવાચી	७	અધ્યાયિનિ	–	अदेश-काला०६.४.७६	आशुचिकः
	इकण्	निकट વગેરે	७	વસતિ	–	निकटादिषु०६.४.७७	नैकटिकः

	इकण्	प्रस्तार, संस्थान, तदन्त, कठिना अन्त	७	વ્યવહરતિ	–	प्रस्तार-संस्थान०६.४.७९	प्रास्तारिकः
	इकण्	गोदान વગેરે	६	બ્રહ્મચર્ય	–	गोदानादी०६.४.८१	गौदानिकम्
	इकण्	चन्द्रायण, गोदान વગેરે	२	ચરતિ	–	चन्द्रायणं०६.४.८२	चान्द्रायणिकः
	इकण्	क्रोश, योजनपूर्व, शत, योजन	५	અભિગમઅર્હ	–	क्रोशयोजन०६.४.८६	क्रौशशनिकः
	इकण्	”	५	ગચ્છતિ	–	तद् यात्ये०६.४.८७	क्रौशशतिकः
	इकण्	शङ्कु, उत्तर, कान्तार, अज, वारि, स्थल, जङ्गल+पथिन्	३	આહત, ગચ્છતિ	–	शङ्कूत्तर०६.४.९०	शाङ्कुपथिकः
	इकण्	तुरायण, पारायण	२	યજમાન, અધીયાન	–	तुरायण-पारा०६.४.९२	तौरायणिकः
	इकण्	संशय	२	પ્રાપ્તજ્ઞેય	–	संशयं०६.४.९३	सांशयिकः
	इकण्	योग વગેરે	४	શક્ત	–	तस्मै यो०६.४.९४	यौगिकः
	इकण्	–	७	દેય	–	तेषु देये ६.४.९७	वाजपेयिकम्

	इकण्	–	૩	शोभमान	–	शोभमाने ६.४.१०२	कार्ण पेष्टकिकम्
	इकण्	कालवाची	૩	परिजय्य, लभ्य, कार्य, सुकर	–	कालात्०६.४.१०४	मासिकः
	इकण्	कालवाची	૩	निर्वृत्त	–	निर्वृत्ते ६.४.१०५	आह्निकम्
	इकण्	कालवाची	४	भृत, अधीष्ट	–	तस्मै भृता०६.४.१०७	मासिकः
	इकण्	षण्मास कालवाची	६	भूत	वय अर्थ	षण्मासाद्०६.४.११५	षण्मास्यः
	इकण्	कालवाची	१	षष्ठी	ब्रह्मचर्य, तद्वान्	सोऽस्य०६.४.११६	मासिकम्
	इकण्	प्रयोजनवाची	१	षष्ठी	–	प्रयोज०६.४.११७	जैनम्
	इकण्	एकागार प्रयोजनवाची	१	षष्ठी	चौरરુપ	एकागाराच्चौ०६.४.११८	एकागारिकः
	इकण्	दीर्घकालवाची	१	षष्ठी	–	दीर्घः ६.४.१२७	कालिकम्
	इकण्	आकाल	७	भव	आद्यन्तરુપ	आकालिक०६.४.१२८	आकालिकी
	इकण्	वात, पित्त, श्लेष्म, सन्निपात	६	शमन, कोपन	–	वात-पित्त-श्ले०६.४.१५२	वातिकम्
२२	**णिक**	वि वगेरे+ काल	६	भव	–	व्यादिभ्यो णिके०६.३.३४	वैकालिका

	णिक	दु संज्ञक काशि वगेरे	–	शेष	–	काश्यादेः ६.३.३५	काशिका
	णिक	वाहीक गामवाची दु संज्ञक	–	शेष	–	वाहीकेषु०६.३.६६	कारन्तपिका
	णिक	उशीनर गामवाची दु संज्ञक	–	शेष	–	वोशीनरेषु ६.३.३७	आह्वजालिका
२३	**इन्**	कृशाश्व, कर्मन्द प्रोक्तार्थक	३	वेत्ति/अधीते	–	कृशाश्व-कर्म०६.३.१८०	कृशाश्विनः
	इन्	चूर्ण	३	संसृष्ट	–	चूर्ण-मुद्गा०६.४.७	चूर्णिनः
२४	**डिन्**	देवव्रत वगेरे	२	चरति	–	देवव्रतादीन्०६.४.८३	देवव्रती
	डिन्	वर्षसंबंधी व्रतार्थक अष्टचत्वारिंशत्	२	”	–	डक्ष्वाष्टा०६.४.८४	अष्टचत्वारिंशी
	डिन्	चातुर्मास्य	२	”	–	चातुर्मास्यं०६.४.८५	चातुर्मासी
२५	**णिन्**	शौनक वगेरे	३	वेत्ति/अधीते	–	शौनकादिभ्यो०६.३.१८६	शौनकिनः
	णिन्	पुराण कल्पवाची	३	प्रोक्त	–	पुराणे कल्पे ६.३.१८७	पैङ्गी
	णिन्	पुराणकल्पवाची काश्यप-कौशिक	३	”	–	काश्यप-कौशिका०६.३.१८८	काश्यपिनः
	णिन्	प्रोक्तार्थक शिलालिन/पाराशर्य	३	वेत्ति/अधीते	नट/भिक्षुसूत्र	शिलालि-पाराशर्या०६.३.१८९	शैलालिनः

२६	**इम**	पश्चात्, आदि, अन्त, अग्र	–	शेष	–	पश्चादाद्यन्ता०६.३.७५	पश्चिमः
	इम	भाववाचक प्रत्ययान्त	३	निर्वृत्त	–	भावादिमः ६.४.२१	पाकिमम्
२७	**इय**	राष्ट्रवाची	–	शेष	–	राष्ट्रादियः ६.३.३	राष्ट्रियः
	इय	यज्ञ	२	अर्हति	–	यज्ञादियः ६.४.१७६	यज्ञियः
	इय	पात्र	२	अर्हति	–	पात्रात् तौ ६.४.१८०	पात्रियः
२८	**टीकण्**	शक्ति, यष्टि	१	प्रहरण	–	शक्ति-यष्टेष्टी०६.४.६४	शाक्तिकी
	टीकण्	इष्टिवगेरे	१	प्रहरण	–	वेष्ट्यादिभ्यः ६.४.६५	ऐष्टिकी
२९	**ईन**	पारावार	–	शेष	–	पारावारादीनः ६.३.६	पारावारीणः
	ईन	पार, अवार, अवारपार	–	शेष	–	व्यस्त-व्यत्य०६.३.७	पारीणः
	ईन	वर्ग अन्तवाळा	७	भव	अशब्द३५	ईन-यौ०६.३.१२६	भरतवर्गीणः
	ईन	सर्वचर्मन्	३	कृत	संज्ञा३५	सर्वचर्मण ईने ६.३.१६५	सर्वचर्मीणः
	ईन	समा	३/२/४	निर्वृत्त/भावि-भूत/भृत. अधीष्ट	–	समाया ईनः ६.४.१०६	समीनः

	ईन	रात्रि, अहन्, संवत्सर, समा अन्तवाळा द्विगु	૩/૨/૪	”	–	रात्र्यहः-संवत्सरा०६.४.११०	द्विरात्रीणः
	ईन	કાલવાચી વર્ષ અન્તવાળા દ્વિગુ સમાસ	૩/૨/૪	”	–	वर्षादश्च वा ६.४.१११	द्विवर्षीणः
	ईन	વિંશતિ અન્તવાળા ”	૩	ક્રીતાદિ	–	द्विगोरीनः ६.४.१४०	द्विविंशतिकीनम्
	ईन	पात्र, आचित, आढक	२	संभवति, अवहरति, पचति	–	पात्रा-ऽऽचिता०६.४.१६३	पात्रिणा
	ईन	” અન્તવાળા દ્વિગુ સમાસ	२	”	–	द्विगोरीनेकटौ०६.४.१६४	द्विपात्रीणः
	ईन	પરિમાણ વિશેષવાચી કુલિજ અન્તવાળા દ્વિગુ સમાસ	२	”	–	कुलिजाद्वा०६.३.१६५	कुलिजीनः
૩૦	**ईनञ्**	युष्मद्, अस्मद्	–	शेष	–	वायुष्मद०६.३.६७	यौष्माकीणः
	ईनञ्	ग्राम	–	शेष	–	ग्रामादीनञ्०६.३.६	ग्रामीणः
	ईनञ्	सर्वचर्मण्	૩	કૃત	संज्ञा	सर्वचर्मण ईने०६.३.१६५	सार्वचर्मीणः
	ईनञ्	व्रात	૩	જીવતિ	निपातन	व्रातादीनञ् ६.४.१६	व्रातीनाभार्यः

	ईनञ्	मास	२	भूत	वय	ईनञ् च ६.४.११४	मासीनः
	ईनञ्	शालीन, कौपीन, आर्त्विजीन	–	अर्हति	–	शालीन-कौपिन०६.४.१८५	शालीनः
७१	**ईय**	दुसंज्ञक	–	शेष	–	दोरीयः ६.३.३२	देवदत्तीयः
	ईय	उष्ण वगेरे+ काल	–	”	–	उष्णादिभ्यःकालात् ६.३.३३	उष्णकालीयम्
	ईय	गर्त्त उत्तरपदवाळा देशवाची	–	”	–	गर्त्तोत्तरपदा०६.३.५७	श्वाविद्गर्त्तीयः
	ईय	कट पूर्वपदवाळा प्राग्देशवाची	–	”	–	कटपूर्वात् प्राचः ६.३.५८	कटग्रामीयः
	ईय	क्, ख् उपान्त्यवाळा, कन्था, पलद, नगर, ग्राम, ह्रद उत्तरपदवाळा दुसंज्ञक देशवाची	–	”	–	क-खोपान्त्य०६.३.५९	आरीहणकीयः
	ईय	देशवाची पर्वत	–	”	–	पर्वतात् ६.३.६०	पर्वतीयः
	ईय	देशवाची पर्वत	–	”	अनर२३५	अनरे वा ६.३.६१	पर्वतीयानि
	ईय	भारद्वाज देशवाची पर्ण, कृकण	–	”	–	पर्ण-कृकणाद्०६.३.६२	पर्णीयः
	ईय	गह वगेरे	–	”	–	गहादिभ्यः ६.३.६३	गहीयः
	ईय	पृथिवीमध्य देशवाची	–	”	–	पृथिवीमध्या०६.३.६४	मध्यमीयः

	ईय	मध्य	७	भव	–	मध्याद् दिनण्०६.३.१२६	मध्यमीयः
	ईय	जिह्वामूल, अङ्गुलि, मध्य	७	”	–	जिह्वामूला०६.३.१२७	जिह्वामूलीयः
	ईय	वर्ग अन्तवाळा	७	”	अवर्णरूप	वर्गान्तात् ६.३.१२८	कवर्गीयः
	ईय	वर्ग अन्तवाळा	७	”	–	ईन-यौ चा०६.३.१२९	भरतवर्गीयः
	ईय	रैवतिक वगेरे गोत्रवाची	६	ईदम्	–	रैवतिकादे०६.३.१७०	रैवतिकीयाः
	ईय	शिशुक्रन्द वगेरे	२	कृत	अधिकृत्य ग्रंथरूप	शिशुक्रन्दा०६.३.२००	शिशुक्रन्दीयः
	ईय	द्वन्द्व समास	२	”	”	द्वन्द्वात् प्रायः ६.३.२०१	वाक्यपदीयम्
	ईय	आभिजन निवासार्थक पर्वतवाची	१	ષષ્ઠી	अस्त्राजीव रूप	गिरेरीयोऽस्त्रा०६.३.२१९	हृद्गोलीयः
	ईय	आयुध	३	जीवति	–	आयुधादीयश्च ६.४.१८	आयुधीयः
	ईय	प्रयोजनवाची उत्थापन वगेरे	१	ષષ્ઠી	–	उत्थापनादेरीयः ६.४.१२१	उत्थापनीयः
	ईय	पूर्वपद सहित अन प्रत्ययान्त प्रयोजनवाची विश्, रुह्, पद्, पूर्, सम्+आप् धातु	६	”	संयोग/ उत्पातरूप	विशि-रुहि-पदि० ६.४.१२२	गृहप्रवेशनीयम्
	ईय	पुत्र	६	हेतु	–	पुत्राद् येयौ ६.४.१५४	पुत्रीयः

	ईय	दक्षिणा, कडङ्गर, स्थालीबिल	२	अर्हति	–	दक्षिणा-कडङ्गर०६.४.१८१	दाक्षिणीयः
३२	**ईयण्**	वेणुक वगेरे देशवाची	–	शेष	–	वेणुकादिभ्य०६.३.६६	वैणुकीयः
